ઝવેરચંદ મેઘાણી




# વેવિશાળ

# વેવિશાળ

ઝવેરચંદ મેઘાણી

વેવિશાળ Copyright © by ઝવેરચંદ મેઘાણી. All Rights Reserved.

# Contents


’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ i

પરિચય iv

અર્પણ vii

નિવેદન viii

૧. સાસરિયાંની ધમકી 12

૨. ‘પીલી જોઈએ’ 18

૩. પહેલું મિલન 23

૪. વિજયચંદ્રનું વ્યક્તિત્વ 38

૫. ઇસ્પિતાલમાં 45

૬. નર્સ લીના 51

૭. પરોણો આવ્યો 63

૮. શૂન્ય ઘરની બે સહિયરો: ભાભુ અને ભત્રીજી 68

૯. બિછાનાની સમસ્યા 75

૧૦. જુવાન પુત્રીની આફતમાંથી 82

૧૧. ખાલી પડેલું બિછાનું 86

૧૨. ખુશાલભાઈની ખોપરી 99

૧૩. કામે લાગી જા! 111

૧૪. બંગલી પરની વાતો 117

૧૫. ભાભુનું ગુપ્ત ક્રંદન 123

૧૬. બોલ્યુંચાલ્યું માફ કરજો 131

૧૭. તાલીમ શરૂ થાય છે 142

૧૮. નહીં છોડું 158

૧૯. લીનાને ઘેર 165

૨૦. ઉલ્કાપાત 174

૨૧. આ સવારી ક્યાંથી? 182

૨૨. સાણસામાં સપડાયા 197

૨૩. પહેલી ચકાસણી 211

૨૪. સસરાનું ઘર 227

૨૫. મરતા મુખમાં પ્રતિજ્ઞાનું પાણી 239

૨૬. અનુકંપાની પહેલી સરવાણી 254

૨૭. બેવકૂફ કોણ? 261

૨૮. દુઃખનું સમૂહભોજન 268

૨૯. પત્નીની જમાદારી 274

૩૦. 'સાહેબજી!' 283

૩૧. દિયર અને ભોજાઈ 290

૩૨. કજિયાનો કાયર! 300

૩૩. વિજયચંદ્રનો વિજય 311

૩૪. 'ભલે આવતા!' 317

૩૫. ભાભુનું લગ્નશાસ્ત્ર 323

૩૬. 'આજની ઘડી રળિયામણી' 335

૩૭. 'મારી લાડકી' 345

# ’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને ‘એકત્ર’ પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ www.ekatrafoundation.org તથા https://ekatra.pressbooks.pub પરથી વાંચી શકશો.

## અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું;

પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી 'ઉત્તમ-અને-રસપ્રદ'ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.

*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it

commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. **Ekatra Foundation** is a USA registered not for profit organization with objective to preserve Gujarati literature and increase its audience through digitization.

For more information, Please visit:
http://www.ekatrafoundation.org and
https://ekatra.pressbooks.pub.

***

# પરિચય



ઝવેરચંદ મેઘાણી (1897-1947)

મેઘાણી આપણા રાષ્ટ્રીય શાયર ગણાયા એ તો ખરું જ, પણ

એમની મહત્ત્વની ઓળખ તો તળ સૌરાષ્ટ્રી ભાષાના ખમીરને તથા લોકસાહિત્યની મૂલ્યવાન પરંપરાને ઊંચકીને સૌની સામે મૂકનાર શોધક-સર્જક તરીકેની છે. ૫૦ જ વર્ષનું આયુષ્ય ને એમાં લેખનકાર્ય તો પચીસ જેટલાં વરસનું – પણ એમાં કવિતા-વાર્તા-નવલકથા-રેખાચિત્ર-નાટક-વિવેચન તેમજ અનુવાદ અને પત્રકારી લખાણોનાં ૮૮ ઉપરાંત પુસ્તકો એમણે આપ્યાં તથા લોકસાહિત્યનું સંપાદન-સંશોધન કર્યું.

ભાષાપ્રેમ અને પ્રદેશપ્રેમને કારણે, કલકત્તામાંની મેનેજરની નોકરી છોડીદઈને વતન પાછા ફર્યા અને પત્રકાર, લોકસાહિત્ય-સંપાદક અને સાહિત્યસર્જક તરીકે સતત કાર્યશીલ રહ્યા. સૌથી નાની (૩૦ની) વયે રણજિતરામ સુવર્ણચંદ્રક એમને એનાયત થયેલો. ઉચ્ચશિક્ષણની સજ્જતાને એમણે તળ સાહિત્યના ઉત્થાન માટે યોજી એ મેઘાણીનુ અગત્યનું અર્પણ ગણાશે.

## વેવિશાળ

વેવિશાળની એક સામાજિક સમસ્યાને લઈને લખાયેલી આ નવલકથા તે સમયે બહુ લોકપ્રિય નીવડેલી. વેવિશાળ તોડી નાખવાના પેંતરા, એ પેંતરા કરનાર પરિવાર માટેનો સુશીલાનો કડવાશ છોડી દેતો સમભાવ, અને અન્ય પાત્રોનું – સૌરાષ્ટ્રી ખાસિયતો સાથેનું વૈવિધ્ય આ નવલકથાની વાર્તાનું ચાલકબળ છે.

પ્રસંગોના નિરૂપણમાં કેટલુંક પ્રતીતિકર ન લાગે, છતાં માનવસ્વભાવનું આલેખન મેઘાણીની આ નવલકથાને સુવાચ્ય બનાવે છે.

તળપદ ભાષાનું ખમીર અને કથાવેગ આ નવલકથાના વાચનને જરૂર રસપ્રદ બનાવશે.

(પરિચય: રમણ સોની)

# અર્પણ

પુત્રી ઇન્દુને

# નિવેદન

## [પહેલી આવૃત્તિ]

દસ મહિના પૂર્વેના એક મંગળવારે ‘ફૂલછાબ’ના અંકોમાં પૂરવાને માટે આ વાર્તા લખવાનો પ્રારંભ કર્યો. તે વખતે લેખક પાસે આખી વાર્તાનું હાડપિંજર બિલકુલ તૈયાર નહોતું. વાર્તાનું સર્જન બે રીતે કામ કરે છે: અમુક લેખકો વાર્તાનું આખું જ માળખું પહેલેથી ઘડીને પછી તેમાં લેખનનાં રુધિર-માંસ પૂરવા બેસે છે; ત્યારે હું અને મારા જેવા અનેક ફક્ત એક પ્રબળ પરિસ્થિતિથી જ આંધળો પ્રારંભ કરીએ છીએ અને તે પછી પાત્રો તેમ જ પ્લોટ, જાણે કે પોતાની જાતે, ઘડાતાં ચાલે છે. આવી આંધળી લેખનપદ્ધતિ ખરું જોતાં તો અકસ્માતને આધીન નથી હોતી. એમાં પણ ઘણા કાળના સંઘરાયેલા અનુભવો તેમ જ ચિંતનોનાં જ રંગો-રેખાઓ પુરાતાં આવે છે; તૈયાર પૂણીઓ જ કંતાય છે.

પરંતુ આંધળુકિયાં કરીને આ વાર્તાને આગળ ચલાવી, એટલું કહેવું બરાબર નથી. આ વાર્તાના ઘડતરમાં ‘ફૂલછાબ’ના

વાચકોના ‘ઝાઝા ને રળિયામણા હાથ’ કામે લાગ્યા હતા. પહેલાં જ હપતાથી વાચકોના કાગળો આવવા શરૂ થયા, ને જેમ જેમ વાર્તાપ્રવાહ આગળ ચાલ્યો તેમ તેમ તો દૂરથી ને નજીકથી, શહેરોમાંથી ને ગામડાંમાંથી, સુશિક્ષિતો તેમ જ સામાન્યોના, સ્ત્રીઓ અને પુરુષોના કાગળો આવતા ગયા—જેમાં વાર્તાને કઈ કઈ દિશામાં લઈ જવી તેનાં નિખાસલ સૂચનો હતાં. એ બધા કાગળો જો આંહીં ઉતારું તો ‘વાર્તાસર્જન’ની કળાના વિષય પર નવું જ અજવાળું પડે. પરંતુ ‘વેવિશાળ’ની મુકરર કરેલ કિંમત હવે વિશેષ પાનાંનો બોજો ઊંચકી શકે નહીં.

સમસ્ત સમૂહનો જેને પોતાના સર્જનમાં આટલા આત્મીય ભાવનો સાથ મળી શકે છે તે લેખક બડભાગી છે.

‘વેવિશાળ’માં મારે જે કહેવું હતું તે હું કહી શક્યો છું કે કેમ? —મને ખબર નથી. જાણું છું ફક્ત આટલું જ કે કહેવાનું જે હોય તે વાર્તામાં જ લેખકે કહી લેવાનું છે; વાર્તામાં નથી કહી શકાયું માટે, ચાલો, પ્રસ્તાવનામાં પ્રસ્ફોટ કરીએ, એવો હક વાર્તાલેખકને નથી જ નથી. વાર્તાકારની પહેલી ફરજ—અને છેલ્લી પણ—એક જ છે: વાર્તા કહેવી, વાર્તા સારી કહેવી, ને વાર્તા જ કહેવી. મેં પણ અહીં વાર્તા—બસ, વાર્તા જ—કહેવાનો દાવો રાખેલ છે.

એક સુશિક્ષિત વાચકે પૂછ્યું હતું કે, “તમે સુશીલાને એના સસરા પર ભાવ પેદા થાય છે તેનાં કારણો તો બરાબર બતાવ્યાં છે; પણ સુશીલાને સુખલાલ પર વહાલ થવાનાં કારણો નથી આપ્યાં.”

આ સૂચન થયું ત્યારે હું વાર્તાના અંતભાગની ઠીક ઠીક નજીક આવી ગયેલો. મેં આ પ્રશ્ન તપાસી જોયો. સુશીલાને મેં પૂછી જોયું કે, ‘બાઈ, તારાં કારણો તો બતાવ! તેં મને થાપ ખવરાવી છે?’ જવાબમાં સુશીલાએ મને કહ્યું કે, ‘સાચી વાત છે, મારા બ્રહ્માજી! પણ હવે તો હું તમને એક પણ કારણ આપવા બંધાયેલી નથી. હું હૈયાફૂટી નથી, એટલું જ ફક્ત તમને કહું છું. બાકી સુખલાલ પર મને વહાલ ઉત્પન્ન થવાનાં કારણો માગનાર તમે કોણ? બસ, કશા કારણ વગર શું હું કોઈને ચાહી ન શકું? આથી વધુ કાંઈ ખુલાસો મારે તમને કરવાનો નથી. બધી વાતનાં કારણો! બસ કારણો! ને એ કારણો પાછાં અમારે તમને સૌને કહેવાનાં—કેમ?’

આવો કરુણ ફેજ લઈને હું સુશીલા પાસેથી પાછો ફર્યો છું. ગરમ મિજાજ કરવાનો હવે તો એને હક છે, કેમ કે મારા હાથમાંથી વછૂટી ગઈ છે.

બીજો એકકાર: વિજયચંદ્રની પાછલાં પ્રકરણો માંહેની નવેસર બનાવટ મને પોતાને નથી ગમી, પણ ફેરફાર કરવા માટેની મથામણ નિષ્ફળ ગઈ છે; લખ્યું તે અણલખ્યું થઈ શક્યું નથી.

આ વાર્તાની લખાવટમાં રસ લેનારાં ને કાગળો લખી લખી ખૂબીઓ વખાણનારાં, પીઠ થાબડનારાં, ત્રુટિઓ તેમ જ ભયસ્થાનો બતાવનારાં નાનાં ને મોટાં, નિકટનાં ને દૂરનાં, સર્વે ભાઈબહેનોને આભારભાવે વંદન કરું છું. તેમની સૌની કલ્પનાને હું પૂરો ન્યાય આપી શક્યો છું કે કેમ એ વિચારે ધ્રુજારી પણ અનુભવું છું. પણ તેમાંના જેમને જેમને આ વારતા ‘સમોરતં શુભ

લગ્નં આરોગ્યં ક્ષેમં કલ્યાણં' કર્યા વગર અપૂર્ણ લાગે, તેમને એટલું જ યાદ આપું છું કે 'વેવિશાળ'ની વાર્તામાં લગ્નજીવન અને કચ્ચાંબચ્ચાંની પીંજણ મારાથી કલાના કાયદા મુજબ ન જ કરી શકાય. 'વેવિશાળ'ની વાર્તાએ વેવિશાળનો જ પ્રસ્ફોટ કરીને ચૂપ થવું ઘટે છે.

રાણપુર: ઉત્તરાયન, 1995 [સન 1939]

**ઝવેરચંદ મેઘાણી**

## [બીજી આવૃત્તિ]

સામાન્ય વાચકો તેમ જ વિવેચકો, બંનેએ આ વાર્તાને સરખા પ્રેમથી વધાવી લીધી છે. એ ચિત્ર ખાસ કાઠિયાવાડના સમાજ-જીવનનું હોવા છતાં—અને પાત્રોનાં મુખમાં મુકાયેલી ભાષા વગેરેની કેટલીએક ખાસિયતો તળપદી કાઠિયાવાડી છતાં—ગુજરાતીઓ સમસ્તને એમાં રસ પડ્યો છે, એ મને અનેકના પરિચયથી જાણવા મળ્યું છે. આટલા સત્કાર કરતાં લેખકને વધુ શું જોઈએ?

રાણપુર: જ્યેષ્ઠી પૂર્ણિમા, 1998 [સન 1942]

# ૧. સાસરિયાંની ધમકી

શનિવારની અધરાત હતીઃ પેઢીના માલનો સ્ટોક લેવાતો હતોઃ મોટા શેઠ ધૂંવાપૂંવા થતા હતા. પોતાની ગેરહાજરીનો લાભ લઈ રવિવારની રજા પાળવાનો નિયમ નાના શેઠે દાખલ કરી દીધો હતો, તેની ખબર પોતે દેશમાંથી પાછા આવ્યા ત્યારે જ મોટા શેઠને પડી હતી. પોતે નાના શેઠને એકાંતે ઘણો ઠપકો આપ્યો હતો; પણ બન્ને સંપીલા હતા, પેઢીની પ્રતિષ્ઠા સમજતા હતા. મોંકાણ તો એ હતી કે નાના શેઠે નોકરોને રવિવારની રજા લેખિત કરી આપી હતી અને મહેતાઓને એક મંડળ—ક્લબ જેવું કરાવી આપ્યું હતું. એ બધા પર એકાએક હુમલો કરવાને બદલે, મહેતાઓ સામે ચાલીને જ રવિવારો પાછા સોંપે, ને એક અમાસનો જ અણોજો પાછો માગી લે, તેવો અંજામ લાવવાનો મોટા શેઠનો સંકલ્પ હતો. એટલે તેમણે શનિવારની રાતે કામ ખેંચવાનું આદર્યું હતું. પોતે અંતઃકરણપૂર્વક એવી માન્યતા ધરાવતા કે રવિવારો પાળવાથી નોકરોનું અહિત વધે છે. તેઓ નાહક રઝળપાટ કરી બેપાંચ રૂપિયા ભાંગી નાખે છે, ને પાછું

સોમવારે કામમાં ચિત્ત ચોંટતું નથી, તે પોતાની જાતમાહેતીની વાત હતી. તેમણે ફરજ પાડીને નહીં, પણ સમજપૂર્વકનો નિર્ણય લેવરાવવા આ શનિવારોની રાતો લાગટ ખેંચાવવા માંડી હતી.

એક શનિવારે રાત્રે અગિયાર વાગ્યે દુકાન પરથી ઘેર ટેલિફોન આવ્યો કે સુખલાલને લોહીની સખત નાખોરી ફૂટી છે, બેશુદ્ધ જેવો બની ગયો છે.

“તદ્દન તકલાદી છોકરો છે. ફૂટી બદામ પણ કોઈ આપે તેમ નથી. આપણો જમાઈ થયો એ જાણે આપણો ગુનો! તકલીફ જ ન આપે ને ડિલને! મોકલું છું મોટર, દવાખાને મૂકી આવો.” એવો જવાબ મોટા શેઠે ટેલિફોનમાં આપ્યો; મોટર મોકલી. સુખલાલ દવાખાને પહોંચ્યો. માંદગી લંબાયે ગઈ.

જુવાન સુખલાલ નાના શેઠનો જમાઈ હતો. લગ્ન હજુ નહોતાં થયાં. સગપણ તો બેઉ કુટુંબો સમાન કક્ષા પર હતાં—એટલે કે સુખલાલના બાપ તેમ જ આ બેઉ શેઠ ભાઈઓ વતનનાં ગામડાંમાં નાની હાટડીઓ રાખી કપાસ, ઘાસલેટ અને ગંધારું ઘી વેચતા—ત્યાર વેળાનું થયેલું હતું. પણ તે પછી સુખલાલના બાપ પોતાની માંદી પત્નીની સદાની સારવારમાં રોકાઈને ગામડે જ પડ્યા રહ્યા, ત્યારે આ વેવાઈ ભાઈઓ એક મુનિશ્રીનું વચન ફળ્યે વિલાયતી કાપડના ધંધામાં પડી મુંબઈ ખાતે મોટરવાળા બન્યા. તેમણે સુખલાલ વેરે વરાવેલી દીકરી સંતોકનું નામ બદલી સુશીલા પાડ્યું; અને એમની પત્નીઓએ દોઢિયા સાડલા ઉતારી પાંચ હાથની સાડીઓ ચડાવી, કાપડાંનાં સ્થાન ફૂલેલ બાંયનાં પોલકાંને ને પછી બ્લાઉઝને આપ્યાં; ને નાનાની

વહુએ તો ‘સ’ને બદલે પ્રત્યેક ઠેકાણે ‘ચ’ ઉચ્ચાર કરવાનો આગ્રહ રાખી ‘સાચું છે’ને બદલે ‘ચાચું છે’ બોલવાની ભૂલો વધારી અને સંતોકમાંથી સુશીલા બનાવેલી પુત્રીને માટે ઘેરે સંગીત, સંસ્કૃત તેમજ અંગ્રેજી, એમ ત્રણ વિષયના શિક્ષકો રાખ્યા. સુશીલા નાનપણથી જ પૂરી સાડી પહેરતી થઈ ગઈ.

પછી તો મૂંઝવણ બસ એક જ રહી હતી: આવી નમણી ને સંસ્કારી પુત્રીનું સગપણ પેલા સુખલાલની સાથે શી રીતે ચાલુ રાખવું?

સુખલાલના બાપને ઘણું ઘણું સમજાવવામાં આવ્યા હતા કે, જમાઈને અમારી જોડે મુંબઈ મોકલો: ભણાવીએ-ગણાવીએ, ને પછી કામે લગાડીએ. સુખલાલના બાપે તો સુખલાલને કહ્યું કે, “ભાઈ, તારું જો સુધરતું હોય તો તું જા.” પણ સુખલાલનું મન માનતું નહોતું. મા લાંબી માંદગીમાં પડ્યાં હતાં, તેની સતત સારવાર એકલો બાપ શી રીતે કરવાનો હતો? નાનાં ભાંડરુંને કોણ રાંધી ખવરાવવાનું હતું? જેવી તેવી ચાલતી હાટડીને પણ કોણ ચાલુ રાખી શકે તેવું હતું?

સુખલાલે પિતાનું કહેવું પણ ન માન્યું, ત્યારે માંદી માએ એક દિવસ સુખલાલને પોતાની પાસે એકાંતે તેડાવીને ખાટલે બેસાડી સમજ આપી હતી કે, “બીજું તો કાંઈ નહીં ભાઈ, પણ વખત છે ને... મોટાં આબરૂદાર છે... એટલે... મન ઊઠી જાય... તો... વેશવાળ ફોક કરે, માડી! ને એવું થાય તો અમારું જીવ્યું ઝેર થઈ જાય.”

માએ સંભારી આપેલો આ મુદ્દો સુખલાલને માટે નવીન જ

માહેતી જેવો બન્યો. વેવિશાળ ફોક કરવાનું કારણ છેલ્લાં પાંચ વર્ષમાં ઊભું થઈ ગયું છે, તેની સુખલાલને સરત જ નહોતી રહી. માએ વાત વધુ સ્પષ્ટ કરી:

“એક તો ઈશ્વરે એનો દા’ડો વાળ્યો છે. બીજું, કન્યા પાછી—ખમા!—શે’રમાં હજારો રૂપૈયાને ખરચે ભણતર ભણે છે. જે ત્યાં જઈને આવે તે સારા સમાચાર આપી જાય છે કે કન્યા હાડેતી બની છે, ગજું કરી ગઈ છે, વાને ઊઘડી ગઈ છે. એ બધાંય વાનાં વિચારવાં જોવે, માડી! તમારો સંસાર બંધાઈ જાય, વચમાં વિઘન ન આવે તો બસ; મારે કાંઈ કોઈની ચાકરી જોતી નથી. તું તારે સુખેથી તારા સસરા રાખે ત્યાં રહીને ભણતર ભણ, ને કન્યાના જેવો જ પાવરધો બન.”

“બા,” સુખલાલે જીભને તાળવે ફેરવીને બોલવા પ્રયત્ન કર્યો, “મને ત્યાં નહિ ગમે.”

“નહિ કેમ ગમે?” ને માંદું માતૃ-મોં મલકાયું, “રૂડી વહુ તો ત્યાં હશે!”

“એટલે જ નહીં ગમે, બા!” સુખલાલનો નમણો ચહેરો હસવાને બદલે લેવાઈ ગયો; એની આંખોમાં તે દિવસ પહેલી જ વાર ઝળઝળિયાં હતાં.

એ કહી કે સમજાવી ન શક્યો, પણ એની પાસે જો ભાષાભંડોળ હોત તો એણે કહી નાખ્યું હોત કે, “સંતોકડીમાંથી સુશીલા બની ચૂકેલી કન્યા મારી લાયકાતનું રોજેરોજ માપ લીધા જ કરશે, મારે તો સતત એને લાયક બનવા માટે જ મહેનત કરવી રહેશે, ને હું મૂંઝાઈ જઈશ.”

"તારા મનમાં તું સૂઝે એ ઘોડા ઘડતો હો, ભાઈ," માએ મહામહેનતે કહ્યું, "પણ સગપણ તૂટ્યે અમારું જીવ્યું ઝેર થાશે, ને પાછળ તારાં આ ભાંડરડાંને કોઈ નાળિયેર લેવા કે દેવા નહીં ડોકાય. વળી એવી પદમણી કન્યા આજ પંદર વરસના વેશવાળ પછી પારકા ઘરમાં જઈને હિંડોળે હીંચકશે તો એ તારા બાપથી કે મારાથી આ અવસ્થાએ હવે નહીં સહેવાય. મારી આંતરડી આવી કકળી રહી છે માટે તને હું ફરી ફરી કહું છું કે જા, બાપ!"

મુંબઈથી સુખલાલના મોટા સસરાએ પણ છેલ્લો કાગળ ભારી આકરો લખ્યો હતો:

"હવે જો સુખલાલને બહાર ન કાઢવો હોય તો આખરી ચેતવણી સમજજો. અમે કાંઈ દીકરીને વેચી નથી. અમારે પેટના છોરુને જાણી બૂજીને કૂવામાં નથી ધકેલવું. સુખલાલે જમાઈ રહેવું હશે તો લાયક બનવું પડશે. આંહીં આવીને ભણવું હશે તો ભણાવશું, ને ધંધો કરવો હશે તો દુકાનો ક્યાં ઓછી છે? બાકી તમે જો એમ સમજી બેઠા હો કે અમારી સુશીલા આકડે લાગેલ મધ છે, તો તમે ખાંડ ખાવ છો, શેઠ! તમારા થોરવાડ ગામના ધૂડિયા ખોરડામાં છાણાંના અને તલસરાંના ધુમાડા ફૂંકવા સારુ દીકરીને કોઈ ભણાવતું નથી, શેઠ! જેવો વિચાર હોય તેવો લખી જણાવજો, એટલે અમે નાતને જાહેર કરી દઈએ."

આ કાગળમાં સંપૂર્ણ ધમકી હતી. સુખલાલના પિતાને તે દિવસે ખાવું ભાવ્યું નહીં, અને પિતા તેમ જ મોટા ભાઈ ઝાંખા દેખાયા એટલે માતાને સ્થાને મહામહેનતે રાંધણું કરનારી, નાના—પાતળા, પૂરો રોટલો પકડી પણ ન શકનારા હાથવાળી

બહેન સૂરજે પણ ન ખાધું, ને નાનેરો ભાઈ પણ ખાધું ન ખાધું કરીને નિશાળે ચાલ્યો ગયો.

તે પછી ચોથે જ દિવસે સુખલાલને મુંબઈ જવા ઊપડવું પડ્યું. ગામ નજીકના કસબામાં ઝટ ઝટ પહોંચી જઈને એણે કોલરવાળાં ખમીસ અને કોટ સિવડાવી લીધાં. બૂટ પણ નવા લઈને પહેર્યા. બહેને આ નવીન પોશાકમાં કોણ જાણે શાથી પણ ન શોભતા ભાઈને તેલના રેગાડા રેલાવતો ચાંલ્લો કર્યો. ને મરતી માએ 'ઘણું જીવો'ના આશીર્વાદ દેવા, બહુ મહેનતે પતિને ટેકે ટેકે બેઠી થઈ, દોરડી જેવા હાથ સુખલાલના નીચે ઢળેલા માથા સુધી લંબાવ્યા.

# ૨. 'પીલી જોઈએ'

"એને આંહીં ઘેરે લાવશો મા, સુશીલાને નાહક અટાણથી જ ધ્રાસકો પડશે," સુશીલાની બાએ પતિને, એટલે કે નાના શેઠને, સુખલાલના આવવાની આગલી રાતે જ ભલામણ આપેલી.

"તો ભલે પેઢી ઉપર જ સૂવાબેસવાનું રાખશું." નાના શેઠે કબૂલ કરી લીધું.

સવાર પડ્યું. જમાઈને ગાડી પર લેવા જવા માટે મોટર કાઢવાની નાના ભાઈએ (સુશીલાના પિતાએ) વરધી આપી, તે સાંભળીને મોટા શેઠે ઠપકો આપ્યો: "મોટર મોકલીને અત્યારથી જ શા માટે છોકરાને મોટાઈનો કેફ ચડાવવો? ઘોડાગાડી ભાડે કરીને લઈ આવશે માણસ."

"ના... આ... તો... હું આંટો મારતો આવું ને ઉતારતો આવું," નાના શેઠે ડર ખાઈને કહ્યું.

"તારે જવાની જરૂર નથી; અત્યારથી એને બગાડવો રે'વા દે, બાપા! અને હજુ કોને ખબર છે! આપણે આંધળુકિયાં નથી કરવાં. છોકરીનું ભલું બરાબર તપાસવું જોશે. હજી કાંઈ બગડી

નથી ગયું. ટાઢે પાણીએ ખસ કાઢી શકાતી હોય તો ઊનું મૂકવાની શી ઉતાવળ છે?"

એટલામાં તો બેઉ ભાઈઓ બેઠા હતા ત્યાં સુશીલા દાતણ મૂકવા આવી. એનું મોં રોજના જેવું પ્રફુલ્લિત નહોતું. પાણીના લોટા, બે લીલાં દાતણ અને મીઠાની શીશી મૂકીને એ ચૂપચાપ ચાલી ગઈ.

"છોકરીના મન ઉપર અત્યારથી જ ઝાંખપ ઢળી ગઈ છે, જોયું ને?" મોટા શેઠે દાતણ છૂંદતાં છૂંદતાં કહ્યું.

નાનો ભાઈ મૂંગે મોંએ દાતણ ચાવવા લાગ્યો.

"પ્રાણિયા!" મોટા શેઠે શાક લઈને આવનાર ગુમાસ્તાને કહી દીધું, "સ્ટેશને જા, ને થોરવાડથી સુખલાલ આવે છે તેને ઉતારી પેઢી ઉપર લઈ જાજે. તમારી સૌની સાથે ઉતારો રાખજો."

"મને જઈ આવવા દીધો હોત!" નાના શેઠે ફરી એક વાર ડરતે ડરતે ઇચ્છા બતાવી.

"પણ એવી શી જરૂર છે?" મોટા ભાઈએ મોં પર સખતાઈ આણીને કહ્યું, "હું કહું તેમ કરતો આવ્ય ને, બાપા? ઠાલી શીદ ફજેતી કરાવ છ?"

પછી તો નાના શેઠે ચુપકીદી રાખીને દાતણ પતાવી દીધું. ચા પીને પેઢી પર ગયા, ત્યારે સુખલાલ આવીને બેઠો હતો. એણે બેઉ સસરાઓને મૂંગા જે જે કર્યા; જવાબમાં મોટા શેઠે ફક્ત "આવો" એટલો જ શબ્દ કહ્યો.

સુખલાલની બાજુમાં તે વખતે હોટેલની ચાનાં કપરકાબી પડ્યાં હતાં. ચા પીવાઈ ગઈ હતી.

"બેવકૂફ!" મોટા શેઠે પેઢી પરના ઘાટીને તડકાવ્યો, "ભાન છે કે નહીં? કપ તો હટાવી લે આંહીંથી."

એ ઠપકાના તીરનું નિશાન તો પોતે જ હતો, એમ સુખલાલને—પોતે ગામડામાંથી ચાલ્યો આવતો હોવા છતાં—લાગ્યા વગર રહ્યું નહીં. એણે જાતે કપરકાબી ઉપાડીને ઘાટી તરફ હાથ લંબાવ્યો.

"ત્યાં જરા ભીનું કપડું લાવીને લૂછી નાખજે," મોટા શેઠે ઘાટીને નવી સૂચના આપી. એ પ્રત્યેક આજ્ઞા અને મહેતાઓ-ગુમાસ્તાઓને ગતિમાન કરી દેવાની એમના હરેક શબ્દની એ ગરમી એમ સ્પષ્ટ સૂચવતી હતી કે તાજી સાંપડેલી આસામી હજુ મોટા શેઠને કોરેકોરાં પહેરી લીધેલાં કપડાંની માફક બંધબેસતી થઈ નહોતી. વધુમાં વધુ તો એમને સુખલાલ પોતાની લાંબી ગાદીનો એક ખૂણો દબાવીને બેઠેલો તે સાલ્યું.

ગાદી પર બેસવાનો સુખલાલને ખાસ કશો મોહ નહોતો, પણ એને સ્ટેશનેથી લઈ આવનાર ગુમાસ્તાએ જ એ બેઠક બતાવી હતી. ઊલટાનો પોતે જ વિવેક રાખીને, અથવા કહો કે ડરતો ડરતો, છેક ગાદીની કોર પર બેઠો હતો; પણ મોટા શેઠનું ધ્યાન બેચેન બની વારંવાર પોતાની ડાબી બાજુએ બેઠેલા સુખલાલ તરફ કતરાતું હતું. પછી તો સુખલાલ એમની પ્રત્યેક નજરના ઠેલા અનુભવતો ધીરે ધીરે ગાદીથી છેક જ નીચે ઊતરી ગયો.

"કેમ છે તમારી માને?" ઘણા વખત બાદ મોટા શેઠે પૂછ્યું. પણ એ પૂછવાની રીત એવી હતી કે કેમ જાણે સુખલાલની

માતાએ બીમાર પડવામાં મોટા વેવાઈનો કોઈ ખાસ અપરાધ કર્યો હોય અથવા ઢોંગ આદર્યો હોય.

"સારું છે." સુખલાલે એમ માન્યું કે માતાની બીમારી વર્ણવવી અથવા જણાવવી એ પણ અહીં મુંબઈમાં એક પ્રકારની અસભ્યતા ગણાય. જવાબ દેવાની આટલી તક મળતાં એણે ઉમેર્યું કે, "મારા બાપાએ ને મારી બાએ સૌને બહુ જ સંભાર્યાં છે."

એનો જવાબ આપવાની જરૂર મોટા શેઠને લાગી નહીં અને સુભાગ્યે ટપાલ પણ આવી પહોંચી, તે વાંચવામાં પોતે પડી ગયા.

દરમ્યાન નાના શેઠ તો પોતાની ઓફિસવાળા પાછલા ભાગમાં ચાલ્યા ગયા હતા. ટપાલ વાંચી લઈને મોટા શેઠ ઓફિસમાં દાખલ થયા; બેસીને પછી નાના ભાઈને કહ્યું:

"જોઈ લીધીને શિકલ?"

"દૂબળા બહુ પડી ગયા દેખાય છે. પાંચ વરસ પહેલાં તો..."

"પણ પાંચ વરસ પે'લાંની કાણ કાં માંડ્ય? પરણે છે એનાં ગીત ગા ને! આમાં તને કાંઈ બોણી લાગે છે? છે રતી જેવું નામ?"

"આંહીં ઠીક થઈ રહેશે."

"રાજા-બાદશા જેવી વાત કરવી રે'વા દે તું, ભાઈ! રે'વા દે હવે. ને મારે મારી એકની એક છોકરીનો ભવ નથી સળગાવી દેવો."

બેઉ ભાઈ વચ્ચે એક જ સંતાન સુશીલા હતી. મોટાભાઈનાં પત્નીને ફરજંદ થયેલાં, પણ જીવેલાં નહીં. સુશીલા જ એમના સકળ સંતોષનું સાધન હતી. મોટાભાઈને વારસદાર મેળવવા

માટે ફરી પરણવાનું ઘણાએ કહ્યું હતું. પણ, પ્રત્યેક માણસના જીવનમાં પ્રકાશ અને છાયા બેઉ હોય છે તેમ, આ મોટા શેઠનો આત્મપ્રકાશ ચુસ્ત એકપત્નીત્વમાં પ્રકટતો હતો. એણે તો પોતાના સમસ્ત વારસાની માલિક સુશીલાને જ માની હતી.

“પણ તેનું હવે કરવું શું?”

“કરવું તો પડશે જ ને. જોઈએ, કામે લગાડી જોઈએ: વેળુમાંથી તેલ કાઢવા જેવી વાત લાગે છે; છતાં આપણે તો પીલી જોઈએ.”

પછી તો ‘પીલી જોઈએ’ એ મોટા શેઠનો બોલ શબ્દશ: સાર્થક થયો. એમણે સુખલાલને સામાન્ય ઉમેદવારની જેમ પેઢીના મહેનતભર્યા કામમાં ધકેલી દીધો. સુખલાલ પણ કેડ્ય બાંધીને જમાઈપણાની પરીક્ષા આપવા લાગ્યો. એણે પોતાની માનહાનિના વિચાર દૂર મેલ્યા. રાતે સૂવા જતી વેળાએ માંદી માતાના બોલનો એ જાણે માનસિક જાપ કરતો કે—

“સગપણ જો તૂટશે ને, ભાઈ, તો અમારાં જીવતરમાં ઝેર ભળી જશે.”

# ૩. પહેલું મિલન

આવ્યા બાદ ત્રણેક મહિને સુખલાલે સુશીલાને પહેલવહેલી દીઠી.

વચ્ચે બે'ક વાર સસરાએ જમવા નોતર્યો હતો ત્યારે પોતાની સાથે મોટરમાં જ લાવીને, જમાડીને તરત મોટરમાં પેઢી પર મોકલી દીધેલ. જમતાં જમતાં એણે કોઈનો ફક્ત એટલો જ ટૌકો સાંભળેલ કે 'સુશીલાબહેનને મૂકીને મોટર પાછી જલદી લાવજો.' એટલે એણે અનુમાન બાંધ્યું હતું કે કન્યા મોટરમાં બેસીને ક્યાંક બહાર જતી હશે. ભણવા જતી હશે? ભરવાગૂંથવા કે સંગીત શીખવા જતી હશે? બજારમાં સાડીઓ ને સાડીની પિનો લેવા જતી હશે? એવા પ્રશ્નો ઊઠ્યા, ને જમતો જમતો સુખલાલ મનથી તો મુંબઈના કેટલાક પ્રદેશોની ટાંટિયાતોડ કરતો રહ્યો.

પછી પેઢી પર પાછા જતી વખતે મોટરમાં મોખરે શોફરની જોડાજોડ બેઠો, ત્યારે પાછળની કઈ સીટ પર સુશીલા કેવી છટાથી બેસતી હશે તે પણ એણે કલ્પી જોયેલું. એની ઘ્રાણેન્દ્રિયે

મોટરમાં રહી ગયેલી કોઈ માતેલી ખુશબોના પરમાણુઓ પણ પીવા પસંદ કરેલા. પણ એ બધું એટલું તો ગ્રામ્ય પદ્ધતિનું હતું કે ન તો કદાપિ સુખલાલ એ મનોભાવોને ભાષામાં મૂકી શકે, કે ન કોઈ કવિ-વાણીને પણ આવા ગ્રામીણની મનોવેદના કલ્પવાનું માફક આવે.

એક જ માણસની સુખલાલને ઈર્ષા આવી હતી—મોટરના શોફરની. એની પાસે સુશીલાનો રજેરજ ઈતિહાસ હશે. એની સામેના નાનકડા દર્પણમાં સુશીલાનું પ્રતિબિંબ રોજેરોજ પડતું હશે. સુશીલા જે કશાં તેલઅત્તરો કે પુષ્પો ધારણ કરતી હશે, તેની ખુશબોનો રાંક-ધરવ તો આ શોફર જ કરતો હશે!

ઘણી ઘણી વાર એ બધી વાતો શોફરને પૂછી જોવાની નાદાન ઇચ્છાને વારંવાર દાબી દેતો પોતે બેઠો રહેતો હતો—એટલે કે પેઢીનું કામ કર્યા કરતો.

ત્રણેક મહિના પછી કેરીની ભરપૂર મોસમ હતી. અમાસની રજા આવતી હતી. મોટા શેઠને બહુ બહુ સતાવી રહેનારું એક ગૂમડું માંડ માંડ મટ્યું હતું, એટલે એમની ઇચ્છાથી આખા કુટુંબની તેમ જ પેઢીના સ્ટાફની એક ઉજાણી ગોઠવાઈ હતી. જી. આઈ. પી. રેલવેના એક પરામાં પહોડોની નજીક સ્નેહીઓનો એક ખાલી બંગલો હતો. ચૌદશની આગલી આખી રાત સ્ટાફના જુવાનોએ મીઠાના માટલાથી માંડીને કેરીના ટોપલા સુધીની તમામ ચીજો ત્યાં પહોંચતી કરવાની ધમાલ બોલાવી.

સુખલાલ એ વૈતરામાં શામિલ હતો. મુંબઈ આવ્યા પછી એના શરીરને પૂરું પોષણ મળતું નહીં. કેમ કે એને રાતદિવસ એક

બાજુથી થોરવાડનાં કુટુંબીજનોના અને બીજી બાજુ સુશીલાના વિચારો કર્યા જ કરવાની ટેવ પડી હતી. આ રાત્રીએ એણે વધુ જોરથી મહેનત કરી, કેમ કે આખા દિવસની ઉજાણીમાં ક્યાંઈક ને ક્યાંઈક એકાદી વાર તો સુશીલાને જોઈ લેવાની એને ધારણા હતી. એ ધારણાના કૃત્રિમ જોર પર વધુ પડતો વિશ્વાસ મૂકીને સુખલાલે આખી રાત સામાનની લે-લાવ કરી. તે રાતે એની છાતીમાં પહેલો સટાકો બોલ્યો.

આ સટાકો પેઢી પર ખેંચેલી કામગીરીની પહેલી પહોંચ લઈ આવનારો કાસદ હતો. સુખલાલ પાસેથી કામ લેવાની ગુમાસ્તાઓની આવડતનો એ અંજામ હતો.

'ક્યાં ગયા સુખલાલ શેઠ?' 'શું કરે છે સુખલાલ શેઠ?' 'આ કામ એમને બહુ ફાવશે!' વગેરે વગેરે વાક્યો પેઢીના નોકરો, સુખલાલ જો જરીકે પગ વાળીને બેઠો હોય તો તરત જ, શેઠના સાંભળ્યામાં આવે એ રીતે બોલતા. એટલે સુખલાલ જ્યાં હોય ત્યાંથી બેઠો થઈ જતો. નોકરોને એ રીતે સુખલાલ આમોદનું તેમ જ રાહતનું સાધન થઈ પડેલો. આંહીં ઉજાણીમાં પણ સુખલાલને એ જ બીક લાગી, એટલે એણે પેઢી માંહ્યલા મુખ્ય મશ્કરીખોર 'પ્રાણિયા' ઉર્ફે પ્રાણજીવનને હાથેપગે લાગી ફક્ત કેરીનો રસ કાઢવા જ બેસી જવાની મહેરબાની માગી લીધી.

"અરે હવે રાખો રાખો, ભાઈસા'બ!" પ્રાણિયાએ મશ્કરી કરી, "એક દિવસ તમે જ આ બધાના ધણી થવાના છો ને? ઠાલા અમને કાં આમ ભૂંડા લગાડો?"

સુખલાલ સમજતો કે બોલનાર જે બોલે છે તેનાથી ઊલટું જ

માને છે. પણ એ સમજણ સ્પષ્ટ ન થઈ શકે તેવી હતી. સુખલાલ ફક્ત ‘ભાઈસા’બ! ભાઈસા’બ!’ જ કરતો રહ્યો.

“સાંભળો!” એમ કરી પેલા મશ્કરીખોરે—સ્ટાફના ‘દાદા’ ગણાતા પ્રાણિયાએ—સુખલાલને એક બાજુ લઈ જઈને કહ્યું, “તમારા પેટમાં આજ પાપ છે.”

“શું પાપ?”

“કહી દઉં?”

“કંઈ જ નથી.”

“તમારો... ઇરાદો... આજરોજ... આ સ્થાનને વિશે... સુશીલાબહેનને... મળવાનો... છે!”

છાતીમાં બીજો સબાકો આવ્યો. છતાં સુખલાલે હસવું ચાલુ રાખ્યું, ને એટલું જ કહ્યું: “મને નિરાંતે બેસીને કામ કરવા દો. મારા નામનું બુમરાણ ન મચાવશો.”

“તો વચન આપો.”

“શું?”

“કે સુશીલાબહેનને બિલકુલ મળવું નહીં.”

“અરે ભલા માણસ, મારો જીવ જાય છે.”

“એમ નહીં છોડી શકાય તમને. કોલ આપો, કે સુશીલાબહેન ચાહીને બોલાવે તોપણ બોલવું નહીં.”

“પ્રાણજીવનભાઈ, હવે ચૂપ કરો ને, બાપા!”

એ રગરગાટથી તો ઊલટાનો આગળ વધતો પ્રાણિયો જરા મોટે ઘાંટે કહેવા લાગ્યો કે “રૂમાલ કે વીંટી આપવાં નહીં.”

“કૃપા કરીને—”

“પ્રેમપત્રો અરસપરસ આપવા નહીં.”

વધુ અવાજ કાઢીને, પણ બીજા કોઈ ન સમજે તેવા ગોટાળિયા શબ્દે પ્રાણજીવન જુલમ કરતો રહ્યો.

“છે કબૂલ?”

“કબૂલ, ભાઈ, કબૂલ! કોણ આપવાનું છે, ને શી વાત છે? મને મરી રહેવા દો ને, પ્રાણજીવનભાઈ!” સુખલાલે એક વિશેષ સટાકાની વેદના અનુભવી.

પ્રાણજીવને રહેમદિલી કરી. સુખલાલ રસોડાની બાજુના ખંડમાં કેરીઓ ઘોળનારાઓની સાથે બેસી ગયો. પ્રાણજીવને તમામને કહી દીધું: “સુખલાલ શેઠને આ કામ પરથી કોઈએ ઉઠાડવાના નથી, દોડાદોડ કરાવવાની નથી; એ બીમાર છે.”

કેરી ઘોળતાં ઘોળતાં છાતીનો દુખાવો વધતો જતો હતો અને સૌના ‘દાદા’ પ્રાણજીવને ચેતાવેલા ગુમાસ્તાઓ જોકે સુખલાલની સીધી મશ્કરી નહોતા કરતા, તો પણ કોઈ ને કોઈ બહાને સુશીલાબહેનનું પાત્ર વચ્ચે લાવી ઊભું રાખતા.

“અરે ભાઈ, આ કેરી તો સુશીલાબહેને જ પાસ કરી—સારામાં સારી તો એમણે પાસ કરેલી જ નીવડી.”

“સુશીલાબહેનને કેરીની પરખ કોણ જાણે કુદરતી જ છે, હો!”

“એ કાંઈ શીખવી થોડી શિખાય છે?”

“સુશીલાબહેન જો કાલે મોટરમાં મારી સાથે ન હોત, તો મારી તો અભાગ્ય જ બોલી જાત; કેમ કે મેં પાંચ મણનો જે ઢગલો પસંદ કરેલો તે માંહ્યલી—જુઓ, આ દસે દસ શેર લીધેલી તે

ખાટી નીકળી. સુશીલાબહેને જ મને એ ઢગલો લેતો વાર્યો હતો. એણે કહેલું કે, દયાળિયા, મને આમાં અંદરથી ઊંડી ઊંડી ખાટી બાશ આવે છે.”

“એમના મોસાળમાં આંબા ઘણા થાય છે, એટલે ત્યાંનો અનુભવ હોવો જોઈએ.”

“આંબા તો આ ઓતમચંદની વહુને પિયર પણ ક્યાં ઓછા થાય છે? તોયે એની વહુને કાં કેરીનું પારખું નથી? —વાત કરો છો તે ઠાલા!”

“આ દયાળજી હંમેશાં સુશીલાબહેનનો પક્ષ બહુ ખેંચે.”

“એમનામાં એવા ગુણ છે, આવડત છે; એને કોઈ બેવકૂફ બનાવી જાય? રામ રામ ભજો.”

કેરીઓ ઘોળવાની સૌની શક્તિને તેમ જ રસિકતાને અખૂટ રાખનારું ઝરણું આ સુશીલાબહેનનું નામ થઈ પડ્યું. બધા સામસામા જોઈ જોઈ વાતો કરતા હતા; ઊંચું નહોતો જોઈ શકતો એક સુખલાલ. એણે કષ્ટ પામી પામીને આખરે સૌને પૂછ્યું: “જરાક હું સૂઈ લઉં? છાતીમાં દુખાવો થાય છે.”

“સૂઓને બાપા! તમને જમાઈને ના પાડવાની કોની મગદૂર છે? લો, ગાદલું લાવી આપું? એ... ચોથા ખંડમાં પલંગ પડ્યો. ત્યાં જઈને પોઢોને, બાપલા!”

એવા વ્યંગને કાને ધરવાની વેળા નહોતી રહી. સુખલાલનો દેહ લાદી પર લંબાયો ને એ પડખું ફેરવીને સૂતો. છાતીને એણે દબાવી રાખી હતી.

“હાલો, સૌને શેઠ બોલાવે છે,” એક માણસે આવી ખબર

આપ્યા. "તળાવમાં નાહવા પડવાનું છે. રસ કાઢી કરીને જલદી આવી પહોંચવાનું છે."

"મજા થઈ, ભાઈ! જામી ગઈ, ભાઈ!" એમ બોલતાં સૌએ ઝપાટો રાખ્યો. સુખલાલને સૂતો મૂકીને તમામ તળાવમાં નાહવા ઊપડી ગયા. જતાં જતાં એમણે દયા ખાધી: "એને બચાડાને પડ્યો રે'વા દેજો!"

સુખલાલને કાગાનીંદર આવી ગઈ હતી એટલે બીજાએ હાથ ધોતે ધોતે વધુ સ્પષ્ટ દયા દેખાડી: "કેવો મૂરખનો સરદાર છે! હજીય પડ્યો છે આંહીં ને આંહીં. હજીય એને આશા છે. ઓલ્યો મોટો શેઠ જોયો છે! આખર ધક્કો મારીને કાઢશે."

"પણ રોક્યો છે શા માટે?"

"ફારગતી લખાવી લેવા માટે!"

"શી ફારગતી?"

"કે હું પોતે માણસમાં નથી, માટે આ વેવિશાળમાંથી છૂટકો કરવા હું મારી રાજીખુશીથી માગણી કરું છું."

"મૂઓ પડ્યો તો તો! પછી એને કોણ દીકરી દેતું'તું!"

"એમ કાંઈ કહેવાય નહીં. હમણાં જો મુંબઈમાં નસીબનો તડાકો લાગી જાય, પચીસ હજાર રૂપિયાની મૂડી લઈને ઘેર જાય, તો શું કન્યા ન મળે? શી વાત કર છ? કન્યા તે મર્દાઈને મળે છે કે રૂપિયાને?"

આ વાર્તાલાપ ઓરડાની બહાર, બંગલાની બહાર, તળાવની પાળ સુધી લંબાતો ગયો. ને સૌ પોતપોતાનાં સોરઠી ગામડાંની બાલ્યાવસ્થાના ખોળામાં આળોટતા આળોટતા તળાવના પાણીમાં

ઝાડ પરથી પલોંઠિયા, કોશિયા ઈત્યાદિ જાતજાતના ધૂબકા ખાવા લાગ્યા. કિકિયાટા મચ્યા, કાન પડ્યું સંભળાતું નહોતું. રસોઈ કરી લઈને બેઉ 'મહારાજો' પણ સૌની સંગાથે ભળ્યા હતા.

અધીક કલાક એમ ગયો હશે ત્યારે 'મહારાજ!' 'મહારાજ!' એમ બોલતું કોઈક બાજુના ખંડમાંથી ચાલ્યું આવતું લાગતાં નીંદરમાંથી ઝબકીને સુખલાલ જ્યાં આંખો ઉઘાડે છે, ત્યાં એણે 'મહારાજ નથી કે?' એવો પ્રશ્ન પૂછતી એક કન્યાને પોતાની સામે ઊભેલી જોઈ. એને જોતાં જ સુખલાલ ઊઠીને બાકીની એકાદ-બે કેરીઓ પડી હતી તે ઘોળવા મંડી પડ્યો.

આવનાર કન્યા સુશીલા જ હતી. એણે સુખલાલને પ્રથમ સૂતેલો ને પછી બેબાકળો ઊંઘમાંથી ઊઠતો નિહાળ્યો; એ પાછી ફરવા જતી હતી, પણ એનાથી પુછાઇ ગયું: "રસોયો નથી?"

"મને ખબર નથી."

ઓરડાની અંદર પાછી ચાલી જઈને એ થોડી વાર થંભી ગઈ. એને ખાતરી તો હતી જ કે આ જ પોતાનો વિવાહિત પતિ સુખલાલ છે. છતાં એકાંતે એને પહેલવહેલો જ જોયો. દૂરથી એ સુકાઈ ગયેલો, કદરૂપ લાગતો હતો; પણ આજે બે જ ફૂટના અંતરે ઊભા ઊભા એણે સૂતેલું નિર્મળ નમણું મોં પણ જોયું ને પછી જાગતા મોંના સ્વર સાંભળ્યા. સ્વચ્છ એક વાક્ય પણ સુખલાલ બોલી શક્તો નથી ને એ તો બેવકૂફ ગાંડા ગમાર જેવો છે વગેરે વાતો એ ઘરમાં રોજ સાંભળતી હતી. એ વાતો સાચી શી રીતે હોઈ શકે?

“તમારે સૂવું હોય તો સૂઈ જજો. મારે તમારું કાંઈ કામ નહોતું.” એટલું બોલીને એ જ્યાં ઊભી હતી ત્યાં જ ઊભી થઈ રહી. એને જાણે કે રોકવા માટે પાછલા ખંડમાંથી સુખલાલે જવાબ વાળ્યો:

“ના, હું તો સહેજ છાતીમાં દુખાવો થતો હતો એટલે જ સૂતો હતો. કામ તો મેં મારા ભાગનું કરી લીધું છે.”

સુખલાલના આ પ્રત્યુત્તરની પાછળ સતત સળગતું ભાન હતું કે સગપણ ન તૂટે તેટલા ખાતર થઈને પોતે તૂટી મરીને પણ પોતાની માણસાઈ પુરવાર કરી દેવાની છે.

“તમે દૂબળા દેખાઓ છો.” સુશીલા હજુય બાજુના ખંડમાં ઊભી ઊભી નખમાં મોઢું જોતી જોતી પૂછતી હતી. સુખલાલને આશા આવી કે એ સુશીલા જ હોય. ખાતરી થતાં તો એ જલદી જલદી બોલી ઊઠ્યો:

“દૂબળો તો હું જરાય નથી.... મારી બાએ તમને બહુ સંભારેલ છે.”

“બાને કેમ છે?” ઓરડામાં ઊભેલી સુશીલાએ થોડીક વાર થંભી જઈને પછી સામો સવાલ કર્યો, ત્યારે સુખલાલના ઊડી ગયેલા પ્રાણ પાછા આવ્યા. કેમ કે ‘મારી બાએ તમને બહુ યાદ કર્યાં છે’ એ સમાચારના જવાબમાં સુશીલાનું જરી જેટલું મૌન પણ દારૂગોળે ભરાતી તોપ જેવું લાગે એ સ્વાભાવિક હતું. થોડી વાર થંભવાનો સુખલાલનો વારો આવ્યો. પોતે ‘મારી બા’ એવો પ્રયોગ કર્યો છતાં આ કન્યા ‘બાને કેમ છે?’ એવું બોલી. બે વચ્ચે હિંદુ સમાજની રચનાએ મોટું અગોચર અને માર્મિક અંતર મૂકેલું

છે. 'બાને કેમ છે?' એ પ્રશ્નમાં કોઈ અણશીખવ્યો આત્મભાવી વિનય હતો.

"હું નીકળ્યો ત્યારે તો ચાંદલો કરવાય ઊઠી શકાણું નહોતું; સૂતે સૂતે જ દુખણાં લીધાં હતાં. તે પછી કાંઈ ખબર નથી."

સુશીલાનું ત્યાં થંભી જવું એને પોતાને જ કોઈ વિચિત્ર પ્રદેશમાં આવી પડ્યા જેવું લાગતું હતું. પોતાની સમક્ષ તદ્દન કંગાલ અને રેઢિયાળ ઢોર જેવો રજૂ કરવામાં આવેલો આ જે જુવાન, તેની વાણીમાં નવા નવા ઝંકાર ક્યાંથી ફૂટે છે! પોતાની થનાર સાસુની કાયમી બીમારી તો સુશીલાના ઘરમાં શાપો વરસાવવાનો તેમ જ ગાળો કાઢવાનો એક કાયમી પ્રસંગ હતો. સુશીલાના મનમાં એ માંદી સાસુનાં ગંધાતા રોગનું એક ભૈરવ રૂપ સગાંઓએ સરજાવી દીધું હતું. પણ આ જુવાને આપેલા સમાચારમાં ભયાનકતા કરતાં દયાર્દ્રતા વધુ હતી. પુત્રને ચાંદલો કરવા ઊઠવાનો યત્ન જેણે કર્યો હશે, સૂતે સૂતે જેણે મીઠડાં લીધાં હશે, ને મને સંભાર્યાનું જેણે કહ્યું હશે, તે સાસુ ભયંકર કેમ હોઈ શકે?

"તમે ઘેરે કાગળ જ નથી લખતા?" એ હજુય અંદર ઊભી ઊભી નીચે જોઈ રહીને વિચારો કરી કરી પૂછતી હતી. એની આંખો આગલાં-પાછલાં બારણાંમાં જોતી હતી.

"હવે લખીશ."

"કેમ હવે?"

"તમારા ખુશીખબર... અને તમે એના ખુશીખબર પુછાવ્યા છે વગેરે," સુખલાલે કેરીનો રસ કાઢી લીધા પછી હાથ ધોતાં

ધોતાં ઓરડા તરફ જોઈને કહ્યું. સુશીલાના ખુશીખબર લખતાં પહેલાં જાણે પોતે પ્રત્યક્ષ ખાતરી કરી લેવા ઉત્સુક હતો કે તબિયત તો સારી જ છે ને!

તબિયત તો અણધારેલા પ્રમાણમાં સારી લાગી. સહેજ શામળી પણ તેજ મારતી ચામડી હતી. એવી ચોખ્ખી આંખો બહુ થોડી છોકરીઓની જ હોય છે. વધુ વિગતો તો સુખલાલ જોઈ જ ન શક્યો. પારકી કન્યાના શરીર પર નજરના ઉંદરડા દોડાવવામાં રહેલું જોખમ એ જાણતો હતો. આ કિસ્સામાં તો જોખમ ઘણું મોટું હતું.

હજુય સુશીલા જતી નહોતી. એટલે સુખલાલ ભય પામવા લાગ્યો. પ્રત્યેક છોકરામાં કુદરતી જ એક ભયભરી માન્યતા ઠસે છે કે છોકરીનો વાંક હશે તોપણ, છોકરી જ છેક છેલ્લી ઘડીએ પોતાની જાતને બચાવી લેવા માટે છોકરા પર બનાવટી આળ નાખતી જશે; એને ખોટું બોલતાં તેમ જ કૃત્રિમ આંસુ પાડતાં વાર નથી લાગતી. આંહીં સુખલાલને પણ આ અજાણી છોકરીની એવી જ કંઈક ફાળ હતી. તેમ આ ઊભી ઊભી મને બનાવતી તો નહીં હોય ને, એવો સંશય પણ પાછળથી એના મનમાં પેદા થયો. એ હવે જાય તો આફત ટળે!

પણ સુશીલાના પગ વધુ ને વધુ ચોંટતા ગયા. બહાર તળાવમાં ઉપરાછાપરી ભફાંગ ભફાંગ અવાજો બોલતા હતા, પાણીની દેગડીઓ ચડી રહી હતી. નાહનારાઓનું કિકિયારણ મચ્યું હતું. નીકળી જનારાઓને ફરી ઘસડી જઈને પાણીમાં નાખવાનાં તોફાનો પણ સંભળાતાં હતાં. મોટા શેઠ ને નાના શેઠ

પણ તળાવ પર હતા, એ તેમના ઘાંટા પરથી સુશીલા પારખતી હતી. મોટા બાપુજીનું ગળું, એકદમ બની ગયેલા લક્ષ્મીવંતોના જેવું ભરડાઈ ગયેલું હતું.

એ બધા સ્વરો વચ્ચે ભાત પાડતો એક મોટરનો ગર્જના-નાદ ઊઠ્યો, અને સૌનો સત્કાર-સ્વર ઊઠ્યો: “ઓહો! વિજયચંદ્રભાઈ! ચાલો, જલદી કપડાં ઉતારો.”

મોટરમાંથી ઊતરનાર એક સંસ્કારી દેખાતા જુવાનને લેવા માટે મોટા શેઠ સામા ગયા, ને પછી બેઉની વચ્ચે “કેમ મોડા પડ્યા?” ... “સેતલવાડ સાહેબને મળવા જવાનું હતું.” ... “સર પી. નો કાગળ આવી પડેલો” વગેરે વાર્તાલાપ થતાં થતાં બેઉ જણા બંગલામાં ચડ્યા.

મોટા શેઠે બૂમ પાડી: “ક્યાં છે સુશીલાનાં બા ને ભાભુ વગેરે? આ વિજયચંદ્ર આવી પહોંચ્યા છે. લો હવે પીરસવાની તૈયારી કરાવો. મા’રાજ ક્યાં છે?” એમ બોલતાં બોલતાં મોટા શેઠ રસોડામાં દાખલ થાય તે પૂર્વે સુશીલાથી એ સ્થાન છોડી શકાયું નહોતું. મોટા બાપુજીને દેખીને એણે ચાલવા માંડ્યું, ત્યારે એની આંખો ઉશ્કેરાયેલી હતી. એને પણ મોટા શેઠે કહ્યું:

“કેમ સુશીલાબહેન, હવે પિરસાવો ઝટ, બેટા! વિજયચંદ્ર આવી ગયા છે.”

જવાબ આપ્યા વગર સુશીલા તો સામી બાજુના સ્ત્રીઓવાળા ઓરડામાં ચાલી ગઈ. પણ મોટા શેઠે આગળ વધી જ્યારે “કાં મા’રાજ, પીરસો હવે,” એમ કહ્યું ત્યારે ત્યાંથી સુખલાલે જ જવાબ આપ્યો: “હા જી, હું બોલાવું છું મહારાજને.”

સુખલાલ એટલું કહીને હાંફળોફાંફળો તળાવ પર દોડ્યો. એને દેખીને મોટા શેઠને ખાઈ ગઈ: એ ગોલો સુશીલાને મળવા જ શું આંહીં પેસી રહ્યો હતો? સુશીલાને શું એણે જ છૂપી ધાકધમકી મોકલીને તેડાવી હશે? સુશીલાનું મોં સૂઝેલું કેમ હતું?... એ તીખો આદમી સબૂરી ન પકડી શક્યો. જરૂર પડે તો આખી ઉજાણી ઉપર પણ ધૂળ વાળી દેવા એ અધીર બન્યો.

સુખલાલની કશી જ ગણના કર્યા વગર એ સ્ત્રીઓના ઓરડા તરફ ઉતાવળે પગલે ચાલ્યો ગયો ને એણે પોલીસ અધિકારીની ઢબે બાતમી મેળવવા માંડી.

“શું હતું સુશીલાને? ત્યાં રસોડે જઈને કેમ ઊભી હતી? કોણે ત્યાં તેડાવી હતી? કોણે એને કડવું વેણ કહ્યું છે? કોણ એને ડરામણી દેખાડે છે? હું એને ચીરીને મીઠું નહીં ભરી દઉં? એ છે કોણ હરામજાદો? કઈ સત્તાને હિસાબે એણે સુશીલાને ત્યાં બોલાવી હતી? ને એનો તો હજી મારા ઘરમાં પગ મૂકવાનો અધિકાર નથી, ત્યાં શું એ છોકરી ઉપર સત્તા ભોગવતો થઈ ગયો? કુત્તો! મવાલી! ગઠીચોર!”

“ચૂપ રહો, અરે, ધીરા રહો ભલા થઈને,” મોટા શેઠનાં પત્નીએ ધીરે સાદે ધણીને ઠપકો આપ્યો. “કાંઈક સમજણ તો પડવા દો.”

“સમજણ શી?” અંદરથી સુશીલાની બા લાજને છતે ઘૂમટે જેઠનો પક્ષ ખેંચતાં બોલી ઊઠ્યાં: “છોકરી હીબકે હીબકાં ભરી રહી છે, ભાભીજી! તપાસ તો કરો, કોણે એને ધમકાવી છે?”

“બા-બા-બા —પણ તમે ચૂપ—છાનાં—તમને કોણ—”

એવા શબ્દો સુશીલાનાં હીબકાંમાંથી ઊઠતા હતા. એ શબ્દોનું વાક્ય બની શકતું નહોતું. સુશીલા જે કહેવા માગતી હતી તેનાથી ઊંધો જ ભાવ એની બાએ એના બોલમાંથી ઉઠાવ્યો હતો.

"ભાભુને —ભાભુને—આંહીં—બોલાવો," સુશીલાએ કહ્યું.

એને ભાભુ પર વહાલ અને શ્રદ્ધા હતાં. મોટા શેઠનાં સંતાનવિહોણાં પત્ની અત્યંત ગરવાં હતાં, ને સુશીલા પર તેમનો જ સંસ્કારપ્રભાવ હતો.

"ભાભુના પડખામાં રહીને જ તું એના જેવી ભલીભોળી બની ગઈ છો," એમ બોલતાં એની બાએ પોતાની જેઠાણીને બોલાવ્યાં: "આ તમારી રઢિયાળી બોલાવે છે તમને, ભાભીજી!"

"કેમ બેટા?" ભાભુએ કશો જ ઉકળાટ બતાવ્યા વગર પૂછ્યું.

"મોટા બાપુજીને કહો કે કોઈને કંઈ કહે નહીં."

"ન કહે તો શું સાંખી લ્યે? પરણાવ્યા જેવડી દીકરી જોડે આંહીં એકાંત કરતાં શરમ ન આવી રૂપાળાને! કાઢો ને હવે આંહીંથી, કાંઈક છૂટકો પતાવો ને આ વાતનો!"

સુશીલાની બા આંહીંથી જે બોલતાં હતાં, તેને મોટા શેઠ બહાર ઊભા ઊભા ઝીલતા હતા. "એ હવે તમે તમારે જોયા કરો. તમારા જેઠને બધીય વિદ્યા આવડે છે. તમારા જેઠે પંદર વર્ષથી મુંબઈ ખેડી છે. એની પાસે એકોએક તાળાની ચાવી છે. હવે તમે તમારે તાલ જોયા કરો. ઘીને ઘડે ઘી થઈ રે'શે, બાપા! મને કાંઈ થોડી ચાટી ગઈ હશે? શું કરું? ગમ ખાઈને બેઠો છું, કેમ

કે ઘરનું માણસ જ મને મોળો પાડી દે છે ને! નીકર હું આટલી વાર લાગવા દઉં કાંઈ?"

"સબૂરી રાખો, સબૂરી રાખો; ઉતાવળા સો બાવરા થાવ મા," જેઠાણી હજુય પતિને એ જ જાપ સંભળાવતાં હતાં.

આ હાકોટા તળાવની પાળે પછડાયા. નાહવાનું થંભી ગયું. શી નવાજૂની થઈ તેની કોઈને જાણ નહોતી. ભણકારા વાગી ગયા એક ફક્ત સુખલાલના ભેજામાં. પણ આ તોફાનમાં સુશીલા શો ભાગ ભજવી રહી હતી? એને આવેલી કલ્પનાઓ કારમી હતી. રસોડામાં એની અને સુશીલાની વચ્ચેની છેલ્લી વાત આ હતી:

"શું કામ બધાં તોડાવવા ફર્યાં છે? મેં ક્યાં કોઈને કહ્યું છે? મને ક્યાં કોઈએ પૂછ્યું છે? તમે જે કામના ઢસરડા કરો છો તેની મને ખબર છે, મારું મન બળે છે. તમારા શરીરને સાચવતા શા માટે નથી?"

આટલું કહેતી કહેતી એ ઓરડામાં ઊભી ઊભી રડી કે તરત જ મોટા શેઠ આવ્યા હતા. પણ એણે અંદર જઈને કોણ જાણે શોય ખુલાસો કર્યો હશે?

છોકરીઓનો શો વિશ્વાસ?

# ૪. વિજયચંદ્રનું વ્યક્તિત્વ

પંગત ગોઠવાતી હતી, ત્યારે મોટા શેઠે પ્રાણજીવનને બોલાવીને ધીમેથી કહ્યું: "પ્રાણિયા, એ રઢિયાળાને મારી સામે બેસવા દઈશ મા!"

"એ હો, ફિકર નહીં."

પછી પ્રાણજીવને જે જુક્તિથી સુખલાલને એક પછી એક ફેરફારો કરીને ખૂણાની જગ્યામાં ખેસવી દીધો, તે જુક્તિ જોઈને મોટા શેઠને ખાતરી થઈ ગઈ કે કોઈક દિવસ આ ગુંડો પ્રાણિયો મારી પેઢીનો ભાગીદાર બનશે! દરમ્યાન પ્રાણજીવને સુખલાલની બાજુમાં બેસીને પડખામાં ઘુસ્તા ચડાવવા માંડ્યા હતા. મારતો મારતો ગણગણ સ્વરે બોલતો હતો: "પરાક્રમ કર્યું લાગે છે! સોગંદ પાળ્યા નહીં ને? ઉતાવળે બાફી નાખ્યું ને? હવે લબાચા બાંધો રાજ, અચકો મચકો કારેલી!"

તે દરમ્યાન તો પેલા માનવંત યુવાન પરોણા વિજયચંદ્રે સૌની આંખોને રોકી લીધી. વિજયચંદ્રે પોતાનો હાફકોટ અને બદામી રેશમી ટોપી આસ્તેથી ઉતારીને પોતાની બેઠકની ઉપરની જ

ખીંટી પર લટકાવ્યાં. બાકીના તમામે પોતાનાં કપડાં દીવાનખાનામાં ઉતાર્યાં હતાં. આવા એક નાના કામમાં પણ વિજયચંદ્ર બીજા સૌથી જુદો તરી આવ્યો. એની ટોપી નીચેથી પ્રગટ થયેલું માથું ચીવટ અને સુવ્યવસ્થાનો એક અપૂર્વ નમૂનો હતું. એકેએક વાળ પોતાના સ્વસ્થાને લશ્કરી શિસ્તનું પાલન કરતો હતો. જુલફાં ઊડ ઊડ થતાં રાખવાની વિજયચંદ્રની આદત નહોતી. એનું ખમીસ પણ જાણે કોઈ જીવતું જાગતું સાથી હોય તેવી સાચવણી પામતું, શરીર સાથે પૂર્ણ મહોબ્બતથી મેળ ખાતું હતું. એના ધોતિયાનો એક પણ સળ ઉતાવળ, બેપરવાઈ અથવા 'ઠીક છે, ચાલશે' એવું ક્ષુદ્ર સંતોષીપણું બતાવતો નહોતો. એક પણ ચરકા કે વાળ વગરની એની હજામત પણ જીવન જીવવાની કળાની સાક્ષી પૂરતી હતી.

એને પોતાની અડોઅડ બેસારીને જમતાં જમતાં મોટા શેઠે ઠીક ઠીક વાતો જાણી લીધી. પિતા-માતા નાનપણથી જ ગુજરી ગયાં છે. પોતે બહેન-બનેવીને ઘેર ઊછર્યો હતો. ટ્યૂશનો કરી કરીને અભ્યાસ આગળ ધકેલ્યો છે. "વચ્ચે બે વાર નોકરી કરવી પડેલી તેથી ભણતર છોડી દીધેલું, નહીંતર તો વીસ વર્ષે ગ્રેજ્યુએટ થઈ ગયો હોત. શેઠ મનસુખલાલ બાલાભાઈ તરફથી વિલાયત જનાર છું. તેમના બિઝનેસની એક શાખાની ખિલવણીમાં મારે માટે 'ફ્યુચર પ્રોસ્પેક્ટસ' (ભવિષ્યની આશાઓ) છે."

"વિલાયત કેટલુંક રહેવું પડે તેમ છે?"

"બે'ક વર્ષ."

“પછી તો દેશમાં જ સ્થાયી થવાના ને?”

“હા જી.”

વિજયચંદ્ર પણ કાઠિયાવાડના ગામનો જ વતની હતો. એના કુળની સાથે તો ઘણી નજીકની સંબંધ-કડીઓ નીકળી પડી. અને મોટા શેઠને જોકે વિજયચંદ્રના કુળનું સ્થાન પોતાના કુળથી ઊતરતું લાગ્યું, છતાં છોકરાનું કરમીપણું તેમના મન પર સજ્જડ છાપ બેસાડી ચૂક્યું.

“આવો, બંગલો તો જોઈએ,” એમ કહી મોટા શેઠે વિજયચંદ્રને જમ્યા બાદ આસપાસ આંટા મારવા માટે સાથે લીધો. વિજયચંદ્રે જેટલા જતનપૂર્વક કોટ અને ટોપી ઉતાર્યાં હતાં તેનાથી વધુ ચીવટ રાખીને પાછાં તે ચડાવી લીધાં. એના ડગલાની બાંય ન જોનારની આંખે પણ ઊડીને વળગે અને અવાજ કરી કરીને જાણે કહેતી લાગે કે ‘જુઓ, છે મારા પર એક પણ કરચલી!’ એટલી બધી એ અકબંધ રહેતી. છતાં ખૂબીની વાત તો એ હતી કે વિજયચંદ્રની આ સુઘડતાં, ટાપટીપ અથવા ઠઠારો, આછકલાઈ અથવા વરણાગિયાવેડા ન લાગે. પ્રયત્નથી માણસ શું નથી કરી શકતો? પરસ્પર વિરોધી જેવી લાગતી છતાં શું એ સાચી વાત નથી, કે માણસની સ્વાભાવિક દેખાવાની સફળતા પણ પ્રયત્નોની જ સિદ્ધિ છે? વિજયચંદ્રની બાબતમાં તો પ્રયત્ને અને ઉદ્યમે જ આ ભાગ ભજવ્યો હતો, નહીંતર એના ગજવામાંથી દેખાતો રૂમાલ રેશમી અને ખુશબોદાર હોવા છતાંય કેમ સભ્યતાનો જરાય ભંગ નહોતો દાખવતો? જોનારને જરાય અરુચિકર તો ન થાય, પણ ઊલટું એમ જ લાગે કે વિજયચંદ્રના

ગજવાનો રૂમાલ બરાબર એટલો જ બહાર દેખાવો જોઈએ ને સુગંધિત પણ એટલો જ હોવો જોઈએ. ન હોય તો તેટલું એનું વિજયચંદ્રપણું—એનું વ્યક્તિત્વ—ખંડિત!

આંટા દેતાં દેતાં, આડીઅવળી કૌટુમ્બિક વાતો કરતાં 'આ બંગલો ખરીદીએ તો તમને કેમ લાગે છે?' એવો અભિપ્રાય પૂછતા મોટા શેઠ એને બૈરાં બેઠાં હતાં તે ખંડમાં તેડી ગયાં; પોતાની પત્ની સાથે ઓળખાણ પડાવી: "આમનાં ફઈબાને તો તમે સારી પેઠે ઓળખો: તમારા પિયરનાં એ તો નજીકનાં સંબંધી: આપણી ન્યાતમાં તો સામસામાં કેટલાં બધાં સગપણો નીકળી પડે છે! આ ભાઈ મનસુખલાલ બાલાભાઈ શેઠના ખાતા તરફથી વિલાયત જનાર છે" વગેરે.

મોટાં શેઠાણીએ પોતાનું મોં ઊંચું કરીને વિજયચંદ્રને જોઈ લીધો. જોયા પછી તેની આંખો પતિ તરફ જ રહી. ચકળવકળ ચારે બાજુ આંખો નચાવવાની એને ટેવ નહોતી. નિ:સંતાન હોવાથી એનું નારીરૂપ ચાલીસ વર્ષે પણ ત્રીસથી વધુ કળાવા દેતું નહીં. ગરવું માનવી કેવું હોય એનો કોઈ જીવતો આદર્શ બતાવવા માટે સૈકાઓ સુધી સાચવી રાખવાનું મન થાય, ને મૂઆ પછી મસાલા ભરીને પણ એ દેહનું જતન જરૂરી લાગે, એ આ સ્ત્રીને જોનારના મનને સ્વાભાવિક હતું.

"ક્યાં ગઈ સુશીલા?" મોટા શેઠે વાતમાં ને વાતમાં સહજ લાગે તેમ પૂછી લીધું. પણ વિજયચંદ્ર, મોટાં શેઠાણી, લાજ કાઢીને બેઠેલાં નાનાં શેઠાણી, તેમ જ બાજુની ઓસરીમાં ઊભેલી સુશીલા, વગેરે બધાં આ ખબર પૂછવાનો ને આ પારકો બંગલો

બતાવવા માટે પરોણાને છેક સ્ત્રીઓની બેઠક સુધી લઈ આવવાનો શેઠનો મનોભાવ સમજી ગયાં હતાં.

“આ રહી.” સુશીલા જ્યાં હતી ત્યાંથી બોલી.

“કાં બહેન, ત્યાં કેમ ઊભી છો? આંહીં આવ ને! તું જમી? કેટલા વાટકા રસ પીધો? રસ ખાવે તો સાવ નાદાર છે સુશીલા!”

દરમ્યાન સુશીલા જરા પણ શરમિંદી બન્યા વગર ઓરડામાં આવીને ઊભી હતી. એને જોયા પછી મોટાં શેઠના મનમાં એટલો તો વસવસો રહી ગયો કે અરધા કલાક પહેલાંના રુદનવાળું મોં સુશીલાએ ધોઈ નાખ્યું હોત તો ઠીક થાત. બેશક, વિજયચંદ્રની આંખોએ તો ધોયેલા મોં કરતાં આસુંવાળું મોં જ વધુ સોહામણું માન્યું. વિજયચંદ્ર નાની વયમાં પણ એટલું તો સૌંદર્યશાસ્ત્ર સમજી ચૂક્યો હતો કે નારીરૂપને સદાકાળ નવપલ્લવિત રાખવા માટે જ પ્રકૃતિએ એની આંખો પાછળ અખૂટ અશ્રુ-ટાંકાં ઉતાર્યાં છે.

છેક સાંજે ઉજાણી વીખરાઈ ત્યારે વિજયચંદ્રને શેઠે મોટરમાં સાથે લીધો. એ શોફરની બાજુમાં બેઠો. પોતાની પછવાડે મોટાં શેઠશેઠાણી તથા બેઉ વચ્ચે સુશીલા બેઠી છે એ પોતે પાછળ જોયા વિના પણ જાણી લીધું. મોટા શેઠે વિજયચંદ્રના ગળામાં આખે રસ્તો વાતોનો ગાળિયો નાખીને પોતાની તરફ જ જોઈ રાખવાની મીઠી ફરજ પાડી હતી. મોટા શેઠ તરફ મંડાયેલી એની આંખોને સુશીલા તરફ નિહાળવા માટે જરા ત્રાંસી પણ થવાની જરૂર નહોતી; તેમ છતાં એ શાણો જુવાન સીધી લીટીથી એક દોરાવા પણ દૃષ્ટિને ચાતર્યા વગર આખે માર્ગે એક શેઠની જ

સામે જોઈ રહ્યો. કેટલાકને ત્રાટક-વિદ્યા સ્વાભાવિકપણે વરેલી હોય છે.

રસ્તામાં એને સર પી. ને બંગલે જવાનું હતું એમ પોતે કહ્યું હતું, એટલે શેઠે ગાડીને મલબાર હિલનો ચકરાવો લેવરાવીને પણ એના કહ્યા મુજબ ઉતારી મૂક્યો. વિદાય લેતાં કહ્યું: "કોઈક વાર રાતને વખતે નિરાંતે આવતા રહેજો, વ્યાપારની વાતો કરશું."

પછી મોટા શેઠે માર્ગમાં પત્નીને કહ્યું: "આજની મારી ઉજાણી તો કડવી ઝેર થઈ જાત, જો આ માણસ ન આવ્યો હોત તો. કાંઈ જેવો તેવો ગજબ કરી નાખ્યો છે એ કમજાતના પેટનાએ!"

સુશીલા બીજી જ બાજુ જોઈ ગઈ હતી, તેમ ભાભુએ પણ પતિને જવાબ ન આપવામાં જ ઘર સુધીની મુસાફરીની સલામતી માની મૌન સેવ્યું હતું. ધણીને બોલવું હતું તેટલું બધું જ બહાર ન આવી શક્યું. વાર્તાકાર હોંકારો મળ્યા વગર હતોત્સાહ બની ગયો.

સુશીલાની મોટર જ્યારે ઘેર પહોંચી ગઈ હતી, અને વિજયચંદ્રના ખમીસનો કોલર જ્યારે મલબાર હિલના શીતળ પવનહિલોળામાં પોતાની પાંખો હલાવતો હતો, ત્યારે પ્રાણજીવન વગેરે દુકાન-ગુમાસ્તાઓની મોકળી મશ્કરીઓના માર ખાતો સુખલાલ હજુ તો ત્યાંનો ત્યાં ઉજાણીનાં ઠામડાં ગણતો, છરી-ચપ્પાને કોથળામાં નાખતો, વધેલાં તેલ-ઘી અને મીઠું-મસાલા પાછાં ભરી લેતો દોડાદોડ કરતો હતો. કેમ કે રસોયાઓ પોતાના કામથી પરવારી ગયા પછી પાનતમાકુ ખાવાનો તેમ જ સૂવાનો

હક ભોગવતા હતા. પ્રાણજીવન પોતાની હવે પછીની ફરજ સૂતો સૂતો સૂચનાઓ આપવા પૂરતી જ સમજતો હતો. પ્રાણજીવન સિવાયના પણ ઘણાખરાએ એમ જ કહી દીધું કે “આખરે તો આ બધો સ્વારથ સુખલાલ મે’તાનો જ છે; ઠામડાં-ડબલાંની માલિકી એમની છે, અમારી નથી. એક પવાલું પણ આઘુંપાછું થશે ને નાનાં શેઠાણી હાજરી લઈ નાખશે, તો સુખલાલ મે’તા! અમે તો કહી દેશું કે તમારા જમાઈને ભળાવ્યું હતું.”

સાંજે સરંજામ ખટારામાં ભરીને સૌ દુકાનવાળા મુંબઈ ઊપડી ગયા, તે પછી ત્રીજે જ દિવસે શનિવાર આવ્યો.

એ શનિવારની અધરાતે સુખલાલના મગજનો કૂપો એકાએક ફૂટી ગયો અને બહોળી નાખોરી ફૂટી.

—ને એ હરકિશનદાસ હોસ્પિટલમાં પહોંચતો થયો.

# ૫. ઇસ્પિતાલમાં

ભોંયતળિયાના માફી-વોર્ડમાં પડેલો સુખલાલ પોતાની માંદગીને આશિષ આપતો હતો. પોતાની નિયમબંધી સારવાર થતી હતી તે ઉપરથી પોતે એવું માનતો હતો કે મોટા સસરાએ દવાખાનાવાળાઓને ખાસ ભલામણ કરી હશે. મારી બાની સારવાર આવે સ્થળે થતી હોય તો જરૂર જલદી સાજી થઈ જાય: આંહીં તો મને મારી જાતે પડખું પણ ફેરવવા ન દેનારી આ ગોરી ગોરી નર્સ બાઈઓ હાજર ને હાજર છે! આટલી બધી સ્ત્રીઓના સજીવ સમાગમમાં હું કદી નહોતો આવ્યો.

પોતાને આખે શરીરે ગરમ પાણીનું 'સ્પંજિંગ' કરીને પાઉડર છાંટી દેનારી એ પરિચારિકાઓ એને સ્વર્ગમાંથી ઊતરી આવેલી દેવકન્યાઓ લાગી. મને આંહીંથી જલદી રજા ન આપી દે તો પ્રભુનો બહુ પાડ માનું, એવો એનો મનોભાવ હતો.

બાજુના ખાટલાવાળાઓ પાસે એમનાં કુટુંબીજનો રહેતાં, કેટલાંય તો સવારસાંજ તબિયત જોવાને બહાને ટોળે વળી આવતાં. પોતાને ખાટલે કોઈ ન હોવાને લીધે સુખલાલ સૌનું

ધ્યાન ખેંચનારો થઈ પડ્યો. અનેક સ્ત્રીઓ, યુવતીઓ, કુમારિકાઓ આ દિવસોના દિવસો એકલા પડ્યા રહેતા જુવાનને દેખી અંદર અંદર વાતો કરતી કે એને આંહીં માબહેન નહીં હોય? એ પરણેલો નહીં હોય? એને કોઈ સગાં લાગતાં નથી.

નજીકનો પાડોશી દરદી એક આધેડ પુરુષ હતો. એને શી બીમારી હતી તે જાણવું કઠિન હતું. એ પોતાને જરા પડખું ફેરવવું હોય તો 'નર્સ! નર્સ!' એવા સાદ પાડતો. નર્સ આવીને એનું શરીર ઝાલીને બેઠો કરે ત્યારે એ નર્સને ભાંગ્યાતૂટ્યા હિંદીમાં, અંગ્રેજીમાં, મરાઠીમાં પ્રશ્નો કર્યા જ કરતો: "તમે પરણ્યાં કે નહીં? ગયા વખતે હું આવેલો ત્યારે પણ તમે કુંવારા જ હતાં! તમે આખી જિંદગી આ જ ધંધો કર્યા કરશો? પરણી કેમ નથી લેતાં?... મને જરા ટેકો આપીને બહાર બેસાડો ને!"

વસ્તુતઃ ટેકો આપવાની કશી જરૂર નહોતી. બપોરે એની પત્ની આવતી ત્યારે પત્નીનો ટેકો એ ક્યાં માગતો હતો?

નર્સ એને દાઝે બળતી કહેતી: "કાકા, તમને કશું જ દરદ નથી, છતાં શું વારે વારે દવાખાનામાં આવીને રહેતા હશો?"

"પણ તમે મને કાકા શા માટે કહો છો?"

"કેમ, તમે બુઢ્ઢા છો માટે કહું છું."

સુખલાલને વિસ્મય થયું કે આ પૂરી ઉંમરનો માણસ પોતાને કાકા તરીકે સંબોધાતો જોવામાં શા માટે કચવાટ અનુભવતો હશે? કે શું એ બહુ નિરભિમાની હશે?

નર્સનું નામ લીના હતું. 'લી...ના' એવા પ્રલંબિત સ્વરે જ્યારે એને બીજી નર્સ બોલાવતી ત્યારે સુખલાલને બીજું વિસ્મય આ

થતું કે જેમાંથી આપોઆપ ટહુકાર ઊઠે એવાં નામો જગત પર હોતાં હશે?

નર્સ સુખલાલનું વિશેષ ધ્યાન રાખતી, એ આ પાડોશી બુઢ્ઢાને ગમતું નહોતું. એ સુખલાલને કોઈ કોઈ વાર કહી પણ નાખતો કે, આ નર્સ લોકોને બહુ બોલાવ બોલાવ ન કરતા હો કે! એ તો આબરૂ પાડી નાખે અને બીક દેખાડી પૈસા કઢાવી લ્યે તેવી મહાખેપાન હોય છે.

આવી શિખામણ મળ્યા પછી સુખલાલ વિશેષ સંકોચભર્યું વર્તન રાખતો, પરંતુ તેથી તો ઊલટાની લીના એની વિશેષ કાળજીભરી સારવાર કરતી. દૂધ-ચા પીવાને વખતે પણ પોતે કોણ જાણે ક્યાંથી દોડતી હાજર થઈ જતી, દમદાટી દઈ દઈને પૂરો પ્યાલો પાતી, અને વારંવાર શરીર પર હાથ ફેરવતી ને કહેતી:

"સ્માટી, ઓ સ્માટી! તું એક્કેક ઈંડું રોજ લેતો જઈશ? તું બહુ નબળો છે. ઈંડું તને બહુ ફાયદો કરશે. તારા શરીરમાં લોહી ભરાઈ જશે, સ્માટી!"

સુખલાલ ઈંડાની વાત સાંભળીને પડ્યો પડ્યો શરમાઈને સ્મિત કરતો. કોણ જાણે કેમ પણ, એનું ધૈર્યઝરતું સ્મિત એના દુબળા ફિક્કા મોં પર એવી કોઈક માધુરી ભભરાવી દેતું કે લીના એના આવા સ્મિતની વારંવાર ઉમેદ રાખીને ઈંડાની વાત કાઢ્યા વગર રહેતી નહીં.

"તમે મને 'સ્માટી' કેમ કહો છો?" એણે એક વાર પૂછ્યું.

"તને એકને જ નહીં, મારા જે જે દરદીઓ બીમારીમાં પણ

શાંતિમય રહીને મોં મલકાવે તે બધાને હું 'સ્માર્ટી' કહું છું. ન કહું? તને નથી ગમતું? 'સ્માર્ટી' એટલે સુઘડ અને ચપળ."

સુખલાલ કશો જવાબ દેતો નહીં. પણ એને અજાયબી થતી કે પેઢી પર 'માંદલો' અને 'દગડો' શબ્દે કૂટી મારેલાને આ છોકરી 'ચપળ' કેમ કહી રહી છે!

પણ નર્સ જરી આઘીપાછી થતી કે તરત પાડોશી 'કાકો' એને ચેતાવતો: "ઈડાને ચાળે ચડાવે નહીં તો મને કહેજે ને!"

લીના ત્રીસેક વર્ષની લાગે. હાસ્યની મૂર્તિ હતી. બોલવા કરતાં હસવાનું પ્રમાણ વિશેષ રાખતી. સુખલાલ એને પોતાની કલ્પનામાં ઘણી ઘણી વાર સુશીલા જોડે સરખાવતો. એક જ વાર જોયેલું સુશીલાનું મોં એને પૂરેપૂરું તો યાદ નહોતું રહ્યું, પણ સ્મૃતિમાં એનો ચહેરોમોરો બંધબેસતો કરવામાં જે કાંઈ ત્રુટિ રહેતી તે પોતે આ લીનાના ચહેરાની મુદ્રા લઈને લપેડા લગાવી પૂર્ણ કરી લેતો. આવી અણઘડ ભેળસેળ કરવા જતાં એને બેમાંથી એકેય વદન સુસ્પષ્ટ થતું ન હતું. થોડાક દિવસો વીતતાં તો એણે લીનાના પ્રત્યક્ષ મોંને પણ પોતાની કલ્પનામાં ભારી વિચિત્ર ઘાટ આપી દીધો.

એક દિવસ બપોર હતો. બહારના મુલાકાતીઓને મળવાની વેળા નહોતી. પડોશી આજારી 'કાકા'ની પત્ની, કે જે કાકાથી અરધી જ ઉંમરની હતી, તેણે મોસંબીની કળીઓ કાઢીને એક રકાબી પોતાના સ્વામી 'કાકા'ને આપી, તથા બીજી એક રકાબી એ સુખલાલને દેવા ગઈ કે તરત જ, નર્સ વગર કશી હિલચાલ ન કરી શકનાર કાકાએ ઝડપથી ફરી જઈને સુખલાલ સાથે પોતાની

'નવી' શી તાણખેંચમાં રોકાઈ ગઈ હતી તે જોયું. રકાબી લેવા સુખલાલ સ્મિત કરી ના પાડતો હતો, 'નવી' આગ્રહ કરતી હતી ને પૂછતી હતી: "તમારે મા કે બહેન આંહીં નથી? કોઈ નથી?"

"આંહીં આવ એય વાઘ..." કાકા 'વાઘરણ' શબ્દ પૂરો કરે તે પહેલાં જ 'નવી' પાછી આવતી રહી. ને સુખલાલ, 'કાકા'ના તે પછીના દુર્વર્તાવને નિહાળી રહ્યો. 'કાકા' એમ પણ કંઈક કચ્છી ભાષામાં કહેતા હતા કે "મને ઊઠીને ઘેર આવવા દે, પછી વાત છે તારી!..."

સુખલાલ આવી બાબતમાં છેક જ છોકરું નહોતો રહ્યો. પણ પોતાની જાતને જ દોષિત માનવાની ટેવવાળો હોઈ કાંઈક ખુલાસો કરવા તલપાપડ હતો, છતાં આવી નાજુક વાતમાં પોતે ક્યાંક બાફી બેસશે એમ ભય પામી પડ્યો રહ્યો. આમ પોતાના મોં પરથી સ્મિત જતું રહેશે તે વખતે જ લીના ત્યાં આવીને ઊભી રહેશે તેવું એણે ધાર્યું નહોતું.

"ટેમ્પરેચર!" એટલું બોલીને એ સુખલાલના મોંમાં થરમોમિટર મૂકીને એકી સાથે હાથ ઉઠાવી, નાડી પર આંગળીઓ મૂકી પોતાના કાંડા-ઘડિયાળનો મિનિટ-કાંટો જોતી જોતી કોણ જાણે શાં શતાવધાન કરતી ઊભી.

એના મોંમાંથી હળવા હાથે થરમોમીટર કાઢીને લીનાએ સુખલાલને પૂછ્યું: "વ્હાઈ ડોન્ટ યુ સ્માઈલ, સ્માર્ટી?"

પોતાના ગામડાની નજીકના તેજપુર ગામે ચારેક ચોપડી અંગ્રેજી ભણેલો સુખલાલ પોતાનું અંગ્રેજી સમજ્યો નથી એમ

એક જ પળમાં યાદ કરીને એણે હિંદીમાં કહ્યું: "હસતે ક્યોં નહીં આજ, સ્માટી?"

સુખલાલે સ્મિત કર્યું કે તરત જ "હાં, ઐસા રહેના!" કરતી એ પાછી ફરી, ત્યારે એણે કોઈ દિવસ નહીં ને આજે જ એક યુવાન કન્યાને ભયભીત નેત્રે ચોમેર જોતી ત્યાં ઊભેલી દેખી.

"હુમ ડુ યુ વોન્ટ? તુમ કિસકો મંગતે હૈ?" એમ એણે પૂછ્યું. કેમ કે આવી સુંદર છોકરી આજે આટલા બધા દિવસે સુખલાલ પાસે શા માટે આવે, એવી એની કલ્પના હતી; કોઈક બીજા દરદીને શોધતી હશે.

"ઈસકો." આવેલી સ્ત્રી એટલું જ બોલી શકી. સુખલાલનું મોં નર્સ લીનાની બાજુ હતું, તે 'ઈસકો' શબ્દ સાંભળતાંની વાર ફરી જવા મથ્યું. તત્કાળ લીનાએ એને પકડીને પડખું ફરતો રોકતાં રોકતાં "નો! નો! સ્માટી, નો!" એવી મીઠી ધમકી દીધી. ને આવેલ બાઈને એણે કહ્યું: "તુમ ઈસ બાજુ આઓ!"

આવેલ સ્ત્રી સુખલાલની સામે ગઈ ને ઓળખાઈ:

સુશીલા!

# ૬. નર્સ લીના

નર્સ લીનાને કૌતુક થયું: આ બાઈ તે સ્માર્ટીની તબિયતના ખબર કાઢવા આવી છે કે દવાખાનાનાં દર્દીઓને જોવા આવી છે?

લીનાની શંકા પાયા વગરની નહોતી. સુશીલા હજુ સુખલાલ ઉપર એકાગ્ર થઈ જ નહોતી. સુખલાલનું મોં જોવામાં એ કોણ જાણે કોઈક ચોરીછૂપીનું કૃત્ય કરતી હોય, તેવી અદાથી ચકળવકળ ચારે બાજુના ખાટલા તપાસ્યા કરતી હતી; ફરી પાછી સુખલાલના મોં પર નેત્રો ઠેરવતી હતી. ગોળ-ઘીના પાંજરામાં પેસેલી ઉંદરડીની જે સ્થિતિ હોય તે સુશીલાની હતી. એને એ મોટા 'વોર્ડ'માંના પ્રત્યેક ખાટલા પરથી જાણે કે પરિચિત મોં પોતાની સામે તાકતું લાગ્યું. આવી બેચેન અને વિકલ દશા વચ્ચે હિંમત કરીને એણે માંડ માંડ આટલું પૂછ્યું: "શું થયું છે?"

"ચૂપ! ચૂપ! સ્માર્ટી!" સુખલાલના હોઠ જવાબ વાળવા માટે જરીક ઊપડ્યા કે તરત લીનાએ આજ્ઞા છોડી, ને એણે સુશીલાને જરા કડક અવાજે કહ્યું: "ઉસકો બાત મત કરાવ. 'હેમોરેજ' હો જાયગા."

"સારું." સુશીલાએ આ નર્સના સુખલાલ પરના સ્વામિત્વ પ્રત્યે મોં મલકાવ્યું.

સુખલાલ માટે દવા લઈ આવીને ફરી લીનાએ સુશીલાને પૂછ્યું: "તુમ ઈસકી કૌન હૈ? શેઠાની હૈ? આન્ટ (ફોઈ, કાકી કે મામી) હૈ? કઝીન (પિત્રાઈ) હૈ? ઈતના રોજ તો કોઈ નહીં આયા, તો તુમ તો ક્યા દૂસરા ગાંવસે આતી હૈ?"

"હાં." સુશીલાનો ટૂંકો ને ટચ જવાબ.

"દેખો તુમ," લીનાએ ચલાવ્યું: "સ્માટી કો અભી જલદી મત લે જાના, ઈસકો ખૂન ગિરા થા. અબ યે એકદમ કમજોર હૈ. યહાં રખો. મૈં ઉસકો તાકતદાર બના દૂંગી."

એટલું કહી વળી પાછી બીજાના ખાટલા પર જઈને એ પાછી ફરે ત્યારે બે મિનિટ વાતો કરવા થંભે, તે પછી ત્રીજાને દવા પાઈને પણ પાછી સુખલાલના જ ખાટલા પાસેથી નીકળે. લીનાના કામકાજની તમામ કડીઓ આ ખાટલાની આસપાસ થઈને નીકળતી હતી. દૂરને ખાટલે ઊભી ઊભી પણ લીના આ ઠેકાણે જ નજરની ચોકી કરતી, ને પોતાના પહેરેગીરની સરત ચુકાવવાનો લાગ શોધતી સુશીલા જરાક બોલવાનો આદર કરતી કરતી પાછળ જોતી કે તરત કોઈ દરદીની સારવાર કરતી લીનાની હાક સંભળાતી: "બાત મત કરના, સ્માટી! વો કુછ પૂછેગી તો તુમ જવાબ નહીં દેના; ટેઈક કેર, સ્માટી—સમાલો બરાબર."

એટલું કહીને એ પાછી ત્યાંથી નીકળી ત્યારે સુશીલાને સંભળાવતી ગઈ: "તુમ ગાંવડેમેંસે આનેવાલે લોક સમજ ભી

નહીં સકતે કિ પેશંટ કી જિંદગી કિતની ‘પ્રેશ્યસ’, માયને કીમતી હોતી હૈ! મેરા અચ્છા પેશંટ કો બિગાડ મત દેના.”

લીનાને તો એ શંકા ઊપજવી પણ અશક્ય હતી, કે આવી કન્યા આ સૂતેલા ગરીબ યુવાનની વિવાહિતા હોઈ શકે. લીનાએ ફરીથી દૂર જઈ પછવાડે નજર કરી તો સુશીલાને એણે એક વધુ દોષ કરતી દીઠી. સવારે લીનાએ લાવીને સુખલાલના લોટામાં ‘કોટન’નાં ખુશબો વગરના ફૂલની એક ડાંખળી ગોઠવી હતી. તેને બહાર કાઢી નાખીને સુશીલા પોતાના રૂમાલમાંથી કાઢેલાં ગુલાબનાં ફૂલ ગોઠવતી હતી એની આ પ્રત્યેક ક્રિયા સાથે એની વિહ્વળતા અને ધાસ્તીભરી મનોદશાના ફફડાટો તો ચાલુ જ હતા. પોતે આણેલાં ફૂલોને આ રીતે ઠેકાણે પાડ્યા પછી સુશીલાનો ફફડાટ ઓછો થયો.

લીના ફરી વાર પાસે આવી, આંખો કરડી કરવાનો એણે વ્યર્થ પ્રયાસ અજમાવ્યો. પણ લીના સખત થઈ શકતી નહોતી, સખત થવા જતાં જ હસી પડતી, એ સુશીલા જાણી ગઈ હતી. લીનાએ આવીને હસવું ખાળવાની વ્યર્થ કોશિશ કરતાં કહ્યું: “બડી ચબરાક માલૂમ પડતી હૈ, મિસ!—યા તો ક્યા મિસિસ? હમ બોલને કા મના કિયા, તો તુમ ફૂલોંકી જબાનમેં બાત કરને લગ ગઈ! દેખો, ટાઈમ હોને પર તુમ નિકલ જાના, હાં? બડા ડોકટર આયગા તો તુમારા ‘ઈન્સલ્ટ’ કર દેગા, માલુમ?”

સુખલાલ સાથે સુશીલા એક પણ શબ્દનો વિનિમય કરી શકે તે પૂર્વે આવો અરધો કલાક ચાલ્યો ગયો. ને જ્યારે લીનાએ સુશીલા તરફથી સુખલાલ તરફ મોં ફેરવ્યું ત્યારે સૂતેલા

સુખલાલની આંખોના બન્ને ખૂણામાંથી શાંત આંસુના રેલા ધીરે ધીરે કાન તરફ ઊતરતા હતા. છતાં એનું સ્મિત હજુ ભાંગ્યું નહોતું.

"ક્યોં, ક્યોં, સ્માટીં?" એમ બોલતી લીનાએ જઈને સુખલાલના કપાળ પર હાથ મૂકી નેપ્કિન વડે આંસુ લૂછ્યાં.

લીનાનો આ દાવો સુશીલાને અતિ ઘણો વધારે પડતો લાગ્યો. એ નજીક જતી હતી ત્યાં જ લીનાએ કહ્યું: "આને તમે શું કહ્યું કે આજે એ રડે છે? આટલા દિવસોથી એ આંહીં છે પણ કોઈ દિવસ મેં એની આંખોમાં પાણી નથી જોયાં. તમે આજે આવીને એને મારાથી છૂપા છૂપા કાંઈક ખબર આપ્યા લાગે છે. તમે લોકો દરદીઓની મુલાકાત કેમ કરવી તે પણ સમજી શકતાં નથી. તમે લોકો—તુમ લોક બિલકુલ બે-સમજ! તુમ લોક—"

એમ 'તુમ લોક' 'તુમ લોક' ચાલ્યું. સુશીલા આ કાગડી જેવી કાગારોળ કરી મૂકનારી નર્સને કેમ સમજાવવું તે જાણતી નહોતી. એણે મૌન પાળવામાં જ સલામતી માની. આ કોઈ અજાણી, અર્ધદેશી ને અર્ધ ગોરી—કોને ખબર કાં તો ઢેડડી, કાં ગોવાનીઝ ને કાં કોઈ વટલેલી—પોતાના દરદી ઉપર બેહદ અધિકાર જમાવી બેઠી છે. મને હજુ એક શબ્દ પણ બોલવા દેતી નથી. આટલી બધી ચિબાવલાઈ કેમ કરે છે? સુખલાલના ગાલ લૂછવાનો એને શો અધિકાર છે? શરમનો છાંટોય છે નફટને! હું આંહીં ઊભી છું તેની પણ પરવા નથી કરતી. નર્સના ધંધા કરનારી સ્ત્રીઓને વળી શરમ શી? એને તો ગાલ અડવું કે પાનીએ બધું એક જ છે ને! એના હાથ તો ગમે તેવી ગંદકી

ચૂંથનારા. પણ એવા હાથ એ કોઈને ગાલે કે કોઈના કપાળે અડકાડતાં લજવાતી નથી? સુખલાલ કેટલા સુગાતા હશે! નહીં સુગાતા હોય તો શું એને મીઠું લાગતું હશે? એ શા માટે ના નથી પાડી દેતા?

લીનાની દમદાટી અને સુખલાલની અશ્રુધારા, બેય વચ્ચે આધારહીન ઊભેલી સુશીલા લીનાની લવારીમાંથી એક વાત તો બરાબર પકડી શકી, કે દરદીની સારસંભાળ લેવા આટલા દિવસ સુધી પેઢી પરથી કોઈ આવ્યું જણાતું નથી; અને આટલો કાળ રોગીની અહોરાત્રિની જે પોતે એકલી જ રક્ષક, પોષક ને પાલક રહી છે, તેને આજે આઠ દિવસે સુશીલા જેવી અજાણી છોકરીનું આક્રમણ ન ખટકે તો પછી એનું નારીત્વ ક્યાં રહ્યું?

લીના ખસતી નહોતી, લીનાના હાથ સુખલાલના લલાટ પરથી ખસતા નહોતા. સૂતેલા સુખલાલની આંખો લીના ને સુશીલા વચ્ચે દષ્ટિદોરના વાણાતાણા નાખતી હતી. આખરે સુશીલાએ લીનાને જ પૂછ્યું: “એમને હવે કેમ છે?”

“લુક—દેખો, આજ એક હપતા હો ગયા, પીછે શાહજાદી પૂછતી હૈ કિ કૈસા હૈ!” લીનાએ હજુય વક્રભાવ ચાલુ રાખ્યો. “પહેલે તુમ મુઝે બતલાવ, તુમને ક્યા બાત કહ કર ઈનકો ઈતના ‘નર્વસ’ કિયા?”

“કશું જ નહીં. મેં એની સાથે વાત જ નથી કરી.”

“ઈઝ ઈટ ટ્રુ, સ્માટી? —સાચું કહે છે એ?”

સુખલાલે સ્મિત-નમણું દુર્બલ મોં આસ્તે રહીને હલાવ્યું.

“તુમારી સેઠાની દિખતી હે નેઈ?”

સુખલાલે શું કહેવું તેની સુખદુ:ખમય મનોમૂંઝવણમાં હા પાડી.

"તુમ લોક," એમ કહેતી લીના સુશીલા તરફ ફરી. "અપને નોકરોંકો ક્યા ગધ્ધા સમજ કર ઈતની મઝદૂરી ખિંચવાતે હો? ઔર પિછે દવાખાનેમેં છોડ કર સબ મામલા ખતમ સમઝ લેતે હો? ઈસકે સ્પંજિંગ કે વાસ્તે કોઈ કોલન વોટર ઔર પાઉડરકી ડબી ભી નહીં દે ગયા! મેં અપને ઘરસે લાઈ હૂં, દેખો! કિતની હાઈ કવોલિટી!" એમ કહેતાં કહેતાં એણે ટેબલનું બારણું ખોલીને એ વસ્તુઓ બતાવી.

"લી...ના..." એવો હેડ મેટ્રનનો સંગીતમય સાદ સાંભળતાં "યે... સ... મેટ્રન" કરતી લીના ત્યાંથી 'સ્માટી, ચૂપ!' કહેતી, નાકે આંગળી મૂકતી દોડી ગઈ, ત્યારે એનાં મૂંગા બૂટ જાણે પહાડોનાં બરફશૃંગો પર છંદબદ્ધ છટાથી લસરતાં ગયાં ને એનાં સફેદ મોજાં હેઠળથી ઊપસેલી—કોઈ સંઘેડિયાએ ઉતારેલા હોય તેવા પગની—પિંડીઓ ઊછળતી ઊછળતી એના ઘૂંટણ સુધીના ફરાકની કિનારને પણ ઉછાળતી ગઈ.

"રોઈ શા માટે પડ્યા?" એટલું સુશીલાએ ઝટપટ ઉતાવળ કરીને સુખલાલને પૂછી લીધું.

તેનો પ્રત્યુત્તર દરદી આપી શકે તો પહેલાં તો સુશીલાને કશીક ચમક લાગી. પોતે ઊભી હતી ત્યાં જ ઉપર જવાના દાદર પાસે પડતું એ ભોંયતળિયાના વોર્ડનું બારણું હતું. એ બારણા પાસે થઈને ત્રણ જણાં પસાર થઈ દાદર ચડતાં હતાં: એક હતો

વિજયચંદ્ર, બીજી હતી બે સ્ત્રીઓ. સુશીલા એ બેને ઓળખી ન શકી, પણ વિજયચંદ્રની ને એની આંખો બરાબર મળી.

“કોને જોવા આવેલ છો?” એટલું પૂછવાનું વિજયચંદ્રને ટાણું મળે તે પહેલાં સુશીલાએ મોં ફેરવી લીધું હતું.

વિજયચંદ્ર પણ પેલી બે સ્ત્રીઓના સાથમાં સુશીલાની નજરે ચડી જવાથી, કે પછી કોણ જાણે કયા કારણે, થોડીક વાર તો ડઘાઈ ગયો; પણ ગુમાવેલી સ્વસ્થતા પાછી મેળવતાં એને પલકની જ વાર લાગી. પોતે આટલો છોભીલો શા માટે પડી ગયો, એનું એને આત્મતિરસ્કારયુક્ત વિસ્મય થયું. પેલી બંને સ્ત્રીઓને સાથે લઈને જ એ બે પગથિયાં ચડેલો પાછો વળ્યો ને નીચેના ખંડમાં દાખલ થઈ સુશીલાની સન્મુખ આવીને ઊભો રહ્યો.

“કોણ માંદું છે?” આટલું પૂછીને વિજયચંદ્રે બિછાના પર નજર કરી, ત્યારે આ કંગાલ રોગી પાસે ઊભેલી સુશીલા એને એક સમસ્યા જેવી લાગી. સુખલાલને વિજયચંદ્ર બરાબર ઓળખતો નહોતો—અને રોગી સુખલાલ તો પરિચિતોને પણ ઓળખાય તેવો ક્યાં રહ્યો હતો?

ત્યાં સુધી તો સુશીલાને કાળી નાગણ જેવી થઈ પડેલી નર્સ લીના આ ક્ષણે સુશીલાની તારણહાર બની ગઈ. એક હતી તેમાં બીજાં ત્રણનું, ને એમાંય બે સ્ત્રીઓનું, ઝૂમખું ઉમેરાતું જોતાંની વારે જ એ બહાર ગયેલી ત્યાંથી છલંગો મારતી પાછી આવી અને હાસ્યમાં વીંટેલ રોષ દેખાડી હાથ જોડતાં જોડતાં બોલી ઊઠી: “આજ યે ક્યાં તમાશા લગાયા હૈ સ્માર્ટી કે બિછાને પર?

હંય? તુમ લોગ હૈ કૌન? પેશન્ટ કે કૌન હોતે હો? ઇતને રોજ કહાં છિપ ગયે થે? હંય?"

દરદી પોતાને શું થતો હતો એ તો નવાં ત્રણેમાંથી કોઈ નહોતું કહી શકે તેવું.

"દરગુજર કરજો," વિજયચંદ્રે પોતાની ટોપી હાથમાં રાખી સુગંધી રૂમાલ વડે લલાટનાં સ્વેદ લૂછતે લૂછતે અંગ્રેજીમાં કહ્યું, "હું તો આ બાનુને મળવા આવેલો." એણે સુશીલા પ્રત્યે આંખો કરી.

બીજા લોકોને જ્યાં હાથ હલાવી ચેષ્ટ કરવી પડે, ત્યાં વિજયચંદ્રની તો પાંપણના એકાદ વાળનું હલવું જ બસ થઈ પડતું.

હસતી હસતી લીના બોલી: "આંહીં ઇસ્પિતાલમાં! દરદીને બદલે નીરોગીની મુલાકાતો! યોગ્ય જ સ્થળ ગોત્યું! એ તમારે શું થાય છે?"

"પિછાનદાર," વિજયચંદ્ર સહેજ ખચકાયા પછી કહી શક્યો.

આ 'પિછાનદાર'ના હુમલાએ લીનાને ફરી એક વાર સુખલાલનું લલાટ પંપાળવાની તક આપી.

સુખલાલ આ આખા તમાશાનો મૂંગો સાક્ષી જ બની સૂતો રહ્યો. વિજયચંદ્રને એણે શેઠની પેઢી પર એક વાર જોયો હતો, ને પ્રાણજીવન ઉર્ફે 'પ્રાણિયા'એ સુખલાલને ઠોંસા મારી મારીને બતાવ્યો હતો: "સુખલાલ શેઠ, આમને જોયા? જોઈ રાખજો હો કે? ઓળખાણ કામ આવશે. તમારા હરીફ છે."

પ્રાણજીવનનો ઠોંસો ખાવામાં નિમિત્ત બનનાર આ વિજયચંદ્રને ફરી એક વાર સુખલાલે ઉજાણીમાં જોયેલ. આજે એને ત્રીજી વાર દીઠો. એને સુશીલાની સન્મુખ ઊભેલો દેખવો, લાંબા સમયના પિછાનદાર તરીકે મોં મલકાવીને સુશીલાને મળતો જોવો, ટોપી ખોલીને તાલબદ્ધ સ્વરોના કોઈ વાદ્ય સરીખું સુંદર ઓળેલું મસ્તક દેખાડતો જોવો, ગજવામાં અરધો દેખાતો રૂમાલ બહાર ખેંચીને જાણે કે પસીનાનાં સ્વેદોમાંથી ખુશબો ફોરાવતો નિહાળવો, એ સાવ સહેલું તો થોડુંક જ હતું?

તમે કહેશો કે સુખલાલ શાણો હતો છતાં આવું દૃશ્ય દેખીને સળગી જવાની બેવકૂફી એનામાંથી કેમ ગઈ નહોતી? કંગાલિયતનો કીડો હતો છતાં વિજયચંદ્રની ઈર્ષ્યા કરવા જેટલું વીરત્વ એનામાં બાકી કેમ રહી શક્યું હતું? તમારામાંના કોઈ કોઈ તો એટલે સુધીય કહી ઊઠશે કે સુખલાલને સ્થાને અમે હોત ને, તો અમારી અપાત્રતાનો ખુલ્લો એકરાર કરી નાખી સુશીલાને બસ ‘ધરમની માનેલ બહેન’ કહી એનાં રૂપગુણોના સાચા અધિકારી કોઈ આવા નવયુવાનના કરમાં એનો કર મૂકી દેત, ‘સુખી થાઓ’ એવી આશિષો આપત ને વીરપસલી પર એ બહેનને ભાઈની ‘રંક ભેટ’ મોકલાવત.

હાય રે હાય માનવકીડા સુખલાલ, તું આટલી દિલાવરી ન દેખાડી શક્યો! પથારીએ પડ્યાં પડ્યાં પણ તને વિજયચંદ્રની વિરુદ્ધ હિંસાત્મક વિચારો આવ્યા! બીજી તો તારી તાકાત પણ શી હતી એ મોત-બિછાના પર? કેટલો નિર્વીર્ય દ્વેષ!

પોતાના લલાટ પર રમતો લીનાનો હાથ સુખલાલે હળવેથી

ઠેલી નાખ્યો. લીના ચકિત થઈ. ‘સ્માર્ટી’ના કપાળ પરથી એના હાથનું ઠેલાવું એને આ દરદીની છેલ્લા આઠ દિવસની રોગ-સૃષ્ટિમાં પહેલી જ વારના ભૂકમ્પ સરીખું ભાસ્યું.

સુશીલાએ સુખલાલની એ ક્રિયા જોઈ લીધી. સુખલાલનું મોં સંકોડાતું હતું. વધુ વાર એ ઊભી ન રહી શકી. લીનાની સામે ‘અચ્છા તબ!’ કરતી સસ્મિત તે ચાલતી થઈ. તેની પાછળ વિજયચંદ્ર, અને વિજયચંદ્રની પાછળ બે સ્ત્રીઓ, વીજળી-ગાડીના ડબા જેવાં બહાર નીકળી ગયાં.

“ઉપર ચાલશો?” વિજયચંદ્રે સુશીલાને કહ્યું, “અમે હમણાં જ એક દરદીને તપાસીને પછી તમને મોટરમાં ઘેર મૂકી જઈએ.”

“ના, મારે ઘેર નથી જવું.”

“જ્યાં જવું હોય ત્યાં મૂકી જઈએ.”

“આંહીં નજીકમાં જ જવું છે.”

એમ કહીને સુશીલા ઇસ્પિતાલનાં પગથિયાં ઊતરવા લાગી. અને બીજાઓને ન મળતી એ દવાખાનાના સ્ટાફ માટેની લિફ્ટમાં, એક ડોકટર મિત્રની કૃપાથી ઊંચે ચડતો વિજયચંદ્ર સહેજ શોકાર્ત બન્યો—સુશીલા ચાલી ગઈ તે માટે નહીં, પણ પોતાની આ વિશિષ્ટ માનવંત સ્થિતિ જોયા પહેલાં જ ચાલી ગઈ તેને કારણે.

સુશીલા તો ત્યાંથી સીધી ટ્રામમાં બેસીને ઘેર જ ચાલી ગઈ, પણ મોટા બાપુજીને આ ખબર હમણાં જ પહોંચશે એવો ભય એને આખે રસ્તો મૂંઝવતો ગયો. વિજયચંદ્ર વારંવાર પેઢી પર જાય છે, તે સુશીલા જાણતી હતી. વિજયચંદ્રનું આ જવું-આવવું

મોટા બાપુજીના કોઈ વિદ્યારસને અથવા વ્યાપાર-ઉદ્યમની સાહસિક યોજનાને આભારી હતું, કે કોઈ બીજા રહસ્યમય આશયની સિદ્ધિ તરફ લઈ જનાર હતું, તે બાબતમાં સુશીલા છેક જ અજાણ નહોતી. વિજયચંદ્ર ઘેરે આવે ત્યારે સુશીલાના હાથનાં જ ભજિયાં ખાવાનો સ્વાદ મોટા બાપુજીની હોજરીમાં એકાએક ઊભરાઈ આવતો એટલું જ નહીં, પણ 'આ ભજિયાં તેં શી રીતે બનાવ્યાં, બેટા!' વગેરે પાકશાસ્ત્રની ચર્ચા માટે મોટા બાપુજી સુશીલાને શા માટે વિજયચંદ્રની સન્મુખ બોલાવી મંગાવતા તે સમજી જવા જેટલી સુશીલાની ઉંમર થઈ ચૂકી હતી. વિજયચંદ્ર જો મોટા બાપુજીનો કોઈ કેવળ વેપારી સ્નેહી હોત, તો ભજિયાંની આ બનાવટ જ્યારે કાકા-ભત્રીજી વચ્ચે ચર્ચાતી હતી તે વેળા શરમાઈને નીચે નિહાળી મૂંગો શા માટે બેસી રહેત? પોતાની સામે ચોરની નજરે શા માટે નીરખતો હોત?

આ જુવાન મારે વિશે શું ધારશે? મોટા બાપુજીને ખબર આપ્યા વગર તો કેમ જ રહેશે? બાપુજી પૂછશે કે કેમ મળવા ગઈ હતી, તો જવાબ શો આપીશ? કોને મળવા ગઈ હતી તે તો બાપુજી સમજી જ જવાના. બાપુજીનો ઠપકો તો શું, ઉતાવળો એક બોલ પણ સુશીલાએ કદી સાંભળ્યો નહોતો. બાપુજીની એ લાડકવાયી હતી. બાપુજીને જૂનું વેવિશાળ ઝેરી કાંટા જેવું ખટકી રહ્યું હતું તે, અને ઉજાણીદિનના બનાવની ગેરસમજણે બાપુજીને સુખલાલ પર સળગાવી મૂકેલ છે તે યાદ કરતાં સુશીલાનાં ગાત્રો ગળવાં માંડ્યાં. પોતે સપડાઈ ગઈ. સુખલાલને ફૂલો આપવા જવાની પોતાની હિંમત પોતાને જ ડરાવતી થઈ. પોતાની બાની

વિકરાળ વાઘણ-મૂર્તિ એની સામે તરવરી ઊઠી. ભલાં ભદ્રિક ભાભુ તો સુશીલાનાં પૂજનીય હતાં. એમને આ આચરણની જાણ થશે ત્યારે તો બારે વહાણ ડૂબી જવાનાં! ભાભુ મારે માટે કેવો મત બાંધશે?

# ૭. પરોણો આવ્યો

રાત પડીને મોટર માળા નીચે ઊભી રહી ને થડકારા કરવા લાગી, ત્યારે સુશીલાના હૃદયમાં પણ એવા જ થડકારા થયા. એણે બાપુજીના દાદર પરનાં પગલાં પણ કાન માંડી ગણ્યાં. બ્લોકનું કમાડ ઊઘડ્યું અને બૂટ નીકળ્યા. ત્યાર પછી પા કલાક સુધી બાપુજી સિંહગર્જનાઓ કરતા કરતા અંદર ન ધસી આવ્યા, એટલે સુશીલા નિરાંત પામી.

પોતે બાની સાથે રસોડામાં હતી. કોઈક મહેમાન હતું? કોણ હતું? સુશીલાને કોઈએ ઓળખાણ ન આપી. બા અને ભાભુ છાનાંમાનાં કશું મિષ્ટાન રાંધવાની વાતો કરતાં હતાં. જમવાની બેઠક પણ જે આજ સુધી રસોડાની સામેના જ ખંડમાં રહેતી, તે બ્લોકના બીજે છેડે ગોઠવવામાં આવી. અજાણ્યા મહેમાનોને માટે પણ આવો સ્થળબદલો નહોતો થતો, તે આજે થતો દેખી સુશીલાને આશ્ચર્ય થયું.

સુશીલાએ પૂછપરછ કરતાં ઘાટીએ જાણ કરી કે કોઈ ગામડિયો ડોસો મહેમાન છે.

"બગુન તો પા, બાઈ, હે જૂતે!" એમ કહીને મશ્કરી કરતા ઘાટીએ સુશીલાને ત્યાં પડેલા મહેમાનના જોડા પછાડીને દેખાડ્યા. જોડા ઓખાઈ હતા. જીર્ણ છતાં તાજા તેલ પાયેલા હોવાથી તેના પર ધૂળ ચડી ગઈ હતી. એવડા તોતિંગ જોડા સુશીલાએ કોઈ દિવસ જોયા નહોતા.

એવા જૂતા પહેરનાર ગામડિયા મહેમાનને માટે ભાભુ અને બા કંસાર રાંધવા કેમ બેસી ગયાં હશે? બાપુજી જોડે એ ખાનગી ઓરડામાં પેસીને શી વાત કરતો હશે? સૌનાં મોઢાં પરથી તો મહેમાન કાંઈક અણગમતો અને અનાદરને પાત્ર માનવી લાગે છે.

છાનાંમાનાં સુશીલાએ જમવા ઊઠેલા અતિથિની ચેષ્ટા નિહાળી. એના માથા પર એક ચોટી સિવાય બધું મુંડન જ હતું, ને હજામત વધેલી હોઈ મુંડન ઝગારા નહોતું કરતું. એણે પહેરણ પણ ઉતારી નાખ્યું હતું. ખુલ્લા દેહની કાઠી પાતળી હતી. ખૂબ દુ:ખ સહન કરનાર ભાસે એવો એ દેહ ક્ષીણ છતાં કઠણ, અને ત્રાંબાવરણો છતાં સ્વચ્છ હતો.

નાહવાની ઓરડીમાં નળ વહેતો હતો, પુષ્કળ પાણી હતું, છતાં પરોણાએ સાચવીને હાથ-પગ-મોં ધોયાં અને પાસે મૂકેલા ચોખ્ખા નૅપ્કિનને મેલો કરવાની બીકે હો, કે પછી બીજા કોઈ કારણે, એણે પોતાના પહેરલ જાડા ધોતિયા વડે જ હાથપગ ને મોં લૂછ્યાં. પછી એ પાટલા પર બેસવાને બદલે પાટલા ઉપર થાળી રાખીને, 'હે રામ!' કહીને નીચે બેઠો. સામે મોટા શેઠે બેઠક લીધી.

ગામડિયો જ્યારે ખાવા લાગ્યો ત્યારે એની ચીવટ નજરે પડી. એણે વધુ લાગ્યો તેટલો કંસાર કાઢી નાખ્યો. એની ખાવાની

રીતમાં સંસ્કાર હતો. પહેલું તો એ ઉતાવળ કરીને નહોતો જમતો અને જોઈએ તેટલું માગી લેતો હતો. ઘીમાં એણે કંસાર ચોળ્યો ત્યારે બીજા ઓરડામાંથી સુશીલાએ બારીક નજરે રસભેર જોયા કર્યું. એણે ધીરજથી કંસાર અને ઘી સારી પેઠે મસળ્યાં: મસળીને થાળીની એક બાજુ દાબો કર્યો: આખી થાળી સ્વચ્છ બની, ઘી આંહીંતહીં રેલાયેલું ન રહ્યું. અથાણું પણ એટલી જુક્તિ અને જાળવણી રાખીને લીધું કે તેલનું ટીપું પણ આડેઅવળે ન રેલાયું.

સુશીલા સાંભળે છે તેની કોઈને જાણ નહોતી. મોટા શેઠે પોતાનાં પત્નીને બહાર બોલાવ્યાં. એમણે બહાર આવીને આ પરોણાને આદરમાનના શબ્દો કહ્યા. જમતા પરોણાએ પણ વિનય દેખાડ્યો, અને ‘ઘર આગળ તબિયત કેમ છે?’ વગેરે પુછાતા પ્રશ્નોના ઉત્તરોમાં કહ્યું:

“હા, ઘરડાંને પુન્યે ને તમ જેવાં સગાંની આશિષે સારું ચાલે છે. તબિયત તો હવે લથડી ગઈ, પણ મન ભારી સમતામાં રહ્યું છે. કોઈ વાતની વળગણ નહીં, કોઈ વલોપાત નહીં, વિચાર-વાયુ ન મળે; છોકરાંઓ સાથે હસીને જ વાત કરે, ને જ્યારે પીડા સહેવાય નહીં ત્યારે મને ફક્ત ‘ચત્તારિ મંગળમ્’ સંભળાવવાનું કહે.”

સુશીલાને ગમ પડી: આ મહેમાન થોરવાડથી આવેલા સુખલાલના પિતા જ લાગે છે. ઘણાં વર્ષો પહેલાં, નાની દસેક વર્ષની હતી ત્યારે, જોયેલા તેની અણસાર યાદદાસ્તમાં અંકાવા લાગી.

કોની વાત ચાલતી હતી? સુખલાલની બીમાર માતાની.

સુશીલાની કલ્પનાની દુનિયા સળવળી ઊઠી: એક ગામડિયું ઘર છે, એના ઓરડામાં એક સ્ત્રી—દવાને નહીં અડકનારી, દાકતરી સારવાર વગરની—ધર્મના માંગલ્યપાઠને પોતાની અસહ્ય વેદનાનું ઔષધ કરી શાતા મેળવી રહી છે.

"રાંધવે-ચીંધવે બહુ દુ:ખી થતા હશો." મોટાં શેઠાણી ત્યાં ઊભાં ઊભાં વધુ રસ લેવા લાગ્યાં.

"ના બાપા, બહુ તો વપત નથી રહી," પરોણાએ સ્વાભાવિક અવાજે જ જવાબ દીધો, "દીકરી બાર વરસની થઈ ગઈ, ને નાનેરો દીકરો સાત વરસનો—બેય મળીને રાંધી નાખે છે. પાંચ મહેમાનેય સાચવી લે છે છોકરાં."

જમતાં જમતાં ચાલેલા આ વાર્તાલાપમાં મોટા શેઠે લેશમાત્ર ભાગ લીધો નહીં. એણે તો વારંવાર ઠરી જતા શાકનો વાટકો એકાદ-બે વાર પછાડીને ગરમ શાક માગ્યા કર્યું. એમને મરીનો ભૂકો જોઈતો હતો, ત્યારે કહ્યું: "રામો ક્યાં મરી ગયો?"

વાળુ કર્યા પછી પરોણાને સુખલાલ પાસે ઈસ્પિતાલે સૂવા જવું હતું. દીકરાની માંદગીના ઊડતા ખબર સાંભળી દોડી આવેલો આ પિતા સુશીલાના ચાલી આવ્યા પછી દવાખાને સુખલાલને જોઈ આવેલો, પણ સુખલાલે એને કશી જ વાત નહોતી કરી. એણે બંડી પહેરીને માથા પર પાઘડી મૂકી.

"પાંચ મિનિટ બેસો, હમણાં મોટર મૂકવા આવે છે," એમ કહીને રોકેલા પરોણાને મોટા શેઠે ફરી પાછો એની એ જ વાતોમાં ઘસડ્યો.

"શું ધાર્યું?"

“હમણે થોડુંક જાળવી જાવ.”

“થોડુંક એટલે કેટલુંક?”

“એ તો હું કેમ કહી શકું, શેઠ? પણ નીકર ઈ માંદીનું હૈયું જ વાત સાંભળીને ફાટી જશે એ તો ઠીક, પણ એના જીવની અવગત્ય થાશે; માટે હું હાથ જોડીને વીનવું છું કે થોડુંક જ જાળવી જાવ.”

મોટા શેઠ તુચ્છકારથી હસ્યા.

“હવે એ ઝાઝું નહીં જીવે, શેઠ!” પોતાની પત્ની વિશે આવું બોલતો ગામડિયો પતિ દિલને વધુ ને વધુ કઠોર બનાવી રહ્યો હતો.

“એનું કાંઈ ધાર્યું રે’ છે, ભાઈ? ને હવે અમારો કાંઈ વાંક છે? દીકરીને ભણતર ભણાવ્યા પછી, સંસ્કાર દીધા પછી, હવે ઝેર થોડું દેવાશે?”

પરોણો પોતાના શરીર પર મોટા પ્રહારો અનુભવતો છતાં અબોલ રહ્યો. તેના મૌનને નબળાઈનું ચિહ્ન ગણનારા મોટા શેઠે કહ્યું: “જુવો જાણે, સાંભળો, આપણે આપણી મેળે જ સમજી જાયેં. તો આ લો બે હજાર રોકડા. ચાય ત્યાં દીકરાને પરણાવી લઈ માંદી સ્ત્રીની સદ્ગતિ કરો. બાકી જો જિકર જ કરવી હોય, અમને દબાવવા જ હોય, અમારી ભલાઈનો કસ જ કાઢવો હોય, તો પછી હું લઉં નાતનું શરણું. નાત આ વેવિશાળ ફોક નહીં કરે એવું વિચારીને ખાંડ ખાશો નહીં હો, શેઠ! મારી પાસે તો દાકતરનાં સર્ટિફિકેટો છે, કે છોકરો પરણવા માટે નાલાયક છે.”

સુખલાલનો પિતા મોટા શેઠની સામો ને સામો સડક થઈ રહ્યો.

# ૮. શૂન્ય ઘરની બે સહિયરોઃ ભાભુ અને ભત્રીજી

"કાલે, પરમ દિવસે, જ્યારે ઠીક પડે ત્યારે વિચાર કરીને જવાબ દેજો, શેઠ; મને મેલું પેટ પરવડતુંય નથી, તેમ રાખતાંય આવડતું નથી. આંહીં તમને તાર કરીને તેડાવવા પડ્યા તે એટલા સારુ. હવે જવું હોય તો જાવ ઈસ્પિતાલે; નીચે મોટર તૈયાર ઊભી છે."

એટલું બોલીને સુશીલાના મોટા બાપુજી બારી પર ગયા. ત્યાં ઊભા ઊભા શોફરને સૂચના આપી, ને પછી સુખલાલના પિતાને સૂનમૂન બેઠેલા મૂકી પોતાના સૂવાના ખંડમાં ચાલ્યા ગયા.

સુખલાલના પિતાએ નીચે ઊતરીને મોટર પડતી મૂકી પગે ચાલવા માંડ્યું. આ ગામડિયો માણસ શોફરનું ધ્યાન ખેંચી ન શક્યો. મહેમાનના નીચે ઊતરવાની રાહ જોઈ શોફર તો અરધા-પોણા કલાક સુધી ઊભો જ રહ્યો, તે પછી એ ઉપર આવ્યો. શેઠ સૂઈ ગયા હતા. સુશીલા પોતાનાં ભાભુની પાસે

જાગતી હતી. શોફરે વરધીવાળા મહેમાનની પૂછપરછ કરી. આખી વાતચીત પરથી ભાભુને અને સુશીલાને સમજ પડી કે મહેમાનને પગ ઘસડતાં જ દવાખાને જવું પડ્યું છે.

"અરેરે!" ગરવાં ભાભુએ હળવેથી ઉદ્ગાર કાઢ્યો, "તારા મોટા બાપુજી બચાડા જીવ મે'માનને મોટર સુધી મૂકવા જવાનુંય ચૂકી ગયા!"

"હવે તમે ઇસ્પિતાલે મોટર લઈ જઈને તપાસ કરી આવો, ત્યાં પહોંચ્યા છે કે?" સુશીલાએ હળવેથી શોફરને વરધી આપી.

માલિકની લાડકી દીકરી હોવા છતાં ખરી જરૂર પડ્યા વિના કદાપિ વરધીઓ ન આપનાર સુશીલા જ્યારે જ્યારે વરધી આપતી ત્યારે ત્યારે એનો તાત્કાલિક અમલ થતો.

"હા ભાઈ," ભાભુએ પણ ટેકો મૂક્યો, "જાવ, જોઈ આવો, હેમખેમ પોં'ચ્યા તો છે ને? અને ભેળા ભેળા આપણા જમાઈની તબિયતના પણ ખબર કાઢતા આવજો."

'આપણા જમાઈ' એવો ભાભુનો બોલ ભાવથી ભરેલો હતો. સુશીલાએ એ શબ્દ સાંભળતાંની ઘડીએ જ બિછાનમાં ચત્તા ને ચત્તા સૂતેલા ક્ષીણકાય સુખલાલની નમણી આકૃતિ કલ્પી, બપોરે દીઠેલાં આંસુ કલ્પ્યાં—અને આંસુ લૂછતી નર્સ લીના કલ્પી.

એણે ભાભુને કહ્યું: "ત્યાં ઇસ્પિતાલમાં સૂવાવાળાઓને તો એકલું ગાદલું જ આપતા હશે ને? ચાદર કાંઈ આપે?"

"ના રે બેટા; ચાદર કોણ આપે? ને ગાદલાંય સેંકડો માણસનાં સૂયેલાં હોય!"

"ત્યારે ચાદર અને બાલોશિયું મોકલું, ભાભુ?"

"મોકલ મોકલ, મારી દીકરી; પણ છાનીમાની હો? જોજે, તારી બા જાણી ન જાય! નીકર એને બચાડા જીવને આ બધું નહીં ગમે, ને કોચવાશે તો એનાથી ઊંચે સાદે બોલાઈ જશે; તો ક્યાંક તારા મોટા બાપુજી જાગી જશે. એય બચાડા જીવ સમતા નહીં રાખી શકે, કોચવાઈ જશે."

સારાંનરસાં સર્વ કોઈને 'બચાડા જીવ' સમજનારાં ભદ્રિક ભાભુ સમતાનું મૂંગું આરાધન કરતાં માળા ફેરવતાં રહ્યાં, ત્યાં તો સુશીલાએ સસરાજીને માટે ધોબીની ધોયેલ સાફ ચાદર તથા એક નવા ગલેફવાળું ઓશીકું તૈયાર કર્યું. સવારને પહોર દાતણ જોશે એ યાદ આવતાં એકના સાટાનાં બે લીલાં દાતણ છડીમાંથી કાપીને મૂક્યાં. કદાચ ગામડાના માણસને દાંતે છીંકણી દેવાની આદત હશે એમ ધારી ભાભુને છાનીમાની કાનમાં પૂછી આવી: "તમારી ડાબલી મોકલું?"

જવાબ જડ્યો: "મોકલ, મારી દીકરી; ભલું સાંભર્યું! મને સાંભરે છે, વેવાઈ બચાડા જીવ દાંતે બજર દેતા'તા; સાત વરસ મોર્ય અમે એના બાપને કારજે ગયાં'તાં તે દી મેં જોયું'તું. પણ હેં દીકરી, તને આ બધું કેવું યાદ આવ્યું? જો, મારી જસતની ડાબલી મોકલજે—પતરાની નહીં, હોંકે માડી! બચાડા જીવ આપણે માટે શું ધારે?"

આ તમામ સરંજામ સુશીલાએ ઘાટીની સાથે મોટર પર મોકલાવ્યો, અને તદ્દન સ્વાભાવિક સ્વરમાં જ ઉપર ઊભાં ઊભાં શોફરને ફરી વાર યાદ આપ્યું કે "તબિયત કેવી છે તે પણ પૂછતા આવજો, બીજું કાંઈ મહેમાનને જોઈએ તો જાણતા આવજો."

"મને તો કાંઈ ખર નહીં, ખબર નહીં!" મોટર ગયા પછી પાછી સુશીલા શાંતિથી બેઠી ત્યારે ભાભુ માળા ફેરવતાં ફેરવતાં બોલવા લાગ્યાં: "પ્રાણિયો રોજ શાક મૂકવા આવે છે. એ બચાડો જીવ પણ મને કહેતાં વીસરી ગયો હશે. તારા મોટા બાપુજી પણ બચાડા જીવ રોજ થાક્યાપાક્યા આવે, એટલે આ ખબર તો આપવા જ ભૂલી ગયા! નીકર ઈસ્પિતાલે જોવા તો જઈ આવત, માડી! માણસ જેવું માણસ—ને પારકું નહીં, આપણું પોતાનું માણસ! સૂઝે એવું તોય આપણું અંગનું માણસ છે, એમાં કાંઈ અટાણથી ના પડાય છે? આંહીં પારકા પરદેશમાં એની સારસંભાળ લેનાર કોણ? દવાખાનાનાં નોકરચાકર ને બચાડા જીવ નર્સ-દાગતર તે કેટલાંકની સાર-સંભાળ્યે પોં'ચી શકે? આપણે જવું જોવે, માડી. મારે તો ગયા વગર છૂટકો જ નહીં! હા, તારી વાત નોખી છે. તારાથી ન જવાય. કુંવારી વેળા કે'વાય ને, બેન; કરી મૂકેલ છે ને, બેન! અને વળી હજી તો બધું ડગમગી રિયું છે ખરું ને? જુવાન દીકરીને તો ચેરાઈ જતાંય વાર નહીં. બચાડા જીવ લોકોય પૂરું ભાળ્યું ન ભાળ્યું, સાંભળ્યું ન સાંભળ્યું, ત્યાં તો હાંકી મૂકે..."

સુશીલાના હોઠ પર આવેલા બોલ 'ભાભુ, હું તો આજ એને જોઈ આવી,' હૈયામાં પાછા વળી ગયા. વળી વિચાર આવ્યો: કાલે-પરમે ભાભુને જાણ થશે તો? તો એ મને જુઠાડી સમજશે, ને અત્યારે ભાભુ સત્ય સાંભળશે તો બહુ બહુ તો મને ઠપકો દેશે. મારે ભાભુથી છૂપું ન રાખવું જોઈએ; એ તો પ્રભુથી છુપાવ્યા બરોબર વાત છે.

એણે હૈયામાં ઊતરેલા બોલને પાછા હોઠ પર બોલાવ્યા: “ભાભુ, તમારે પગે માથું મૂકીને એક અપરાધ માની જાઉં તો?”

“તોય હું તને મારું!”

“ભલે મારજો, ભાભુ,” એમ કહેતે સુશીલાએ ભાભુના પગ ઝાલી લીધા: “મારજો, વઢજો, મને ચાર દિવસ ભૂખી રહેવા કહેજો—હું કરીશ. તમે એકલાં મને જે કરવું હોય તે કરજો, ભાભુ! પણ...” સુશીલા અટકી ગઈ, એનો કંઠ રુંધાઈ ગયો.

“કેમ ચૂપ થઈ ગઈ?” ભાભુએ પૂછ્યું. સુશીલા ન બોલી. થોડી વારે ભાભુએ પોતાના પગ પર ગરમ ટીપાં ટપકેલાં અનુભવ્યાં.

માળા ફેરવવી પૂરી કરીને ભાભુએ માળા હાથીદાંતની મોતીજડિત દાબડીમાં નાખી, અને પછી સુશીલાની પીઠ પર હાથ પસવાર્યો. સુશીલાનું લોહી ગરમ જણાયું. કપાળ પર અડકવા ગયેલો હાથ પણ એ જ સંદેશો લાવ્યો. એણે સુશીલાને ધીરેથી ઢંઢોળીને પૂછ્યું: “શું કહેતી કહેતી રહી ગઈ? મારામાં ભરોસો રાખ. હું તને દગો નહીં દઉં, સુશીલા. મારું ભલે ચાય તે થાવ.”

પાંત્રીસેક વર્ષની આ સંતાનવિહોણી ભદ્રિક પ્રૌઢા વીસ વર્ષની સુશીલાને ગોદમાં લેતી લેતી આ શબ્દો જ્યારે બોલી ત્યારે સુશીલાની શમવયસ્ક સહિયર સમાણી લાગી. માળાને મોતીજડિત ડાબલીમાં મૂકી દેવાની જોડાજોડ આ ભદ્રાએ પોતાનું મુરબ્બીપણું પણ કેમ જાણે અળગું કરી નાખ્યું હોય એવી એ રહસ્ય-સખી બની. એણે સુશીલાને ફરી વાર કહ્યું:

“જ્યાં સુધી કોઈ ફોડામાં પગ પડી ન ગયો હોય ત્યાં સુધી

ગભરાવું નહીં, બેન! લાચાર તો આપણે અસ્ત્રીની જાત ત્યારે જ બનીએ, જ્યારે પગ પાછો નીકળી જ ન શકે તેવું હોય."

"એવું કાંઈ જ નથી, ભાભુ!"

"ત્યારે શું છે? એવડી બધી શી વાત છે?"

"તમને અણગમતી વાત નાની હોય તોય મારા મનથી મોટી ખરી ને?"

"હવે ઝાઝું મોંણ ઘાલ મા ને, ડાહીલી!"

"ભાભુ, હું આજ ઈસ્પિતાલે ગઈ'તી."

"ઓય મારા બાપ!" ભાભુએ સુશીલાના બરડામાં લચકતા છલોછલ રુધિર-માંસમાં જબરી એક ચપટી ભરી. "એમાં શું તું અભડાઈ ગઈ? કોને મળવા ગયેલી? સુખલાલે તને દીઠી'તી? હેરાન તો નો'તી કરીને? કોઈના દેખતાં કશું અઘટિત વેણ તો નો'તું કાઢ્યું ને?"

"ભાભુ, હું એમને જ જોવા ગઈ'તી. એમની આવી દશા? મારા મોટા બાપુજીને કાંઈ દયા જ ન આવી!" એમ બોલતે બોલતે સુશીલાના સ્વરમાં કંપારી આવી, "ત્યાં—કોઈ—કૂતરું—પડ્યું—હોય—એવું…"

સારી એવી વાર સુધી શાંત રહ્યા પછી ભાભુએ સુશીલાના શરીરને વિશેષ વહાલપમાં ભીંજાવ્યું અને પૂછ્યું: "તારા મોટા બાપુજી તારી આવડી આ જ ફિકરમાં પડ્યા છે એ જાણછ ને, બે'ન?"

"જાણું છું, પણ હું કોને કહું? આજ તમને કહું છું."

"તારે શું કહેવાનું હોય? તારા વડીલો ક્યાં નથી સમજતા? હું

મૂઈ જૂના વિચારની છું, એટલે એક મારા મનની વાધરી જૂના વેશવાળમાં વળગી રહી છે, બાકીનાં તો સૌ તારે જ માટે ખુવારના ખાટલા થાય છે.”

“હું ક્યાં કોઈને ખુવાર થવા કહું છું?”

“તું તો બેટા, અમે નરકમાં મોકલીએ તોય ના ન પાડે. પણ તારા મોટા બાપુ તને એમ કાંઈ નાખી દિયે?”

“ભાભુ,” સુશીલા જેમ વધુ સ્પષ્ટ કરવા માગતી હતી તેમ એની મનોવૃત્તિ વિશે ભાભુની ગેરસમજ વધતી હતીઃ “મારી ફેરવણી કરવાનું મૂકી દેવા સૌને કહો.”

“પણ તારે શા ઉચાટ છે? હાં, હવે સમજી! આ તો બેનબા ઉતાવળમાં લાગે છે! —તે તને શું એમ લાગે છે કે તારા મોટા બાપુજીને તારા જેટલી જ ઉતાવળ નથી?”

# ૯. બિછાનાની સમસ્યા

ભાભુ પણ પોતાની વાતને પકડી શકતાં નથી, એ જોઈ સુશીલા ચિડાતી હતી. ઓરડામાં અંધારું હતું તેથી આ ચિડાવું સહેલું હતું; અજવાળામાં કદાચ સુશીલાએ ભાભુ પર ખીજ કરવાની હિંમત ન બતાવી હોત.

વિસ્મયની વાત છે—અથવા જરાય વિસ્મય પામવા જેવું છે જ શું? —કે સુશીલા એક ઘા અને બે કટકા જેવું સહેલામાં સહેલું વાક્ય ન કહી શકી કે 'ભાભુ, મને આ વર ને આ ઘર સોએ સો ટકા ગમે છે. તમે મને બીજે પરણાવશો તો હું દુખી થઈ જઈશ. મને આનો બિલકુલ અસંતોષ નથી. બોલો, હવે તમે બધાં શીદને મારા મનની વાત સમજ્યા વગર મને સુધરેલાની સાથે પરણાવવાની આફત આદરી છે?'

સુશીલા જેવી સમજણી અને મુંબઈનું ઠીક ઠીક હિંમતભર્યું વાતાવરણ પી ચૂકેલી છોકરી આટલી બધી ગેરસમજણનો આવો તડ ને ફડ ઉકેલ કેમ ન લાવી શકે? એ પ્રશ્ન, લાકડાંનાં તોતિંગ બીમને પણ કરકોલી શકનારો ભમરો પોતાને રાત્રીભર બંદીવાન

બનાવનારા સૂરજમુખી પુષ્પની સુવાળી પાંદડીઓને શા માટે ન ભેદી શકે એ સમસ્યા જેટલો જ જૂનો છે. એનો જવાબ સુશીલા પણ ન આપી શકે. સુશીલાએ નવી યુગભાવનાવાળાં નાટકો-ચિત્રપટોમાં કોઈ કોઈ વાર 'હા, હા, હું તો આને જ પરણીશ' અથવા, 'ના, ના, મારે તો આની સાથે નથી પરણવું' એવી જાહેર ઘોષણાઓ કરતી બંડખોર છોકરીઓ જોઈ હતી. સુશીલાને પણ એના મોટા બાપુ તાલીમ આપત તો સુશીલા એ શબ્દો ઠેરાવેલા સમયે, ઠેરાવેલી વ્યક્તિ કે સમષ્ટિની સામે કડકડાટ બોલી જાત એમાં શંકા નથી. એ બોલવાને સારુ હિંમત અથવા અંતરની લાગણીનો વિકાસ બિલકુલ બિનજરૂરી બનત. એથી ઊલટું, અંતરની બળબળતી લાગણી તો એ ગોખાવેલ બોલોના પાંખામાં પાંખા પરદાની પાછળ જ પોતાના ભડકા ફૂંકતી ઊભી હોત.

પોતે શા માટે તડફડ નથી કરી નાખતી, એ વાત આ રાત્રીએ સુશીલાએ પોતાની જાતને પણ પૂછી જોઈ. છેતરામણી લાગણીઓ એકદમ તો જવાબ આપે જ શાની? ખૂણેખાંચરે પડેલી એકાદ લાગણીએ ફક્ત જરી જેટલી ચાડી ખાધી કે 'કિશોરી, આંહીં આટલામાં ક્યાંઈક પેલો વિજયચંદ્ર પણ લપાઈને સળવળી રહ્યો છે—આંહીં, એટલે કે અમ સર્વ લાગણીઓના નિવાસસ્થાન તારા અંતરને વિશે.'

પોતાના જ અંતરમાં વસનારી એક ઊર્મિ બેશરમ બનીને અંતરની આવી જાસૂસી કરે, ચાડીચુગલી ચલાવે, છૂપી ચોરીને પકડી પાડે, એ સુશીલાના સુખની વાત નહોતી. વિજયચંદ્ર એને મોટરમાં બેસવા નહોતો લલચાવી શક્યો એ ખરું; પણ મુંબઈ

શહેરની બે-એક નહીં પણ જોટો—યુવતીઓ હરકિસનદાસ ઇસ્પિતાલના દવાએ ગંધાતા રોગાલયમાં એમની જ મોટર લઈને મારી પછવાડે કાંઈ વિના કારણે, વિના આકર્ષણે, વગર વિચારે નહીં જ ચાલી આવી હોય, એટલું તો તારે, ઓ સુશીલા, મારા વિષયમાં વિચારવું જ પડશે—એ પ્રકારનો દાવો કરતો વિજયચંદ્ર જાણે કે એના અંતરના ઓટલા પર બૂટની એડીઓ પટકતો હતો. ઇસ્પિતાલની 'લિફ્ટ' પણ વિજયચંદ્રના ખાસ અધિકારની વસ્તુ હતી. તે દિવસે જમવા અને તે પછી વારંવાર ભજિયાં ખાવા ઘેરે આવેલો વિજયચંદ્ર પોતાને પગલે પગલે વિજયનાં પુષ્પો નહોતો પથરાવતો એમ કેમ કહી શકાય? પારકાનું હૃદય જીતવાની એનામાં કળા હતી. એ કળાની મૂઠ સુશીલા ઉપર નખાઈ હતી. ને તે પછી સુશીલા સાવ નીડર તો નહોતી જ રહી. આવી આવી છૂપી બાતમી સુશીલાએ તે રાત્રીએ પોતાની એકાદ લાગણી પાસેથી મેળવી, ને એને લાગ્યું કે 'સુખલાલ જ મારો છે' એવો તડ ને ફડ ઘા કરતી પોતાને રોકવામાં વિજયચંદ્રનો પણ થોડોક હાથ હતો.

આ લાગણીને સુશીલાએ જાણે કે ગળે ચીપ દઈને પાટુએ પાટુએ ગૂંદીને ચૂપ કરી. પોતે પણ મૂંગી રહી. ભાભુએ પહેલું બગાસું ખાઈને કહ્યું: "સૂઈ જા, બાઈ, ઝાઝો વિચાર શીદ કર્યા કરછ? અમારા સૌના સાટુ જીવ કાં બાળી રહી છો? અમારે તો સાત દીકરા ગણીયેં તોય તું છો, દેખીપેખીને તને કેમ કૂવે નાખીએ? સમતા રાખ, બાઈ! નિરાંતવી નીંદર કર."

એટલું કહીને ભાભુએ દેહ ગાદલામાં લંબાવ્યો. બાજુમાં જ

સુશીલાની પથારી હતી. સુશીલા સૂવા માંડી ત્યારે ભાભુએ યાદ કરાવ્યું: "માળા ફેરવી?"

"ભૂલી ગઈ."

"ભૂલી ગઈ એનું કાંઈ નહીં બાઈ, દેખીપેખીને ન ફેરવીએ તો જ દુ:ખ. હવે ફેરવી લે. અમથા પારા પડતા મૂકીએ ને બેન, તોય ઊંઘ આવી જાય. ભગવાનનું નામ લઈએ તો વળી નવું કાંઈ કષ્ટ વધે નહીં, ને ઊંઘ વધુ ચોખ્ખી આવે. માઠાં સપનાંમાં શેકાવું તે કરતાં માળા ફેરવીને સૂવું શું ભૂંડું, મારી બાઈ!"

પતિનો શયનખંડ છોડીને સુશીલા સાથે સૂવાનું શરૂ કર્યા ભાભુને આજે પાંચેક વર્ષ થઈ ગયાં હતાં. તે પૂર્વે પણ સુશીલા બે વર્ષની થઈ ત્યારથી જ ભાભુની પાસે રહેવા ટેવાયેલી. ત્રણથી લઈને સુશીલા દસેક વર્ષની થઈ ત્યાં સુધી પતિપત્નીએ એક જ ઓરડામાં રાતવાસો ચાલુ રાખ્યો હતો.

તે પછી સુશીલાની પથારી ઓરડા સામેની પરસાળમાં રખાતી અને ભાભુના શયનખંડનાં બારણાં ખુલ્લાં રખાતાં. એક રાત્રીએ આ ગોઠવણ અણગમતી બની ગઈ. પતિએ રાતમાં બંધ કરેલાં બારણાં અણખોલાયાં જ રહી ગયાં ને પતિપત્નીને ઊંઘ આવી ગઈ.

સવારમાં ભાભુએ જાગીને બારણાં ખોલ્યાં ત્યારે વહેલી ઊઠેલી સુશીલા દાતણ કરતી હતી.

બંધ બારણે સૂતેલાં બે વડીલ દંપતીઓ, એક પિતા-માતાનું ને બીજું ભાભુ-બાપુજીનું, અને તેની વચ્ચે એકાકી ઊભેલી બાર વર્ષની દીકરી! ભાભુએ આ દીઠું ત્યારથી આખો દિવસ એ

ગમગીન રહ્યાં, ને સુશીલાથી શરમિંદા બનતાં બનતાં ઘરકામમાં મશગૂલ બન્યાં. બાર વર્ષની દીકરીને આખી રાત જે એકલતામાં મૂકી તે કેવી ભયાનક હશે! બંધ બારણાંની અંદર શાંતિથી ઘસઘસાટ ઊંઘી રહેલ વડીલોને માટે પણ એણે શી શી કલ્પનાઓ કરી હશે! બંધ બારણાં શા માટે, એ પ્રશ્ન એના મનમાં પુછાયો હશે ત્યારે કોણ જાણે કેવોય કાળમુખો જવાબ જડ્યો હશે દીકરીને! આવી આવી વિચાર-મૂંઝવણમાં વ્યથિત અને વ્યાકુલ બનેલી પત્નીનું અપરાધીપણું જ્યારે પતિએ સાંજે ઘેર આવીને જાણ્યું ત્યારે એનાથી, એની નિત્યની પ્રકૃતિમાં હસવું મોટે ભાગે ન હોવા છતાંય, હસી જવાયું હતું.

આ પત્નીને, આવી પદમણીને, આવી શાંતિ-પ્રતિમાને, આવી ગરવી અને ગરીબડીને પોતે શેર માટીનું સંતાન નથી આપી શક્યો તેને માટે પોતાને જ અપરાધી ગણનારો સ્વામી પત્નીના આવા ક્ષુલ્લક મન-સંતાપની પણ વધુ મશ્કરી તો નહોતો જ કરી શક્યો. ને તે રાતે એ સૂવા ગયો ત્યારે એણે જોઈ લીધું હતું કે પોતાના ઓરડામાંની બીજી પથારી ઊપડી જઈને વચલા ખાલી ખંડમાં ચાલી ગઈ છે, ત્યારે પણ એને ઓછું નહોતું આવ્યું. એને ઘસઘસાટ નીંદર આવી ગઈ હતી. મોટા શેઠનો આ એક જ ગુણ બીજા અવગુણો સામે મૂકવા જેવો હતો.

સુશીલાને સંગાથે લઈ સૂનાર ભાભુએ તો આ શયનવ્યવસ્થા બદલવામાં કાંઈ અસાધારણપણું ગણ્યું નહોતું. એણે સુશીલાની બાને ખુદને પણ આ વાત નહોતી કરી. સવારે જ્યારે સુશીલાની બાએ પહોળી પલાંઠી ભીડીને, લોટા ઊટકવાના કૂચડા જેવા

ધીંગા દાતણનો કૂચો ઘસતાં ઘસતાં, બગાસું ખાતાં ખાતાં ને આળસ મરડતાં મરડતાં સુશીલાને પૂછ્યું કે “એટલી મોડી રાતે ભાભુને કેમ તારી પાસે આવવું પડેલું?” ત્યારે સુશીલાએ સમજ પાડી કે “ભાભુ તો મારી પાસે જ સૂતાં હતાં.”

“હેં ભાભીજી!” સુશીલાની બાએ ભાભુને એકાંતે લઈ જઈ કહ્યું, “આપણે ઓશરીએ તાળું મારીએ છીએ પછી વળી શી બીક છે, કે તમારે છોકરીની પાસે સૂવું પડે?”

“બીકનું હું ક્યાં કહું છું?”

“તાળાની ચાવી તો હું મારી પાસે લઈને જ સૂઉં છું. તમે તમારે કોઈ વાતે ફફડતાં નહીં, હું રાતના બે વાર તો સુશીલાને જોઈ તપાસી પણ જાઉં છું,” દેરાણીએ પોતાની ખબરદારી વર્ણવી.

ભાભુના મનમાં આ સાંભળીને હસવું આવતું હતું. એણે ટૂંકો જ જવાબ વાળ્યો: “તમેય બચ્ચાડા જીવ કેવાં ઉતપાતિયાં છો? બીક વળી શેની હોય? આ તો તમારા જેઠને બહુ હવા જોવે ને મારાથી ઉઘાડી બારીનો પવન સે’વાતો નથી. મારા સાંધા દુખે છે, એટલે જ વચલા ખંડમાં સૂવાનું રાખ્યું છે. બીક તે વળી શેની? અરેરે, બચાડા જીવ તમેય તે…”

ચપળ સુશીલાના કાન કઈ વાતો ક્યારે એકાએક પકડી પાડતા, તે સમજવા માટે પુરુષો વધુ પડતા જડ હોય છે. તે તો સ્ત્રીઓ જ સમજી શકે. કેમ કે ઘણીખરી સ્ત્રીઓએ પોતાની કૌમારવયની રાત્રીઓ પર આવાં તાળાં મરાતાં જોયાં હોય છે. તે રાત્રીએ એણે જ ઝટ આવીને પોતાની બાને કહ્યું: “લ્યો બા, તાળું મારી લાવું ઓશરીને?”

બા જરીક ઝંખવાઈ ગઈ અને જવાબમાં બોલી: "ભાભુ કહે તો જ વાસજે તાળું, બેન!"

સુશીલાના પિતાએ તો આ નવો ફેરફાર બેચાર દિવસે જાણ્યો, ને જાણ્યો ત્યારે એ એટલો બધો શરમિંદો બન્યો કે એક અથવા બીજે બહાને એ તો બહારની ગેલેરીમાં મોડી રાત સુધી એકલો જ બેસી રહેલો. પત્નીએ એને બે-ત્રણ વાર અંદર ખેંચી જવા મહેનત કરી.

"હાલો ને હવે! ભાભી મોટેરાં આડાં બેઠાં છે, એટલે આપણને વળી શેની શરમ? હાલોને, મને એકલાં ઊંઘ નથી આવતી. ભાભી તો વેરાગમાં ઊતરી ગયાં છે; મને કાંઈ વેરાગ નથી થયો. દીકરી કાંઈ એકલા આપણા ઘરમાં જ થોડી મોટી થઈ છે! ઘેર ઘેર થાતી આવે છે. હાલો હાલો, ઠાલા સતની પૂંછડી શીદને થાવ છો?" એમ કહેતી સુશીલાની બા પતિનું ખમીસ ખેંચીને પરસાળમાંથી ઓરડામાં ઘસડી ગઈ હતી.

એ તો આજે ત્રણ વર્ષની જૂની વાત બની હતી. દેર-દેરાણી વીશ વર્ષની દીકરીનાં માવતર હતાં, તો પણ ભાભુની દૃષ્ટિમાં તો 'બચાડા જીવ' બનીને જ તેઓ રક્ષા પામ્યાં હતાં.

# ૧૦. જુવાન પુત્રીની આફતમાંથી

એ આખો દિવસ 'વેવાઈ' જમવા કે ચા પીવા ન આવ્યા. રાત્રીએ ચાદર, દાતણ વગેરે ચીજો આપીને પાછા વળેલા શોફરને સવારે સુશીલાએ ભાભુની સમક્ષ ઉપર બોલાવ્યો હતો, ત્યારે શોફરે સુખલાલના પિતાના બધા સમાચાર આપ્યા હતા. સુશીલાએ જાણે કે ભાભુની વતી જ પ્રશ્ન કર્યો: "કાંઈ બોલ્યા હતા મહેમાન?"

શોફર અહમદે મરક મરક કરતે કહ્યું: "દૂસરા કુછ નહીં, બસ ઇતના જ: અરે દીકરી! વાહ રે, મારી દીકરી! એસા કહ કર ક્યા બહુત ખુશ હોતા થા કિ ક્યા બહુત રંજ કરતા થા, કુછ માલૂમ નહીં પડા."

"તબિયત કેમ હતી?"

"ઠીક. વો સુખલાલ બાબુ સોતે થે, ઔર એક નર્સ વહાં ખડી થી, વો મહેમાનકો બિછાના બિછા દેતી થી, ઔર 'ફાધર! ફાધર! બાપા! બાપા! યું કરો, ઐસા કરો, બચ્ચાકો અફસોસ હોવે ઐસા કોઈ હાલ મત સુનાઓ' —ઐસી ઐસી બાતાં અલગ લે જાકર

કહતી થી. ઔર મહેમાન બાબુ તો નર્સકા કહેના, બસ, હાથ જોડ કર સુન રહે થે—બેચારેકો બોલને આતા નહીં, તૂટીફૂટી બાત બોલતે થે કિ, મડમ સા'બ, બાપુ, પ્રભુ તેરા ભલા કરેગા, તેંને મેરા લડકાકો બચા લિયા, વગેરે."

"રાતે નર્સો બદલાતી નહીં હોય?" સુશીલાથી એકાએક બોલાઈ ગયું.

"હાં, બદલી હોતી હૈ," શોફરે વધુ ખબર દીધા, "વો થી દિનકી નર્સઃ ડ્યૂટી ખતમ કરકે જા રહી થી ઔર કહ રહી થી કિ 'કલસે મેરી નાઈટ-ડ્યુટી હો જાયગી. તબ બાપા, બાપા, તુમકો કુછ તકલીફ નહીં પડેગી.' ઔર સુખલાલ બાબુકો બોલતી થી કિ, 'ઈસ્માટી! ઈસ્માટી! મૈં આજ સિનેમા દેખનેકો જાતી હું, તો ગુડ નાઇટ કરનેકો ફિર નહીં આઉંગી.' બસ, પીછે, 'ફાધર, ગુડ નાઈટ, બાપા સલામ, ઈસ્માટી સલામ' કરતી કરતી મુઝકો ભી ગુડ નાઇટ કહેતી ચલી ગઈ ઔર —મૈં ક્યા કહું! —મહેમાન બાપા તો બિચારા વો નર્સકી સામને પૂતલાકી તરહ મું ફાડ કર કહાં તક દેખ હી રહે થે! સબ દરદી લોક, ઔર વહાંકે સબ દરવાન-ફરવાન હસહસકે બેજાર હો ગયે."

પછી શોફરને એકાએક યાદ આવ્યું કે મહેમાને એક કાગળ સુશીલાબહેનને આપવા દીધેલો છે. એ કાગળ શોફરે સુશીલા તરફ ધર્યો. સુશીલાએ લઈને ભાભુને આપ્યો. થોડું થોડું ભણેલાં ભાભુએ કાગળની ગડીઓ ઉખેળીને જોયું, તો પોતાને ગમી જાય તેવા હસ્તાક્ષરો નીકળ્યા. એ અક્ષરોમાં અણઘડ ગામડિયો મરોડ હતો ખરો ને, એટલે ભાભુને સુપરિચિત થતાં વાર ન લાગી.

એ એક ગ્રામ્ય છોકરીના અક્ષરો હતા. અક્ષરો જાણે આપોઆપ બોલી ઊઠ્યા કે, અમે તો માંડ માંડ જડી આવેલી એક દેશી પેનસિલના નાના બુઠા ટુકડાનાં ફરજંદો છીએ. કાગળમાં લખ્યું હતું કે—

"ઈશવર સદા સુખી રાખે મારાં માયાળું ભાભી સુશીલા. બા તમને બઉ સંભારે છે. અમે તમને બઉ સંભારી છીં. મળવાનું મન બઉ છે. બા કેવરાવે છે કે મરતાં પેલાં એક વાર મોં જોઉં તો અવગત નૈં થાય. પણ છેટાંની વાટ, મળાય ક્યાંથી. બાએ ન મળીએ તો આશિષ કેવારેલ છે. તમારે માટે ચોખ્ખા માવાના દૂધપેંડા મોકલેલ છે. તમારાં ભાભુની ને માતુશરીની સેવા કરજો ને ડાયાં થૈ રેજો. ન મળાય તો અપરાધ માફ કરજો. ધરમ નીમ કરજો. બા ન મળે તો બાની પાછળ છ મૈનાની સમાક્યુંનું પુન દેજો. વધુ શું લખાવું. તમારા દેરનું અને નણંદનું કાડું તમને ભળાવું છું. તમારા સસરાએ જેવી મારી ચાકરી કરી છે, તેવી જ ચાકરી એ તમારે હાથે પામજો. ભાભી, બાએ આટલું લખાવેલ છે. બાને તાવ ભરાઈ ગયો છે. ભાભી, મારા માટે એક-બે ચોપડિયું મોકલજો. તમારી જૂની હોય તે મોકલજો. હું બગાડીશ નૈ. તમે આવશો ત્યાં સુધી સાચવી રાખીશ. ભાભી, અમે તો તમને જોયાં જ નથી. કેવાં હશો. રોજ મને તમારું સપનું આવે છે. પણ સવારે પાછું મોઢું યાદ રે'તું નથી. ભાભી, તમે ચણિયા ઉપર ચોરસો પેરો છો કે સાડી પેરો છો, તે ચોક્કસ લખજો હો. હું તો ચોરસો પેરું છું. એક નવો ચોરસો બાપા લઈ આવેલા તેના ઉપર એક છાપ હતી. તેમાં એક રૂપાળી બાયડી હતી. હું એને સુશીલા

ભાભી કહું છું, ને મારી પેટીમાં રાખું છું. લીખતંગ તમારી નાની નણંદ સૂરજ.”

ભાભુ પોતે અક્ષરો બેસાડતાં બેસાડતાં ધીરે અવાજે વાંચતાં ગયાં તે સુશીલા સાંભળતી ગઈ. કાગળ પૂરો કરીને ભાભુએ કહ્યું: “લે વાંચ જોઉં, કેવો રૂપાળો કાગળ લખાવ્યો છે બચાડા જીવે! એને કાંઈ ઊંડી વાતની ખબર છે? અજાણ્યું ને આંધળું બેય બરોબર! શી થાવી ને શી થાશે? અરેરે બાઈ! લેણદેણની વાત મોટી છે. અંજળ લખ્યાં હશે ત્યાં જ જવાશે. હું તો મૂઈ જૂના વિચારની જ રહી ગઈ.”

સુશીલા એ કાગળ ફરી ફરીને વાંચતી રહી. દરમ્યાન આજુબાજુમાંથી આવી ચડેલી સુશીલાની બાએ બધી વાત જાણીને ઝટ કહી નાખ્યું: “ગામડાનાં ભોથાં! હજી તો અટાણથી ‘ભાભી ભાભી’ કહેવાનું શરૂ કરી લીધું. ભાભી કહેવી એમ રેઢી પડી હશે!”

# ૧૧. ખાલી પડેલું બિછાનું

‘ભાભી કહેવી રેઢી નથી પડી!’ એવો પોતાની બાનો છણકો સુશીલાને સારો ન લાગ્યો. નણંદનો કાગળ એણે ધીરે ધીરે હાથમાં લીધો, અને બે-પાંચ વાર ઉપાડ-મૂક-ઉપાડ કરીને પછી બા થોડે દૂર ગઈ કે તરત પોતે કાગળ ગજવામાં સેરવ્યો. પોતાનાં કપડાં લઈ નાહવાની ઓરડીમાં ગઈ, અને બેથી ત્રણ વાર વાંચ્યા છતાં પોતે તૃપ્ત ન થઈ. ‘ભાભી’ સંબોધનમાં કઈ એવી તોછડાઈ હતી કે બા છેડાઈ ઊઠેલાં? આ કાગળની લખાવટ તો હૈયાના હેતે છલકાય છે: ભાભી શબ્દે સંબોધાવું એ તો ઊલટાનું માનભર્યું લાગ્યું.

ખરું તો એ હતું કે સુશીલાને કોઈ ભાભી હતી નહીં. એણે કદી કોઈને ભાભી કહેવાનો લહાવ લીધો નહોતો. તેમ ભાભી નામના પાત્રમાં કયું તિરસ્કૃત તત્ત્વ હોઈ શકે એની સુશીલાને જાણેય નહોતી. આ ગ્રામ્ય નાની કન્યાની ‘ભાભી’ થવા જવામાં ગ્રામ્ય સુખલાલની સ્ત્રી પણ થવું પડે છે, એમ પણ સુશીલાને સૂઊયું નહીં. સુખલાલનું તો ઓસાણ જ એને આ વખતે આવ્યું

નહીં. કોઈક માંદગીને બિછાને પડેલી સ્ત્રી પોતાની પાસે નિર્મલ સામાયિકોનું પુણ્ય માગે છે; પોતાને જોઈ લેવા ઝંખે છે; પોતાનો મેળાપ થયે એક મૃત્યુ પામતા માનવીની સદ્‌ગતિ થઈ શકે તેમ છે; ને પોતાની ઊતરેલી ચોપડીઓની બીતી બીતી માગણી કરનાર એક કન્યા પોતાને સ્વપ્નમાં જોવા તલસે છે, આ બધું સુશીલા જેવી સાદા મનની કન્યાના અંતરમાં મમતાનો આંબો ઉગાડવા માટે પૂરતું રસાળ ખાતર નહોતું શું?

પોતાના શરીર પર એણે ફુવારો ખુલ્લો મૂક્યો. પાણીની ધારાનો સ્પર્શ એકાએક ઘણો મીઠો બન્યો. કાનમાં કોઈક 'ભાભી ભાભી' કહ્યા કરે છે; બરડા સુધી ઘસવા હાથ પહોંચી શકતો નથી એટલે જાણે કહે છે, 'લ્યો ભાભી, હું તમારો વાંસો કરી દઉં? લ્યો ભાભી, આવડા લાંબા તમારા વાળ છે, તમારાથી ચોટલો શેં ચોળાશે? લ્યો હું ચિકાખાઈ ને આંબળાં ચોળી દઉં?'

ફુવારો બંધ કરીને બાથરૂમની કમ્મરપૂર આરસીમાં જોતી જોતી એ શરીર પર ટુવાલ ઘસવા લાગી. શ્યામળો શરીર-વાન ઊઘડતો લાગ્યો. છાતી અને પેટ પરથી, કપાળ અને ગાલ પરથી દડ દડ દોટ લઈ નીચે ઊતરતાં જળબિંદુ જીવવાળાં જણાયાં. એકાએક એને વિચાર આવ્યો: વિજયચંદ્રને નાનાં ભાઈ-બહેન છે કે નહીં? મા હશે? હોય એમ લાગતું નથી. એના મોં પરથી જ ભાસ થતો નથી. ચહેરાની રેખાઓ જ કહે છે કે, હું તો ફક્કડરામ છું, મારે બીજી કશી વળગણ નથી. જાણે કોઈક ઓરડીમાં પેસતાં જ ઓરડી આપણને કહેતી હોય છે કે, 'હું તો આઠ બાય આઠની (આઠ ફૂટ ઓરસચોરસ) છું; મારી પાસે બીજી કશી લપછપ

નથી.’ કેટલાક માણસોના ચહેરા પણ સુશીલાને આવા ‘આઠ બાય આઠ’ જેવા જણાતા. એવો ચહેરો વિજયચંદ્રનો હતો. જે હતું તે બધું જ એ ચહેરાની સપાટી પર હતું. સપાટી બહાર કોઈ ઈતિહાસ નહોતો.

ટુવાલ ઘસીને કપડાં બદલાવતી સુશીલા જ્યારે વિજયચંદ્રને ભાઈ-બહેનો હોવા ન હોવા વિશેની માનસિક ભાંજગડમાં પડી હતી, ત્યારે ‘લગ્ન’નો પ્રશ્ન જ એના દિલમાં આપોઆપ ચર્ચાઈ રહ્યો હતો. બહાર હીંડોળાખાટે બેઠેલી બા બોલતી હતી: “મારે તો લાખ વાતેય મારી છોકરીને જાડાં માણસોની વેજા વચ્ચે નથી દેવી. છોકરીને ફોલી જ ખાય કે બીજું કાંઈ થાય? એયને કોઈક સવતંતર છોકરો જોવો. બે માણસનું રસોડું પતાવીને નિરાંતે મનધાર્યું જીવી શકે! સવતંતર છોકરા ક્યાં થોડા મળે છે આજકાલ?”

એ ‘સવતંતર’ શબ્દ સુશીલાની બાના મોંમાં લીંબુની મીઠી પીપરમેટ સરીખો બની જતો. બા જાણે કે બોલતી નહોતી, એ શબ્દને ચગળી ચગળી ચૂસતી ચૂસતી રસ લેતી હતી. ‘સવતંતર’ અર્થાત્ ‘સ્વતંત્ર!’

ને પછી બાએ એવાં ‘સવતંતર’ દંપતીઓનાં નામો પણ ગણાવ્યાં: “ઓલી જેતપુરવાળી વનિતા, ઓલી પીપળલગવાળાની કુમુદ, હાલરિયાવાળાં રામકોર બાઈની ઓલી જયા... એય જો ને રૂપાળાં અમનચમન કરે છે! દશ બજ્યામાં ભાયડાને જમાડીજૂઠાડી નોકરીએ વળાવી દીધા પછી, છે કોઈનો ટુંકારોય ખમવાપણું? છે કોઈ કરતાં કોઈ એટલુંય કહેનાર કે

બાઈ, તું આંઇથી ઉઠી આંઇ બેસ! એવું 'સવતંતર' મેલીને જાડેરણમાં પડવાની શી જરૂર? છે કોઈની ઓશિયાળ! આ તો અણસમજણમાં ને અણસમજણમાં સગપણ થઈ ગયું. મુંબઈમાં ઠરીને ઠામ થયાં ત્યારે આંખ ઊઘડી કે આ તો ભૂલ થઈ છે."

બાના આ શબ્દો બાથરૂમમાં ઊભાં ઊભાં સાંભળવાની સુશીલાને મજા પડી. બાએ જેનાં જેનાં નામો લીધાં તે જુવાન સ્ત્રીઓને સુશીલા ઓળખતી હતી. ઘણીવાર તેમાંની એકાદને ઘેર પોતે બેસવા જતી, તો કાં તાળું જ મારેલું હોય, અથવા ઘેર હાજર હોય તો અરધા કલાકથી વધુ ચાલી શકે તેટલી વાતચીત જ સિલકમાંથી નીકળે નહીં. હદમાં હદ એક કલાકે તો ત્યાંથી ઊઠી આવવાનું જ મન થાય.

તે બધીઓ 'સવતંતર' હતી એમ બા કહેતી. પણ કેટલીક વાર તેઓનાં ઘરમાં બબે દિવસનાં એઠાં વાસણોનો ખડકલો સુશીલાએ જોયો હતો. પૂછતાં સુશીલાને જવાબ મળતો કે "હોળીના તહેવાર છે, તે ત્રણ દીથી મારા રોયા ઘાટી જ નથી આવ્યા. રોયા ગાંડાતૂર બનીને નાચતા હશે. હાથે તો ઉંટકે મારી બલારાત! બહાર લોજમાં જઈને અમે તો બેય જણાં જમી આવીએ છીએ."

આવી 'સવતંતર' બહેનપણીઓ વિશે હજુ સુશીલાના વિચારો સ્થિર નહોતા થયા, પણ કશુંક જાણે અળખામણું તત્ત્વ એમાં લાગ્યા કરતું.

"હાય! હાય! જુઓ તો ખરાં, ભાભીજી!" સુશીલાની બાએ સુશીલાને સ્નાન કરીને બીજા ઓરડામાં જતી નિહાળી ભાભુ

પ્રત્યે મીઠો હાયકારો કર્યો: "આ છોકરીના શરીરમાંથી જાણે કિરણ્યું જ ફૂટી પડી છે. આમ તો જોવો, છોકરીનું શું થવા બેઠું છે? રૂપ જ કાઢવા મંડી છે. હેં ભાભીજી! આનું તે શું કરશું? જૂનું વેશવાળ તોડ્યા વગર એકેય વાતે છૂટકો રહ્યો છે હવે?"

"ગાંડાં તે...કાંઈ...ગાંડાં!" જેઠાણીએ મલકતે મોંએ આંખો તાણી: "જાવ, ભલાં થઈને કામે લાગો. છોકરી ક્યાંક સાંભળશે."

"હાલ્યને સુશીલા!" ભાભુએ સ્નાન પછીની શોભીતી સુશીલાને કહ્યું: "મોટર ઊભી છે ને? તો હાલ્ય કેરીની ખબર કાઢતાં આવીએ."

એમ કહીને એણે સુશીલાને મોટરમાં સાથે ઉપાડી. ભૂલેશ્વર જઈ કેરી લીધી, ને પછી પૂછ્યું: "દવાખાનું આંહીંથી કેટલુંક છેટે છે? આ રિયું. હાલો, હું થાતી આવું. તું તારે બહાર મોટરમાં જ બેઠી રહેજે. હું ઊભી ઊભી વહી આવીશ."

"ભલે," કહીને સુશીલાએ માથા પરથી ઊતરેલી સાડી પાછી ઢાંકી. એણે કંટાળો કે ઉત્સુકતા બેમાંનું કશું જ ન બતાવ્યું.

શોફરને મોટર ઇસ્પિતાલની બહાર થોભાવવા કહીને અંદર જતાં ભાભુ સહેજ પાછાં ફર્યાં; સુશીલાને કહે કે "ચાલ્ય ને જરા, મને છેટેથી ઓરડો તો દેખાડી જા, બાઇ!"

"ઓ ઓરડો," સુશીલાએ ધડકતી છાતીએ નીચેનો વૉર્ડ ચીંધાડ્યો, પણ પછી "આંહીં સામા ખૂણામાં જ..." એટલું કહેતી સ્તબ્ધ બની ગઈ: સુખલાલવાળું બિછાનું તો બહારથી દેખાતું હતું, પણ એ ખાલી કેમ હતું? 'કોટ' ગાદલા વિનાનો કેમ હતો?

ભંગી ત્યાંની ભોંય લૂછતો કેમ હતો? અને આવા હેબત ખવરાવનારા દૃશ્યથી ઊલટા પ્રકારની એંધાણી દેતો વોર્ડની નર્સોનો આનંદજન્ય કોલાહલ શાનો હતો?

એ ખાલી બિછાનું અને લીલા ગાભા વડે લુછાતી ભોં દેખતાં સુશીલાને હૈયા સોંસરી જે એક છૂપી હેબત નીકળી ગઈ તેનું ફક્ત ક્ષણવારનું દૃશ્ય ભાભુએ સુશીલાના મોં પર ભયભીત આંખે દીઠું. એમણે પૂછ્યું: "કેમ બેન, આટલી ફડકી ગઈ!"

"ના, કંઈ નહીં ભાભુ, ચાલો બતાવું."

"હાલ્ય ને બેટા! કાંઈ વાંધો નહીં. તું તારે એક કોર ઊભી રે'જે ને! ક્યાં કોઈ કરડી ખાય છે!" એમ કહેતાં ભાભુએ સુશીલાને સાથે લીધી.

થરથર ધ્રૂજતા પગે સુશીલા બારણાંની અંદર જોઈ રહી. વિચિત્ર દૃશ્ય દીઠું. વચ્ચેની મેટ્રનની ખુરશી પર નર્સ લીના બેઠી છે, ને ચાર-પાંચ નર્સો, બે મેતરાણી, ત્રણ વોર્ડ-બોય વગેરે બધાં લીનાને વીંટળાઈ વળીને ઠઠ્ઠા કરે છે.

એક પછી એક મેણાંની ઝડી પડતી હતી:

"એઈ જો, લીના બાબાનું મોઢું પડ્યું."

"જો, હમણાં બાબા રડી પડશે."

"બલા જાણે, ક્યાંનો પેશન્ટ ને ક્યાંની તું? એવા તો હજાર આવે ને હજાર જાય. રડવા શાની બેઠી છે? તો પછી પરણીને છોકરાં સંભાળવાં'તાં ને?"

"હવે મરો ને આંહીંથી બધાં!" કરતી લીના પગ પછાડવા લાગી, "હું કહું છું કે મને કાંઈ નથી."

"ત્યારે એ ખાલી બિછાના સામે શું તાકી રહી છે?"

"ત્યારે શું આંખો ફોડી નાખું?"

"ત્યારે ડોક્ટરને છેલ્લા આઠ દિવસથી શા માટે છેતરતી'તી? તારો પેશન્ટ રાતો રાણ જેવો થઈ ગયેલો છતાં કેમ તાવના ટેમ્પરેચરના ને પલ્સના ધબકારાના લાલવાદળી લીટાનાં ખોટેખોટાં ડુંગર ને ખીણો ચીતરતી હતી ચાર્ટમાં?"

"ખોટાં! જાવ ને હવે! ખોટાં!" લીનાના મોં પરની રેખા ખેંચાતી હતી. એની રડવાની તૈયારી હતી.

"એનું સરનામું લઈ લીધું છે કે?"

"મારી તો ભૂખરાત લે છે!"

લીનાએ આપેલો એ જવાબ જૂઠો હતો. વસ્તુતઃ સુખલાલ પાસેથી એણે લાંબું લાંબું સરનામું લખવા મહેનત કરેલી, પણ સુખલાલ પૂરું અંગ્રેજી ન જાણે. લીનાને થોરવાડ, પીપળલગ વગેરેના સ્પેલિંગ ન આવડે. એટલે અરધો કલાક સુધી કરેલી માથાફોડ પડતી મૂકેલી.

આ તમાશો જોતી સુશીલા અંદર ગઈ ને એણે એ ટોળાને પૂછ્યુંઃ

"આ પેશન્ટ ક્યાં?"

"એની જ આંહીં લાગી પડી છે, મે'રબાન!" એક મહેતરાણી બોલી.

"ક્યાં ગયા?" સુશીલાએ મહેતરાણીને પૂછ્યું.

"ઉશકી તો શૂટી હો ગઈ." સુરતી મહેતરાણીએ હિન્દીમાં હાંક્યું. સુશીલાનો શ્વાસ અરધો હેઠો બેઠો.

સુશીલાને ઓળખી પાડનારી લીના એકાએક ઊભી થઈ. તે જ વખતે એક બીજી નર્સ હાઉસ-સર્જનની ઓફિસમાંથી તાળીઓ પાડતી ને નાચતી-કૂદતી આવી બૂમ પાડી ઊઠી:

“લીના, લીના, તારા ખાલી પડેલા બિછાના પર એક બીજો વધુ વહાલો લાગે તેવો ‘સ્માર્ટી’ આવે છે. આંહીં આવ, ઓફિસમાં બેઠેલો બતાવું.”

“ક્યાં છે, ક્યાં છે?” કરતી લીના સિવાયની બીજી બધી નર્સ ઓફિસ તરફ લટાર મારી મારીને મોં આડા રૂમાલો દેતી પાછી આવી. છાની છાની હસતી તેઓ પરસ્પર કહેતી કે: “પુઅર પુઅર લીના! ભયંકર બુઢ્ઢો મારવાડી પેશન્ટ આવે છે એ બિછાના પર!”

“અત્યારથી બાપડીને કોઈ બિવરાવો ના.”

“પેલો છોકરો ગયો એથી એને અત્યંત વસમું શા માટે લાગ્યું છે?”

“તમને ખબર છે? લીના વિધવા છે. દેખાય છે પચીશ વર્ષની પણ પાંત્રીસ-ચાલીશની વય છે. એનો એક પંદર વર્ષનો છોકરો બે વર્ષ પર ગુજરી ગયો છે, તેથી કોઈ મા વગરનો કિશોર આંહીં આવે છે ત્યારે લીના હંમેશાં એવી જ પ્રેમઘેલી, અને જાય ત્યારે એવી જ વ્યાકુળ બને છે.”

આ દરમ્યાન લીના ધીરે ધીરે સુશીલા પાસે પહોંચી ગઈ હતી. એને તો આશા હતી કે ત્રણ દિવસ પર આવેલી આ સ્ત્રીને ઘેર જ ‘સ્માર્ટી’ ગયો હશે. એને ઉમેદ હતી કે સ્માર્ટીની જ મોકલી

આ બાઈ કાં તો કશીક ભુલાયેલી ચીજ લેવા આવી છે, અથવા તો મને ‘થેંક્સ’ (આભાર) આપવા આવી છે.

“કેમ, ‘પેશન્ટ’ પહોંચી ગયા ને તમારી પાસે?” એટલું કહીને સુશીલાના ચમકતા મોંનો ખોટો જ અર્થ બેસારનારી લીનાએ પોતાની જીભ ચાલુ જ રાખીઃ “મેં સ્માર્ટીને ઘણું કહ્યું કે તારી કઝિનને (પિત્રાઈ બહેનને) ખબર આપવા દે. પણ એ કહે કે, નહીં, મારે તો ઓચિંતા જઈને સૌને ચકિત કરવાં છે. મારે તો એને હજુ વધુ આરામ લેવરાવવો હતો, પણ આ ઘાતકી ડોકટરો, આ ક્રૂર અદેખાઓ, મારી સામે ચાડી કરી બેઠા, એટલે મારી બાજી ઊંધી વળી ગઈ. મફતિયા પેશન્ટને નજીવા આરામ જેવું જણાય કે બસ તે જ વખતે આ નિષ્ઠુરો કાઢી મૂકે છે.” કહેતી કહેતી એ હાથ પછાડવા લાગી. “અબ કહો, સ્માર્ટી મને યાદ કરે છે કે નહીં? મને કશું કહેવરાવ્યું છે? ગયો તે વખતે ‘થેંક્સ’ જેટલો બોલ પણ ન બોલતો ગયો. બસ, કહે કે, જે કાંઈ શબ્દો મારી આંખોમાં છે તે જ વાંચી લ્યો, સિસ્ટર!”

આ બધી પીંજણ સુશીલાને પસંદ થોડી જ આવે? આંખોના ભાવ વાંચવાનું સુખલાલે આ ખ્રિસ્તી નર્સને શું ખરેખર કહ્યું હશે? એવું રસાત્મક વાક્ય બોલતાં એને આવડતું હશે? એની આંખોના બોલ! યાદ કર્યું એનું મોં. યાદ કરી એની આંખો. ત્રણ જ દિન પૂર્વે આ સામેની જ પથારીમાં એ આંખો શું શું બોલતી હતી તે યાદ કર્યું, અને સુશીલા અધીર બની.

“એને હજુ સમાલજો, હો કે!” લીના સુશીલાની નિરુત્તર

બની. સમજ્યા વગર જ બોલી: “દાકતરો તો જુઠ્ઠા છે. તેમને રોગની ખબર જ નથી પડતી. ડંફાસુ છોકરાઓ છે!”

“મારે ત્યાં એ નથી આવેલ,” શુષ્ક અવાજે સુશીલાએ કહ્યું.

“નહીં?” લીના ચકિત બની. “તમારા સિવાય તો આંહીં આટલા દિવસોમાં બીજું કોઈ મળવા જ નથી આવ્યું ને?”

“એના પિતાએ કાંઈ ન કહ્યું કે, ક્યાં જઈએ છીએ?”

“ના, એણે કહેલું કે મેમસા’બ, હું એક વાર પાછો આંહીં જરૂર આવી જઈશ.”

“શા માટે?”

“વાત એવી બની કે રિવાજ મુજબ એને ઓફિસમાં કોઈએ કહ્યું કે કાંઈક દવાખાનાની ધર્માદા-પેટીમાં નાખવું હોય તો નાખજો. એણે મને છાનુંમાનું કહ્યું કે, મેમસા’બ, મારી પાસે અત્યારે કાંઈ નથી, પણ હું પાછો આવીને જરૂર નાખી જઈશ. એમ કહી, શરમના માર્યા છાનામાના ચાલ્યા ગયા લાગે છે. શરમ શાની? આંહીં તો લક્ષાધિપતિઓ પણ આ ધર્માદા કલાસમાં આવીને પડે છે, અને એક પાવલી પણ આ મે’તરાણીઓને આપ્યા વગર ચાલ્યા જાય છે! ને આ તો બાપડા, મે’તરાણીઓ ને વોર્ડ-બોય આવીને ઊભાં રહ્યાં ત્યારે સૂનમૂન ઊંધું ઘાલીને પોતાનો સામાન બાંધતાં બાંધતાં અપરાધી ચહેરો રાખી ચાલ્યા. પુઅર ઓલ્ડ ફાધર! મને કહે કે, મેમસા’બ, આ લોકોને કશુંક આપવા હું આવીશ હો. પછી મેં તો આ મે’તરાણીઓની ને વોર્ડ-બોયની ધૂળ કાઢી નાખી. અને એ તો મેં જ લાવીને એમને ચાર-ચાર આના આપી દીધા.”

સુશીલાનાં ભાભુ થોડે દુર ઊભાં ઊભાં શાંત ભાવે આ નર્સના શબ્દસપાટા સાંભળી રહ્યાં હતાં. એને તો એ સાંભળતાં સાંભળતાં એવું લાગતું હતું કે જાણે કોઈ નટવી ઊંચા નટ-દોર ઉપર રૂમઝૂમ પગલે નાચી રહી છે. એમણે ધીરે ધીરે પોતાના ગજવામાંથી પાંચ રૂપિયા કાઢ્યા અને કહ્યું: “સુશીલા, આ લે તો.”

“યે કોન હૈં?” લીનાએ પૂછ્યું.

“મારાં મા છે.”

“ઓહ, ટુ હેવ સચ એ બ્યૂટિફુલ મધર! વ્હોટ એ ગોલ્ડન લક! (આવી રૂપાળી મા હોવી એ તો કેવું સૌભાગ્ય!)” એમ બોલતી લીના એમની પાસે ગઈ.

“એમને આપ, બેન, કે મે’તરાણી વગેરેને તેમ જ ધર્માદામાં સુખલાલની વતી આપી દે,” ભાભુએ કહ્યું.

“નેઇ, નેઇ,” સમજેલી લીના પોકારી ઊઠી, “તુમ કાયકો? મૈને દિયા હૈ.”

“નહીં, લ્યો ને લ્યો જ,” સુશીલાએ લીનાનો હાથ ઝાલ્યો. “લેના જ પડેગા. અમારા બી ઉસમેં-ઉસકો-ઉસ-” સુશીલા ગોટવાઈ ગઈ. એને શું કહેવું હતું? કાંઈક એવું કહેવું હતું શું, કે જે કહેવા જતાં જીભ કદી જ સીધી ચાલી નથી! શું કહેવું હતું? ‘ઉસમેં’ એટલે કે સુખલાલમાં એને શો રસ હતો? સુખલાલના આરામમાં એને કયો આનંદ હતો? ગરીબો પ્રત્યેના એ ભાવમાં શું સુખલાલ પ્રત્યેના ભાવનું આવિષ્કરણ હતું?

“નેઇ, નેઈ, નો, બિલકુલ નો,” એમ કરતી લીનાએ કહ્યું,

"અમારા ભી ઉસ પર 'ફીલિંગ' થા, ફીલિંગ —ફીલિંગ—તુમ ઉસકો ક્યા કહતે હો, હેં? ફી... લિંગ!"

'ફીલિંગ' શબ્દનો અર્થ લીના ન કરી શકી. ત્યાં તો અંદરથી અવાજ પડ્યો: "લીના, જલદી આવ, તારા નવા 'સ્માર્ટી' પધારે છે, જલદી ચાર્જ લઈ લે."

રૂપિયા પાંચ એના હાથમાં મુકાતા હતા તે ન પકડતાં લીના અંદર દોડી. જ્યોર્જ છાપનાં પાંચ ચાંદી-ચગદાં ઠણણણ કરતા નીચે પડી દડવા લાગ્યાં, એને વીણવા નમેલી સુશીલાની આસપાસ દરવાન, વોર્ડ-બોય, મહેતરાણીઓ વગેરે દોડ્યાં આવ્યાં, એ દરેકને સુશીલા આપવા લાગી. અને બીજી બાજુ 'સ્માર્ટી' શબ્દના શ્રવણથી ઘડીભર એક સુખદ ફાળ ખાતી સુશીલાએ અંદર જોયું. એક ચીતરી ચડે તેવા વૃકોદર અને દુર્ગંધ મારતા દર્દીને લીના બાથમાં લઈ સુવાડતી હતી તે દેખીને સુશીલા ભાગી, અને કહ્યું: "ભાભુ, ચાલો, આંહીં તો કોઈને ખબર નથી."

"એક મિનિટ સબૂર!" બહાર આવેલી લીનાનો સ્વર આવ્યો: "મને માફ કરજો, મેં તમને તે દિવસે એની સાથે બોલવા જ નહોતું દીધું. મને એના પર કંઈક ફીલિંગ...ફીલિંગ..." કરતી એ પાછી પેસી ગઈ. એની પીઠ પર પણ જાણે કોઈ પ્રચંડ આવેગ છલકતો હતો.

"ક્યાં ગયા હશે? દેશમાં તો નહીં ચાલ્યા ગયા હોય? બચ્ચાડા જીવ એમ જ કાં ઊપડી ગયા? નરસ બચ્ચાડી જીવ દયાળુ લાગી. એટલી બધી તે શી ઊલટથી વાતો કરતી'તી? ઢેલ દાણા ચણે

એમ એ તો વેણ બોલતી'તી. વિચાર કરવાય થોભવું નો'તું પડતું. તને એ ખંભે ને માથે અડતી'તી, ત્યારે તો મને કાંઈનું કાંઈ થઈ જાતું'તું."

ચાલતી મોટરે ભાભુના આવા બોલ ઝીલતી સુશીલાના મનમાં, માળામાં માદા પંખી પેસી જાય તેમ, મૌન પેસી ગયું હતું. માળામાં લપાયેલી માદાને કાને નમતી સંધ્યાની તરુ-ડાળે પેસીને ગાતા નર પક્ષીની કવિતા જે રીતે સરતી હોય તેવી જ રીતે સુશીલાના અંતર પર સુખલાલની યાદ સરતી હતી.

# ૧૨. ખુશાલભાઈની ખોપરી

હનુમાન ગલીના એક અંધારખૂણિયા મહોલ્લાની ચારેક સીડીનાં પગથિયાં તે વખતે હજુ પૂરાં જંપ્યાં નહોતાં. એ પગથિયાં પર સુખલાલને બબે કાઠિયાવાડી વણિક જુવાનોની જોડલી આંકડા ભીડેલ હાથ પર બેસારીને ઊંચકી ગઈ હતી. એ જુવાનોની અક્કેક જુદી ઓરડીઓ ચોથા માળ પર હતી; પણ તાબડતોબ એક ઓરડીમાંના એક જુવાને પોતાના કુટુંબને ફેરવી લઈ બીજા જુવાનની જોડે રહેવાનું રાખી દીધું. સુખલાલને માટે એક ઓરડી અલાયદી બની જતાં વાર ન લાગી. સામાન ફેરવતા ફેરવતા એ બે-ત્રણ જુવાનો સુખલાલના બાપા પર તરપીટ પાડી રહ્યા હતા:

“તમે તો ફુઆ, આદમી કે ચીભડું! છોકરો આંહીં આવેલ છે એ ખબર તો ન આપ્યા, પણ આંહીં ઘોડાગાડી લાવીને ઊભી રાખો છો ત્યાં સુધી કાંઈ ખબર જ પડવા દેતા નથી! તમે તો માણસ કે ચીભડું!”

“આ તે મુંબઈ છે કે મસાણ? હેં કાકા! સગાંવહાલાં શું બધાં

મરી ગયાં'તાં એમ માન્યું?" બીજાએ ટ્રંક ઉપાડતે ઉપાડતે શ્વાસભેર ટોંણો માર્યો.

"હવે મામાની ટાલ કાં પાડો? એલા, પંખો લાવ, સુખાને પવન નાખ," એક ત્રીજાએ પાસે બેસીને કહ્યું.

ઉપરાઉપરી બે ગાદલાં બિછાવીને કરેલી પથારીમાં સુખલાલને સુવાર્યો હતો. એ કહે કે "મને કાંઈ નથી. મારે બેસવું છે."

"ના," એના પિતાને ફુઆ કહેનારે કહ્યું, "નહીં બેસવા દેવાય. ડોકટરની રજા લઈ આવ્ય." કહેનારનું નામ ખુશાલ.

"હા બેટા," બાપે કહ્યું, "નરસે ના પાડી છે."

"આંહીં પણ નર્સ-નર્સ!" સુખલાલે સ્મિત કરતે કરતે કહ્યું: "ત્યાં તો કડપ રાખતી, પણ આંહીંયે સુખે રહેવા નથી દેતી! બાપાને પાર વિનાની ભલામણો કરી દીધી છે, કોણ જાણે ક્યારે મારો છુટકારો થાશે!"

"પણ તારે હવે છુટકારો કરાવીને જવું છે ક્યાં? તારા સસરાને ત્યાં ને?" એમ બોલીને મામાના દીકરા ખુશાલે બીજા જુવાનો પ્રત્યે મિચકારો કર્યો.

સુખલાલના મોં પર એ મશ્કરીની ભાત ભડકામણી ઊઠી.

સાંજ પડતી ગઈ તેમ તેમ તો માળાના જુવાન નિવાસીઓ તેમ જ શહેરમાં જુદે જુદે ઠેકાણે વસતા થોરવાડ ગામની આસપાસનાં સગાંઓ ધબાધબ દાદર ચડતાં આવ્યાં. તેમના હાથમાં જાડા જાડા હાથાવાળી હરણછાપ છત્રીઓ હતી. છત્રીઓને પૂંછડે દેવરાવેલ નવાં થીગડાં આગલી સાલના મૂળ પરમેટા સાથે જુદી

ભાત્યો પાડતાં હતાં. દાદરનાં પગથિયાં છેક છેલ્લી સીડીએથી ખબર દેતાં હતાં કે આ બધા બૂટ-જોડા મુંબઈની બનાવટના નથી, પણ અમરેલી, જેતપુર, જૂનાગઢ, રાજકોટ વગેરે સ્થળોનાં ખમીરધારીઓ છે. તેઓ આવતા ગયા, સાંકડી એવી ચાલીમાં ગોઠવીને હારબંધ પગરખાં ઉતારતા ગયાં. છત્રીઓ તેઓએ ધોતિયાં સૂકવવાને વાંસડે ટાંગી. તેમાંથી મુંબઈના ગાંડા વરસાદનાં પાણીની નળ જેવડી ધારો થતી હતી. અને ઓરડી તો 'કાં દાદા!' 'કાં અદા!' 'ઓહો બાપા!' વગેરે શબ્દોથી ફાટ ફાટ થઈ રહી. એક પછી એક તમામ આવી આવીને સુખલાલના પિતાને ભેટી ભેટી, અથવા ખોળે હાથ નાખી મળ્યા અને સુખલાલ તરફ જોઈ બૂમાબૂમ કરી ઊઠ્યા: "કાં ભાઈ, શાવકાર સસરાના નસીબદાર જમાઈરાજ, કેટલી કેટલી વાર તને પેઢી માથે ટેલિફોન કર્યાં, કેટલી વાર ચાહીને મળવા તારા સસરાની પેઢી માથે નીકળ્યા, પણ તારો તો નસીબદારનો પતો જ નહીં! શું સાસુની પાસેથી છાનાંછાનાં બેંકનાં નાણાંની ચોપડિયું સંભાળવામાં પડી ગ્યો' તો? કે..."

"કે પછી શું સસરાની સિંગાપુરની પેઢી માથે મૅનેજર બનીને ઊપડવા સામાન પૅક કરતો'તો?" બીજાએ કહ્યું.

સુખલાલ એ સૌ મહેણાં મારનારાઓને જવાબ આપવાની સ્થિતિમાં હતો. ઊભા થવા પ્રયત્ન કરતો હતો. ત્યાં તો બાપા બોલી ઊઠતા:

"બેટા, નરસે ના કહી છે; પછે તો જેવી તારી મરજી."

ઓરડીના માલિક જુવાન ખુશાલભાઈએ આ શબ્દઝડી

વરસાવનારા સંબંધીઓને બહાર છાનામાના બોલાવીને કહી દીધું: "એના સસરાવાળી વાતનો ઈશારોય કરતા નહીં. એને સૌ ભેગા મળી બીજી ગમ્મત કરાવો, ટુચકા કહી હસાવો, ગંજીપે રમાડો."

"કાં?"

"પછી કહીશ."

એટલી ટકોર સાથે જ વાતાવરણ બદલી ગયું. ગંજીપા નીકળી પડ્યા. હનુમાન ગલીના એ મહોલ્લાને ચોથે દાદરે મળેલા પંદર-વીસ જુવાનો ને આધેડો પૈકીના ઘણાખરા જ્યારે મુંબઈ આવવા માટે દેશમાંથી નીકળેલા હતા, ત્યારે રેલભાડાના પૈસા ઉછીના લેવા પડેલા. તેઓએ મુંબઈ ઉપર મીટ માંડી, કેમ કે ભણતર તેમનાં અટકી પડેલાં. ભણતર અટક્યાં તેનું કારણ બુદ્ધિનો અભાવ નહીં, પણ માસિક રૂપિયા-બે-રૂપિયા ફીનો અભાવ હતો. કોઈની મા વિધવા બની વરસ વરસના ખૂણામાં પુરાઈ હતી. કોઈના બાપને જુવાન દીકરી ઓચિંતી રાંડતાં કાં વિચારવાયુ થઈ ગયું હતું. કોઈના માવતરને બેઉને થોડે થોડે આંતરે કાં મરકી, કોલેરા ને કાં મૅનેન્જાઈટિસના સપાટા, સમળી જેમ ચાંચને ઝપાટે ચકલીના પોટાને ઉપાડે તેમ, આકાશે ઉપાડી ગયા હતા.

કોઈ પરણી ચૂક્યો હતો; કોઈ પાંચેક વર્ષની નોકરીમાંથી ટીપું ટીપું બચાવી પરણવાની વાટાઘાટ ચલાવી રહ્યો હતો; કોઈ હજુ પરણાવવા બાબતની મશ્કરીનું જ પાત્ર બનીને મીઠાશ માણી

રહ્યો હતો; કોઈ પરણેલી સ્ત્રીને તેડાવવા માટે માળે માળે ઓરડી શોધતો આથડતો આથડતો નાકે દમ આવી ગયાનું કહેતો હતો.

આવેલાઓમાંના એક દાકતર હતા, ને એમના આગમન વખતે બધાએ એકસામટા તાજુબીનો 'ઓહોહો આપ!' એવો ઉદ્‌ગાર કાઢ્યો હતો. એ દાકતર જુવાન બેઠો ત્યાં સુધી હાસ્યવિનોદ અટકી રહ્યાં હતાં. ફક્ત એ ઓરડીના માલેક ખુશાલચંદે સુખલાલના પિતાને ફોડ પાડ્યો કે "કાં ફુઆ, આ ભાઈને ઓળખ્યા, આ દાકતર સાહેબને?"

"કોણ?"

"આંબલા ગામવાળા નેણશી દોશીના ચિરંજીવી ગુલાબચંદ."

"હા, ઓહો! ભાઈ ગુલાબ! ઓળખાણો જ નહીં. દાકતર ક્યારે થઈ ગયા, ભાઈ? હજી હમણાં લગી તો કટલેરીની દુકાને હતા ને?"

"સ્પેશિયાલિસ્ટ છે."

"શેના?"

"બાઈયુંના."

"બાઈયુંના? એમ!"

"એટલે કે સુવાવડ કેમ વધારવી, કેમ ઘટાડવી, દીકરો કેમ મેળવી શકાય ને દીકરી કેમ જણી શકાય, તેના મોટા જાણકાર છે. ઠેઠ જર્મની-અમેરિકાથી કાગળિયાં મંગાવે છે. ખાનગી સલાહો બહુ આપે છે. પોતે ડોકટર છે."

"પરીક્ષા આપી હશે."

"ના જર્મનીથી ડિગ્રી ટપાલમાં આવી છે."

"ઠીક ભાઈ! સારી વાત. સુખી થાવ!" સુખલાલના પિતાએ ભોળાભાવે સાંભળી લીધું. એને જાણ નહોતી કે એકઠા થયેલા વીશેય જણા ચુપચાપ થઈ જઈને આંખો આડી કાં ચોપડી, કાં છાપું, કાં પંખો ને કાં પોતાની ટોપી રાખીને બેઠેલ છે. ખુશાલભાઈ હવે આગળ કાંઈક વધુ ઓળખાણ આપવાનો જ છે, એ વાટ જોઈ સૌ તલપી રહ્યા હતા. ડોકટર તરીકે ઓળખાવેલા યુવાને ઊઠવા ઉતાવળ બતાવી, એટલે ખુશાલચંદે કહ્યું: "સુખાનું શરીર તો તપાસતા જાવ!" ને પછી સુખલાલના પિતા તરફ ફરીને કહ્યું:

"ફુઆ, કાંઈ સારું ઠેકાણું છે ધ્યાનમાં?"

"શેનું?"

"કોઈ રાજકોટ, જેતપુર કે જામનગરની કન્યા. છ-સાત ચોપડી અંગ્રેજી ભણેલી હોવી જોઈએ. રૂપાળી ગોરી મઢમ જેવી જોવે. સાડીને પિન ભરાવતી હોવી જોઈએ. પોલકાની બાંય ખંભાથી હેઠી હોય તો નહીં ચાલે. મહેમાનોની જોડે બેસીને આજે ક્યું સિનેમા-પિકચર સારું છે તે કહી શકે એવી."

એ અવાજમાં વિનોદનો રણકાર હતો અને કરવતનો કરડાટ હતો. દાકતર જુવાન 'હવે ભઈ, બસ!' કહેતા કહેતા પોતાની તમામ છટા સાથે સુખલાલની આંખો ફરતાં કાળાં કૂંડાળાં, જીભ, નખની ઝાંખપ વગેરે ખુરશી પર બેઠા બેઠા જોતા હતા, કેમ કે તેણે પાટલૂન પહેર્યું હતું.

"કોના માટે કન્યાનું પૂછો છો, ભાઈ?" પરોણાએ પૂછ્યું.

"અમારે આ દાકતર માટે."

"એમ કેમ? એનું લગન તો આપણા દલીચંદને ઘેર થયું છે ને?"

"થયું છે, પણ..."

"હવે ભઈ, રે'વા દો ને," દાકતર જુવાન આટલું કહેવા કરતાં વધુ ગુસ્સો ન કરી શકે એવું આ ઓરડીના માલિક ખુશાલનું વ્યક્તિત્વ હતું.

વીશે જણાને વાતાવરણ ફાટફાટ થતું લાગ્યું. ફુઆના પ્રશ્નનો ભત્રીજાએ જવાબ દીધો:

"એ બાઈ તો ભણેલાં નથી તેમ રૂપાળાં કે ડાહ્યાં નથી, એવી આ અમારા દાકતરને હમણાં ઓચિંતી દસ વરસે ખબર પડી, એટલે એને આ નવો વિચાર કરવો પડ્યો છે. કટલેરીની દુકાને હતા ત્યાં સુધી તો કશી ખામી ન દેખાઈ. હોય! આપણી બુદ્ધિ જેમ જેમ આગળ વધે, ટાંટિયા ઢરડતાં ઢરડતાં ઘરની મોટર જેમ આપણે વસાવી શકીએ, તેમ તેમ જ ખામીઓ સૂઝે ને! જાગ્યા ત્યાંથી સવાર. કેમ, નહીં —ફુઆ?"

આ દાકતર જુવાને દસ વર્ષના પરણેતર પછી પત્નીને અભણ-અબુધ કહી પિયર વળાવી હતી.

સુખલાલના પિતા ચૂપ રહ્યા. વીશે જણા ઊંધું ઘાલીને હસવું દબાવવાનું સામટું જોર કરતા હતા. દાકતર જુવાન પોતાની આ માર્મિક પટકી પાડનાર પોતાના થોડા દૂરના વડીલ સંબંધી તરફ કાંઈક તોછડી, કાંઈક દયામણી ને કાંઈક હસતી દૃષ્ટિએ જોઈ રહ્યો. સામો શબ્દોચ્ચાર કરવાની એની હિંમત નહોતી, કેમ કે દિવસભર વાસણોનો સૂંડલો મજૂર માથે મુકાવીને મહોલ્લે

મહોલ્લે ફેરી કરનાર આ ખુશાલભાઈ સાંજ પડ્યા પછી પોતાના પ્રદેશના તમામ કાઠિયાવાડી ભાઈઓની સંભાળે જનારો હતો; કલકત્તા, મદ્રાસ વગેરે બાજુ જનારા દેશી ભાઈઓનો એ મુંબઈ ખાતેનો વિસામો હતો. સામાન પેક કરાવીને નીચે ઉતારવાથી લઈ સ્ટેશને લગેજ કરાવવા સુધીનો એ સર્વ મહેમાનોનો માર્ગદર્શક હતો. ટ્રેનોની ચિકાર ગિરદી વચ્ચે બે હાથ પહોળા કરી, મારી તેમ જ માર ખાઈ, લોહીલોહાણ થવું પડે તોપણ થઈ, સ્નેહીઓ-સંબંધીઓને સૂવા જેટલી જગ્યા મેળવી દેનાર એ 'ગુંડાકા બાપ' તરીકે પ્રખ્યાત હતો. એની કેળવણી, એના સંસ્કાર, એની તોછડાઈ ને એની રખાવટ ન્યારાં જ હતાં.

દાક્તર જુવાન જવા ઊભા થયા.

"જવાય છે, જવાય છે હવે, મારા ભાઈ!" કહી એણે દાક્તરને પોતાની બાથમાં લઈ પાછો બેસાર્યો. તરત જ ચાના પ્યાલા, ખાજલી ને ભજિયાંની થાળીઓ બાજુની ઓરડીમાંથી ત્યાં હાજર થયાં. દાક્તરને એણે સારામાં સારો કપ લઈને પીરસ્યો. તે પછી એકાદ કલાક ગુજર્યો, પણ દાક્તરના ગૃહસંસારની કઠણાઈ પર ન એણે પોતે શબ્દ ઉચ્ચાર્યો કે ન વીશમાંથી એકેએ કોઈયે અદબ ઉથાપી.

રાતે સૌ વીખરાયા ત્યારે પ્રત્યેક જુવાનને રજા આપતાં આપતાં ખુશાલે જુદા જુદા પ્રશ્નો કર્યા:

"કાં ઓતાભાઈ, નોકરી ફાવે છે ને? શેઠને કાંઈ કહેવું હોય તો કહું."

"કાં ટપુભાઈ, વહુને કેમ છે હવે? દાકતર દેશમુખની પાસે લઈ જવાં છે? હું તજવીજ કરું."

"કાં ભના, ખબરદાર જો વહુની સુવાવડ આંહીં કરાવી છે તો. મોકલી દે ઝટ એને પિયર. આંહીંની ઈસ્પિતાલોમાં તારા-મારા જેવાનું કામ નહીં."

"આવજે, ભાઈ લઘરા, માને ખરચી બરાબર મોકલછ ને ભાઈ? ડોશીને પારકી ઓશિયાળ ભોગવવા ન દેતો, હો બાપા!"

"કાં મોના, તારી બેનનું પછી શું ઠર્યું? બાલાપરવાળો તારાચંદ બહુ લાયક છોકરો છે, ભાઈ! પછી તો તારે એલએલ. બી. —છોલેલ બી ગોતવા હોય તો આ પડી મુંબઈ! માંડ્ય બોરડિંગુંમાં આંટા મારવા. ભલે ખાટે બાપડી ટ્રામ કંપની."

"ઓધવજી, ઓલ્યા ઓટીવાળ ધીરુને કોક સમજાવો, નીકર હું એને જુગાર ખેલતો પકડાવીશ. આપણું કાઠિયાવાડીઓનું નામ ચોરી, જુગારી કે લબાડી એ ત્રણ વાતે જો કોઈ બગાડશે, તો હું એના હોશ ખાટા કરી નાખીશ. કહી દઉં છું ભાઈ, બીજું તમે પાલવે તે કરો."

એક પછી એક સૌને વિદાય દીધી. પોતે સુખલાલને પંખો નાખવા બેઠો. સુખલાલ જંપ્યો, પછી એણે કહ્યું: "હાલો ફુઆ, દરિયે આંટો દઈ આવીએ. આંહીં બે જણાને બેસારું છું. ફિકર નથી."

બહાર લઈ જઈ મરીનલાઈનના દરિયાકાંઠે સૌ પહેલું તો ચંપીવાળો બોલાવી ફુઆને શરીરે ચંપી કરાવી દીધી. પોતાની સગી પત્ની પાસે પણ કદી શરીર ન દબાવનાર આ ગ્રામ્ય

આદમી શરૂમાં તો ખૂબ શરમાયો. પણ ખુશાલે કહ્યું: “ફુઆ, ચોપાટીની વેળુમાં હાલો દેખાડું. મુંબઈ કોઈની સગી નથી થાતી. આંહીંની હવા તો માણસને ચુડેલની જેમ માલીપાથી શોષે છે, તૂટતા સાંધાવાળો આદમી ચાર પૈસે પાછો ટટ્ટાર થઈને કામે લાગે છે. નીકર મરે ભૂખે, ફુઆ. હાડકચર તો આંહીં હાલતાં ને ચાલતાં થઈ આવે. ઓલ્યા બચારા વનેચંદ અદા, આંહીં હતા તે ઓરડી વાસીને પોતે પોતાના જ પગ કચરતા. આ મુંબઈ તો મસાણના મામલા છે, ફુઆ!”

પછી ફુઆને ‘બૅકબે’ની દીવાલ પર બેસારીને વાત સાંકળવી શરૂ કરી: “સુખલાલને એને સાસરે ઠીક ન પડતું હોય તો મારા કામમાં ભલે ને રે’તો.”

“દેશમાં જ લઈ જવો છે. પણ એણે જીદ લીધી છે કે, જીવીશ તો આંહીં, ને મરીશ તોય આંહીં. આંહીંનું એને પાણી લાગેલ છે.”

“પાણી લાગેલ છે! હેં-હેં-હેં!” ખુશાલચંદ હસી પડ્યો, “પાણી નથી લાગતું, ફુઆ, ચિંતાની ચુડેલ લાગેલ છે. અને ફુઆ, સાસરામાં માણસ પોતાની મૂંઝવણો કહી ન શકે—ભલે ને પછી સાસરિયાં ગમે તેટલી સાચવણ રાખતાં હોય.” ઠાવકા સ્વરે ખુશાલે કહ્યું.

“સાચવણ તો રાખે જ છે. ખાનદાન ખોરડું છે. પણ ભાઈ ખુશાલ, માળું મને કોણ જાણે કેમ આ બધું મેળ બહાર જાતું લાગે છે.”

“શેનો મેળ?”

"મેળ એટલે આપણો ને વેવાઈનો; એનો ચડતો દી, આપણો નમતો દી; એનું છોકરું ક્યાં! ક્યાં આપણું! હેં ખુશાલ, આ કમેળનો મોહ રાખવો ઠીક છે? તારું શું ધ્યાન પડે છે?"

સુખલાલનો પિતા શાંત રહ્યો. ખુશાલચંદે કહ્યું: "જુવો, દુનિયામાં કન્યાનો કાંઈ દુકાળ નથી. દીકરી જણવાનો ઈજારો એકલી એની બાયડીને જ ઈશ્વરે નથી દીધો. ઈ સંતોકડી જેવી જ સારી છોકરીયું આપણાં ગામડાંમાં પાકે છે. ને સંતોકડી તો હજી ગઈકાલ સુધી થોરવાડના ઉકરડા માથે જ રખડતી'તી ને? એનું કંઈ નથી. બાકી ધાક-ધમકીની બીકે કન્યા મેલી દેવી, એ આપણા મિજાજમાં તો નથી ઊતરતું, ફુઆ!"

"શું કરીએ, ભાઈ?"

"શું કરીએ? અરે ફુઆ, કહું છું કે એની સાત પેઢીના ધૂંવાડા કાઢી નાખીએ. એ દીકરો શું સગપણ તોડશે—ને તરકટ કરીને તોડશે? માણસ જેવા માણસને કાયમને માટે દુનિયાનો નપાવટ ઠરાવીને તોડશે? તો તો એની ખોપરી ન તોડી નાખીએ, ફુઆ!"

"આપણું શું ગજું?"

"જોવો છે ચમત્કાર, હેં ફુઆ?"

"ના રે બાપા! આપણે ગરીબ માણસ: ભૂંડા લાગીએ ને પાછા દુ:ખી થઈ જઈએ. વળી એ બાપડી પશુડીને બળજબરાઈએ ઘેર લાવીને પછી એના હૈયાના નિસાપા લેવા, એના મનનો મેળ ન મળે..."

"હા, એ વાત મુદ્દાની કરી. એ જૂના જમાનાનો તો હુંય નથી; ચોટલે ઝાલીને ઢસરડી લાવવામાં કુળલાજ કહેવાય એ તો મનેય

કબૂલ નથી. માટે પહેલું તો આ કન્યાની, સંતોકડીની, શી મરજી છે તે જાણવું."

સંતોક બદલીને સુશીલા નામ પડેલું તેની ખુશાલને ખબર છતાં, એ જાણીબૂઝીને જૂનું નામ વાપરતો હતો.

"એમાં જાણવા જેવું શું હોય? સાંભળ્યું છે કે બાળકી સારી છે; પણ આપણા ખોરડામાં આવીને રે'વાનું તો એને થોડું જ મન થાય?"

"તો મેલીએ તડકે. પણ વેવાઈ માફીપત્ર લખી આપે તો જ મેલીએ. વેવાઈ જો દબાવે તો તો ભાંગીએ માથું."

# ૧૩. કામે લાગી જા!

મોડી રાતે ખુશાલભાઈ અને સુખલાલના પિતા પાછા ફર્યા. માળાના બારણા સુધી દેકારા બોલાવતી આવેલી ખુશાલની જીભ અને એના જાડા જેતપુરી બૂટ પહેલા દાદર પરથી જ ચૂપ બન્યાં. ઘસઘસાટ સૂનારો એ પોતે બીજાઓની નીંદ પ્રત્યે પણ ઘણો જતનવાન હતો. દાદર પછી દાદર વટાવતા ગયા, નસકોરાંની નવનવી બંસીઓ સંભળાતી ગઈ, અને કેટલીએક ઓરડીઓમાં મુંબઈની બાફ જેમનાં બિછાનાંનો શેક કરી રહી હતી, તેઓનો પાસાં ફેરવવાનો અને કાગળનાં પૂઠાં વડે વીંજણો ખાવાનો પણ સંચાર સંભળાતો હતો. કાપડ-માર્કિટની પીઠમાં હારબંધ ઊભેલાં પેશાબખાનાં આ બફાયેલી હવા ઉપર પોતાની બદબોનો બોજ લાદી રહ્યાં હતાં. વાયુની પીઠ જાણે કે એ દુર્ગંધની ગાંસડીઓ હેઠળ ભાંગી પડી હતી.

ચોથા માળ પરની હવા એ પેશાબખાનાના પંજામાંથી જાણે મુશ્કેલીથી છટકીને છુપાઈ રહી હતી. ધરતી પરની એ બદબોના ફૂંફાડાએ ખુશાલની ઓરડીને પણ છેક જ કોરી નહોતી છોડી

દીધી. છતાં નસકોરાંના અવાજ બાતમી દેતા હતા કે સુખલાલ ગહેરી નીંદરમાં લપેટાઈ ગયો છે. એ નસકોરાંના નાદમાંથી ખુશાલે સુખલાલનાં ફેફસાંની સંપૂર્ણ તંદુરસ્તી ઉકેલી કહ્યું કે "ફુઆ, આને હવે નખમાંય રોગ નથી."

સવારે જાગેલા સુખલાલે પણ પહેલી વધાઈ એ દીધી કે થોરવાડથી આવ્યે છ મહિના થયા, એમાં આવી નીંદર પહેલી જ વાર મળી.

"થઈ જા ત્યારે તૈયાર, સુખા!" ખુશાલે કહ્યું.

"શેના માટે?"

"આપણી સાથે પિત્તળ-એલ્યુમિનિયમનાં ઠામડાંની ફેરી કરવા માટે. તારે પોસાય તો રોજના રોકડા રૂપિયા બે ઉપાડી લે, ને હિંમત હોય તો વેચાણ કરી લાવ તેને માથે કમિશન લઈ લે. તારે સાંજે ઘેર આવ્યા પછી કોઈના બાપની સાડીબાર નહીં. ઉપર પાછી લટકામાં આંહીંની જ ઊંઘ તારે રોજ લેવી. તારી ભાભી ગઈ છે સુવાવડ કરવા: બાર મહિના સુધી પાછી તેડાવે ઈ બેટ્ટા! ભાદરનાં પાણી પી કરીને, જે દી ભાદરની પાંચ હેલ્ય ખેંચવાના વાવડ આપશે તે દી પાછી મુંબઈમાં લાવવી છે."

"હું તૈયાર છું." રોજના રૂપિયા બેનું વેતન સાંભળી સુખલાલના કલેજાની રહીસહી નબળાઈ પણ જતી રહી.

"રોજની ત્રણ-ચાર ગાઉની ટાંટિયાતોડ થાશે, પણ ડરીશ નહીં તો એક જ મહિનામાં ધરતી તારા પગ હેઠળ ખમા ખમા કરવા માંડશે, હો સુખા!"

સુખલાલના પિતા બહાર રવેશમાં દાતણ કરતા હતા. તેમને

આ મશ્કરી ચાલતી લાગતી હતી. એ મોં ધોવા નળ ઉપર ગયા એટલે સુખલાલે ખુશાલભાઈનો હાથ ઝાલ્યો. પૂછ્યું: "સાચું જ કહો છો ને, ભાઈ?"

"તારી મશ્કરી હું ન કરું."

"તો મારા બાપાને કહેજો હો, મને કોઈ બહાને પાછો દેશમાં ન લઈ જાય." બોલતો બોલતો સુખલાલ જાણે કે પિતાના આગ્રહથી ને મરતી માતાની કલ્પનામૂર્તિની કાકલૂદીથી, નાની બહેનના નાના નાના કૂંણા હાથના આકર્ષણથી ને બીજી અનેક લાગણીઓથી ઘર તરફ ઘસડાઈ જવાની બીકે ખુશાલના હાથે બાઝી પડ્યો. એ ખડો થયો. એણે કહ્યું: "ખુશાલભાઈ, મને નખમાંય રોગ નથી. મારે સૂઈ નથી રહેવું. મને કોઈ રીતે તમારી સાથે લઈ જાવ."

એ ઊભેલી સ્થિતિમાં હતો, ત્યાં પિતા મોં ધોઈને આવ્યા. એણે ફાળ ખાઈને કહ્યું: "પણ તું ઊઠ્યો કાં, ભાઈ? આવી મૂરખાઈ કાં કર?"

"પણ મને કાંઈ નથી."

"તું ડાહ્યો? કે તારી નરસ ડાહી? તું સમજ કે એ સમજે? એણે શું તારે માથે દાઝ કે અદાવત રાખીને કહ્યું હશે મને, કે તુંને ઊઠવા જ ન દેવો?"

"તો હાલો એને મોઢે થાવા. હવે તો એના હાથમાંથી મારો છૂટકો કરાવો!"

સુખલાલના કંઠમાં કઈ જાતનો કચવાટ હતો? લીના પર દાઝ હતી? કે લીનાને ફરી એક વાર મળવાની છૂપી ઝંખના હતી?

ખુશાલે કહ્યું: "આ નરસ તે કોણ છે નવી નવાઈની? દાકતરો

કરતાં વધુ ડાહીલી કોણ નીકળી છે આ? હાલો, હું આવું એની પાસે. મને સમજી લેવા દ્યો, આવી ભડક વળગાડવામાં એને શો સવારથ છે.”

બાપાએ કહ્યું: “હાલો, મારેય ત્યાં આંટો જવું છે.” એને એનું વચન પાળવું હતું.

ત્રણે જણા ગાડી કરીને હોસ્પિટલ પર ગયા. લીના ત્યાં નહોતી. મહેતરાણીઓ અને વોર્ડ-બોય મળ્યા; ખબર મળ્યા કે લીનાબાઈને તાવ ચડ્યો છે, એ નોકરી પર હાજર નથી થઈ શક્યાં. દરવાને સુખલાલને આગલા દિવસના સમાચાર આપ્યા: કોઈ બે બાઈઓ મોટર લઈને તમારી ખબર કાઢવા આવી હતી; તમારો પત્તો માગતી હતી; એક બાઈ જુવાન ને શામળી હતી: જે અગાઉ એક વાર આવેલી, ને બીજી બાઈ મોટી ઉમ્મરની હતી : ગૌર વર્ણ હતો; આંહીં સૌને જબરદસ્તીથી રૂપિયા પાંચની બક્ષિસ વહેંચી ગઈ; લીનાબાઈએ રૂપિયા હાથમાં પણ ન ઝાલ્યા વગેરે વગેરે.

સુખલાલે અને પિતાએ પરસ્પર નજરો નોંધી. પિતા-પુત્રની શાંત આંખો વચ્ચે ઝૂલતા દોર પર બે સ્ત્રીઓ હીંચકા ખાઈ રહી હતી. સામસામા પૂછવાની જરૂર નહોતી; બંને સમજી ગયા કે કોણ હશે. એ સહેલી સમજણનું કારણ હતું. પુત્રના બિછાના પાસે રાતદિવસ બેસીને બાપે કેટલાએક પ્રશ્નો પૂછી લીધા હતા. તેના પુત્રે દીધેલા જવાબોમાં કોમળ ઝંકાર હતા. સુખલાલે જે ભાંગીતૂટી વાત કરી હતી, તેનાં ચોસલાં બંધબેસતાં કરીને બાપે અનુમાન બાંધ્યું હતું કે સુશીલા દવાખાને આવી ગઈ હતી;

સુશીલા વિશેની વધુ પૂછપરછ જ્યારે જ્યારે કરેલી ત્યારે ત્યારે બાપે પુત્રના શરમથી મૂંગા રહેલા ચહેરા પર પણ સળવળતી પ્રેમ-વાણી, આશાની ને ઉમેદોની વાણી, ભીની ભીની દિલસોજીની વાણી વાંચી હતી.

"ઈ વળી કોણ બે જણીયું મોટરવાળીયું?" ખુશાલની પણ બત્રીશી ખડ ખડ થઈ.

"નરસ બાઈને તો ત્યારે આજ નહીં જ મળાય ને?" પિતાએ દરવાનને પૂછ્યું. દરવાને અશક્યતા બતાવી.

"ફિકર નહીં, હાલો હાઉસ-સર્જન પાસે," કહીને ખુશાલે બેઉને ઉપાડ્યા. અનેક રોગીઓને વારંવાર મૂકવા-લેવા આવતો ખુશાલ અજાણ્યો નહોતો. હાઉસ-સર્જને એને કહ્યું: "આ ભાઈને કશું જ રોગનું ચિહ્ન નથી રહ્યું. એને છૂટથી કામ કરાવો."

"પણ નરસ...." સુખલાલના પિતાના એ શબ્દો સામે હાઉસ-સર્જને હસીને કહ્યું: "અમારી લીના ને? એને બિચારીને એવી ટેવ જ છે. એના કહેવા પર દોરવાશો નહીં. એ તો અમને સૌને પીટે છે."

પિતા હારેલા માણસ જેવો ખસિયાણો પડી ગયો. એણે છેલ્લું તરણું ઝાલ્યું: દાક્તરને પૂછ્યું, "એને હવાફેરની જરૂર તો ખરી ને?"

"એને જરૂર છે એક જ: મન મજામાં રહે એવા કોઈ કામે લગાડી દો."

પિતાનો વિશેષ પરાજય થયો. ખુશાલે, દાક્તરે અને

દીકરાએ ત્રણેએ પોતાનો ગંભીર ગુનો કર્યો હોય તેવા દુભાયેલા ચહેરે એણે દવાખાનું છોડ્યું.

# ૧૪. બંગલી પરની વાતો

“તમે ઘેર જાવ, હું હમણાં જરા બજારે જઈને આવું છું,” એમ કહી એ છૂટા પડ્યા. એ વખતે સુખલાલના પિતાનો હાથ એના ડગલાના ગજવામાં હતો. ત્યાં પડેલી એક નાની એવી ચીજ એને એક જરૂરી કામની યાદ આપતી હતી. એણે સુશીલાના ઘરનો રસ્તો લીધો.

ટ્રામો, બસો અને ગાડીઓના માર્ગમાં આ ગામડિયો અટવાતો, વિચારગ્રસ્ત બનતો, મોટરનાં ઘોઘરાં ભૂંગળાંથી ચમકતો, ટ્રામોની ઘંટડી પ્રત્યે છેલ્લી પળ સુધી બેધ્યાન રહીને તોબાહ બનેલા કન્ડક્ટરોની રોષ-ભ્રૂકુટિ વડે ભોંકાતો, “અરે તુમ ઈન્સાન હૈ કિ ગ...” એવો ઠપકો સાંભળીને મનમાં એ ઠપકાનો બાકી રહી જતો છેલ્લો અક્ષર ‘ધા’ પૂરો કરી લેતો, એ માર્ગ કાપતો હતો. પણ એને ખરેખરો ઓળખ્યો પાલનપુરી વિકટોરિયાવાળાએ! એ ચતુર લોકોએ પોતાની આગળ ચાલતા આ ગામડિયાની સૌથી આગળ પડતી એંધાણી પારખીને ટપાર્યો: “હટ, એઈ ખાસડિયા!”

સાચે જ સુખલાલના પિતાના પગમાં થોડી વાર ઓખાઈ જોડા પહેરાયેલા જેવા નહોતા લાગતા, પણ જુવાન પુત્રોની પાછળ ઘસડાતાં બુઢ્ઢાં માતપિતાની પેઠે પરાણે પરાણે ઘસડાયે જતા લાગતા હતા.

ગમે તેમ પણ ટ્રામનો એક આનો બચાવ્યાનો માનસિક ગર્વ અનુભવતો પિતા વેવાઈ-ઘરને દાદરે ચડ્યો. લિફ્ટ હતી, લિફ્ટવાળો પણ હતો. આવે ખાસડે લિફ્ટને બગાડવા જતાં ગામડિયાને શરમ આવી. દાદર એને અજાણ્યાને વધુ આત્મીય ભાસ્યો.

પહેલાં જ ખંડમાં રસોડા પાસે બે જણીઓ, ભાભુ ને ભત્રીજી, બેઠી બેઠી લીલા વટાણા ફોલતી હતી. તેમણે મહેમાનને જોયા ને ઓળખ્યા. સુશીલાએ સાડીનો છેડો આગળ કર્યો, પણ એ ઘૂમટો નહોતો; ફક્ત મોં ઢંકાય એવો એક બાજુનો પડદો કરીને એણે સાડી સરખી ગોઠવી. સાડીની કિનારમાં આલેખેલા મોરલા એના ગાલના ગલ જોતા જોતા ઝૂલી રહ્યા.

ભાભુએ ઊભાં થઈને આદર આપ્યો: “પધારો! પધારો, કાકા! આમ તે કાંઈ થતું હશે! બચાડા જીવ તમારા વેવાઈએ કેટલી વાર...”

એ શબ્દોમાં નરદમ જૂઠાણું હતું. એ જૂઠાણું ઘણાંય સત્યો કરતાં વધુ પવિત્ર હતું. એ જૂઠાણું પૂરું થયા પૂર્વે તો ભાભુએ ત્યાં પડેલા સોફા પરથી કપડાં ને કૂંચીઓ ઉપાડી લઈ વેવાઈને બેસાર્યા.

પેલું જૂઠાણું અરધેથી પડતું મૂકીને ભાભુએ ઝટ ઝટ કહ્યું:

"અમારે સુશીલા બચાડી જીવ કેટલી કોચવાયા જ કરે છે કે કેમ નહીં આવ્યા હોય એના સસરા? કેમ નહીં આવ્યા હોય? ક્યાં ગયા હશે?"

આટલું બોલાતું હતું તે દરમિયાન સુશીલા આસ્તેથી ઊઠીને બીજા ખંડમાં સરી ગઈ ને ત્યાં ઊભી ઊભી સાંભળી રહી.

સુખલાલના પિતાએ પાઘડી ઉતારીને ખોળામાં મૂકી, પસીનો લૂછતે લૂછતે ગોટા વાળ્યા: "અરે બેન, બધાં સગાં આવીને વળગી જ પડ્યાં ને! મને ઘણુંય થયું કે બીજું કાંઈ નહીં, પણ એક વાર આંટો જઈ આવું, ને આ તો પાછું આપી આવું."

એટલું કહેતે કહેતે છેક ઇસ્પિતાલથી ખીસામાં ને ખીસામાં રહેલો એનો જમણો હાથ ખીસામાંથી બહાર નીકળ્યો. એમાં મોતીજડિત બજરની દાબડી હતી—જે દાબડી તે રાત્રીએ સુશીલાએ સસરાને ઇસ્પિતાલે મોકલી હતી.

"ચાય તોય જોખમ કહેવાય ને, બાપા! સાચાં મોતી જડેલાં છે. શું કરું? ગૂંજામાં ને ગૂંજામાં રાખતો'તો." એમ કહેતે કહેતે એણે દાબડી પોતાના ખેસ વતી લૂછી કરીને નીચે ધરી દીધી.

"અરે, બચાડા જીવ!" ભાભુએ મરકતે મોંયે કહ્યું, "જો તો ખરી, બાઈ! કેવાં માણસ! ડાબલી પોંચાડવા જ આવ્યા—બાકી કાંઈ સંબંધ જ કેમ ન હોય જાણે!"

"ના એમ તે કાંઈ હોય? કહેતાં જીભ કપાય ને!"

"સુખલાલને કેમ છે? આંહીં કેટલી ચિંતા થાય! કાલ અમે ઈસ્પિતાલે ગયાં તે કેટલો ધ્રાસકો પડ્યો? સુશીલા તો સૂનમૂન

બની ગઈ. આમ તે કાંઈ હોતું હશે? માણસ ખરખબર તો આપે ને!"

"ના, પેઢી માથે ટેલિફોન તો જોડાવ્યો'તો; પણ મને કાંઈ બોલતાં આવડે નૈ, ને સામેનો બોલનાર મારું કાંઈ સમજે નૈ, એટલે પછી સામેથી કોઈકે સમજ્યા વગર કહ્યું કે, આવા લપલપિયા કેટલાક હાલ્યા આવો છો? માળું હું તો, વેવાણ, હસી હસીને ઢગલો થઈ ગયો. ટેલિફોનમાં માણસ સામા માણસને ઓળખ્યા-પારખ્યા વગર ગાળ્યુંય દઈ શકે! કહ્યું કે હવે નાહક ટેલિફોન ન બગાડ્યા કરવો; હું પંડ્યે જ જઈ આવીશ."

"પણ સુખલાલને કેમ છે?"

"તમારા પુન્ય પરતાપે પૂરો આરામ છે. હમણે જ ઈસ્પિતાલ જઈ આવ્યા. દાગતર તો કહે કે રોગ નામ નથી; પણ ઓલી એક નરસ હતી ને, ભાળ્યું, એણે અમને કોણ જાણે કેમ પણ છેવટ સુધી ભડકાવ્યે જ રાખ્યા!"

સુશીલાને એક તરફથી આ વાતો તરફ કાન માંડવાના હતા, બીજી બાજુ અગાશી પરની બંગલીમાં પણ સાંભળ્યા વગર ન રહી શકાય તેવી વાતો ચાલતી હતી. સુશીલાને ખબર નહોતી કે પોતે નાહવા બેઠી હતી તે દરમિયાન ગુપચુપ બિલ્લીપગલે એક માણસ પોતાના મોટા બાપુજીની પાસે પહોંચી ગયો હતો. એનો અવાજ પરખાયો. એ હતો વિજયચંદ્રનો મીઠો કંઠસ્વર.

સુશીલાના કાન એ બંગલી પરના વાર્તાલાપ તરફ વધુ એકાગ્ર બન્યા. મોટા બાપુજી કહેતા હતા (એના સ્વરોમાં કાકલૂદી હતી): "એટલી મારા ઉપર મહેરબાની કરો. ખુશીથી પાંચ વરસ

વિલાયત ભણો, પણ પે'લાં લગ્ન કરીને પછી. હું તમારો બોલેબોલ પાળું: સુશીલાને તમે બતાવો તે શાળામાં મોકલું, અંગ્રેજી ભણાવું; સંગીત શીખવું, તમે કહો તે રીતે તૈયાર કરું. પાંચ માસ્તરો રાખું."

જવાબમાં શબ્દો સંભળાયા: "તો હું એક વરસ રોકાઈને જાઉં. તે દરમિયાન એનો અભ્યાસ, એની તાલીમ વગેરે કેવીક ચાલે તે જોઉં. તે જોયા બાદ લગ્ન કરું." એ અવાજ વિજયચંદ્રનો હતો. એમાં તાલબદ્ધ, ધીરાં, છતાં સત્તાવાહી શબ્દ-કદમોની કૂચ હતી.

"પણ હું એમ કહું છું, કે તમે લગ્ન કર્યા પછી તમને ફાવે તેવો અભ્યાસ કરાવજો ને! મારી સુશીલા કાંઈ ભોટ થોડી છે! ગામડાનું ભોથું થોડું છે, કે એને એકેય ભણતર નહીં આવડે?"

"વીમો ખેડવા હું તૈયાર નથી. એક વરસનું રોકાણ થવાથી પણ મારે મારા સારામાં સારા ચાન્સ જતા કરવા પડશે."

"ચાન્સ જતા કરો છો એ હું જાણું છું, હું બેવકૂફ નથી. પણ મારે તો પછી બીજું કોણ છે? આ બધું તમે જ ચલાવજો ને! તમને હું જાપાન, અમેરિકા જ્યાં કહો ત્યાં જવાના ચાન્સ આપું. ચાન્સ તો મારા ગૂંજામાં જોઈએ તેટલા છે. માટે કોઈ રીતે માની જાવ. હું આઠ દિવસમાં લગન ઉકેલી દેવા તૈયાર છું."

"એમ તો કેમ બને? પૂરેપૂરી ચોકસી કર્યા વગર આજનો જુવાન તો કેમ જ ઝંપલાવી પડે!"

"પણ ચોકસી જે કરવી હોય તે હું કરાવી આપું; તમે એની ચાતુરી ને હુંશિયારી તો જુવો."

"એમ કરશો?" વિજયચંદ્રે એક નવો માર્ગ સૂચવ્યો, "મારાં એક મિત્રપત્ની છે, એમની પાસે બે'ક મહિના રહેવા આપશો? એની પરીક્ષામાં પાર ઊતરે તો હું વિચારું."

સુશીલાના હૃદય પર આ શબ્દો પડ્યા. તે પછી એ વધુ સાંભળી શકી નહીં. બંગલીના દાદર પાસે એ ઊભી હતી. બેસી જવા માગતા દેહને એણે દાદરનો ટેકો દીધો.

# ૧૫. ભાભુનું ગુપ્ત ક્રંદન

બંગલીનો વાર્તાલાપ વધુ સાંભળવાની હિંમત હારી જઈને સુશીલા ત્યાંથી સરી ગઈ. એના કાને ભાભુ અને સસરા વચ્ચેની વાતચીતના શબ્દો પડ્યા:

ભાભુ: થોડા દા'ડા એમને દેશનાં હવાપાણીમાં તેડી જાવ તો નહીં સારું?

સસરા: હું તો એને પગે પડું છું, પણ એ નથી માનતો. કહે છે કે મરવાનું હશે તોય મુંબઈમાં જ મરીશ; જીવવા સારુ દેશ નથી જોવો.

ભાભુ: મરે શા સારુ બચાડા જીવ? સો વરસના થાયની! આ તો એમ કે મુંબઈનાં હવાપાણી મોળાં ખરાં ને!

સસરા: એને તો એક જ ધૂન લાગી પડી છે, કે હું મુંબઈમાં રળી દેખાડીશ; હું ન રળી શક્યો એવી નામોશી લઈને દેશમાં મોં નહીં દેખાડું. હવે જુવોને ઈ મોટો નામોશીવાળો થયો છે, બેન! કોણ એને નામોશી દેવા બેઠું છે —હે-હે-હે!

એવા બોલને સુખલાલના પિતા મોકળા હાસ્યમાં ઘૂંટતા હતા,

તે જ વખતે બંગલી પરથી મોટા બાપુજી અને વિજયચંદ્ર નીચે ઊતર્યા. મોટા શેઠની પાછળ પાછળ સીડીનાં પગથિયાં ઊતરતા વિજયચંદ્રે ઊંચેથી જ ખંડમાં સુશીલાને લપાઈ ઊભેલી નિહાળી. નિહાળતાં જ એની કોકટી રંગની ટોપી એણે સિફતથી માથા પરથી ઉપાડી લઈ પેલો રેશમી રૂમાલ ગજવામાંથી બહાર ખેંચ્યો ને લાલ લાલ લલાટ લૂછીને જાણે કે સુશીલાને માટે એના તકદીરની આરસી તૈયાર કરી.

જ્યારે જ્યારે વિજયચંદ્ર આવતો ત્યારે એકાદ-બે વાર તો એને નિહાળી લેવાનો નિયમ રાખતી સુશીલા, તે દિવસના પ્રભાતે આ નિયમ તોડીને સડેડાટ બીજા ખંડમાં ચાલી ગઈ; એણે પછવાડે ભૂલભૂલથી પણ નજર ન નાખી. વિજયચંદ્રને આ વર્તન સ્વાભાવિક જ લાગ્યું. શરમિંદા બનવાનો સમય જાણે કે આવી પહોંચ્યો. લજ્જાની કળીઓ ફૂટવાની વસંત બેઠી. સામે ન મંડાતી મીટ જ્યારે ઝીણાં જાળિયાં, અધ-ઉઘાડાં બારણાં ને કમાડની તરડો ગોતવા લાગી પડે છે, એવી એક ઋતુ જાણે બેસી ગઈ. ક્યાંકથી પણ ચોક્કસ એ મને જોતી હશે. ક્યાંથી! ક્યાંથી! ક્યાંથી! વિજયચંદ્રે ઓરડામાંથી પરસાળ સુધી પહોંચવામાં બની શકે તેટલી વાર લગાડી, ખૂણાખાંચરામાં આંખોને દોટાદોટ કઢાવી. પણ સુશીલા ક્યાં ઊભીને દર્શનની ચોરી કરી રહી હશે, તેનું કોઈ અનુમાન થઈ શક્યું નહીં.

એને નીચે વળાવવા જતા મોટા શેઠને જોતાંવેંત સુખલાલના પિતા બેઠા હતા ત્યાંથી ઊભા થઈ ગયા, ને બે હાથ જોડી અપરાધીની માફક કરુણાળુ હાસ્ય કરતા ખડા રહ્યા.

"આવું છું," એટલું જ બોલીને શેઠ નીચે ચાલ્યા ગયા. તે પછી તો ઘણી વારે મોટરનો ઘરઘરાટ થયો. મોટર પર પણ વાર્તાલાપ ચાલુ રહ્યો હોવો જોઈએ. સુખલાલના પિતા ભાભુને પૂછતાં પૂછતાં જ અટકી ગયા કે, આ ભાઈ કોણ હતા? જે એક નવા ધારેલા જમાઈની વાત ખુશાલે કરી હતી, તે તો નહીં હોય? આવો દેખાવડો, આટલો ફાંકડો, આવા તેજ મારતા તાલકાવાળો આ જુવાન ક્યાં! ને ક્યાં મારો સુખલાલ!

ગામડિયા વાણિયાના મનના વિચાર બે માર્ગે ફંટાયા: એક વિચાર પોતાના દીકરાના પરાજયનો હતો: મારો સુખલાલ હવે તો નક્કી જ આ કન્યાને હારી ગયો. હવે એની શી ગણતરી હોય? આવો દેવના ચક્કર સરીખો જમાઈ જડતો હોય તો સુખલાલનો કોણ ભાવ પૂછે? વહુ આ જુવાનને જોયા પછી સુખલાલને શી વિસાતમાં રાખે? વહુ એક વાર ઇસ્પિતાલે આવી, તેથી મારો સુખલાલ મોટી આશા બાંધીને બેઠો છે. મારા દીકરાના મનમાં ખોટેખોટા હીંડોળા બંધાણા છે, એને આટલા કારણે જ મુંબઈ છોડવું નથી. એ ભરખાઈ જશે. એક દિવસ એ સાંભળશે કે વહુ તો બીજા જુવાનને પરણી બેઠી છે, ત્યારે એ ફાળ ખાઈને ફાટી પડશે. એને હું દેશમાં જ ઉપાડી જાઉં. એને મેં ક્યાંથી આંહીં મોકલ્યો? કાળના મોંમાં જ મેં એને ફગાવી દીધો!

બીજો વિચાર સુશીલાના સંસાર તરફ ફંટાયો. વહુ મારા સુખલાલ ભેગી સુખી થાય કે આજે હમણાં દીઠો તે જુવાન ભેગી? વહુનું મન સ્વાભાવિક જ કોના માથે મોહે? વહુ મારા દીકરાને ન ચાહી શકે તેમાં વહુનો શો વાંક? આવા જુવાનને કઈ કન્યા જતો

કરે? વહુના સુખની વાત વિચારવી જ રહી કેમ જાય છે? હું તો કહું છું કે, 'હે પ્રભુ—વહુને—સુશીલા વહુને—જ્યાં એનું મન માને ત્યાં —જ્યાં એનું મન સુખ સાંપડી શકે ત્યાં—'

આ વિચાર પૂર્ણવિરામ સુધી પહોંચતાં પહેલાં તો ટુકડેટુકડા થઈ ગયો. આ વિચાર કરવામાં તલવારની કાતિલ ધાર પર ડગલાં ભરવા જેટલું દુ:ખ હતું. આ વિચારની અસિ-ધારા પર હૈયું કદમે કદમે લોહી-લોહાણ બનતું હતું. મોં પરના હોશ માત્રને આ વિચાર શોષી રહ્યો હતો, ત્યાં જ મોટા શેઠ પાછા ઉપર આવ્યા.

"તમને દેશના લોકોને..." ઉપર આવતાંવેંત જ મોટા શેઠે દાઝેભર્યા બોલ દાંત ભીંસી ભીંસીને કાઢ્યા: "એક વાત બરાબર આવડે છે. સામા માણસનું નાક કેમ કાપી લેવું તે તમને દેશના વાણિયાઓને આવડે છે, એવું કોઈને નથી આવડતું."

"માફ કરો, શેઠ; હું ખરેખરો ગુનેગાર છું." સુખલાલના પિતાએ હાથ જોડીને વાત રોળીટોળી નાખવા પ્રયત્ન કર્યો.

એની પરવા જ કેમ જાણે ન કરતા હોય તેમ ઓરડામાં ચાલ્યા જતા શેઠને 'ગુનેગાર' શબ્દનો જાણે કે ટેકો મળ્યો. એ પાછા ફર્યા ને બોલ્યા:

"ગુનેગાર તો હું જ છું, હું —હું, સાડી સાત વાર હું તમારો ગુનેગાર છું, બાપા! હું તમારું ખાસડું મોંમાં લેવા લાયક છું. મેં કાંઈ જેવીતેવી કસૂર કરી છે! મેં મારી દીકરીને ગળે—"

"બોલો મા; મારા ગળાના સમ, શેઠ, કશું બોલો મા!" સુખલાલના પિતાએ એની પાસે જઈને પાઘડી ઉતારી: "મારાથી

પાછું આંહીં ન આવી શકાણું, મને મારાં સગાંઓ જોરાવરી કરીને ઉપાડી ગયાં. મેં ઘણુંય કહ્યું કે મને વેવાઈનો ડુંગર જેવડો ઠપકો મળશે, મારાથી બીજે ક્યાંય સુખલાલને લઈ જવાય નહીં…"

"અરે, તમારે પાલવે ત્યાં લઈ જાવ ને, બાપા!" મોટા શેઠ પાછા અંદર જતાં જતાં વરાળો કાઢવા લાગ્યા: "તમારે મુંબઈમાં આવીને મારું નાક કાપવું'તું, તે કાપી લીધું હોય તો હવે આ ગુનેગારનો છૂટકો કરો ને, માબાપ!"

એનો અવાજ દૂરના બેઠકના ઓરડામાં ચાલ્યો. તેની પાછળ પાછળ, 'માફી માગું છું, માફ કરો,' એમ રગતા રગતા સુખલાલના પિતા ચાલ્યા. ને આંહીં ભાભુના હાથમાં કારેલાં છોલવાની છરી થંભી ગઈ. ત્યાં અંદરની દીવાલે સુશીલાનું મન થડક થડક થઈ રહ્યું. ગાજતો સૂર આવતો હતો ફક્ત રસોડામાંથી. સુશીલાની બા રોટલીનો લોટ બાંધતાં બાંધતાં કાંડાંની તેમજ કલેજાની દાઝ એકસાથે કાઢતાં હતાં:

"એ જ લાગનો છે—એવાને તે ભાઈબાપા હોય? એવાને વળી 'આવો-બેસો' શાં? એવાની હારે વાતો કરતા બેસવામાં આપણી શોભા શી? આપણે જો આમ આટલાં બધાં ભોળાં થાશું તો સંસારમાં રે'વાશે કેમ? વેચીને આપણા દાળિયા જ કરી નાખશે ને આવા પી—"

'પીટ્યા' શબ્દ પોતાની બા પૂરો બોલી શકે તે પૂર્વે જ સુશીલા ઓરડામાં ધસી ગઈ; એણે અવાજ કર્યો: "પણ—બા!"

એ અવાજમાં ચિરાડિયાં હતાં. બાની સામે એ ઊભી રહી. એના ડોળા ફાટી રહ્યા. એના હોઠ ફફડતા હતા. એના આખા

ચહેરા પર જે ઉશ્કેરાટ પથરાયો તે ઉશ્કેરાટની તોલે તો તે દિવસની ઉજાણી વખતનો ઉશ્કેરાટ પણ ન આવી શકે.

"તમે —તમે—બા, આ—શું બોલો છો? ભાન છે કાંઈ?"

પોતાની જનેતા પ્રત્યેના સુશીલાના એ પહેલી જ વારના શબ્દઅંગારા હતા. બા હેબતાઈ ગઈ. દીકરીના એ શબ્દોમાં બાએ પોતાના ઉપર કોઈ કટક તૂટી પડતું હોય તેવા ધસારા સાંભળ્યા. જે દીકરીને કોઈ દિવસ ડારો દેવો નહોતો પડ્યો, જે દીકરીને માટે હંમેશાં 'ગાયના ઉપલા દાંત જેવી' ઉપમા બાએ વાપર્યા કરી હતી, તે દીકરીને પોતાના પર એકાએક ધસી આવતી દેખીને બાએ હેબત ખાઈ હેઠે જોયું.

"એણે —એણે તમારું શું બગાડ્યું છે?"

સુશીલાના મોંમાં આ ભાષા સાવ નવીન હતી. નવા અને અપરિચિત શબ્દો એના હોઠને જાણે કે બેહદ વજનદાર લાગતા હતા. એક વાક્ય પણ પૂરું કરવાની શક્તિ એ હોઠમાં રહી નહોતી. બાને જલદી કશોક ઉગાર જોતો હતો.

એ ઉગાર બાને જેઠાણીએ આપ્યો.

કેમ જાણે કારેલાંનું સમારેલું શાક જ મૂકવા રસોડામાં આવ્યાં હોય એટલી બધી સ્વાભાવિકતા ભાભુનાં પગલાંમાં ને ભાભુના ચહેરા પર હતી.

શાક મૂકતાં મૂકતાં ભાભુએ તદ્દન કુદરતી સ્વરે જ કહ્યું: "કારેલાં દઝવીને કરવાં'તાં, પણ હવે પોચાં જ રાખશું ને? વેવાઈને દાંતનું કાચું છે ખરું ને! બચાડા—"

એટલું બોલીને એણે પાછા જતે જતે સુશીલાને શાંતિથી કહ્યું:

"સાબુ કાઢી દે ને બેટા, આજ તો હું જ લૂગડાંને સાબુ પોતારી દઉં."

મા-દીકરી વચ્ચેનો કોઈ માઠો પ્રસંગ ઓલવવા આવી હોવાનો એણે દેખાવ ન કર્યો. દેરાણીને રખે ક્યાંઈક આભાસ સરખોય વહેમ ન પડી જાય કે, એની દીકરીને હું જેઠાણી ઊઠીને સગી જનેતા સામે બેઅદબીના સંસ્કાર શીખવું છું—એ હતો ભાભુનો તે ઘડીનો મહાપ્રયત્ન. ભાભુને તે દિવસે પહેલી જ વાર પોતાના ઘર ઉપર કોઈક એવી ભેદ પડાવણ હવા આવતી લાગી.

સુશીલા સાબુ કાપતી હતી. ભાભુ નાહવાની ઓરડીમાં બારણાં વચ્ચે સ્થિર થઈ ઊભાં હતાં. રસોડાના બબડાટ પર તો જાણે કોઈ મોટી દીવાલે ફસકી પડીને દટણ જ કરી નાખ્યું હતું. એ શાંતિમાં ચીરા પાડતા દમદમાટીના અવાજો ત્રણ-ત્રણ ઓરડાનાં બારણાં ઓળંગીને બેઠકમાં છૂટતા હતા. પોતાનો પતિ આ તે શું વેવાઈને મોંએથી જ ધમકાવે છે, કે તમાચા પણ લગાવી રહેલ છે, એવો એને વહેમ પડ્તો હતો; બીક લાગતી હતી. અંદર જઈને જોવામાં એને પોતાનો ધર્મ ન લાગ્યો.

એ કપડાંને સાબુ ઘસવા બેઠી ત્યારે સાબુ ઘસવાની ક્રિયામાં એક ગુપ્ત ક્રન્દન વહેતું હતું. એ ક્રન્દનને ઘરમાં એક સુશીલા સિવાય બીજાં આંખ કે કાન પારખી શકતાં નહીં. ભાભુને સુશીલાએ ભાગ્યે જ કોઈ દિવસ આંસુ પાડતાં કે ગમગીન ચહેરે બેસતાં દીઠેલાં. ભાભુના મોંમાંથી કચવાટ અથવા ફરિયાદ પણ કદી ટપકતાં નહોતાં. છતાં ભાભુના અદૃશ્ય રુદનની રીત સુશીલાને જાણીતી હતી. કપડાં પર ફરતા ભાભુના હાથની

ચૂડીઓમાં સોનાની ઝીણી બબે ઘૂઘરીઓ હતી. સુશીલાએ ભાભુનું રુદન એ ઘૂઘરીઓના રણકામાંથી પકડ્યું. પોતે પણ સામે કપડાં ચોળવા બેસી ગઈ.

# ૧૬. બોલ્યુંચાલ્યું માફ કરજો

નાહવાની ઓરડીમાં લૂગડાં ચોળતાં ચોળતાં સારી વાર થયે એકાએક મોટા બાપુજીના ખંડમાંથી એમના શબ્દો સંભળાયા: “બસ, બાપા! મારો ને તમારો બેયનો લોહીઉકાળો પૂરો થયો. બાકી તો આપણે ભાઈયું જ છીએ, હો શેઠ! સંબંધ કાંઈ બગડી નથી ગયો.” જાણે કે એ કંઠ જ મોટા શેઠનો નહીં! કરડાઈની એક કણી ન મળે!

શું થયું? આટલી બધી ચુપકીદી પછી આ સંતોષના શબ્દો કેમ નીકળ્યા? મોટા બાપુજીની ને સસરાની વચ્ચે કાંઈ મૂગું કામ થઈ રહ્યું હતું? મોટા બાપુજીના મીઠા બોલ પૂરા થયા બાદ એકાએક બેઠકમાંથી એ રુદન-સ્વર કોનો સંભળાયો? એ ઠૂઠવો કોણે મૂક્યો? સસરા રડ્યા? હા, જુઓને, મોટા બાપુજીના કંઠમાંથી ફરી પાછો મીઠો બોલ સંભળાય છે: “એ તો તમારી દીકરી જ છે એમ માનવું, બાપા!”

ફરી રડતા સસરા શું કહે છે આ? —

“જરૂર, હો શેઠ! તમારે પગે લાગીને માગી લઉં છું: જરૂર મને

એનાં લગન વખતે કાગળ બીડજો, હો! બીજું મારું ગજું નથી; એક શ્રીફળ લઈને આવી પોગીશ."

"ખુશીથી ખુશીથી! તમારે ને મારે ક્યાં જુદાઈ છે?"

એ સ્વરો પાછા મોટા બાપુજીના મોંમાંથી નીકળ્યા; વિશેષ કશુંક બોલ્યા: "ને સુખલાલનેય ધંધે ચડવા માટે હજાર બે હજાર હું કાઢી દઉં. એમાં શી મામલત છે?"

તેનો જવાબ હજુય ગળગળા સ્વરે સસરા દેતા હતા: "ખુશીથી, શેઠ; જોવે તો મારું ઘર જ છે, માગી લઈશ. પણ ઓલી દયા કરજો! દીકરીને પરણાવો ત્યારે મને સમાચાર—"

ભાભુની નજર સાબુ ચોળાતાં ફીણના જે સપ્તરંગી બુદ્બુદો રચાતા હતા તે તરફ હતી. સુશીલાએ એકાએક ભાભુને ગાભરા સ્વરે પૂછ્યું: "આ શું, ભાભુ?"

ભાભુએ પૂછ્યું: "શું?"

સુશીલાને સમજ પડી કે ભાભુ બેધ્યાન હતાં. બેઠકમાં ચાલેલા વાર્તાલાપમાંથી પોતે તારવેલા કાળ-ભણકારાને એ વ્યક્ત ન કરી શકી. પોતે એ બધો વાર્તાલાપ કંઈક અસ્પષ્ટ સાંભળેલો. તે અરસામાં તો બેઠકના ખંડમાંથી સ્વરો અને પગધબકારા સાથે આવતા સંભળાયા.

ભાભુ એકદમ ઊભાં થઈને કપડાં સંકોડી નાહવાની ઓરડીની બહાર જઈ ઊભાં રહ્યાં. સુશીલા અંદર જ રહ્યે રહ્યે સસરાનું મોં જોઈ શકી. એ મોં તાજું જ ધોયેલું લાગ્યું. એની આંખો જાણે કોઈકને શોધતી હતી. એના પગ પોતાના ઘણા લાંબા કાળનાં

દોસ્તદાર પગરખાંને પણ જાણે કે ઓળખી ન શકવાથી વેવાઈના બૂટમાં પેસવા પ્રયત્ન કરતા હતા.

"કેમ, મામા?" ભાભુએ વેવાઈને કહ્યું, "કેમ જોડા પે'રો છો?"

"રજા લઉં છું, બેન!" વેવાઈએ બે હાથ જોડ્યા ને કહ્યું, "બોલ્યું ચાલ્યું માફ કરજો."

"અરે, પણ એમ તે જવાતું હશે?" પતિ તરફ સહેજ જતી-આવતી લાજ રાખેલી તે ખેસવીને એણે જાણે કે પતિની આંખોની અંદરની લાલ-લીલી ઝંડી જોઈ લીધી. ઝંડી લીલી લાગી, એટલે વેવાઈને કહ્યું: "જમ્યા વગર જવાય નહીં, ક્યારનું સુશીલાએ રાંધ્યું છે ને!"

"સુશીલા તો મારાં આંખ્યમાથા ઉપર. એણે રાંધ્યું હોય તો હું ખુશીથી રોકાઉં."

એટલું કહીને એણે જોડા કાઢી નાખ્યા. "સુશીલાને રાજી રાખીને જ હું જવાનો; એને કોચવીને જાઉં જ કેમ?" એમ કહેતે કહેતે એણે મોટા શેઠની સામે જોયું, ત્યારે મોટા શેઠે પણ મોં મલકાવીને કહ્યું: "હા, હા, શેઠ, જમીને જ જાવ."

એ શબ્દો બોલનાર મોં ઉપર પોતે મોડા પડ્યાનું ભોંઠામણ હતું, છતાં ભાભુએ આછા નજીવા ઘૂમટામાંથી તેમ જ સુશીલાએ બાથરૂમની ચિરાડમાં દીઠેલું એ એક અપૂર્વ દૃશ્ય હતું. હજુ તો હમણાંની ઘડી સુધી આ ગામડિયા સગાની પટકી પાડનાર, વિના પ્રયોજને એને અપમાન દેનાર, એને હડધૂત કરી હાંકી મૂકનાર આ મોટા શેઠનું દિલ પરોણા પ્રત્યે એકાએક માખણ જેવું કૂણું કેમ

પડી ગયું? શું સસરાજીની નરમાશ જ આવડી મોટી અસર કરી ગઈ? બંને વેવાઈઓ વચ્ચે ચમત્કારી સુમેળ સધાઈ ગયો?

કારણ જડ્યું નહીં, સમજ પડી નહીં, તેમ છતાં ભાભુને તો ખોળિયામાં જાણે નવો જીવ આવ્યો. એક સુશીલા સિવાય કોઈ ન કળી શકે તેવો સુખ-સંચાર ભાભુના અંતરમાં થઈ ગયો. કાચી કેરીની લીલી છાલ કનકવરણી પીળાશ ક્યારે પકડવા માંડે છે, તે પ્રકૃતિ સિવાય કોણ વરતી શકે છે? એ અગોચર રંગ-પલટાના પગઠમકાર તો મધ્ય રાત્રીનો એકાકી કોઈ મૂંગો તારલો જ કદાચ સાંભળતો હશે—જેવી રીતે સુશીલાએ ભાભુનો લાગણીપલટો પારખ્યો. સુશીલા પણ ભાભુની જીવન-રાત્રીનો એક તારો જ હતી.

પણ સુશીલાનો પોતાનો લાગણીપલટો એટલો સહેલો નહોતો. ભાભુએ જે નહોતું સાંભળ્યું તે પોતે સાંભળ્યું હતું. જે સાંભળ્યું તે સ્પષ્ટ નહોતું, રહસ્યભર્યું હતું. એ રહસ્ય બહુ દૂર બેઠેલું નહોતું, છતાં હૈયાના પીંજરમાં કેમેય કરતું આવતું નહોતું. એ રહસ્ય હૈયાની પરસાળ સુધી આવીને નાચતું હતું—જાણે પંખી છેક હાથમાંથી ચણ્ય ચણતું હતું, છતાં ઝલાતું નહોતું.

સુશીલા કળી ન શકી તેથી જંપી ન શકી. મોટા બાપુજી અને સસરા પાટલે બેઠા; ને પોતે રસોડામાં પેસીને ભાભુને પીરસવામાં મદદ કરતી હતી ત્યારે એના કાન, બહાર જે ઝંકાર થતો હતો તે તરફ મંડાયા હતા. એ ઝંકાર બીજા કશાનો નહોતો: પીરસાવાની વાટ જોતા સસરા ખાલી થાળી સાથે પોતાની રૂપાની વીંટીવાળી

આંગળીના તાલબદ્ધ ટકોરા મારતા હતા. ટકોરાના સતત સૂર બંધાઈ ગયા હતા.

બારણાંની બહાર ઊભેલાં ભાભુને પીરસવાની ચીજો દેતી દેતી અર્ધગુપ્ત સુશીલા સસરાના એ ખુલ્લા, ચળકતી ચામડીવાળા, ચોખ્ખા ચણાક દેહને ફરી વાર જોઈ શકી. એને એમ પણ લાગ્યું કે સસરાની આંખો પોતાનેય જાણે કે જોઈ લેવા યાચના કરતી કરતી ભમે છે.

જમવાનું પૂરું કરી, સાફ કરેલી થાળીમાં પાણી નાખીને ધોઈ પી જનાર સસરાએ ગામડામાં હજુય ક્યાંઈક કયાંઈક સચવાઈ રહેલો વિરલ સંસ્કાર દેખાડ્યો. પોતાની એઠનો એકાદ અન્ન-દાણો પણ ધરતી પર ન ઢળવો જોઈએ: ગ્રામ્ય વણિકની એ સંસ્કાર-શુચિની, સ્વચ્છતાની, છેલ્લી ટોચ કહેવાય. એ ખાસિયત, સસરા જ્યારે પહેલી વાર જમવા આવેલ ત્યારે રાત હોઈને સુશીલા નહોતી જોઈ શકી.

ઊઠીને તરત જ મહેમાને પાછા વિદાયના હાથ જોડ્યા. એ ઉતાવળ ભાભુને તેમ જ સુશીલાને કેમ અસ્વાભાવિક લાગી? જમવા સુધીનો કાબૂય જાણે આ મહેમાને જબરદસ્ત કોઈ કષ્ટથી સાચવ્યો હોય તેવું લાગ્યું. એના છેલ્લા શબ્દો આ હતા:

“આવજો, બાપા! માફ કરજો! દીકરી સુશીલાને આશીર્વાદ દઉં છું. બાપા! એ...ય...ને એવાં સુખી જોઉં કે મારી આંખ્યું ઠરીને હિમ થાય.”

એ શબ્દો પણ જાણે એની સાથે લિફ્ટમાં ઊતરી ગયા. સાથે મોટા શેઠ વળાવવા ગયા. મોટરમાં જવાનો ઘણો આગ્રહ કર્યો.

પણ તેનો જવાબ એટલો જ હતો કે “પગ મોકળા ન કરું તો આંહીં શહેરમાં ખાવું પચે નહીં. બીજો કોઈ વાંધો થોડો છે, બાપુ?”

આમ છેવટ સુધી તેની વાણી એક પણ વાંકાચૂકા કટાક્ષ વગરની નિર્મળ રહી. એને વધુ આગ્રહ કર્યા વગર મોટા શેઠ તો પાછા સડેડાટ ઉપર ચડી ગયા, પણ શોફરની નજર સુશીલાના એ ચાલ્યા જતા સસરાની પીઠ પરથી ખસી ન શકી. અનેક માણસોની પીઠો એમના ચહેરાઓ કરતાં વધુ ભાવદર્શક હોય છે. મુખાકૃતિ કરતાં બરડો જ્યારે હૃદયની આરસી બને છે, ત્યારે એનું દર્શન બેહદ વેદનાયુક્ત થાય છે. કોણ જાણે કેમ પણ ચાલ્યા જતા એ મહેમાનની પીઠ દેખાતી બંધ થયા પછી તરત જ શોફર મોટરની અંદર બેસીને ઉત્તર હિંદના કોઈ ગામડામાં જીવતા પોતાના બુઢ્ઢા બાપને એક પત્તું લખવા બેસી ગયો.

જમવા બેસતી ત્રણે સ્ત્રીઓને કાને મોટા શેઠના શયનખંડમાં તેજુરી ખૂલવાનો ને પછી બીડવાનો અવાજ આવ્યો. ત્રણે સ્ત્રીઓએ ચુપચાપ જમી લીધું. ત્રણેનું મૌન જુદાં જુદાં કારણોને આભારી હતું: સુશીલાનું મન કોઈક રહસ્ય ઉકેલવામાં પડ્યું હતું. એની બાને વેવાઈ અને જેઠ વચ્ચે વળી પાછું શું સમાધાન થઈ ગયું તેની વિમાસણ હતી; એના હૃદયમાં સળવળતો પેલો ‘પીટ્યા’ શબ્દનો કીડો એને જંપવા દેતો નહોતો. ને ભાભુના મૌનમાં અસ્પષ્ટ અને ઠગાયેલી કરુણ પ્રસન્નતા હતી.

“કાં જમી રહ્યાં?” મોટા શેઠનો ટૌકો આવ્યો. કદી નહીં ને આજ! કેટલી પ્રસન્નતા!

ભાભુએ જવાબ દીધો: "જમીએ છીએ! કેમ?"

"માળાં ત્રણેય ભારી ખાધોડકાં!" કદી નહીં ને આજે ઘરના સ્વામીની આવી વિનોદ-ઊર્મિ!

"સુશીલા, મોટા બાપુજીને કહે કે ભાભુ નહીં, મારી બા જ ખાધોડકી છે." સુશીલાની બાએ, જેઠ સાંભળે તેવા સ્પષ્ટ શબ્દે, છતાં લાજમરજાદથી કહ્યું.

સુશીલાને એ શબ્દો ફરી બોલવાની ઈચ્છાય નહોતી, જરૂર પણ નહોતી. જુનવાણી કુટુંબવ્યવહારમાં જોડાજોડ ચાલતી અદબ અને સગવડની એ જોડલી બહુ જુક્તિદાર હોય છે.

"એ જ દુ:ખ છે ને મારા ઘરમાં," બહારથી મોટા શેઠે દુ:ખને સુખભર અવાજે વ્યક્ત કર્યું: "કે ગુનેગાર કોક, ને ગુનો ઓઢી લે વળી બીજું કોક. આમાં તે ચોર પકડાય ક્યાંથી?"

બાનું મોં ફૂલીને ઢોલ થયું.

"ઠીક," જેઠે જતે જતે કહ્યું: "ઝોંસટવું હોય તેટલું ઝોંસટીને પછી ત્રણે જણાં દીવાનખાનામાં આવો. મારે તમારી પાસે એક વાત કરવી છે."

ફડક ફડક થતે હૃદયે સુશીલા વધુ જમી ન શકી. પાણી પીતાં એને ગળે ઓતરાશ આવી ગઈ.

જમીને ત્રણે જણાં દીવાનખાના તરફ જતાં હતાં ત્યારે મોટા બાપુજી પોતાના શયનખંડમાં ઊભા ઊભા ફરી વાર પાછા કોઈક અગત્યનો દસ્તાવેજ 'સેઈફ'માં મૂકતા હતા. મૂકતા મૂકતા વળી ફરી વાર વાંચી લેતા હતા. વાંચી વાંચીને હસતા હતા. સુશીલાને

મૂંઝવતું રહસ્ય કહેવાને સમર્થ એ કાગળ પાછો 'સેઈફ'માં પુરાઈ ગયો ને મોટા બાપુજીએ દીવાનખાનામાં આવીને વાત શરૂ કરી:

"જાણે કે તમને દેરાણી-જેઠાણીને મારે ઠપકો આપવો પડે છે, એ મને ગમતું નથી. પણ હું સુશીલાની બાનો વાંક કાઢું તે કરતાં તો એની ભાભુનો જ વધુ વાંક કાઢું છું. સુશીલાના શરીર ઉપર હું સારું લૂગડું જ કેમ જોતો નથી, ભલા? પહેરવા-ઓઢવા જેવડી દીકરીને તમે આ શું પહેરાવી રહ્યાં છો? આ સાડી-પોલકાંની ભાત્ય જુવો, રંગ જુવો: તમે પાંત્રીસ ને ચાલીસ વર્ષની થઈયું એટલે સુશીલાનેય શીદ તમારા જેવી બૂઢીખખ ગણીને આવા ગૂઢા ધોળા રંગ પે'રાવો છો? મારી એકની એક છોકરીને મીરાંબાઈ કાં કરી દેવા મંડિયું તમે?"

"ના બાપુજી," સુશીલાએ જવાબ દીધો, "હું પસંદ કરી આવેલ છું. મને ગમે છે." સુશીલાના અવાજમાં વડીલના આ કોડીલા બોલને ઝીલવાનો ઝંકાર નહોતો. એ જાણે કે માસ્તરની સામે આંક બોલતી હતી કે 'ચાર દુ આઠ.'

"તને ગમે શું—ધૂડ!" વડીલે કહ્યું, "તારી ભાભુએ જ તારા શોખને બગાડી નાખેલ છે. આજ તો હું જ તને સ્વદેશી માર્કિટમાં લઈ જવાનો છું. હું કાંઈ તારી ભાભુની જેમ ભગતિને મારગે નથી ઊતરી ગયો. ચાલ, થા તૈયાર! ને તને ગમે કે ન ગમે તોય મોટા બાપુજીની આંખ્યો ઠરે એવાં કપડાં તારે માટે આજ લેવાં પડશે; લે હવે કહેવું છે તારે કાંઈ? કાંઈ કહીશ ને, તો હું તારી સાથે રિસાઈ જ બેસવાનો! બોલ, છે કબૂલ?"

"પણ મને ન ગમે તોય પરાણે?"

"હા, ધરાર પરાણે. મારે તને ભગતડી નથી બનાવવી, કહ્યું નહીં?"

વડીલ માનતો હતો કે સુશીલાને પોતે રાજી રાજી કરી રહ્યો છે. સુશીલા સમજતી હતી કે મોટા બાપુજીનું મન રાજી કરવાનું રહે છે.

"હવે બીજો ઠપકો," વડીલે વિશેષ ઉમળકો અનુભવ્યો: "તમારી બેય જણિયુંની તે મારે કેટલીક ટાલ પાડવી? આ છોકરીને તમે રાંધણાંમાં ને લૂગડાં ધોવામાં કાં દાટી રાખી છે? એને તે શું ધોબણ કરવી છે કે ભઠિયારણ બનાવવી છે? અરેરે જીવ! હું તો ખાર કે સાંતાક્રૂઝ જાઉં છું, ને બંગલે બંગલે બાઈયુંને હારમોન્યમ અને દિલરુબા વગાડતી સાંભળું છું, ત્યારે મારા મનમાં થાય છે, કે મારી એકની એક દીકરીને હું એવું ગાતી-વગાડતી ક્યારે સાંભળીશ! ના, આપણું બાળક બુદ્ધિ વગરનું ડઠર હોય, અક્કલનું ઓથમીર હોય, જડ અણઘડ હોય, તો તો ઠીક; પણ ઈશ્વરે બુદ્ધિશાળી દીકરી આપી છે તો શા સારુ એને શીખવા ન દેવું? મારી દીકરીએ શા માટે એ ખાર-સાંતાક્રૂઝની છોકરિયુંથી ઊતરતાં રહેવું જોઈએ? હેં વઉ, તમેય કેમ તમારી જેઠાણી જેવાં જડસુ થઈ ગયાં છો?"

"બાપુજીને કે', સુશીલા," સુશીલાની બાએ લાજમાંથી કહ્યું, "પછી સંગીત ને દિલરુબા શીખવીને દીકરીને દાટવી તો છે ગામડામાં ને?"

આ શબ્દોની પણ પુનરુક્તિ કરવાની જરૂર નહોતી; સુશીલા

એ કરત પણ નહીં. જેઠના કાન સરવા હતા. એણે જવાબ આપ્યો:

"એનો જવાબ જોવે છે? આપું? ઊભાં રો'." એમ કહી પોતે ઊઠવા જાય છે, ટેબલ પરથી 'સેઈફ'ની ચાવી ઉપાડે છે, પછી પાછા બેસી જાય છે. "કાંઈ નહીં. હમણાં નહીં. રત્ય વગરનાં ફળ કાચાં. રત્ય પાકવા દ્યો, વઉ, પછી એ તમારા સવાલનો જવાબ હું આપીશ. કહી રાખું છું તમને, કે એવાં મોળાં ઓસાણ મને આપશો મા. એની ફિકરમાં ને ફિકરમાં સુકાશો મા. તમારાં સૌનાં મન-મોં સદાનાં ઢીલાંઢફ ને નિસ્તેજ કેમ રહે છે, તેની મને ખબર છે. હું કાંઈ ઢોર નથી. હું કાંઈ ગામડિયો ભોટ નથી. હું ટાણાસર બધું જ કરીશ. પણ હમણે તો તમે ધરપત રાખીને આ ઝાંખાઝપટ ઘરની નિસ્તેજી ઉડાડો. આ બેનને ગ્લાનિ કરાવો મા. બેનને મારે એક ઠેકાણે લઈ જવી છે, જ્યાં એ મોકળા મનથી સંગીત શીખે, ભણતર ભણે, ભરેગૂંથે, ફરેહરે, એઈ...ને લેર કરે!"

સુશીલાએ એ શબ્દો અરધાપરધા જ સાંભળ્યા; એનું મન તો બાપુજી 'સેઈફ'ની ચાવી લઈને 'સેઈફ'માંથી શો ખુલાસો શોધવા જવાના હતા તે મુદ્દા પર રમતું હતું. બાએ કરેલા કટાક્ષનો કયો જવાબ 'સેઈફ'માં હતો? 'સેઈફ'માં મુકાયેલો એ કાગળ—એ દસ્તાવેજ શું બાની સમસ્યાનો ખુલાસો કરવાનો હતો?

એ કાગળમાં એવું શું હતું?

સુશીલાની કલ્પનાશક્તિના છેક ગોખ સુધી બેસવા આવતું એ

રહસ્યપારેવું, હાય, કોણ જાણે કેમ પણ અંદર આવતું નહોતું. ગમ પડતી નહોતી.

# ૧૭. તાલીમ શરૂ થાય છે

ફુઆની ઘણી રાહ જોયા પછી, એ આવે ત્યારે જમાડી લેવાનું પાડોશીને કહી, ખુશાલે સુખલાલને પોતાની સાથે પોતાના ઘરાક-લત્તાઓની પિછાન કરાવવા ઉપાડ્યો. નાનકડી હાટડી પર જઈ તાળું ખોલતાં પહેલાં ખુશાલે હાટડીને ઉંબરે હાથ લગાડી લગાડી ત્રણ વાર આંખોને અડકાડ્યો ને પછી તાળું ખોલતો ખોલતો એ કહેતો ગયો: "સારા પ્રતાપ આ હાટડીના. બાર મહિના સુધી એણે મને સંઘર્યો'તો. ઓરડી રાખવાનું ભાડું ક્યા ભાઈના ખીસામાં હતું! ને ભાડું થયું તે દીય ક્યો ભાઈ ગૃહસ્થીના માળામાં વાંઢાને ઓરડી દેવાનો હતો! આંહીં જ સૂતો ને આંહીં જ ખાતો."

'આંહીં સૂતો,' એ શબ્દો બોલાયા ત્યારે હાટડી ઊઘડી હતી ને ખુશાલ એક પાટીવાળા (વૈતરા)ના સૂંડલામાં વાસણો મૂકાવતો હતો. સુખલાલે જોયું કે આ હાટડીમાં પહોળાઈએ કે લંબાઈએ કોઈ પાંચ ફૂટનો આદમી સૂવાની સ્થિતિમાં પૂરો સમાય તેટલી જગ્યા નહોતી.

"આંહીં સૂતા?" એણે અજાયબ બનીને પૂછ્યું.

"ટૂંટિયાં વાળીને સૂઈ શકાતું. બે વાર ચોરી થઈ ગઈ. કોઈને ત્યાં સૂવા જવું પોસાય? ટૂંટિયાં વાળ્યાં હોય એટલે સૂતાના સૂતા ને જાગતાના જાગતા! ટૂંટવાઈ જાયેં તો ચાર દોઢિયાં ચોપાટીના વેકરામાં ફગાવી નાખીએ ભાઈ, ચંપી તો ચીજ છે ચીજ! એકલવાયા આદમીની મા કહેવાય ચંપી, મુંબઈમાં તો."

"હવે ચોરી નથી થાતી?"

"લે, જવાબ દે આને, ઓ તાત્યા!" કહેતે કહેતે ખુશાલે સુખલાલ સામે આંખનો મિચકારો માર્યો.

પાટીવાળાના મોં પર નાની છોકરીના જેવી શરમની છાયા પડી ગઈ. એણે પોતાની ભાષામાં જે ગોટો વાળ્યો તે પરથી સુખલાલ આટલો ભાવ તો પકડી શક્યો કે "આની ચીજો ચોરતાં પહેલાં વિઠોબા દેવ મને આંધળો ભીંત જ કરે! હું મોટર ખટારામાં ચગદાયેલો તે દિવસે મારી સારવાર આ શેઠે જ કરેલી. મને ભાત ભેળો પણ એ જ કરે છે. એના તો ઘણા ઉપકાર."

"બસ, ચલા!" કહી ખુશાલે ટોપલો ઉપડાવવા માંડ્યો.

"નહીં શેઠ, હજી વજન નથી થયું. જાસ્તી વાસણ મૂકો." પાટીવાળાએ સામેથી વધુ બોજ માગ્યો.

"હવે, મરી રહીશ મરી ઠાલો! ને આજે તો થોડુંક જ રખડવું છે," કહીને ખુશાલે ટોપલો પાટીવાળાના શિર પર ચડાવ્યો, ઉપર ત્રાજવાં ને તોલાં મૂક્યાં.

ધોળે દિવસે પણ જે લત્તાઓ બીકાળા લાગે, મુંબઈમાં ને મુંબઈમાં જે લત્તાઓ પાંચસો માઈલ દૂરના પરદેશી પ્રદેશો લાગે, એકાદ ચહેરો પણ જ્યાં પરિચિત રેખાઓવાળો ન મળે, પ્રત્યેક

મોં પર જ્યાં વાત વાતમાં હૂલ્લડની પ્યાસ ડોકિયાં કરતી લાગે, એવા દેશી લત્તામાં ને પરદેશી લત્તામાં આગળ આગળ ચાલતા ખુશાલભાઈનો કંઠ કોણ જાણે કેવીય જુક્તિ કરીને વિચિત્ર જાતના અવાજ કાઢતો ગયો: "ડેગ્ચી! ડે...ગ્ચી! હાં...ડી! હાં...ડી!"

કોઈને 'ચાચા' તો કોઈને 'ખાંસા'બ' કહી બોલાવતો, કોઈને સલામઆલેકુમ કહી અદબ કરતો ને કોઈ બીજાને 'ક્યું રે મિયાં ઠેંઠણેંઠે' જેવા ઠેકડીના બોલે બોલાવી સામેથી 'મહેરબાન ખુશાલભાઈ! અરે યાર! આતે ભી નૈ!' એવા વિનયભર્યા શબ્દો સાંભળતો ખુશાલ જૂના ઘરાકોની મહોબત કરતો ગયો. વગર ઉઘરાણીએ પણ સામે ચાલીને કેટલાક ગ્રાહકો એને શરમિંદા શબ્દોમાં કહેતા હતા કે "લડકાકી કસમ, ખુશાલભાઈ! આતે મહિનેમેં પૈસા ચુકા દૂંગા! ન ચુકાઉં તો તુમેરે જૂતે ઔર મેરા મું!"

"ફિકર નહીં ફિકર, જનાબ!" ખુશાલનો એ જ જવાબ હોય.

સૌને ખુશાલ સુખલાલની પિછાન દેતો ચાલ્યો: "આ મારો નાનેરો ભાઈ છે. હવે પછી એ વેચવા નીકળશે. એ આવે ત્યારે બોણી કરાવવાની છે, સમજ્યા?"

"આ લત્તાઓમાં બેધડક ફરવાની એક ચાવી છે, તે તને હું આપી દઉં, સુખા!" એમ કહીને ખુશાલભાઈએ સુખલાલની નજીક જઈ કાનમાં કહ્યું: "બાઈ માણસને જાણે જોતો જ ન હો એવો આંધળોભીંત બની જજે. શંકાની નજર પડશે ને, તોય તું જીવતો પાછો નહીં આવ."

વળતાં ખુશાલે હાફકાસ્ટ ખ્રિસ્તીઓના ને યુરોપિયનોના લત્તા

સોંસરો માર્ગ લીધો ને 'ડેગ્ચી! સોસપેન! ફ્રાઈપેન!' એવા તદ્દન બદલેલ સૂરોમાં ટૌકા કાઢ્યા. સુખલાલને તો કૌતુક જ થઈ રહ્યું! ઘોઘરા અવાજના ઘૂઘરા ખખડાવતા આ ધિંગા ગળામાં નોખનોખા નિમંત્રણ-સ્વરોની બંસીઓ ક્યાંથી ને કોણે ગોઠવી હતી?

"યુટેનસીલ, મેમ સા'બ! બેસ્ટ ક્વાલિટી," એમ કહેતો ખુશાલ એક મકાનની સીડી પાસે ઊભો રહ્યો. સામેથી એક યુવાન જેવી ગોરી ઓરત સફેદ કપડે ઊતરતી હતી. તેણે "નો, આજ નેઈ લેના!" એટલા શબ્દો બોલવાની સાથે જ સુખલાલની સામે નજર તાકી: એ સીડીના જે પગથિયા પર હતી ત્યાં જ એકદમ સ્તબ્ધ બની ગઈ. એના મોંમાંથી ચોંકેલા ઉદ્‌ગારો નીકળ્યા: "હુ'ઝ ધિસ: યે કૌન—સ્માટી?"

સુખલાલ પણ તાકી રહ્યો. આ તો નર્સ લીના હતી.

"યુ લિટલ ડેવિલ! (અરે તું દૈત્ય નાનકડા!)" કહેતી એ એકદમ બબે પગથિયે કદમ ભરતી નીચે આવી—જાણે લસરતી આવી.

ખુશાલ ખસિયાણો પડી ગયો. અંગ્રેજી ભાષાના 'ડેગ્ચી, સોસપેન, ફ્રાઈપેન, બેસ્ટ ક્વોલિટી' વગેરે દસેક શબ્દોથી વધુ જ્ઞાન નહીં ધરાવનારો ખુશાલ ઘડીભર તો ભ્રમણામાં પડ્યો: "આ શું? સુખલાલને મારવા ધસે છે? છોકરાની કંઈ દષ્ટિભૂલ થઈ કે શું?"

"તું આંહીં!" નર્સ લીના હેતના ઝળઝળિયાંથી છલકતી આંખો લઈ હસતી ઊભી.

"મને કાંઈ જ નથી હવે, નર્સ બાબા!" લીનાને 'બાબા' શબ્દે બોલાવનારા ઈસ્પિતાલના મહેતરો પાસેથી સુખલાલે શીખી લીધેલો, પણ આજે સૌ પહેલી જ વાર વાપરેલો, એ લાડશબ્દ હતો.

"યુ સ્ટુપિડ!" એમ બોલતી લીના શોકાતુર અને રોષિત ચહેરે ખુશાલ તરફ ફરીને બોલી: "આને કોણ બહાર લઈ આવ્યું? તમે કોણ છો? તમારે એ શું થાય? એને મારી નાખવા કેમ ફર્યા છો બધા? કમબખ્ત મારા દાક્તરોનો એ અપરાધ હું કદાપિ નહીં માફ કરું."

"મેમ સા'બ, એ મારો નાનેરો ભાઈ છે."

"આજ સુધી એ મરતો હતો ત્યારે તમે ક્યાં છુપાઈ રહ્યા હતા? આંહીં કેમ કાંધ મારવા કાઢ્યો છે એ બચ્ચાને?"

"મેમ સા'બ!" એમ કહીને ખુશાલે પોતાના પેટ પર હાથ પટક્યો: "ઈસ્કે લિયે."

"શું કરીને?"

"યુટેનસીલ વેચીને. આજ તો આપે એને બોણી કરાવવી જોઈએ."

"કમ ઓન! કમ ઓન! ઉપર આવો," એમ કહેતી એ પાછી ફરીને સીડીનાં બબે ત્રણ-ત્રણ પગથિયાંને છલાંગોમાં દબાવતી ઉપર ચડી. પાછળ ખુશાલે શરમાતા સુખલાલની બોચી પકડીને "હવે ઝટ આગળ થા ને, છોકરી! લખમી ચાંદલો કરવા..." એ શબ્દો સાથે એને આગળ કર્યો. પાછળ પાટીવાળો ને છેલ્લો પોતે.

નર્સ લીનાએ પોતાનો ખંડ ખોલ્યો; પહેલું જ કામ અંદર

ઝટઝટ પ્રવેશી જઈને પોતે મેજ ઉપર ગોઠવેલી એક તસવીર પર પડદો ઢાંકી દેવાનું કર્યું.

એ ઢાંકી દીધેલી તસવીર ઉપર છાયા કરતી મોટી એક માટીની આકૃતિ બાળગોપાળ ઈસુ ખ્રિસ્તને ખોળામાં લઈને ગમગીન બેઠેલી કુમારિકા મેરી મૈયાની હતી. તેની પાસે એક પિત્તળના ત્રિશૂળાકાર સ્ટેન્ડમાં ગોઠવેલી ત્રણ મીણબત્તીઓ જલતી હતી.

“સ્માટી, ઈધર બૈઠો, તુમ ઈધર બૈઠો,” એમ કહીને એણે સુખલાલને બરાબર એ ઢાંકેલી તસવીરની નજીક જ ખુરશી આપી. મીણબત્તીના ત્રણે દીવા સુખલાલના લલાટ પર અને આંખોની અંદર, જાણે ભર્યા હોજમાં સ્નાન કરવા પડ્યા હોય ને એવી રીતે, પ્રતિબિંબિત બની રહ્યા. સુખલાલનું કલેવર ક્ષીણ, છતાં લગભગ પારદર્શક કાચને મળતી એની ચામડી હતી.

વીશેક વર્ષનું વય છતાં હજામતને માટે એનું મોં તૈયાર થયું નહોતું. ઓરડામાં આમતેમ ઘૂમીને બારીબારણાં ખોલતી લીનાના મોં પર તરફ તાકી રહેલું સુખલાલનું મોં ત્રણ દીપકોના પ્રકાશ ઉપરાંત ચોથી એ માનવ-દીપિકાની પ્રભાને પણ ઝીલતું હતું, ને તેથી વધુ ગમે એવું લાગતું હતું. ખુશાલ જરા છેટેની ખુરશી પર બુલડોગના જેવી ઢબે બેઠો બેઠો સુખલાલને નિહાળતો હતો; સુખલાલ ઘડીભર તો ખુશાલને પણ નમણો ને ભાવ-નીતરતો ભાસ્યો. લીનાને પણ એ હજુ વણસમજ્યા ભાવે નીરખતો હતો. દાણાના દલાલો પેકબંધ કોથળામાંથી બંબી મારીને વાનગી જોતા હોય છે તેવી જ જડસુ રીતે ખુશાલ પણ લીનાના શીલની જાતને બુદ્ધિની બંબી મારી તપાસતો હતો.

લીનાએ એક જૂની થઈ ગયેલી નેતરની ખુરસી પર બેસીને પછી પૂછ્યું: “પ્રથમ તો મને સમજાવો, આ બધો શો તમાશો છે? હું તો આશ્ચર્ય પામું છું.”

ખુશાલભાઈએ આ પાકી ‘સાકરટેટી’ની બની શકે તેટલી દળદાર ડગળી કાઢવા તૈયારી રાખી: “મારો સગો નહીં પણ દૂરનો ભાઈ છે. મારો આ વેપાર છે. એમાં એ વેચાણ કરશે તેનો નફો એને રહેશે. હું તો પરિચય કરાવવા નીકળ્યો છું. મેમ સાહેબ, તમારા જેવાનો વસીલો મળ્યા પછી સુખલાલ ન્યાલ ન થઈ જાય શું? એને તો અમારે હવે ઝટ પરણાવવો છે.”

“અચ્છા, લાઈએ ઈધર—સ્માટી કે લિયે—યે દો, યે રખો, યે-યે-યે.”

“ઔર યે ભી મેમ સા’બ, સુપીરિયર ક્વોલિટી: સુખલાલ કે લિયે,” ખુશાલભાઈએ પણ વગર કહ્યે ઠામ ઉમેર્યાં ને વજન કરવા ત્રાજવાં ઉપાડ્યાં.

“વઝન નઈ મંગતા—વઝન ક્યા! અંદાઝ બોલો—યે લો,” કહીને દસ રૂપિયાની નોટ કાઢી.

“એટલાં બધાં એને જોતાં નહીં હોય—જોવે તેટલાં જ વાસણ આપો—” સુખલાલ ડરતો ડરતો, ને ખુશાલભાઈની જડસુ હિંમતથી ગભરાતો ધીરે સ્વરે કહેતો રહ્યો.

તેના જવાબમાં જીભના તદ્દન ગોટા વાળીને આંકડો તૈયાર કરતે કરતે ખુશાલે આ શબ્દો ઉચ્ચાર્યા: “ડા’પણ વઘાર્ય મા! વેપલો એમ ન થાય! આપણે ક્યાં ઠગાઈ કરીએ છીએ? એની જ

ઊલટથી એ લ્યે છે. ને બક્ષિસ કરતી હોય તો તે પણ સુપાત્રે દાન છે."

આ શબ્દો બોલીને ખુશાલભાઈએ કેશમેમો ફાડ્યો. નવ રૂપિયા બે આના થયા. "ચૌદ આના આપકો પીછે દેતા હૂં, મેમ સા'બ."

"નેઈ, કુછ જરૂર નેઈ; સ્માટી કે લિયે: ઈધર ફેર આના. બહુત લોક હમારાવાલા હૈ, હમ સબકે ઘર પર લે જાયગા તુમકો, સ્માટી!"

"અમે સવારે જ આપની સલામે હોસ્પિટલે ગયા'તા," ખુશાલભાઈએ કહ્યું.

"દિમાગ અચ્છા નેઈ થા," એટલો જવાબ દઈને એણે પ્રથમ જલતી દીપિકા તરફ ને તે પછી સુખલાલ તરફ નજર પાથરી. ને એને આગલા દિનની વાત યાદ આવી: "અરે સ્માટી! દુપેરકો તુમ ચલ ગયા, પિછે વો આઈ થી—વો તુમારી કૌન થી—કઝિન થી? કિ ક્યા સેઠાની થી? ઉસકે સાથમેં એક બડી લેડી ભી થી. મેરા તો સરકી હડ્ડી ભી ખા ગઈ. પૂછ પૂછ કર બેજાર કર દિયા, કિ પેશન્ટ કહાં ગયા? દેશમેં ગયા? કિસકે ઘર ગયા? ઉસકા સરનામા નેઈ રખ ગયા? ઔર વો બડી લેડી—મોસ્ટ બ્યૂટિફૂલ મધર—કિતની ખૂબસૂરત મા થી! —બસ, નિકાલને લગી પૈસા! હમકો દેને લગી. કાયકો? માલૂમ? બોલે કિ, નરસ સાહેબ, ટ-મે સુ-ખ-લા-લ કુ સા-રા કર દિયા. ઢ-ર-મ-મેં ખ-ર-ચ—જો. હો-હો-હો-હો-હો-"

એવું લાંબુંલચ હાસ્ય લીનાના, ગુજરાતી અક્ષરોને ચીપી ચીપી બોલવાના પ્રયત્નને છેડે જોડાઈ ગયું.

કોણ હશે એ બન્ને? એકને તો ઓળખી. સુખલાલના દિલમાં હરણફાળ ભરતી લાગણી ધસી. સુશીલા જ હોય, અન્ય કોઈ ન હોય. એટલી કુમાશથી કોઈ બીજું, ક્યાં ગયા તેનો પત્તો ન પૂછે. પણ સાથે બીજું કોણ હતું? એની માતા? નહીં. એને તો સુખલાલે જોઈ હતી, જરી જરી જાણી પણ હતી. લીનાએ વર્ણવેલું માતૃત્વભીનું રૂપ—અને ધરમાદો કરવા માટે પૈસા કાઢી આપવાની ઉદારતા—એ સુશીલાની જન્મદાત્રીમાં ન સંભવે. મોટાં સાસુ હોવાં જોઈએ. ભદ્રતાની એ ભરયૌવન મૂર્તિ આ જુવાનનાં નેત્રો સામે તરવરી ઊઠી.

લીનાને ઘેરથી ચાલી નીકળ્યા પછી સારી એવી વાર સુધી સુખલાલ અબોલ રહ્યો. આવી ઊજળી બોણી થયા છતાં એણે ખુશાલી દેખાડી નહીં. આખરે ખુશાલભાઈએ જ ચુપકીદી તોડી: "શુકન કંકુના થયા, હો સુખા! વેલાને ચડવાની વાડ મળી ગઈ. હવે તારો ગભરાટ માતર ગયો જાણજે. ફક્ત એક મંત્ર ન ભૂલજે: નજર ચોખ્ખી હશે તો જગત જખ મારે છે."

ખુશાલના છેલ્લા બોલમાં એના અંતરના ભયનો ઓછાયો હતો. વણપરણેલી, ગોરી, જીવતા માણસનાં માંસ-ચામડાં ચૂંથનારી ને મળમૂત્ર ધોનારી એક ઈસ્પિતાલની નર્સ, એ જો જુવાન હોય તો ભય જન્માવનારી બને છે એવી ખુશાલની માન્યતા હતી. છતાં આ જૂના વર્ગનો આદમી જે ફિલસૂફી ધરાવતો હતો તે ફિલસૂફી નીરોગી હતી. એણે સુખલાલને કહ્યું

કે, "આપણે આંખ ચોખ્ખી રાખીએ એટલે દુનિયા જખ મારે છે." એણે સામા માણસો તરફથી આવતી લાલચોની વાત તો કરી નહીં. સ્ત્રીઓ આવા કે તેવા ફાંસલા બિછાવે છે તે પ્રકારનો વિષય છેડ્યો નહીં. આપણે પોતે જ સંભાળીને ચાલવું, એવી એ વિચારસરણીમાં એક મજા હતી: ફલાણી, ઢીંકણી કે લોંકડી બાઈડીને નામે નબળી વાતો એ વિચાર-તત્ત્વવાળા લોકોનાં મોંમાંથી નીકળી જ શકતી નથી.

"ઈસ્પિતાલે ઈ કોણ બે જણિયું આવ્યાની વાત હતી, હેં સુખા?" સુખલાલે આ પ્રશ્ન પૂછનારા ખુશાલભાઈની સામે શરમાતે મોંએ જોયું. "તારી વઉની?"

"મારાં મોટાં સાસુ પણ ભેળાં હશે, એમ લાગે છે."

સુખલાલે એ જવાબ વાળતાં વાળતાં એક રોમાંચ અનુભવ્યો. દુનિયાની એક છોકરીને જરીકે પ્રાપ્ત કર્યા સિવાય, એને સ્પર્શવા, મળવા કે પૂરી જોવા પણ પામ્યા સિવાય, વાતોમાં પોતાની 'વહુ' તરીકે ઓળખાવી શકાય છે ને મનમાં માની શકાય છે; એ તો નપાવટમાં નપાવટ છોકરાનેય પૃથ્વીથી એક તસુ અધ્ધર ચાલવાની તાકાત દેનાર વાત છે.

"મંદવાડમાંથી ઊઠ્યો છો તયેં જઈને સાસુને પગે તો લાગી આવ! ઈ તને ગોતવા ક્યાં આવવાનાં હતાં?" ખુશાલે વિનોદ કર્યો.

સુખલાલે નિરુત્તર રહેવું જ પસંદ કર્યું. સાસરિયામાંથી પોતાના હડધૂત થયાની વાત બેશક પૂરી જાણીતી હશે, છુપાવવાનો પ્રયત્ન કરવાનો નહોતો, પણ પોતાને મોંએથી

પોતાની જ અપમાન-કથા ન કહેવામાં જે એક સભ્યતા રહેલી છે તે સુખલાલમાં સ્વાભાવિક હતી. પોતાની પામરતાનું ગાન કોઈ પણ દિલસોજ સ્નેહીને અથવા દિલસોજીનો ડોળ કરનાર વિનોદલક્ષી માણસને સંભળાવીને થોડી સહાનુભૂતિની હૂંફ મેળવવાની સુખલાલની પ્રકૃતિ નહોતી. એ વારસો એનાં ગામડિયાં માતપિતાના સ્વભાવનો હતો. એ મનોદશા શીખવી શીખવાતી નથી, ઘડી ઘડાતી નથી.

"પ્રથમ તો સાંભળેલું," ખુશાલભાઈએ વાત ચાલુ રાખી: "કે છોકરી તો છેલછકેલી હતી, બૂટમોજાં પહેરતી ને હાથમાં મઢમ-છતરી રાખી ફરતી. હમણે હમણે માણસ વાતું કરે છે કે છોકરી તો સારી નીવડી છે."

"અગાઉનીયે ખોટી વાતો..." એટલું જ બોલીને સુખલાલ અટકી ગયો. જેના પર પોતાનો હજુ કશો હક નહોતો તેના વતી પણ પોતે શા માટે બચાવ આગળ કર્યો, એ પ્રશ્ન એના મનમાં રમ્યો. ઘડી પછી એને જ નવો વિચાર ઊપડ્યો કે પેલા વિજયચંદ્રની થનારી એ કન્યાની સુકીર્તિની મારે શીદ આટલી રખેવાળી કરવી પડે છે? એ મારી નથી થઈ શકવાની, છતાં મનને કોણ એમ ગોખાવ્યા કરે છે કે એ તારી છે, તારી છે!

"તારા બાપા કેમ કાયર થઈ ગયા છે?"

"કાયર?"

"હા, એ તો વેશવાળ મેલી દેવાની વાત કરે છે."

"મેલ્યાં!"

એ શબ્દો સુખલાલ જ બોલ્યો કે બીજો કોઈ, તેની જાણે

કે ખાતરી કરવા ખુશાલે સુખલાલની સામે તાક્યું. સુખલાલ બબડતો હતો: “શા માટે મેલું?” સુખલાલના મોં પર ધગેલા રુધિરની લાલાશ હતી.

“શાબાશ, ભડ!” એટલું બોલીને ખુશાલ અટકી ગયો. રખેને આ હિંમત હજુ કાચી હોય ને કદાચ વધુ તપાવ્યે તરડાઈ બેસે, એ બીકે અબોલ બનેલા ખુશાલે પોતાની હાટડી નજીક આવી ત્યારે ફરી પૂછ્યું: “ઈ વિજયચંદ્ર કોણ છે?”

“કોણ જાણે.”

“આટલા બધા આંટાફેરા ઈ ત્યાં શું ખાધા કરે છે—તારે સાસરે?”

“એને ખબર.”

“ઠોંસાવવો જોવે! કોઈ કોઈ વાર એને જોઉં છું ત્યારે, મારા સમ ખાઈને કહું છું કે, એને ઊભો રાખીને બે તમાચા ખેંચી કાઢવાનું મન થાય છે.”

સારું થયું કે સુખલાલ પોતાને શેનું શેનું મન થતું હતું તે ન બોલ્યો, નીકર ખુશાલભાઈ નિ:શંક ક્યાંક ઓડા બાંધત.

બાકી રહેલાં વાસણો પાછાં હાટડીમાં ગોઠવતે ગોઠવતે ખુશાલે આવા થોડાક કડક શબ્દો કહ્યા કર્યા, ને પછી ગજવામાંથી રૂપિયા કાઢી પાટીવાળાને “ઉઠાવ, ચાલ” કહી એક રૂપિયો આપ્યો, ને “આ લે તારી કમાઈના, સુખા!” કહી સુખલાલની સામે પાંચ રૂપિયા ધર્યા.

“હમણાં રાખો, બાપાને પૂછીને.”

“નહીં, વાંસે લટાકો નહીં, બાપાને પૂછવાનું નથી. આ લે, ને

ભડ રહેજે!" ખુશાલભાઈએ સુખલાલના ગજવામાં જોરાવરીથી રૂપિયા નાખી દીધા.

ઓરડી પર પહોંચ્યા ત્યારે સુખલાલના પિતાને બેઠેલા દેખી ખુશાલે લલકાર કર્યો: "કાં ફુઆ, દીકરો તમારી ખાંપણનો વેંત કરીને જ હાલ્યો આવે છે, હો કે? પહેલે જ ભડાકે તમને મસાણ પોં'ચાડવા જેટલો પાવરધો બની ગયો છે સુખો! સમજ્યા, ફુઆ!"

"તો હાંઉ, ભાઈ!" સુખલાલના પિતાએ ઉદાર હાસ્ય કર્યું: "આપણું તો ખોળિયું કાગડા-કૂતરા ન ચૂંથે એટલે જગ જીત્યાં."

"પણ આમ લૂગડાં પે'રી કરીને કેમ બેઠા છો? નિરાંતવા થાવ."

"હવે નિરાંતવા થાશું રેલગાડીમાં."

"કાં?"

"અટાણે જ દેશમાં ઊપડવું છે."

"ગાંડા થાવ મા."

"બીજી વાત કરવાની જ નથી, ખુશાલભાઈ! મને હવે આંહીં શરીરે નરવાઈ નથી રે'તી; ઝટ ભાગવું છે."

"ઠીક! ભાગો ત્યારે. હવે તાણ કરવી નથી. તમારો સુખો આજથી રળતો થઈ ચૂક્યો છે. ભે રાખ્યા વગર ભાગો. વાળુ કર્યું?"

"વાળુ માટે પેટમાં જગ્યા નથી, ખુશાલ!" એમણે બુલંદ ઓડકાર ખાધો. આબરૂ—પોતાની તેમ જ સામા માણસની—સાચવવા માટે ધાર્યો ઓડકાર ખાવાની વિદ્યા જૂની

છે: વગર ઊંઘે બગાસાં ખાઈને લપ્પી મુલાકાતિયાને ઝટપટ ઊભો કરવાની કળા જેવી જ એ એક આબાદ કરામત છે.

“વેવાઈને ઘેર બાપડાએ હાથ પકડી પકડીને પીરસ્યું. ને મારે રહી થાળી ધોઈને પીવાની બાધા. ઠાંસવું પડ્યું. ઓ…હિ…યાં!”

“ઠીક, ઈ કામ સોળ વાલ ને એક રતી કર્યું! વીવા સમજી લીધા લાગે છે. મને તો બીક હતી કે વેવાઈ આડોડાઈ કરશે. ફતે કર્યું, ફુઆ! હાલો તયેં, લ્યો હું ગાડી કરીને આ આવ્યો.”

ખુશાલ પાણીના રેલા પેઠે નીચે ઊતરી ગયો. તે પછી પિતાએ એકલા રહેલા પુત્રને પાસે બેસાડ્યો ને કહ્યું: “ચાલ દેશમાં.”

“નથી આવવું. ધંધે ચડી ગયો છું.”

“ધંધામાં ધ્યાન નહીં રીયે, દીકરા; ને હું ઠીક કહું છું, હાલ્ય, દેશમાં ધંધો કરજે.”

“પણ શા માટે ધ્યાન નહીં રીયે ધંધામાં?”

“સાંભળ, કઠણ છાતી રાખીને સાંભળ. હું તારો દુશ્મન નથી, તારો બાપ છું, તારું ભલું ચાહું છું. એટલે જ મારે આજે ફારગતી કરી આપવી પડી છે.”

“કોને? શેની?”

“શેઠના કુટુંબને; તારા વેશવાળની!”

સુખલાલ સૂનમૂન થયો. પિતાએ વધુ સ્ફોટ કર્યો:

“મેં શાંતિથી નિકાલ કર્યો છે, કેમ કે એની તો ભવાડો કરવાની તૈયારી હતી. તુંને કોઈ દાકતર પાસે એણે તપાસાવેલો ખરો?”

“ના!” સુખલાલ આભો બન્યો.

“તયેં એણે છેવટ સુધીની બનાવટ કરી મૂકી’તી! તને

પુરુષાતન વગરનો ઠરાવનારું દાકતરી સર્ટિફિકેટ એની પાસે છે. મને બતાવીને કહ્યું કે, કાં રાજીખુશીથી ફારગતી કરો, નીકર આ બંદૂક હું ન્યાતમાં લઈ જઈને ભડાકો કરીશ. દીકરા! તારા આખા જીવતરને માથે છીણી બેસતી'તી, એટલે મારે મારાં કાંડાં કાપી દેવાં પડ્યાં. મારે એ ઘરનો ઓછાયો લેવાય ઊભા નો'તું રહેવું, તેને બદલે જમવા રોકાવું પડ્યું. મેં ધાનના કોળિયા નહીં પણ ખેરના અંગારા પેટમાં ઉતાર્યા."

આંહીં સુધી બોલતે બોલતે પિતા થોડીવાર થંભ્યા. પુત્ર પણ હોઠને પલાળતો પલાળતો ધરતી પર જડાઈ રહ્યો. કલેજાને વળેલી કળ ઊતર્યા પછી પિતાએ કહ્યું: "ઈશ્વરની દયા છે, દેશમાં આપણે દોલત નથી તો આબરૂ તો છે જ ને! આપણે આપણાથીયે ગરીબ ખોરડું ગોતશું. બે ઠેકાણાં આપણા વળમાં છે; તું ચાલ, વેશવાળ થાતાં વાર નહીં લાગે. તારું ઘર બંધાવ્યા વગર હું થોડો જંપવાનો છું?"

"ના. હવે તો આવવું જ નથી." સુખલાલ જાણે અગ્નિરસ પીતો પીતો બોલ્યો.

"એમ નહીં, તું કન્યા તો જોઈ લે!"

"એ વાત જ કરશો નહીં."

"તજવીજ તો..."

"બિલકુલ ન કરશો."

"ત્યારે?"

"મારી ત્રેવડ થયા પછી જ વાત હવે તો."

“પણ બેટા, લોકોમાં એક વાર ચેરાઈ ગયા પછી આવું કામ બહુ મુશ્કેલ બની જાય છે.”

“ફિકર ન રાખજો. ને તમે તમારે જાવ. મારી પોં’ચ થવા દ્યો.”

“પણ મને તારી બીક લાગે છે.”

“બીક ન રાખશો. મને મારી ત્રેવડ કરવા દ્યો. મારાં બાવડાંના બળે મને બધું કરવા દ્યો.”

સુખલાલના પંજાએ મક્કમ મૂઠીઓ વાળીને પિતા સામે હલાવી. પિતાએ એ પુત્રસ્વરૂપ પહેલી જ વાર દીઠું.

# ૧૮. નહીં છોડું

દીકરાને મુક્કી ઉગામતો દેખ્યો ત્યારે બાપને વધુ બીક લાગી. સુખલાલના સ્વભાવનો એ પિતા પૂરો જાણકાર હતો. કાઠી-ગરાસિયાઓની જાડી વસ્તીવાળા એ ગીર-ગામડા રૂપાવટીમાં સુખલાલની વીશ વર્ષોની જુવાની સીધાસાદા માર્ગે જ કાયમ નહોતી વહ્યા કરી. સહન કરી શકાય ત્યાં સુધી તો ભલો ને ભદ્રીક, નરમ ને નમતો રહેતો સુખલાલ, સહનશક્તિની હદ લોપાયા પછી વનપશુ જેવોય બની જતો. કાઠીના છોકરાઓનાં શરીર પર સુખલાલના દાંત બેઠેલા તેના ચિહ્નો મોજૂદ હતાં. દુશ્મનના પંજા નીચે દબાતો ને ઘૂસ્તે-પાટુએ ગૂંદાતો સુખલાલ એક ચીસ પણ પાડ્યા વગર માર ખમતો ખમતો લોહીલોહાણ બટકાં ભરી શકેલો.

પોતાની ગજવાની ચીજ પોતે વેરીના હાથમાંથી બચાવી નહીં શક્યો હોય ત્યારે પછી, એ ચીજને એણે ધૂળમાં રોળી અણખપની તો કરી જ નાખી હતી. રૂપાવટીથી રોજ દેવલપુરની નિશાળે ભણવા માટે એક ગાઉ ચાલતા જતા સુખલાલે પોતાને

ખાવા માટે માએ બાંધી આપેલ ભાતું રસ્તે ઓડા બાંધીને બેસતા ગરાસિયાના છોકરાઓને હાથ પડવા દીધા પહેલાં ધરતીમાં રગદોળી નાખેલું, માર ખાધેલો ને સામાં વડછકાં ભરેલાં; છતાં કોઈ દિવસ ઘેરે આવીને એણે માતપિતા પાસે વાત નહોતી કરી. પોતાને પડેલા માર પર એ છૂપો છૂપો હળદર ચોપડતો. તેના લૂગડે પડતા ડાઘ ઉપરથી જ આખરે માને દીકરાના બૂરા હાલની જાણ થતી.

મોટા થયા પછી બાપાની દુકાને પણ એણે કાઠી તાલુકદારોને શેકેલી સોપારી કે ખજૂર-ખોખાંનો નાસ્તો કરાવવાની ના પાડવા બદલ ધમકીઓ ખાધેલી, કેટલીક વાર એ રાત્રિએ દિશાએ પણ નહીં નીકળી શકેલો; છતાં પિતાનું રક્ષણ એણે માગેલું નહીં.

આ બધી ખાસિયતોના જાણભેદુ પિતાએ ઈસ્પિતાલમાં લીનાને ખોળે પડેલા ડાહ્યાડમરા સુખલાલને બદલે, સુશીલાની વાત નીકળતાં શરમના ગલભર્યા ગાલવાળા પ્રેમી સુખલાલને બદલે, તેમ જ ખુશાલભાઈના આજ્ઞાંકિત શિષ્ય સુખલાલને બદલે આ મુઠ્ઠીઓ ભીડતા સુખલાલનું બીકાળું રૂપ જોયું; જોઈને એણે કહ્યું: “ભાઈ, જોજે હો! પારકો પરદેશ છે. ગમ ખાજે. ભૂલેચૂકેય એ દૃશ્યમાં હાલીશ મા!”

“રસ્તો ક્યાં કોઈના બાપનો છે?” સુખલાલનું બોલતું મોં બારણા બહાર તાકતું હતું.

“એની વાત નથી. ઠાલાં નજરું મળ્યાંનાં ઝેર છે ને?”

“ત્યારે તો આંહીં એણે તમને તમારી આ દશા કરવા તેડાવ્યા!” સુખલાલ ગોઠવી ગોઠવી બોલતો ગયો.

"કાંઈ સંભારવું જ નહીં, બેટા! કાળ કાળનું કામ કરે છે. પણ તું પૂરી ગમ ખાજે, હો ભાઈ! નીકર ત્યાં બેઠે અમારો જીવ ઊડી જશે."

"હો." સુખલાલને પોતાને જ ગમ નહોતી રહી કે આ હોકારો પોતે શું સમજીને દેતો હતો.

"શું ખાવા-નખાવાની વાતું હાલે છે બાપદીકરા વચ્ચે?" એમ બોલતો ખુશાલ દાખલ થયો. એના હાથમાં એક કરંડિયો હતો. કરંડિયો ફુઆને આપતાં કહ્યું: "લ્યો, બાંધી લ્યો ભાતું."

પિતાપુત્ર બંને કરંડિયામાં ઠાંસોઠાંસ ભરેલ લીલાસૂકા મેવા અને રમકડાંના જથ્થા તરફ જોઈ રહ્યા.

"એમાં ઝોડની જેમ જોઈ શું રિયા છો, ફુઆ! ઝટ કરો, ગાડીનો વખત થાય છે."

"પણ... પણ... આટલું બધું..."

"ત્યારે શું ઘરને આંગણે ધોયેલ મૂળા જેવા જઈને ઊભવું'તું? છોકરાંને ખોબો આંસુ પડાવવાં'તાં?" ખુશાલે એ ખૂલેલ કરંડિયાને ફરી પાછો કસકસતો બાંધતે બાંધતે એની આખાબોલી રીતે કહ્યું.

સુખલાલ પણ ભાડુંઓ યાદ આવતાં ઝંખવાણો પડ્યો. એણે ઇસ્પિતાલની પથારીએ પડ્યાં પડ્યાં પોતાની નાની બહેન સૂરજનો સુશીલા પરનો કાગળ બાપ પાસેથી લઈને વાંચી જોયો હતો. એ સૂરજ, પિતા જ્યારે ઘેર પહોંચશે ત્યારે, પિતાની બચકી પાસે ટરપરટોયાં મારતી ઊભી રહેશે. બીજાં ભાંડરડાં તો ફળ ને મેવાથી મોં ભરીને, પિતા મુંબઈ જઈ બીજું શું શું લાવ્યા તે

જાણવાની ખેવના જ નહીં કરે; પણ શરમાળ સૂરજ પિતા પાસેથી ભાભીનો સંદેશો મેળવવાની ફોગટ રાહ જોતી જોતી આખરે જ્યારે છાનીમાની પિતા પાસેથી ભાભીનો જવાબ માગશે, ભાભીએ કશુંક—અરે, કંઈ નહીં તો જૂની ચોપડીઓ મોકલી છે કે કેમ તે જાણવા સૂરજ ઉત્કંઠ ઊભી રહેશે, ત્યારે એનો શો જવાબ જડશે? માતા-પિતાની વચ્ચે ખાનગીમાં થનારી આ વેવિશાળ-ફારગતીની વાત ચકોર સૂરજની જાણ બહાર શું થોડી જ રહેવાની છે? જાણશે ત્યારે એને શું શું થશે! 'ભાભી-ભાભી-ભાભી' એવા અણધરાયા અંતરના અક્કેક તલસાટ સમ શબ્દનું બહેને જે પત્રમાં પચીસ વાર જપન કરેલું, એ પત્ર પર આ કહેવાની પણ ન રહેતી 'ભાભી'એ થૂથૂકાર કર્યાની કેવી કેવી દારુણ કલ્પનાઓ કરશે મારી બહેન સૂરજ!

સૂરજને થોડા દિવસ કોઈક છેતરી રાખે તો કેવું સારું! 'આ તારી ભાભીએ ભેટ મોકલી છે,' એમ લખીને મેં મારા આજના પાંચ રૂપિયામાંથી એક ઓઢણી સૂરજને મોકલી હોત તો કેવું સારું થાત! પણ વખત રહ્યો નહોતો. ત્રણે જણા સામાન લઈ નીચે ઊતર્યા. સ્ટેશને જઈ ફુઆને ગાડીમાં સારી એક બેઠક મેળવી આપવા માટે ખુશાલભાઈ પાંચ પેસેન્જરો સાથે બાઝી પડ્યા, ને આખરે ખુશાલના હાથનું ચૌદમું રતન ચાખનારા એ ઉતારુઓ ટાઢા પડ્યા પછી ખુશાલે પોતાને ને સુખલાલને માટે મરીન લાઈન્સના ઘાસ પર બેસી ખાવા માટે રાખેલાં થોડાંક ફ્રૂટ ને મેવા એ કજિયો કરનારાં કુટુંબનાં જ બાળકોને આપી દીધાં. ફુઆએ ગરીબ વાણિયાની રેલ-મુસાફરીની 'સંકટ સાંકળ' સમી

સૂડી-સોપારી પણ કાઢી હતી. ગાડી ઊપડી ત્યાં સુધી ફુઆએ એક શબ્દ એવો ન ઉચ્ચાર્યો, ન તો ચહેરા પર એવો એક ભાવ દેખાડ્યો, કે જે પરથી ખુશાલને પેલા બની ગયેલા માઠા બનાવની શંકા સરખીય આવે.

પાછા જતાં ખુશાલને લાગ્યું કે સુખલાલ બાપથી વિખૂટો પડવાને લીધે ગમગીન છે. ગમગીની ઉડાવવા એણે પોતાના ઘર છોડવાના સમયની કરુણતાભરી ને શૌર્યભરી વાતો કરી: "છ મહિનામાં તો તું આંહીં ઓરડી રાખીને સૌને તેડાવી શકીશ, ને તારો સસરો જો વાંકો નહીં હાલે તો તો આંહીં જ વીવા જમાવી દેશું, દોસ્ત! એક વાર વહુને હાથ કરી લઈએ, પછી જખ મારે ને જોડા ફાડે તારો મોટો સસરો ને તારી સાસુ. મુદ્દાની વાત એક જ છે સુખા, કે સંતોકડીની—અરે ભૂલ્યો ભાઈ, સુશીલાની—મરજી તારે જાણી લેવી. નાહકનું સાલ ઘરમાં ન પેસાડવું, હો ભાઈ! જીવતાં સુધી સૌનાં લોહી પીવે, ને પોતાનુંય પિવરાવે, ઈ ધંધે નથી ચડવું; ભલે ને પછી ઢેડવાડે દ્યે! કોના બાપની ગુજરાત! સાડી સત્તરસો કન્યાયું ગામડે ગામડે સડે છે. વાત તો બહુ બહુ તો બે કોથળીની છે! થઈ રહેશે, ભાઈ સુખા! આંહીં તો અમે આપણા પચાસક ભાઈઓનાં ડૂબતાં વહાણ એમ જ કરીને પાર ઉતારી દીધાં છે. જાડા જૂથની મજા જ એ છે ને! પણ પછી હુતો ને હુતી બે થિયાં એટલે તું જાણે કે એકલો સાંતાકરૂઝ રે'વા વયો જાઉં! —તો એ વાત બ્રહ્માંડ ફર્યેય નહી બને."

સુખલાલ ફક્ત શ્રોતા જ રહ્યો રહ્યો ઓરડીએ પહોંચ્યો. એના

મનમાં ખુશાલની બળભરી વાત પણ ચટકા ભરતી હતી, કેમ કે એમાં તો સુશીલાને જતી કરવાની જીવલેણ સૂચના હતી. એ સાંભળીને સુખલાલની રગેરગમાં જાણે સરપો સળવળ્યા.

'સુશીલાની મરજી!' તેણે પથારીમાં પડ્યે પડ્યે ત્રાગડા કાંત્યા: 'હા, હા, સુશીલાની મરજી હશે તો મૂકી દઈશ! ના, ના, મરજી વગરની સુશીલાને પણ કેમ કરી મૂકું? હિંમત નથી. મૂકી શકું જ શી રીતે? દરિયામાં ડૂબતો માણસ તણખલાનેય મૂકી શકતો નથી. અરે, પણ આ વિચારો કરનાર હું કોણ? મૂકી તો મને જ દેવામાં આવ્યો છે. ને હું ક્યા મોઢે હજુ સુશીલાને મૂકવા-ન-મૂકવાની વાત વિચારું છું? પણ મને મૂકી દીધો કોણે? સુશીલાએ મને મૂકવો હતો તો ઉજાણીમાં એ શા માટે વાતો કરવા આવી હતી? ઇસ્પિતાલમાં શા માટે ચોર-મુલાકાત લીધી હતી? ને ફરી પાછા આવીને લીનાને શા માટે 'ક્યાં ગયા'ના પ્રશ્નો પૂછ્યા હતા?

'લીનાને જ પૂછી આવું. લીનાએ એને તે દિવસે જેવી જોઈ હશે તેવી એ મને વર્ણવી દેખાડશે. હું પૂછીશ, એ કન્યાના મોં પર પ્રશ્નો પૂછતે પૂછતે કોઈ રંગો ઘોળાતા હતા? આંખોમાં અમીભર તલસાટ ઊછળતા હતા? મારું નામ લેતી હતી? હાં, હાં, એ એક ખરી કસોટી થઈ જશે. ચહેરા પરના રંગો ને આંખોના તલસાટો તો ભુલાવામાં નાખે તેવી વાતો છે.

'ભરોસો કરવા લાયક આ એક જ પ્રશ્ન: એ કન્યા મારું નામ લેતી હતી કે નહીં? હિંદુ કન્યા એક જ માણસનું નામ નથી લેતી, જે એના હૈયાનો વધુમાં વધુ નિકટવાસી હોય તેનું. એ એક જ

પ્રશ્નનો ઉત્તર મારે માટે બસ થશે. પછી તો હું જોઈ લઈશ—મારી પોં’ચ, મારી ત્રેવડ, મારી છાતીનું જોર.’

એમ કરતો કરતો આ ગામડિયો જુવાન ઊંઘી ગયો.

# ૧૯. લીનાને ઘેર

બારણાં બીડીને અંદર એકલી પડેલી લીનાને જો એ સાંજે કોઈ છૂપી આંખો જોઈ શકી હોત, તો એની એ લીના જ છે એમ માની ન શકાત. જગતજનની મેરીની મૂર્તિ આગળ મૂકેલ તસવીર પરથી એણે ઢાંકણું ઉઠાવી લીધું હતું. તસવીરને પોતે આંખે ચાંપતી હતી. પંદર વર્ષના એક છોકરાની એ છબી હતી. લીના બોલતી હતી કે “આજે તું આના જેવડો હોત. આ છોકરાને કમાવું છે, કેમ કે એને પરણવું છે. તુંયે આજે પરણવા જેવડો હોત. ના, ના, તારે તો હજી બે વર્ષની વાર હોત. પણ આ છોકરાની વહુ કાયમ એનાં માબાપના ઘરમાં રહેશે, એનાં ભાઈભાડુંનીય સેવા કરશે. તું પરણત તો મને એકલી જ છોડી દેત, ખરું ને? હું માંદી પડત તો ઇસ્પિતાલે જ નાખત, ને હું અશક્ત કે અપંગ બનત તો તો ‘એસાયમલ’માં મારું સ્થાન હોત, ખરું ને ડાર્લિંગ? પણ તું અશક્ત—અપંગ બન્યો હોત, તો હું તને રઝળતો મૂકત કાંઈ? તારી સ્ત્રીને સુવાવડ આવત તો તો હું જ દોટ કાઢતી આવત. હું બુઢ્ઢી બુઢ્ઢી ને અશક્ત છતાં તારા

બાળકની સારવાર કરત. પણ આવું કશું જ જોવા તું ન રહ્યો. હું તો મારું હરેક વર્તન, બેટા, એમ સમજતી સમજતી જ કરું છું કે તું માતા મેરીને ખોળે બેઠો બેઠો જોતો હઈશ, ને તને એ ગમતું થશે. આ વાસણો વેચતા છોકરાને મેં બોણી કરાવી. મારે વાસણોની થોડી જરૂર હતી? પણ તું એના જેવો જ નિરાધાર રઝળતો હો, તે દિવસે તનેય કોઈક માતા એવો આધાર આપે, એવી આશાએ એ મેં કર્યું. સારું થયું કે એ વખતસર આવ્યો—કેમ જાણે એ તારો જ મોકલ્યો આવ્યો! એ રૂપિયા દસ લઈને હું ‘ઓપેરા’ જોવા જતી હતી. મને આજે કોરનેલિયા હોટલમાં જઈને ખૂબ ખાવાનું મન હતું. ત્યાં તો સુંદર સુયોગ બની ગયો. હું શાંતિ પામી છું, હું જાણે તારી બુઢ્ઢી મા છું. મને કોણ કહે છે કે હું જુવાન છું? નહીં રે, મને બુઢ્ઢાં રહેવું જ ગમે છે—પણ છાનાંમાનાં, હો! હજુ પ્રકટપણે બુઢાપો બતાવવાની હિંમત થતી નથી. બુઢ્ઢાંને જલદી નોકરી મળતી નથી. તું જાણે છે ને, મારે મારી ખોટી ઉમ્મર નોંધાવવી પડે છે. તને એ નહીં ગમતું હોય. જૂઠાણું તો તને કેમ ગમે? અરે, જીવતો હતો ત્યારે જ નહોતું ગમતું, ને હવે કંઈ મેરી માતાને ખોળે થોડું જ ગમે? પણ તું હોત, તારી વહુ હોત ને આ હિંદુ-મુસ્લિમોની માફક માને ભેળી રાખતાં હોત, તો મારે શીદ જૂઠું બોલવું પડત? હું શીદને આ વેશ પહેરત?”

એમ કહેતી કહેતી ગદ્‌ગદિત લીનાએ પોતાના મોંમાંથી બનાવટી દાંતની બત્રીસી ખેંચી હાથમાં ધરી રાખી. એના ગાલમાં ગતી પડ્યા. એને કોઈએ ન ઓળખી હોત.

એના દાંત, બેશક, બુઢાપાથી નહીં, બીજાં કારણોથી પડી

ગયેલા; છતાં એ ફૂટડી ને જુવાન બની ઈસ્પિતાલે ફરતી લીના ચાલીશ વર્ષની નજીક તો ચોક્કસ હતી, તેવી ચાડી એ દાંત વગરનો ચહેરો ખાતો હતો.

ત્રણ દિવસ પછી એ જ સમયે અવાજ સંભળાયો: 'યુટેન્સિલ્સ! એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ! ડ્યુરેબલ એન્ડ ડીસન્ટ યુટેન્સિલ્સ!'

અવાજ અણઘડ હતો, છતાં હળવો ને મીઠો હતો.

ગૅલરીમાં આવીને લીનાએ ડોકું કાઢ્યું; વાસણો ઉપાડનાર હેલકરી સાથે સુખલાલને જોયો. લીનાએ મોં આડે હાથ ઢાંકી દીધો. 'યુ—ટે—ન...' એ ફરી વારનો ટૌકો લીનાને જોતાં શરમથી અધૂરો જ અટકી ગયો. સાકરનાં પતાસાં પેઠે એ સ્વર ગળાના પાણીમાં ઓગળી સમાઈ ગયો.

શાંતિના ચિરધામ સમા આ લત્તાઓ બોલનારને પણ શાંતિ પ્રેરે છે. સુખલાલના ફેરિયા-સ્વરો આપોઆપ શાંતિ શીખ્યા હતા. એ શાંતિએ સુખલાલની આકૃતિને આછા કોઈ શીતળ રંગોની ફ્રેમમાં મઢી લીધી હતી.

"ઉપર આવ, સ્માર્ટી!" કહેતી લીના ઘરમાં ગઈ. દાંતની બત્રીસી એકદમ પહેરી લીધી. 'સંભારતાં જ તું જાણે આવ્યો!' એવું કહીને પેલી છબી પર એણે પરદો પાડી દીધો. આ ખ્રિસ્તી લોકો હિંદુઓ કરતા જરીકે ઓછા 'વહેમી' નથી હોતા. મૃત્યુના સંબંધમાં તેમની 'વહેમી' માન્યતાઓ હિંદુઓને પણ ટપી જાય છે.

સુખલાલ હેલકરીને નીચે રાખીને એકલો જ ઉપર ચાલ્યો. જે

કહેવાનું છે તેની શરૂઆત કેમ કરવી તેની એ મનમાં ને મનમાં ગોઠવણ કરતો ગયો, ત્યાં તો—“તું આટલો બડો પક્કો છે, આટલો મોટો પાજી છે, એ તો મને તેં દવાખાનામાં આટલા બધા દિવસ રહ્યા છતાંય કળાવા ન દીધું! હું તારા પર ગુસ્સે થઈ છું,” એવા લીનાના ઓચિંતા તૂટી પડેલા શબ્દોએ સુખલાલને ખસિયાણો પાડ્યો. કઈ પક્કાઈ, કયું પાજીપણું, કઈ મેલી ચાતુરી મારા ઇસ્પિતાલ ખાતેના વર્તનમાં મેં દાખવેલ? પોતે યાદ કરવા લાગ્યો.

“તેં મને કેમ નહોતું જણાવા દીધું?”

“શું, નર્સ બાબા?”

“તારું તરકટ!”

બોલતી લીના સખ્ત હતી. સુખલાલને એ સ્વરૂપ ડરામણું લાગ્યું. શું મને અપમાનિત કરી પાછો કાઢવા ઉપર બોલાવ્યો હશે? આવા જીવન-પ્રદેશનો અણમાહિતગાર એ જુવાન આંહીં આવવાની ધૃષ્ટતા માટે પસ્તાયો, ને છુટકારાની પળ માટે પ્રાર્થના કરવા લાગ્યો.

“મેં તને ઠરાવી ઠરાવીને પૂછ્યું હતું તે દિવસે બપોરે, કે સ્માટી, તું કેમ રડતો હતો? પેલી બાઈ આવી ત્યારે તું શા માટે આંસુ પાડવા મંડી ગયો હતો? તેં બનાવટી જવાબ વાળેલો કે દરદ ઊપડ્યું હતું. તેં મને ખબર જ ન પડવા દીધી કે એ આવનાર ઓરત કોણ હતી, તારે શું થતી હતી!”

સુખલાલ વધુ ગૂંચવાયો. જે વાત પોતે પૂછવા ને પ્રગટ કરવા

આવ્યો હતો તે વાત તો આંહીં એના કોણ જાણે કેવાય ડરામણા સ્વરૂપે ક્યારની રંધાઈ ચૂકી હતી.

"એ સાચી ખબર તો મને કાલે પડી. કાલે એ છોકરી ફરી વાર ઇસ્પિતાલે આવી હતી. એ તારી 'ફિઆન્સી'—તારી ભવિષ્યની પત્ની છે. મને માફ કરજે, બેટા!" આંહીં એનો સ્વર નરમ બન્યો: "મેં તને એનો નોકર માનેલો. મેં તને એની સાથે શબ્દ પણ બોલવા નહોતો દીધો. પણ તું એને તારા ખબર કેમ નથી આપતો? એ મને જ શા માટે તારું ઠેકાણું પૂછવા આવે છે? હું તારી કોણ સગી છું કે એ મને જ ચિડાઈ ચિડાઈ પૂછે છે? મેં શું તને છુપાવ્યો છે? બેસ, નિરાંતે બેસ. મને વાત કર. તું શું એનાથી રિસાયો છે? તને શું એ ગમતી નથી? એ એમ કેમ કહેતી હતી કે, હું શાહુકારની પુત્રી છું એ જ મારું દુર્ભાગ્ય છે? એ કાલે કેમ ઉશ્કેરાયેલી હતી? એ કેટલી બધી વેદનાભરી લાગતી હતી!"

સુખલાલને આ વાત જો કોઈ બીજાએ કરી હોત તો એને મશ્કરી લાગત, બનાવટ લાગત. દરિયામાં તરફડિયાં મારતો માણસ પોતાના પગ હેઠળ ઓચિંતી મળતી ભૂમિને ઘડીભર મગરમચ્છની પીઠ માનીને વધુ ભયભીત બને તેવી ભયભરી મનોદશા સુખલાલે પણ અનુભવી.

"તમે એને મારી વાત કહી?" એણે ડરતાં ડરતાં પૂછ્યું. મનમાં થયું કે કહ્યું ન હોય તો પાડ પ્રભુનો! મને વાસણોની ફેરી કરતો સાંભળીને રખે ક્યાંક સુશીલાનું દિલ બદલાઈ ગયું હોય.

"મેં તો વિગતવાર તારા સમાચાર કહ્યા. મેં કહ્યું કે તારે જલદી પરણવું છે તે માટે તો તું તનતોડ ઉદ્યમ કરી કમાવા નીકળ્યો છે.

એણે તો એ સાંભળીને ફાળ ખાધી. એ થોડી વાર તો વિચારમાં પડી ગઈ. એણે મને અચકાતાં અચકાતાં પૂછ્યું કે, 'પરણવા માટે પૈસા ભેગા કરે છે? કોને પરણવા માટે? કોઈ બીજે ઠેકાણે પરણવાનો છે?' હું શો જવાબ આપું? તું એવો મારો કયો સગો કે તારા પેટની રજે રજ વાત તું મને કરી જતો હો! શી બેવકૂફી! શી વિચિત્રતા! કોણ તું! કોણ હું! કોણ એ! હું તે આ મામલામાં ક્યાંથી પેસી ગઈ?" એમ કહેતી એ ખૂબ હસી.

"હું ધંધે ચડ્યો છું એ એને ગમ્યું કે ના ગમ્યું?" સુખલાલનો આ સવાલ સંગીતની મીંડ સમો નીકળ્યો.

"એ પૂછતી હતી કે, વેચતાં આવડે છે? મેં કહ્યું કે નથી આવડતું, પૂરો બેવકૂફ છે. પણ એને છેતરવાનું તો ખુદ ઘરાકનું જ દિલ નહીં ચાલે એવો એ પરાણે વહાલો થઈ પડશે."

સુખલાલ નીચું જોઈ ગયો. થોડી વારે એ બોલ્યો: "એ ક્યાં મળે?"

"બીજે ક્યાં વળી? એ જ્યાં રહેતી હોય ત્યાં!"

"તમે એને મળવાનાં છો?"

"કદાચ એ માંદી પડે ને મને તેડાવે તો. પણ હું તો નર્સ તરીકે ઘણી લાગણીહીન ને કડક છું, એટલે મને તો એ શાની જ તેડાવે? —અરે ભાઈ, એવી લાલઘૂમ છોકરી માંદી જ ક્યાંથી પડે?"

સુખલાલ જોઈ શક્યો કે લીના ટીખળે ચડી હતી.

"પડે પણ ખરી," લીના તુર્ત જ બોલી પડી: "તાવ તો ઘણી જાતના થાય છે. અમારા દેશમાં એક તાવને 'લવ ફીવર' કહે છે. તું થોડો વખત એનાથી દૂર જ રહે, ને હું એને કહું કે તું તો

બીજીને પરણવાનો છે, તો એની માંદગીનો ચાન્સ મને મળે! તો કદાચ થોડા રૂપિયા તેં મને કમાવી આપ્યા કહેવાય. બદલામાં હું તને તારાં વાસણો ખપાવીને રળાવી દઈશ. છે સાટું કબૂલ?"

આ ટીખળનો રસાસ્વાદ લેવાની લાગણીને સુખલાલના અંતરમાં અત્યારે સ્થાન નહોતું. એવા વિચાર-ઘોડલા એ ઘડીએ ફક્ત એક જ બિંદુ પર ધસતા હતા, કે આ બધો શો ગોટાળો મચ્યો છે? સુશીલા પોતે જ મને તજનાર છે, કે હું એનો ત્યાગ કરું છું? મારા પિતાની ને એના બાપુજીની વચ્ચે થયેલી ફારગતીથી શું સુશીલા અજાણ છે? કે શું એ મારા પિતાને દોષિત માની બેઠી છે? શું એના બાપુજીએ જ એનામાં આ ગેરસમજનું ઝેર રેડી દીધું હશે? આ ચોખવટ કરવા હું ને એ ક્યાં મળીએ?

'અમને બેઉને તમારા જ આશ્રયસ્થાનમાં મેળવી આપશો?' એ પ્રશ્ન લીનાને પૂછવા માટે છેક સુખલાલના હોઠ સુધી ફફડી કરીને પાછો ગળામાં ઉતરી ગયો. નહીં રે નહીં! એવું એને કેમ પુછાય? ને એવી છૂપી મુલાકાત એક ખાનદાન સ્ત્રીના આશ્રયે મેળવવાથી એની આબરૂ શી રહે? એને કોઈ જાણી જનારાં શું કહે?

તો પછી એની મારફત સુશીલાને મુલાકાત માટેનો સંદેશો પહોંચાડું?

વળતી જ પળે એ વિચારને પણ એણે ત્યજ્યો.

છૂપા સંદેશા, છૂપી મુલાકાત, છૂપી મસલતો, એ સંસ્કાર કેટલાક માણસોના લોહીમાં જ નથી હોતા. છૂપું રાખીને કાંઈક કરી લેવું એ એને તરકટ કે કારસ્તાન સમાન લાગે છે. સુખલાલના

લોહીમાં ‘છૂપા’ પ્રત્યે આવી એક કુદરતી ઘૃણા હતી. એ તિરસ્કારના સંસ્કારે જ સુખલાલને નર્સ લીના પ્રત્યે અદબભર્યો રાખ્યો. લીનાને વિશે એ હલકો વિચાર સેવી જ ન શક્યો. જો લીના અમારા આવા છૂપા મિલનને ચાહતી હોત તો એ સૂચન લીના તરફથી જ ન આવ્યું હોત? —એવી દલીલ પોતાના દિલ સાથે કરનારો એ યુવાન વિશુદ્ધિનું એક વધુ પગથિયું ઓળંગી ગયો.

“શું વિચાર કરે છે, સ્માર્ટી? તારા કપાળની નસો આટલી ઊપસી કેમ આવી છે, ડાર્લિંગ?” લીનાએ એને પૂછ્યું.

“મારે એને મળવું છે.”

“ક્યાં મળશે?”

“તમે જ બતાવ્યું ને? —એને ઘેર.”

“બ્રેવો, માય બોય—શાબાશ, મારા દીકરા!”

આભાર માનવા વગેરેની વિધિ કર્યા વગર સુખલાલ વિદાય લેવા ઊઠ્યો. લીનાએ રોક્યો નહીં, પણ એ બહાર નીકળી નીચે ગયો ત્યારે ઉપરથી લીનાએ કહ્યું: “આજે વાસણો વેચ્યાં નથી લાગતાં?”

“ના. એક વાર વેચીને બીજી વાર ફેરી કરવા નીકળ્યો છું.”

“ચાલ, તને મારા પાડોશીઓમાં લઈ જાઉં?”

“આજે નહીં.”

“ઊભો રહે, મને થોડાં વાસણો આપતો જા. તે દિવસે મેં લીધાં તે તો ઓળખીતાંઓ આવીને ખરીદી ગયાં.”

સુખલાલને એના કહેવામાં વિશ્વાસ ન બેઠો, કહ્યું: “કાલે આવીશ.”

“કાલે હું નહીં હોઉં; કાલથી દિવસની નોકરી છે—દેતો જા!”

સુખલાલ ખચકાયો.

“યુ ઇડિયટ! બેવકુફ! વેપારીનું જિગર જ ન મળે! પેલો તારો સંગાથી પક્કો વેપારી હતો; સામે ચાલી યુક્તિ-પ્રયુક્તિ કરી કરી વાસણો વળગાડતો, ને તું ઘરાકના માગવા છતાંય મૂંઝાય છે—લાવ!”

એમ કહીને પોતે કટ કટ દાદરો ઊતરી. બેત્રણ વાસણો કાઢીને એણે ત્યાં મૂક્યાં, કહ્યું: “બિલ બનાવ ત્યાં હું પૈસા લાવું છું.”

સુખલાલે બિલ કાઢીને લખવા માંડ્યું. લીના ઉપર લેવા ગઈ. એટલામાં સુખલાલે હેલકારીને કહ્યું: “ચાલતો થા.” એને રવાના કરી પોતે પણ લીનાના આવી પહોંચ્યા પહેલાં જ ચાલી નીકળ્યો. લીનાએ પસંદ કરેલાં વાસણો પોતે ત્યાં જ રહેવા દીધાં; એની અંદર કેશમેમો મૂક્યો હતો, તેમા રકમ-બકમ લખવાને બદલે લખ્યું હતું કે ‘વિથ પ્રણામ ફ્રોમ યોર હમ્બલ સ્માટી: આપના દીન સ્માટીના પ્રણામ સાથે.’ તેજપુરની નિશાળમાં ચાર-પાંચ અંગ્રેજી ચોપડી ભણેલાને વધુ તો શું આવડ્યું હોય?

થોડી વારે લીના નીચે આવી ત્યારે એના મગજમાં સૌથી મોટો ગૂંચવાડો એ ‘પ્રણામ’ શબ્દે ઊભો કર્યો.

# ૨૦. ઉલ્કાપાત

સાંજે વાળુ કરીને સુખલાલ નીચે ઊતરવા લાગ્યો ત્યારે ખુશાલે એને પૂછ્યું: “અત્યારે ક્યાં?”

“જરા આંટો મારી આવું.”

“ખુશીથી. કદાચ તું મોડો આવ તો મને ઉઠાડવો ન પડે એટલે બેમાંથી એક બારણે બહારથી તાળું મારતો જા—આ લે.”

સુખલાલ ઊતર્યો, તેની પાછળ પાછળ ખુશાલ પણ થોડું અંતર રાખીને ઊતર્યો; સુખલાલ ચાલતો હતો તેનાથી જુદા જ ફૂટપાથ પર ધ્યાન ન ખેંચાય તેવી આવડત રાખીને ચાલ્યો.

એને બીક હતી બેત્રણ વાતોની: આ છોકરો એના બાપની થાપણ છે: મારી ને એની આબરૂ અત્યારે એક છે: અમે કાઠિયાવાડના થોડાક ગરીબ જુવાનો આંહીં રોટલો રળી ખાઈએ છીએ તે ફક્ત અમારી આ આબરૂને જ જોરે. જો આ છોકરાનો પગ ક્યાંઈક જુગાર કે લબાડીમાં પડી ગયો તો સત્યાનાશ નીકળે: પણ એને શિખામણ દઈને ચેતાવવાથી તો ઊલટાના એ અવળા મારગ ચીંધાડી દેવા જેવું થાય: એને માથે નજર જ રાખવી સારી.

કોને ખબર—બાપડો મનથી મૂંઝાતો હોય, અમથો જ આંટો મારવા જતો હોય; પણ આજ એના ચિત્તમાં થોડોક ઉકળાટ હતો ખરો! ઝટ પરખાવા દીયે એવો નથી, જરા ઊંડો છે, મીંઢો છે, એટલે વધુ બીકાળું! જુગાર તો જાણે નહીં રમતો હોય, રળે છે એટલું બધું જ મારી પાસે જમા કરાવે છે. નાળિયેરનું પાણી પીવાના બે આના પણ પાસે રાખતો નથી. અત્યારે પણ ટ્રામમાં બેઠો નથી, ને આ રસ્તો પણ અવળા ધંધાનાં ધામોમાં જતો નથી. તેમ નથી આ બહાર હવામાં પણ જતો: ત્યારે આ જાય છે ક્યાં! આ વળ્યો કઈ બાજુ? આ તો સૅન્ડહર્સ્ટ રોડ: સાસરે તો નહીં જાતો હોય ને લાડો!

ચણભણ ચણભણ વાત ખુશાલને કાને આવી હતી. વેવિશાળ તૂટ્યું સંભળાયું હતું; પણ પાકે પાયે ખબર હજુ કોઈને નહોતી પડી. આ બેવકૂફ ક્યાંક કાંઈ ફારગતી લખી દેવા તો નહીં જાતો હોય ને?

સુશીલાના ઘરમાં આ જ વખતે ઉલ્કાપાત મચ્યો હતો. મોટા શેઠના સૂવાના ખંડમાં જ્વાલામૂખી ફાટ ફાટ થતો હતો. પલંગ પર બેઠા બેઠા સુશીલાના મોટા બાપુજી, સામે થોડે દૂર અપરાધી ભાવે ઊભેલી પત્નીને, ઠંડા શબ્દ-ચાબખા લગાવી રહ્યા હતા. વિજયચંદ્રની કોઈ 'ધર્મની બહેન'ના ઘેરે જવાનું સુશીલાએ કેમ બંધ કર્યું તેની વાત હતી.

"બોલો, શો ઘોબો પડી ગયો તે છોકરી ત્યાં જતી બંધ થઈ?"

"એના પેટની તો બીજી શી રીતે ખબર પડે? પણ મોઘમ જવાબ આપે છે કે ત્યાં જવું ગમતું નથી."

"ત્યાં એને કોઈ મારે છે, કૂટે છે, ગાળભેળ દે છે, શું કરે છે કે નથી ગમતું?"

"મને તો શી ખબર? પણ પહેલી જ વાર ગયેલી ત્યારે કાંઈક બોલાચાલી થઈ લાગે છે. મારે-કૂટે તો શું કોઈ બચાડા જીવ!"

"બોલાચાલી પણ કરી આવી? બસ, બે-ચાર દિવસનીય ધીરજ ન રહી? ભાગ્યમાં ભમરો હોય ત્યાં બીજું શું થાય? એ છોકરીના ભાગ્યમાં વિજયચંદ્ર જેવો જુવાન ક્યાંથી સમાય? મારી આટઆટલી મહેનત પાણીમાં જ જવા બેઠી છે. મેં કેટકેટલી કન્યાઓનાં માગાં ભૂંસાડ્યાં, ન કરવાનાં કામાં કર્યાં, ન રમવાની ખટપટો રમ્યો, કે કોઈ વાતે આપણો રંગ રહી જાય! પણ છોકરીના કપાળમાં—"

"કાંઈ ન બોલાય. છોકરીના કપાળમાં તો કંકુનો ચાંદલો જ વાંછીએ. સૂઝે એમ તોય આપણું પેટ છે."

"આપણું પે....ટ! હા!" પતિના મોંમાંથી નિઃશ્વાસ પડી ગયો: "આપણે પેટ તો પા'ણોય નથી, એટલે જ મનની આટલી તાણાવાણ પીડે છે ના!"

સુશીલાનાં ભાભુએ આ શબ્દ-સોટો પોતાના કાળજા પર અતિ આકરો અનુભવ્યો. પોતાના જીવનની શૂન્યતા, નિષ્ફળતા, નપાવટ દશા, નાલાયકી, જીવન જીવવાનો જ અનધિકાર, એ ક્ષણે એના અંતરમાં એકસામટાં ભોંકાયાં. એવડી બધી વેદનાને એણે—વધુ નહીં—માત્ર એક વાર પાછળ નજર નાખીને જ ભોગવી લીધી.

છૂપી છૂપી પ્રભુ-પ્રાર્થના એક હૈયાના ગુપ્ત નિઃશ્વાસની વરાળ

વાટે આકાશે ચડી: "હે નાથ, ધણીની પોતાની હઠીલાઈ ન હોત તો હું એમને ફરી પરણાવ્યા વિના રહેત કદી? મારા પેટમાં પાપ હતું જરાકે, હેં પ્રભુ?"

"પણ એવડી બધી શી બોલાચાલી કરી આવી—મને ખબર પડે કે નહીં?" શેઠે કંટાળીને પૂછ્યું, "આજ સુધી તો મોંમાં જીભ નહોતી છોકરીને; બીજે ક્યાંય નહીં ને ત્યાં જ જઈને કાં ભખભખી આવી છે?"

સુશીલાનાં ભાભુ નિરુત્તર રહ્યાં.

"મોંમાંથી તમે તો કાં'ક ફાટો!"

"શું કહું...?" ભાભુના મોં પર જે હાસ્ય પથરાયું તેમાં વેદનાની રંગોળી હતી.

"મીંઢી! મીંઢી! કાંઈ બાયડી મળી છે, બાપ! મનમાં જ ઝેર ભરી કાં રાખો?"

"પણ હું શું બોલું? મને જ બરોબર સમજ્યામાં નથી આવતું ને! પૂછ્યું હશે: છોકરાં થાય ઈ ગમે કે ન થાય ઈ ગમે? અટકાવ શીદ પાળો છો? પુરુષ માથે વહેમ તો નહીં આવ્યા કરે ને? પરણ્યા પછી તમારે તમારાં ભાભુએ પડાવેલા જૂના સંસ્કાર છોડી દેવા પડશે; પછી તો તમારે મારા કહ્યામાં રે'વું પડશે. વિજયચંદ્ર તો મારા માજણ્યા ભાઈ જેવા છે; તમને છોડવાં પડે તો છોડે, પણ અમારો સંબંધ નહીં છોડે; ને તમે વારે વારે હરકિસનદાસ ઈસ્પિતાલમાં નર્સ પાસે કેમ આંટા મારો છો? ને તમારા શરીરમાં કાંઈ રોગબોગ તો નથી ને? ને તમારું શરીર એક વાર લેડી દાકતરને દેખાડવું જોશે—ને..."

"ને શું?"

"ને એમ કે, પછી તો ત્યાં વિજેચંદ્ર આવ્યા હશે, એમની હાજરીમાં જ એ બાઈએ પૂછ્યું હશે કે, તમારા બાપા તમને પહેરામણી કેટલી કરશે? વિજયચંદ્રને વિલાયત ભણવા જવાનો ખરચ આપશે કે નહીં? અમને તો ઘણીય કન્યાઓ મળે તેમ છે, આ તો તમારા બાપુજી કરગરી કરગરીને અમને રોકી રહેલ છે. એ છેલ્લી વાત સુશીલાને જરા વધુ પડતી વસમી લાગી હશે, એટલે કાંઈક બોલી પડી હશે!"

"શું બોલી પડી?"

"બોલી હશે કે, મારા બાપુજી કરગર્યા હોય તો એમને ખબર, હું કોઈને કરગરવા નથી આવી. મને આંહીં એટલા માટે મોકલી છે તે પણ મને ખબર નહોતી. હું તો તમારી પાસે ભણવા-કરવાનું છે સમજીને આવી હતી. એટલે બાઈએ કહ્યું હશે કે તમારે અભિમાની ન રહેવું જોવે. ભણેલા ભાયડા રેઢા નથી પડ્યા."

"પછી?"

"પછી શું? સુશીલા ચા પીધા વગર ઊઠીને ચાલવા મંડી હશે, એટલે વિજેચંદ્ર 'મારા સોગંદ! મારા સોગંદ' કરતા આડા ફર્યા હશે. તે સુશીલાનો ધક્કો લાગતાં એના હાથમાંથી ચાનો પ્યાલો પડી ગયો હશે. એનાં કપડાં બગડ્યાં હશે એટલે એનાથી કહી બેસાયું હશે કે, આ ધોઈ દેવા તમારે જ આવવું પડશે. સુશીલાએ જરા આકરું સંભળાવ્યું હશે."

"શું આકરું?"

"કે ધોઈ દેશે તમારી આ બે'ન કે જે હોય ઈ."

"ઠીક, ત્યારે તો ભમરો ભૂંસીને આવી! અને કોની પાસે, કઈ નર્સ પાસે જતાં શીખી છે છોકરી?"

"ઈ તો અમથી હું હારે હતી ને એક વાર ગયાં'તાં અમે."

"ક્યાં?"

"હરકિસનદાસ ઇસ્પિતાલમાં—સુખલાલ હતા ને ત્યાં."

"એનું નામ શીદ લેવું પડે છે?"

"ઈ બચાડા જીવ..."

"હવે બેસ બેસ, બચાડા જીવવાળી! મોટી દયા ખાનારી જોઈ નો'તી તે! ખબરદાર, કહી રાખું છું કે એ છોકરાનો ટાંટિયો મારા ઘરની દિશામાં નહીં, ને એનું નામ મારા ઘરના કોઈની જીભે નહીં—નીકર જીભ ખેંચી કાઢીશ."

"પણ એણે આપણું શું બગાડ્યું છે? એ એને ઘેરે, આપણે આપણે ઘેરે."

"બેસ બેસ, ઘેલસાગરી! છોકરીને ફસાવવા હજુય એણે ઇસ્પિતાલની નરસુંને સાધી છે ઈ હું નથી સમજતો? હું શું ગધેડો છું? ત્રણ ટકાનો શોફર પણ તારા જેવો આંધળો નથી."

"પણ સુશીલાને જે વાત ગમતી નથી એ આપણે કાં કરવી? ને જે એને ગમતું હોય તેમાં આપણે વાંધો શો?" પત્નીએ પહેલી જ વાર સ્પષ્ટ ભાષા વાપરી.

"ચૂપ રહે છે કે નહીં? બોલતે બોલતે મોટા શેઠે પોતાના પગમાં લટકતું એક ચંપલ પકડવા હાથ લંબાવ્યો."

"નકામો ઉત્પાત..."

માંડ માંડ હસતા એ મોંનું બોલવું: અને શેઠના હાથમાંથી

ચંપલનું ફેંકાવું: બન્ને ક્રિયાઓ એક પણ મિનિટના ગાળા વગર બની.

ચંપલ શેઠ-પત્નીની છાતીએ અફળાઈને બીજી બાજુ વરંડામાં જે બારણું પડતું હતું તેની બહાર જતું પછડાયું.

ત્યાં બહાર ઘંટડી વાગી. બહાર કોઈ આવેલું હતું. બારણું ખોલવા સુશીલા જ ગઈ. ખોલતાં જ એણે સુખલાલને જોયો. સુખલાલ ખસીને એક બાજુ ઊભો; સુશીલા ખસે એટલે પોતે અંદર જાય. સુશીલા ખસી નહીં, ઊલટાની બહાર ગઈ. બહારથી બારણું ખેંચીને બંધ કર્યું.

"શું કામ આવ્યા? અત્યારે ચાલ્યા જાવ!"

એના મોં પર વિદાય દેવાની રેખા નહોતી, તુચ્છકાર નહોતો. ત્યારે 'ચાલ્યા જાવ' કેમ કહે છે? સુખલાલ ગૂંગળાયો.

આજે બીજી જ વાર, ઉજાણી પછી છેક આટલા દિવસે, રાત્રીના સુંદર સમયે, પોતાના ઉંબરમાં ઊભેલાને, પોતે જેને શોધવા અહીં તહીં ભટકતી ભટકતી પૂછપૂછ કરતી હતી તેને, આ સૌમ્ય તરુણમૂર્તિને, આ અતિથિને, આ યાત્રિકને પોતે કહેતી હતી કે 'ચાલ્યા જાવ!'

ઝળાંઝળાં થતી 'લિફ્ટ' ઉપર અને નીચે સરતી હતી. ઊતરનારા ને ચડનારાઓ આ બે જણાંને ખૂણામાં ઊભેલાં જોતા હતા. તાજુબીભરી એ શિકલો પસાર થઈ જતી હતી. લિફ્ટ ચલાવનારો વારંવાર આ મજલે વિમાનને થોભાવતો હતો—જાણે આ બેઉ અથવા બેમાંથી એક ઉપર અથવા નીચે આવનાર હતાં! નિરર્થક રાહ જોયા પછી પાછો એ લિફ્ટને બંધ

કરી સરકાવતો હતો. સરકતી જતી એ પવન-પાવડીમાંથી કોઈ બોલ્યું:

"બાપડાંની વાતો ખૂટે ત્યારે ને!"

"જલદી જાવ," પોતાની સામે ભક્તિભર મૌનમાં તાકી રહેલા સુખલાલને એણે ફરી વાર કહ્યું

"હું છેલ્લી વાર મળી લેવા—પૂછી જોવા આવ્યો છું."

"અત્યારે નહીં."

"શું છે? તમારા બાપુજી છે કે નહીં? મારે એમને મળવું છે."

"નથી મળવું એમને."

"શા માટે?"

એનો જવાબ દેનારો છેલ્લો અવાજ મોટા શેઠના ઓરડામાંથી છેક બહાર લિફ્ટ પાસે સંભળાયો: "જાવ ટળો દેશમાં! આંહીં કામ નથી."

બહાર આટલો સ્પષ્ટ સંભળાયેલ રણકાર અંદર કેટલો ત્રાડભર્યો હશે! સુશીલાના કાન ત્યાં હતા. અંદર જવાની એને ઉતાવળ હતી. ભાભુને ચંપલનો માર પડ્યો છે. શું થયું હશે ભાભુને? એણે સુખલાલને ફરી વાર કહ્યું: "સવારે વહેલા આવો. અત્યારે જાવ. અત્યારે મારા બાપુજીને નહીં મળવા દઉં."

"ઠેરો," કહીને એણે લિફ્ટ થંભાવી.

# ૨૧. આ સવારી ક્યાંથી?

પણ સુશીલાને યાદ નહોતું રહ્યું કે ‘ઠેરો’ શબ્દ લિફ્ટને ઊભી રાખી શકતો નથી. એક વાર તો લિફ્ટને છેક નીચે સુધી ઊતરી જવું પડ્યું. બેઉને એકલાં ઊભાં થઈ રહેવું પડ્યું. સુશીલા ભયની ફાળ ખાતી ખાતી પોતાના ઘરનાં બારણાં તરફ જોતી જોતી એટલું જ પૂછી શકી: “શા માટે આવવું પડ્યું?”

“તમે બધેય ફરિયાદ કરતાં ફરો છો એટલે,” સુખલાલે નીચું જોઈ જવાબ દીધો.

“મારો ગુનો કહેવો હોય તો કહીને પછી ચાલ્યા જાવ. જલદી કહો, જુઓ લિફ્ટ આવે છે.” એણે ઉપર-નીચે થતાં લિફ્ટનાં કાળા વાસુકિ સમાં દોરડાં જોયાં ને ઊંડે લિફ્ટનો કૂવો જોયો.

“મારા બાપુની પાસે લખાવી તો તમે લીધું, ને હવે મને ગરીબને ટોણો મારો છો?”

“પોતાને ગરીબ ગરીબ કરી ગુમાન શું કરો છો? સ્ત્રીને આગમાંથી બચાવવાની શક્તિ તો નથી. બાપુની પાસે જેણે લખાવ્યું હોય તેને તો જઈને પૂછતા નથી.”

"પૂછવા જ આવ્યો છું."

"અત્યારે તો ધૂંવાપૂંવાં છે. મારાં ભાભુ પર રામકા'ણી રાખી છે. તમે ચાલ્યા જ જાવ. તમારા પર કાળ ભમે છે. જુઓ, લિફ્ટ આવી ગઈ."

લિફ્ટ આવીને આ માળે થંભી. લિફ્ટ-મૅને પોતાના તે દિવસના રગડપાટનો બધો જ કંટાળો સુશીલાને ઉંબરે ઠાલવતાં બારણાંને દાઝભેર ખોલ્યાં.

"સબૂર સબૂર!" એવા શબ્દો સુશીલા અને સુખલાલની પછવાડે સીડીનાં પગથિયાં પરથી આવ્યા. બેમાં ત્રીજું માનવી ઉમેરાયું. ધોતિયાનો એક છેડો હાથમાં, લાંબી લાંબી ડાંફો, અડીખમ પગલાં, ગઠ્ઠાદાર કાઠી, અને સહેજ ફાંગી આંખ! હાથમાં એક લાકડી સહિત ખુશાલ સીડીનાં પગથિયાં છલાંગતો આવી પહોંચ્યો ને લિફ્ટવાળા પ્રત્યે બોલ્યો: "લે જાવ, ભૈયા!"

"ક્યા યે તમાશા કર રહે હો, જી!" બોલતો એ ભૈયો ભડોભડ બારણાં બીડતો, આ પ્રેમ-તમાશાથી ત્રાસીને કેમ જાણે ધરતીના પેટાળમાં ઊતરી જતો હોય તેવી ઝડપે, લિફ્ટને નીચે સરકાવી ગયો.

"ગભરાશો નહીં," ચમકેલી સુશીલાને ખુશાલે ધીરજ દીધી: "હું તમારો જેઠ ગણો તો જેઠ થાઉં છું." એમ એણે કહેતાંની વાર સુશીલા એ અજાણ્યા આક્રમણકાર પ્રત્યેનો ખિજવાટ શમાવી લઈને લજ્જાભરી અદબથી બાજુએ ફરી ગઈ. તરત ખુશાલે બીજું વાક્ય સંધાડ્યું: "ને જૂના નાતાને હિસાબે હું તારો મામો પણ થાઉં, બેન સંતોક!"

કાઠિયાવાડના વણિકોમાં અવળસવળ સગપણોના વિચિત્ર વેલાઓ જુક્તિભેર અટવાયેલા હોય છે. અટવાતાં અટવાતાં એમાં એક જાતનું સોહામણું ગૂંથણ થઈ ગયું હોય છે. ગૂંથાતાં ગૂંથાતાં એના રજકણો નવીન જાતની મેળવણી મચાવી બેસે છે. એવી મેળવણીમાંથી ઉદ્ભવ પામતી લાગણીઓ ઘણી વાર એકબીજી વચ્ચેનું અક્કડ છેટાપણું નાબૂદ કરી નાખે છે. સસરો ને વહુ ઘણી વાર મામા-ભાણેજનો સંબંધદાવો દિલમાં સજીવન રાખે છે. દેરાણી-જેઠાણી અનેક વાર ફુઈ-ભત્રીજી કે માસી-ભાણેજ હોય છે. આજે મોટે ભાગે બંધાઈ ગયેલાં એ સંબંધ-ખાબોચિયાં કોઈ કોઈ ઠેકાણે સજીવન ઝરણાં રૂપે પણ વહેતાં હોય છે.

‘બેન સંતોક’ એટલા જ શબ્દોએ સુશીલાના અંતરમાં કોઈક નિકટતાનો ભાવ મૂકી દીધો; ખુશાલની જડતાનું કૂણું કલેજું બતાવ્યું.

ખુશાલભાઈ આંહીં ક્યાંથી ફૂટી નીકળ્યા, એ વિસ્મયમાંથી સુખલાલ છૂટે તે પહેલાં તો સુશીલાએ ઘરનાં બારણાં તરફ હાથ લંબાવ્યો. ભૂલી ગઈ હતી કે પોતે કમાડ અધબીડયાં રાખવાને બદલે પૂરાં બંધ કરી દીધાં હતાં. એ તો હવે અંદરથી જ કોઈક ખોલે ત્યારે ખૂલી શકે. એનો હાથ ટકોરીની વીજળી-ચાંપ પર ગયો. ખુશાલે ને સુખલાલે બેઉએ એ જમણા હાથની કોણી સુધીની કળાઈને ખુલ્લા સ્વરૂપે દીઠી; બેઉએ પોતપોતાની દૃષ્ટિએ દીઠી. સુખલાલની નજર ત્યાં નખલી બની જઈ એ ભીનલા વરણા હાથ પર દેખાતી લીલુડી નસોના વીણા-તારો

બજાવવા લાગી. ખુશાલ મનમાં ને મનમાં બબડ્યો: ‘છે તો હાડેતી, હાથે કામ કરતી લાગે છે. મુંબઈનું પીળું પચકેલ કે નાજુક કે તકલાદી રાચ નથી લાગતું.’

ખુશાલભાઈ બેશક હજુ સ્ત્રીની તુલના કે પરીક્ષા ઘરસંસારના ‘રાચ’ લેખે જ કરતો અને સ્ત્રીને ‘દેવી’ તેમ જ ‘જીવન-સખી’ કહેનારા કેટલાક ભણેલા-ગણેલા કાઠિયાવાડી જુવાનોને પૂછતો કે “કાં, આ દેવી તો ત્રીજી વારનાં છે ને? તમારે બબે ને ત્રણ-ત્રણ વરસે ક્ષયથી મરી જાય એવી દેવીઓ જોઈએ છે; ને મારે તો ભાઈ, પંદર વરસનું જૂનું—એયને મજાનું રીઢું થઈ ગયેલ ‘રાચ’ જોવે છે. જુવો—આ મારા દાદાના વખતની ‘રોસ્કોપ’ ઘડિયાળ: હજી એકે દી ખોટકી નથી; તેમ નથી આ મારું ‘રાજેશ’ ચપ્પુ વીસ વરસથી ખોવાણું. બાયડી પણ અમારે તો સંભાળીને સાચવવા જેવું ટકાઉ રાચ છે, ભાઈ! સંભાળીને રાખીએ, રેઢું ન મૂકીએ, કાટ ન ચડવા દઈએ, દેખાડો કર્યા વગર ખપ જોગું જ વાપરીએ, તો ‘રાચ’ કહ્યે કાંઈ અપકીર્તિ નથી, ને ‘દેવી’ કહ્યે કાંઈ વિશેષતા નથી.”

આવી ટકાઉપણાની દષ્ટિએ ખુશાલે સુશીલાને જોયા કરી. હવે એ માથું જોતો હતો. માથું જરાય ચપટું નથી; આ ઊપસેલ માથા પર ઈંઢોણી ને હેલ્ય સરખી રે’શે નહીં. પણ ફિકર નહીં, ટેવ પડશે એટલે ચપટું થઈ જશે. ટિપાય એટલે તો લોઢુંય બાપડું ચપટું થાય, તો જીવતા માણસનું માથું શા સારુ ન થાય?

વધુ વિચારનો વખત નહોતો. બારણાં ઊઘડ્યાં. ઉઘાડવા આવનાર ભાભુ જ હતાં. એણે કૌતુક દીઠું: આ સવારી ... આ

સુશીલા, બહારથી ક્યાંથી આવી? આ કોણ? ઉજાણીને દિને ફિક્કો, સુક્કો ને માંદલો, હડધૂત થતો હોવાથી તેજહીન દીઠેલો સુખલાલ આંહીં સ્વાધીન, આત્મશ્રદ્ધાભર્યો, ઉલ્લસિત અને લગ્ન-પ્રણયની ઝાલક છાંટતા દીદારે એકાએક તો ઓળખાયો પણ નહીં. પહેલી વાર તો સામાન્ય વિવેક કરી કહ્યું: “આવો ભાઈ.” ને પછી અણસાર પરખાઈ આવી તેમ જ સુશીલાએ ધારણ કરેલી અદબ પરથી પણ અનુમાન થયું ત્યારે, ભાભુ ઉમળકાભર્યો બોલ બોલી ઊઠ્યાં: “અહો! તમે ક્યાંથી? આવો, આવો નરવા છો ને?”

તેની પછી ત્રીજો દીઠો ખુશાલભાઈને, ત્યારે વળી ગૂંચવાડો વધ્યો. રખે પોતાને જુદો ગણી ક્યાંઈક ‘કોણ છો ભાઈ? શું કામ છે?’ એવો તોછડો પ્રશ્ન પૂછી બેસશે એમ વિચારીને ખુશાલે જ વેળાસર અંદર પેસતે સંબોધન કર્યું: “કેમ છો ઘેલીબેન? ઓળખતાં તો ક્યાંથી હો? તમારુંય મોસાળ ઉપલેટે ને મારુંય મોસાળ ઉપલેટે. મારી બેન હેમીની દીક્ષામાં તમે આવેલાં...”

એ ઓળખાણની યાદદાસ્ત ભાભુના અંતરમાં સહેલાઈથી સળવળી ઊઠી: “હેમીબાઈ સ્વામીના ભાઈ તમે ઘોઘાભાઈ ને?”

“હા, ઘેલીબેન! નામ તો બરાબર યાદ રહ્યું છે ને શું?”

એમ બેઉનાં પરસ્પર હુલામણાં નામો જ એ જૂની, લગભગ નષ્ટ થયેલી પિછાનને નવપલ્લવિત કરનારા સજળ ક્યારા બની ગયા.

“બેસો બેસો, ભાઈ!” પતિના ચંપલનો સરપાવ અને સંતાપ કશી જ ચાલાકી વગર સાવ સાદી રીતે અંતરની આગોણમાં

ભારી દઈને આ ગૃહિણીએ આવેતુઓને આસન આપ્યું. પછી એ પાણી લેવા ચાલી. જતાં જતાં એણે પતિના શયનખંડ તરફનું બારણું, મહેમાનોનું ધ્યાન ન ખેંચાય તેવી સ્વાભાવિકતાથી, બંધ કરી દીધું.

પાણી લઈને ભાભુ પાછાં આવતાં હતાં ત્યારે ખુશાલ એનું સાધ્વીમુખ જોતો હતો. એ વધુ માર્દવભેર બોલી ઊઠ્યો: "હેમીબેનની સાથે તમારાય, જુવોને, દીક્ષા લેવાના ભાવ હતા. એવા તો બેયનાં બેનપણાં હતાં! પણ તમે હતાં નાનાં, એટલે વળી મનવી લીધાં. મારી હેમીબેને જેવો સંયમ ઉજાળ્યો તેવો તમેય, ઘેલીબેન, સંસાર ઉજાળ્યો. હું તો ઘણા વખતથી સાંભળતો હતો, પણ આવતાં પગ ઊપડતા નો'તા: આજ ઓચિંતો ભટકાઈ ગયો. જોઈને આંખ્યું ઠરે છે: જાણે મારી હેમીબેનને મળતો હોઉં... હા-હા-હા-હા એવું..."

ખુશાલ એ વાક્ય પૂરું ન કરી શક્યો. મોં પરનો પરસેવો લૂછવાને બહાને એણે આંખોના ખૂણા લૂછી લીધા, ને પોતે આંસુ નથી લૂછ્યાં એવું બેવડે દોરે નક્કી કરવા માટે વીજળી-બત્તી તરફ જોઈને કહ્યું: "વીજળી-દીવાના હેવા મને માઠા!"

ખુશાલભાઈ ઊંચેથી પાણી પીતો હતો ત્યારે એના ગળામાં મોટો ખળખળિયો ઠલવાતો ચોખ્ખો દેખાતો હતો. એટલે કે સાદો ખુશાલ નિ:સંકોચપણે ઘટક ઘટક પાણી પીતો હતો. ભાભુ સુખલાલની સામે પ્યાલો ધરીને ઊભાં રહ્યાં ત્યારે એટલું જ બોલ્યાં: "તમે તો ઓળખાવ એવા જ રહ્યા નથી. સારું થયું, બચાડા જીવને મુંબઈનું પાણી માફક આવી ગયું."

“સુખો સવતંતર બન્યો ને, ઘેલીબેન, એટલે શરીર વળ્યું.”

“ધંધો કરે છે, એમ ને?”

“ત્યારે? રસ્તાસર થઈ ગ્યો. પાંચ પૈસા એના બાપને મોકલતો થઈ ગયો. પાંચ-પચીસ નોખા પણ મૂકી શકે તેવો થઈ ગ્યો. હવે વાંધો નથી. તમારા પુન્યપ્રતાપે સુખનો રોટલો રળી લ્યે છે.”

આ બધું કહેવામાં ખુશાલનો હેતુ સુખલાલના લગ્નનો ‘કેસ’ મજબૂત કરવાનો હતો.

પાણી પાઈ રહ્યાં તોપણ સુશીલાનાં ભાભુ નીચે બેઠાં નહીં. ઊભાં ને ઊભાં રહેવામાં એના હેતુ અતિથિઓને જલદી ઉઠાડી વિદાય દેવાનો હતો. એનું કાળજું ફડક ફડક થતું હતું. પોતાનો પતિ સૂઈ નથી ગયો; ચંપલ ફગાવ્યું તે પછી પણ એણે એની સ્ત્રીને એ જ સ્થિતિમાં ઊભેલ નિહાળ્યા કરી હતી. પછી પત્ની બહાર ચાલી તે પણ લાલઘૂમ આંખે જોઈ રહ્યો હતો. પણ પછી જ્યારે એણે સ્ત્રીને શાંતિથી પરસાળમાં જઈ ચંપલ પાછો લઈ આવી બીજા ચંપલ પાસે મૂકતી દીઠી ત્યારે આત્મતિરસ્કાર અને તેજોવધથી ટુકડેટુકડા થઈ ગયેલો એ પતિ બીજું કોઈ શરણ ન સૂઝવાથી પડખું ફેરવી સૂઈ ગયો હતો. લડીને લોહીલોહાણ થયેલો સાપ કરંડિયામાં ગૂંચળું વળી જાણે પડ્યો છે. જેનું નામસ્મરણ પણ એના ઝનૂનમાં ભડકા પ્રજ્વલાવનારું બનેલું તે પોતે જ—તે સુખલાલ જ—આંહીં હાજર છે. નજરે જોશે તો કાળો ગજબ ગુજારશે. મહેમાનો રજા માગશે ને કદાચ પોતાના સ્વભાવ મુજબ ‘બેસો ને બાપુ!’ એમ કહેવાઈ જશે તો શું થશે,

એવી બીકે પોતે ઊભી ઊભી અંતરમાં ગોખતી હતી કે 'આવજો ત્યારે!' 'આવજો ત્યારે!' 'આવજો ત્યારે!'

અતિથિઓને જલદી વિદાય કરવાની એ આતુરતા અફળ બની. ભગવાન પ્રત્યેની ભાભુની ગુપ્ત પ્રાર્થના ભગવાને સાંભળી નહીં. સમયની પલેપલ જાણે પગમાં સીસું પૂરીને ચાલતી હતી. સુખલાલની સામે નજર મેળવવા ખુશાલભાઈ પ્રયત્ન કરતો હતો, પણ સુખલાલનું ધ્યાન બીજે હતું. એ તાકી રહ્યો હતો એક ત્રીજા માનવીની ક્રિયા તરફ.

આ ત્રીજું માનવી તે સુશીલાની બા હતી. પરસાળમાં બેત્રણ વાર આવીને 'આવો' એટલું પણ બોલ્યા વગર એ અંદર ચાલી ગઈ. અંદરના ખંડમાં એની ને સુશીલાની વચ્ચે કશીક ગરમાગરમી ચાલતી લાગી. માતાના પુત્રી પ્રત્યેના એ બોલ સંભળાતા હતા: "ત્યાં શીદ તરડમાંથી જોયા કરછ? જાને જઈને સામી બેસ ને? તારો કોણ થાય છે? તારા એવા કયા ઉમળકા ઢોળાઈ જાય છે! તારો ડોસો જાગતો હશે ને જાણશે તો ચિરાડિયાં કરી નાખશે, ખબર છે? તારી ડોશીની દશા હજી તો ઘડી પે'લાં કેવી કરી તે ભૂલી ગઈ? જાગશે તો સૌને ખબર પાડી દેશે. પોલીસને જ ભળાવી દેવો જોવે—પોલીસને! તે વગર કેડો નહીં છોડે."

સ્ત્રીઓમાં કુદરતે જ મૂકેલી એ કળા—કહેવું એકને ને સંભળાવવું કોઈક બીજાને એ કળા—સુખલાલના કાનમાં રામઢોલ બજાવી રહી હતી. એનું અંતર, યુદ્ધના તરઘાયા ઢોલ જેવું વધુ ને વધુ તપતું હતું. એની આંતરડી શેકાતી હતી. એની

ચામડી જીવતે ઉતરડાતી હતી. આંહીંથી આ શબ્દો સંઘરીને પાછા ચાલ્યા જવાની સબૂરી એના અંતરમાં ટીપે ટીપે નિચોવાતી હતી.

દેરાણીના આ શબ્દોને ડુબાવી રાખવા માટે મથતી જેઠાણી તે ક્ષણે ઓછાબોલી મટી જઈને ઉપરાઉપરી પ્રશ્નો પૂછવા લાગી હતી કે, “તમારા બાપાનો કાગળ છે કે? તમારાં બાને કેમ છે? આંહીં ખાવા-કરવાની શી ગોઠવણ રાખી છે? આંહીં તો બાપુ, પાણી લાગતાં વાર નથી લાગતી.”

એ પ્રશ્નોના જવાબ આપવાનું ખુશાલને એકલાને જ ભાગે રહ્યું. સુખલાલની તમામ ચેતના એના કાનમાં જ કેન્દ્રિત થઈ ગઈ. એણે સુશીલાની માનો અકેક ઉચ્ચાર અગ્નિના તિખારાની પેઠે વીણી કાઢ્યો, ને એણે પુત્રીનો શેષ પ્રત્યુત્તર એક જ બોલમાં સાંભળ્યો:

“મને કહેવું હોય તે કહી લે, બા; બીજા કોઈને માટે કાંઈ જ બોલ કાઢવાનો નથી. છેલ્લી વારનું કહી દઉં છું.”

ખુશાલ આ દરમિયાન એક કામ કરી રહ્યો હતો. એણે પૂછી જોયેલું: “કેમ, શેઠિયા હજુ નથી આવ્યા?”

જવાબ મળેલો: “મોટા શેઠ આવ્યા છે, પણ સૂઈ ગયા છે.”

એ સૂઈ ગયેલાના કાનમાં તમરાં બોલે તેવી રીતે ખુશાલનો બોલાસ વધુ ને વધુ જોરદાર બનતો ગયો. અભરાઈ પરથી કોઈ બિલાડી એકસામટાં ભાણાં પછાડતી હોય એટલા જોશીલા ખડખડાટ સાથે એ દાંત કાઢવા લાગ્યો. આવી હિંમત આ ઘરની અંદર દાખવનાર માણસો ભાગ્યે જ કદી આવ્યા હશે. પલંગમાં

પડેલો શેઠિયો, પેટમાં ઊપડેલી બરલને દબાવતા કોઈ દરદીની વેદના અનુભવી રહ્યો હતો. એનાથી વધુમાં વધુ તો સહેવાતું નહોતું આ કોઈ કંગાલ આગંતુકની સાથે પત્નીનું મુક્ત કંઠે બોલવું. ચંપલે ચંપલે સોરી નાખવાનું શૌર્ય જાણે એનાં આંગળાંને ટેરવેથી વિફળ વહી જતું હતું.

“હવે તો સુખલાલને પૂરેપૂરો તમારો પુત્ર બનાવી લ્યો, ઘેલીબેન! એટલે અમારી સૌની જવાબદારી હેઠે ઊતરે.”

એ ખુશાલના બોલનો જવાબ ભાભુ તો ન દઈ શક્યાં, પણ કાન પર બોલોશિયાં દબાવીને પલંગમાં પડેલા મોટા શેઠની ખોપરીમાં ઊઠેલા ચસકાઓએ દીધો. વધુ વાર એ આ અગ્નિશય્યામાં સૂઈ ન શક્યો. એ ઊઠ્યો, પગ નીચે મૂક્યા, બેઉ ચંપલો જાણે કે પગને ઝીલતાં હોય તેટલાં અચૂક ગોઠવાઈને પડ્યાં હતાં એટલે આપોઆપ પગ ઉપર આવી ગયાં. ચંપલના સ્પર્શે પત્નીની ધીરતાનું શરમિંદું સ્મરણ કરાવ્યું. એક ક્ષણ જાણે કે એ સ્પર્શમાંથી શબ્દ ઊઠ્યો કે ‘આકળા શીદને થાવ છો? અરે, બચાડા જીવ! તમે ઉતાવળા શીદને થાવ છો?’

એ સ્પર્શરૂપી શબ્દોને જાણે કે શેઠિયો બીજી વાર પગ હેઠળ ચગદીને ચાલ્યો, ને પત્નીએ મૃદુ હાથે બીડી રાખેલું બારણું એણે ભડોભડ ઉઘાડી નાખ્યું.

એના ડોળા રવેશમાં જામેલા દાયરાને તોપે ઉડાડવા જેવી ઉગ્ર દૃષ્ટિથી તાકી રહ્યા. એણે સુખલાલને પિછાન્યો, ખુશાલની ઓળખાણ બરાબર ન પડી.

“જે જે! જે જે, ચંપકભાઈ! ઓહો, તમને પણ અમારા ગોકીરાએ સૂતા ઉઠાડ્યા! ચાલો, સારું થયું.”

કોઈ પણ પ્રસંગે ખસિયાણા તો કદાપિ ન પડી જવું, એવી વિદ્યા ખુશાલે પોતાની ગામડાની નિશાળેથી નાનપણમાં જ મેળવેલી. માસ્તરે જ એને શીખવેલું કે પલાખાં પુછાય ત્યારે જે છોકરો સાચો કે ખોટો જવાબ તડાકાબંધ પરીક્ષકને આપે તે પાસ થવાનો; જરાક અચકાણા તો મૂઆ પડ્યા; વહેવારમાંય જીતશે એ કે જે સાચાખોટાની પરવા કર્યા વગર તડાકાબંધ પહેલો જવાબ આપશે.

એ સિદ્ધાંતના પાલક ખુશાલે આ ગર્વિષ્ઠ શેઠિયો કાંઈ ન કહેવાનું કહી નાખવાનો સમય મેળવે તે પહેલાં જ વિરોધી મોરચો અરધોપરધો તો ભેદી નાખ્યો.

“આવો.” એટલું તો નિચોવાઈ જઈને પણ શેઠથી બોલી જવાયું.

“શું કરીએ, ભાઈસા’બ?” ખુશાલે શરૂ જ રાખ્યું: “તમારા પૂર્વજોનાં પુણ્ય બળવાન, તમારી પોતાની આવડત બળવાન, તે તમને ઈશ્વરે લાયકી મુજબ આપ્યું. અમારાં કરમ મોળાં, એટલે આખો દી ઢરડા કર્યા કરવાના રહ્યા. ઘણુંય વખત પુછાવીને આવવા મન થાય, પણ તાકડો જ બાઝે નહીં. પછી આજ તો મન કર્યું કે થાવી હોય તે થાવ, ચંપકભાઈને મુંબઈમાં આવીને કોઈ દી મળ્યો નથી—એક વાર નાતના જમણમાં આપણે બેય પડખોપડખ બેઠેલા, ને અમારું વાંસનું અથાણું તમને તે દી બહુ

ભાવેલું, તે સિવાય મળવાનો જ મોકો ન રહ્યો. આજ તો હિંમત કરીને આ ભાઈ સુખલાલને ભેળા લીધા…"

"કહો, ફરમાવો; મારું માથું દુખે છે." મોટા શેઠ, કે જેમનું નામ મૂળ ચાંપશીમાંથી ચંપકલાલ બની ગયેલું, તેમનાથી આટલા કરતાં વધુ સભ્ય ન બની શકાયું.

"કામ તો બીજું શું? હું હમણાં જ આ મારી ઘેલીબેનને કહેતો'તો કે હવે તો સુખલાલ લાઇનસર થઈ ગયો. હવે તો તમારું ઘર પુત્રવંતુ બનાવો એટલે સૌનો ભાર હળવો થાય. હજાર માણસું હજાર જાતની વાતું બોલ્યા કરે. તમને કોઈ કહેવા ન આવે, પણ અમારે તો જખ મારીને બજારમાં સાંભળવું પડે જ ને, ચંપકભાઈ!"

"એ વાત મારે સાંભળવી નથી, એ વાત તો પતી ગઈ છે."

"પતી ગઈ છે?"ખુશાલે ચમક બતાવી.

"હા, આના બાપા સાથે."

"હું એ જ જાણવા આવ્યો છું," સુખલાલના શબ્દો આવ્યા: "કે મારા બાપા સાથે આપે શી સમજાવટ કરી છે."

મોટા શેઠના કાન પર જાણે વીજળીનો કડાકો થયો. માંદલો સુખલાલ—આ અધમૂઓ કંગાલ સુખલાલ—જ શું આ શબ્દોનો બોલનાર છે? હોઈ શકે?

બૈરાં બધાં અંદર લપાઈ ગયાં હતાં. ભાભુ અને સુશીલા પોતાના ખંડમાં બે જ જણાં હતાં. બંને આ બહાર મચી રહેલા વાવાઝોડાની વચ્ચે ઉચાટભરી, ભયભરી છતાં સંયમી મુખમુદ્રા ધરી બેઠાં હતાં; પણ સુશીલા વારે વારે ચમકતી હતી.

બહાર લિફ્ટનો સળવળાટ થયો. બારણાં ઊઘડ્યાં ને બિડાયાં. શેઠ-ઘરના બ્લોકની ઘંટડી બજી. ભાભુએ જઈ બારણાં ખોલ્યાં. બારણાંની સામે એક પોલીસ-ઓફિસર અને બે પોલીસ ખડા થયા. તેમને ભાળતાં જ ભાભુ હેબતાયાં.

"શેઠ છે અંદર?" ઓફિસરે ગૌરવભેર પૂછ્યું

"શું કામ છે?"

"મળવું છે," એમ કહીને ઓફિસર અંદર દાખલ થયો.

ભાભુ અંદર ચાલ્યાં ગયાં. પતિને જાણ કરી: "પોલીસ આવેલ છે."

વેપારીના મનથી એક ઈન્કમટૅક્સના ને બીજા પોલીસના માણસનું આગમન જીવનના શ્વાસ ઉરાડી દેનારી બે અજોડ આફતો હોય છે. મોટા શેઠે ઊઠીને બહાર આવી પોલીસ-ઓફિસર પાસે રાંક દીદાર ધારણ કર્યો.

પોલીસ ઓફિસરે પૂછ્યું: "વિજયચંદ્ર દલપત નામના જુવાન આપને ઘેર આવે-જાય છે?"

"એં-એં-કેમ?" વાણિયે મગનું નામ ન પાડ્યું.

"એ આપનો ભાવિ જમાઈ છે તે સાચી વાત?"

ફરીથી ગેં-ગેં-ફેં-ફેં થયું. પોલીસ-ઓફિસરે આગળ ચલાવ્યું: "છેલ્લા એ આંહીં ક્યારે આવેલા?"

"મને—મને કાંઈ યાદ—યાદ..."

"તમારાં પુત્રી ઘરમાં છે?"

"છે."

"એમને થોડા પ્રશ્નો પૂછવા છે."

"સુશીલા—" એવો મોટા શેઠનો ફાટી ગયેલો અવાજ નીકળ્યો કે તરત જ સુખલાલ આવીને પોલીસ-ઓફિસર પાસે ઊભો: "એને આપ શું પૂછવા માગો છો? શા આધારે પૂછવા માગો છો?"

"આપ તો, સાહેબ," ખુશાલે પણ આસ્તે રહીને કહ્યું, "ધાસ્તી પમાડવા જેવું કરો છો. અમને જ જે પૂછવું હોય તે પૂછો ને—શી વાત છે વિજયચંદ્રની?"

પોલીસ-ઓફિસર આ બે જુવાનોની હિંમત ભાળી સહેજ અચકાયો. પણ એણે રુવાબ રાખીને કહ્યું: "તમે કોણ છો?"

"એ જાણવું હોય તો ચાલો, હું આપની ભેળો કમિશ્નર સાહેબની કચેરી પર આવું. ત્યાં જ મારી સાચી ઓળખાણ પડશે."

પોલીસ-ઓફિસરે આ માણસને સાવ હિંગખાઉ ન માન્યો. એની માન્યતાને વધુ ઘાટી કરવા માટે ખુશાલે ઉમેર્યું: "કાયદેસર જે કરતા હો તે કરો ને!" નરમ પડીને પોલિસ-ઓફિસરે કહ્યું: "ચાલો, હું અંદર આવું? ત્યાં હું શાંતિથી સમજ પાડું."

"બેલાશક!" એવો એક જ રુવાબી શબ્દ કાઢતે કાઢતે ખુશાલે આ ઘરને ઘડીભર પોતાનું જ બનાવી લીધું. પોલીસ-અમલદારને અંદર દીવાનખાનામાં લીધા. મોટા શેઠને કોઈક વખતસરનો ઈશ્વરી મદદગાર આવેલો લાગ્યો. સુખલાલ પણ ખુશાલભાઈની હિંમતના પ્રકાશમાંથી પોતાની આંતરિક નૈતિક નીડરતાનો દીપક પેટાવીને અંદર ગયો. બધા ખુરશી પર બેઠા. ખુશાલે તો સુંવાળા સોફાને જ પોતાના ભરાવદાર દેહ વડે શણગારી દીધો.

"હવે સબૂરી રાખીને પૂરી વાત કરો, રાવસાહેબ," ખુશાલના એ બોલમાં આ ઘરના માલિકની સત્તાનો રણકાર હતો. મોટા શેઠને એ પળે જો ખુશાલનો ઘાટી બનીને ભાગ ભજવવાનું આવી પડત તોય વિના અચકાયે પોતે એ પાઠ પસંદ કરત, એવી એમની મનોવસ્થા હતી!

# ૨૨. સાણસામાં સપડાયા

પોલીસ-ઓફિસરે વાત આદરી:

“વિજયચંદ્ર નામનો એક યુનિવર્સિટી-ગ્રૅજ્યુએટ પોતાના વિવાહની લાલચમાં સારાં સારાં કુટુંબોની દીકરીઓને ફસાવે છે. તે કન્યાઓનાં માતાપિતાઓ પાસેથી પરદેશ અભ્યાસ કરવા જવા માટેની મદદ મેળવે છે. કન્યાઓને પણ પોતે જુદે જુદે સમયે પોતાની એક સંબંધી સ્ત્રીને ઘેર શિક્ષણના બહાને તેડાવે છે. એ બાઈ એક ભણેલી વિધવા છે. પોતે કન્યાઓને ટ્યૂશન આપતી હોવાનો દેખાવ કરે છે.”

“ત્યારે તો—” ચંપક શેઠ એટલું બોલે ત્યાં તો એને ચૂપ કરી દેવાને માટે ખુશાલે વચ્ચે ઘોડો કુદાવ્યો: “કરે એ તો. મુંબઈનું પેટ મોટું છે. સૌને મુંબઈ સંઘરે છે, રાવસાહેબ!”

બોલતો બોલતો ખુશાલ સોફા પર ટોપી પછાડતો હતો. કોઈ પણ ઈલાજે એને ચંપક શેઠની જીભ દબાવી રાખવી હતી.

ચંપક શેઠના મોં પર લોહીનો છાંટો પણ રહ્યો નહોતો. પોલીસ-અફસરે આગળ ચલાવ્યું:

"એક માલદાર દક્ષિણી છોકરીની સાથે સિવિલ મૅરેજ કરવાની જાળ આ વિજયચંદ્રે પાથરી હતી. છોકરીનું વેવિશાળ બીજે ઠેકાણે થયેલું હતું. છોકરીની વિધવા માતાને જાણ થવા દીધા વગર એ છોકરીને ઘરમાંથી દાગીના સાથે ઉઠાવીને વિજયચંદ્ર અને એની 'ધર્મની બહેન' કાલે રાતે ક્યાંઈક ચાલ્યાં ગયાં હતાં. આજે સાંજે એ પકડાયાં છે. હું તમને હેરાન કરવા નથી આવ્યો, પણ મને બાતમી મળી છે કે તમારી પુત્રી સાથે એનું વેવિશાળ થયું છે; ને એણે આ બીજી કન્યાનાં ઘરેણાં તમારી કન્યાને ચડાવવા માટે ગાયબ કર્યાં છે, એવો શક પડવાથી હું આંહીં આવેલ છું. એ છોકરીનો મરહૂમ પિતા મારો મિત્ર હતો."

"હં, હં, સાહેબ!" ખુશાલે હસતે હસતે માથા પર હાથ ફેરવીને જવાબ વાળ્યો: "મુંબઈની પોલીસ કેટલી રેઢિયાળ બની ગઈ છે તેનો આ ફક્કડ નમૂનો છે."

બોલતો બોલતો પોતાની સામે પણ ન જોનાર ખુશાલ આ પોલીસ-અધિકારીને પોતાના ખાતાનો ઊંડો જાણભેદુ લાગ્યો. ખુશાલ તો ખરી રીતે આ અમલદારની આંખોમાંથી છટકવા ખાતર જ આવી લાપરવાહી ધારણ કરી રહ્યો હતો, પણ અમલદારના મન પર તો ખુશાલની છાપ કોઈ 'મોટા પુરુષ'ની પડી.

"આપ એમ કેમ બોલી નાખો છો?" મુંબઈના પોલીસખાતાનો સડો સમજનારા અમલદારે અપરાધીભાવે પૂછ્યું.

"આપે જે પગ-માથા વગરની બાતમી મેળવીને આંહીં સુધી આવવાની તસ્દી લીધી તે પરથી હું બોલું છું. કોઈ જાણીતા

કાઠિયાવાડીને તમારા ખાતામાં આંહીં મૂકતા નથી, તેને જ પરિણામે આવા ફજેતા થાય છે ને!"

"હું કાંઈ સમજતો નથી."

"એ તમને મારા આ મોટા ભાઈ સમજાવશે. કહો, ચંપકભાઈ," ખુશાલ બાઘા બનેલા મોટા શેઠ તરફ ફર્યો: "બેન સુશીલાનું વેવિશાળ કર્યે કેટલાં—દસ વરસ તો થયાં હશે ને?"

સાણસામાં સપડાયેલા સાપ જેવા ચંપકલાલે જવાબ આપ્યો: "અગિયારમું જાય છે."

"કહો, આ સામે બેઠા એ સુખલાલ જ તમારા જમાઈ કે બીજા કોઈ?"

"એ જ," જખ મારીને ચંપક શેઠે હા કહી. એકાદ કલાક પૂર્વે જેના નામ પર પોતે ચંપલ પછાડતો હતો, જેને પોતાના ઘરની દિશામાં પણ ન આવવા દેવાની પોતે પ્રતિજ્ઞા કરી હતી, જેને પોતાના માર્ગમાંથી કાંટાની માફક ચૂંટાવી કઢાવવા પોતે પોલીસખાતાને મળવા જવાના હતા, જેના દીદાર સરખાય સહન કરી લેવાની તૈયારી નહોતી, તે જ સુખલાલને પોતાના દસ વર્ષના જૂના જમાઈ તરીકે ખુદ પોલીસની સામે જ સ્વીકારવો પડ્યો!

"સા...રી વાત." ખુશાલભાઈ પૂરભભકામાં દુન્યવી અનુભવની 'બારિસ્ટરી' ચલાવી રહ્યા હતા: "કહો ચંપકભાઈ, આ સાહેબને ચોખવટ કરીને સમજાવો કે આ જમાઈને આંહીં તમે જ દેશમાંથી તેડાવ્યા છે કે નહીં? તેડાવીને ધંધે લગાવ્યા છે કે નહીં? ને અત્યારે આ જમાઈને છેવટની બધી વિગતો જ નક્કી કરવા તેડાવેલ છે કે નહીં?"

એ વખતે બાજુના ખંડમાં ટેલિફોનની ઘંટડી વાગી. ભાભુ પાસે બેઠેલી સુશીલા—જેને કાને ખુશાલભાઈના હાકોટાભર્યા બોલ રજેરજ અથડાતા હતા તે—ટેલિફોન પર ગઈ. એના રણકતા જતા રુવાબી શબ્દો સંભળાતા હતા:

“કોણ છો તમે? અત્યારે કામમાં છે; જે કહેવું હોય તે કહો. હું કોણ છું તેનું તમારે શું કામ છે? હા, જે કહો તે હું શેઠને કહી દઉં. બંધ કરો, બંધ કરો! આવા ટેલિફોન આંહીં ન કરશો. બેશરમ! નફ્ફટ!”

એવા છેલ્લા શબ્દો સાથે સુશીલાએ ટેલિફોન પર રિસીવર મૂકી દીધું.

ફરી ઘંટડી બજી, ફરી ફરી બજવા લાગી. એકબે વખત સુશીલાએ જઈને કાન માંડ્યા, તો એનો એ અવાજ નીકળ્યો. એ જવાબ વાળ્યા વગર જ પાછી આવીને બેસી ગઈ.

ટેલિફોન પર સુશીલાએ આવો જવાબ કોને આપ્યો? ચકિત બનેલાં ભાભુએ પૂછ્યું: “કોણ હતું?”

“હતો હરામી!”

“કોણ?” પોતાની શબ્દસંયમી ભત્રીજીના મોંમાં ‘હરામી’ શબ્દની કચરડાટી ભાભુને અકળાવી રહી.

“વિજયચંદ્ર!”

“શું કહે છે?”

“મારા મોટા બાપુજીનું તાકીદે કામ છે, મુશ્કેલીમાં છું—એમ કહેતો હતો. આંહીં ટેલિફોનમાંય હુકમ ચલાવવા આવ્યો’તો હરામી!”

ફરી વાર ઘંટડી ચીસો પર ચીસો પાડવા લાગી.

ચંપકલાલ શેઠના તો કાન લગભગ બહેરા બની ગયા હતા. પોલીસ-તપાસ વધુ ને વધુ બારીક બનતી હતી. એના ભેજામાં તો પોલીસકચેરીમાં થનાર સવાલ-જવાબની જ સ્વરચંડિકાઓ રાડો નાખતી હતી. પોતાના ઘરના ટેલિફોન પ્રત્યે એ બેધ્યાન બનીને બેઠો હતો. એનું ધ્યાન જાય તે પૂર્વે ખુશાલે જ સુખલાલને કહ્યું:

“જો તો ભાઈ, ટેલિફોન કોનો છે?”

પેટમાં વીંટ આવતી હોય તેને દબાવીને માણસ જેમ રાજદરબારમાં બેસી રહે, તેવી અદાથી ચંપક શેઠ આ પોતાના સંસારની માલિકી લઈ રહેલા બે જણાને સહેતો બેઠો રહ્યો. એને ઊઠવા જતો રોકીને ખુશાલે કહ્યું: “તમે બેસો, આ સાહેબને પાછું એમ ન થવું જોઈએ કે આપણે કાંઈ ઢાંકોઢુંબો કરી લઈએ છીએ.”

સુખલાલ દીવાનખાનાની બહાર ટેલિફોન પર ગયો ત્યારે સુશીલા એ ગાજતા રિસીવરને ફોનથી અલગ નીચે મૂકતી હતી. ભાભુ અંદર બેઠાં હતાં: ફોન વરંડામાં હતો.

સુશીલા સમજી કે સુખલાલ પોતાનો ટેલિફોન કરવા આવ્યો છે. નજીક આવવા દઈને પછી એ બોલી ઊઠી: “હમણાં ન લેતા.”

“કેમ?”

“ગરમ છે.” સુશીલાએ વિનોદ કર્યો. એ વિનોદમાં ન સમજેલો સુખલાલ સહેજ ખસિયાણો પડી જઈ પૂછતો હતો:

“કોનો હતો ફોન? શેઠ પુછાવે છે.”

“કોઈનો નહીં, મારી બેનપણીનો હતો.”

એ બોલતાં બોલતાં સુશીલાના ગાલો પર પડેલા ગલ વરતાયા.

“ફોન ઉપાડશો નહીં, બેનપણી લહુ લપી છે,” કહેતીકને સુશીલા ભાભુ પાસે જવા લાગી.

“તમને પોલીસ-અમલદાર પાસે હમણે જ બોલાવવાનાં છે.” સુખલાલે સુશીલાને એક દમ છાંટ્યો.

“પુરુષો જવાબ નહીં આપી શકતા હોય...” એટલું સંભળાવતી સુશીલા ગઈ અને ભાભુ પાસે બેઠી બેઠી દીવાનખાનામાં ચાલતી વાતો સાંભળવા લાગી.

થોડી વાર પછી અમલદારની વિદાય થઈ ગઈ. ખુશાલ જઈને એને લિફ્ટ સુધી પહોંચાડી આવ્યો. પાછા આવીને એણે રજા માગી: “લ્યો ચંપકભાઈ, અમે જે કામે આવેલા તે તો હજુ બાકી રહે છે.”

“પણ મારે બાકી રાખીને જવું નથી,” એમ કહેતો સુખલાલ આગળ આવ્યો: “હું બે વાતો માગવા આવ્યો છું: એક તો મારા બાપે કરી આપેલી ફારગતી પાછી લાવો. તેને બદલે હું પોતે ફારગતી કરી દેવા તૈયાર છું. ને બીજું, મને બતાવો દાકતરી સર્ટિફિકેટ, જે તમે મારા શરીર માટે લખાવી લીધું છે.”

ખુશાલને આ બેઉ વાતોમાં નવું, અજાણ્યું રહસ્ય લાગ્યું.

“બેસો, ચંપકભાઈ. બેસ ભાઈ સુખલાલ; ઉશ્કેરા નહીં, સુખા!” એમ કહીને બેસાડી ખુશાલે પૂછ્યું:

“શેની ફારગતી? શેનું સર્ટિફિકેટ?”

“સર્ટિફિકેટ શેનું? પૂછો ને એને! મારી તો કહેતાં જીભ તૂટી

પડે છે. એણે ઊભું કરેલ છે મારી નામર્દાઈનું દાકતરી સર્ટિફિકેટ! એનાં હું ચિરાડિયાં કરવા ને કાં એ દાકતરનું નામ લેવા આવેલ છું.”

“નામર્દાઈ? નામર્દાઈનું સર્ટિફિકેટ? દાકતરી સર્ટિફિકેટ?” ખુશાલે ચંપક શેઠ તરફ જોયું: “ને ફારગતી શેની?”

“મારા વેવિશાળની! મારા બાપને રાતે પાણીએ રોવરાવી એ સર્ટિફિકેટની ડરામણી દઈને લખાવી લીધેલ.” સુખલાલના હોઠ બોલતાં ધ્રૂજતા હતા.

“તું ધીરો થા, ભાઈ!”

“હું ધીરો નથી રહી શકતો. હવે હું આ બધું જાણ્યા પછી ધીરજ હારી ગયો છું. આ માટે મારા બાપાને આંસુ પડાવ્યાં? મને પીલી પીલી દવાખાને કૂતરાને ઢરડે એમ ઢરડી નખાવ્યો હતો, તેથી શું ધરવ નહોતો થયો?”

સુખલાલને આ નવી જીભ ફૂટી હતી. ચંપક શેઠનું અપમાનિત અને લજ્જિત મોં નીચું ઢળ્યું હતું. સુખલાલનો ઉશ્કેરાટ સાંભળતાં સાંભળતાં ભાભુ છેક બારણામાં આવી ઊભાં હતાં.

સૌએ એકાએક સુખલાલને ધ્રુસકા ભરતો ભરતો રુદન કરતો જોયો સાંભળ્યો. સાચો રોષ યૌવનમાં રુદન કરાવે છે ને પ્રૌઢાવસ્થામાં આંસુ સૂકવી નાખે છે.

“ક્યાં છે એ કાગળિયાં, હેં ચંપકભાઈ? હવે કાંઈ આ વાતુંના ભવાડા શોભશે, બાપા?”

એમ કહીને ખુશાલે સુખલાલનો હાથ ઝાલ્યો; કહ્યું: “તું શાંત રહે, ભાઈ સુખલાલ! શેઠ એ બેઉ કાગળો આંહીં રજૂ કરે. તું તારે

હાથે એનાં ચિરાડિયાં કર. પછી શેઠની મરજી ફારગ જ થવાની હોય તો તું તારે હાથે જ ફારગતી લખી દે."

"કોઈની ઈચ્છા હો ન હો, મારે તો ફારગતી જ આપવી છે, ને ફારગતી જ મેળવવી છે." સુખલાલના ગળામાં દર્દનો ચંબુ છલકતો હતો.

"પે'લા નંબરની વાત. સૌ પોતપોતાના દરજ્જા ને સંસ્કારને બંધબેસતો સંસાર માંડે એમાં જ સુખ છે. તું તો શાણો જુવાન છો, ભાઈ સુખા! લ્યો, ચંપકભાઈ, હવે અત્યારે ટાણું સાચવી લ્યો. ત્રણ ઉપરાંત ચોથું ચકલુંય જાણશે નહીં. એ દસ્તાવેજોના નાશના આપણે ત્રણ જ સાક્ષી રહેશું. જાવ, લઈ આવો જ્યાં મૂક્યા હોય ત્યાંથી."

ખુશાલે એ કાળમુખા દસ્તાવેજો લાવવાનું કહ્યું ત્યારે ચંપક શેઠ છોભીલે મોંએ ફક્ત સામે જ જોઈ રહ્યા, પણ ઊઠ્યા નહીં.

"કાંઈ નહીં, અત્યારે ને અત્યારે કાંઈ ઉતાવળ નથી," એમ કહીને ખુશાલે ટોપી પહેરી, વાળ સરખા કર્યા. પછી છેક અરધા કપાળને ઢાંકેલી ટોપી એણે ઊંચકીને ગુંડાશાહી અદાથી માથાની એક બાજુએ ટેડી કરતે કરતે કહ્યું: "કાલે પાછા રાતે અમે આંહીં આવશું; ત્યાં સુધી તમે નિરાંતે વિચાર કરી શકશો. ઉતાવળ નથી. હાલો સુખાભાઈ, સારા માણસના મકાનમાં મારા જેવા નાગા ગણાતા આદમીને આ બાપડા જીવ ક્યાં સુધી સંઘરીને બેસશે?"

બંને ઊઠીને ચાલ્યા ત્યારે ભાભુ બારણામાં જ ઊભાં હતાં.

એણે કહ્યું; “અરેરે, ભાઈ, એવું શીદ બોલો છો? આંહીં જ બેય જણા રાત રહી જાઓ ને!”

“ના, ઘેલીબેન, હું જૂઠું નથી બોલતો,” એણે કહેતે કહેતે ટોપી ટેડી હતી તેને પાછી સંપૂર્ણ સભ્યપણે શિર પર ઢાંકી. “તમે ન જાણો, ઘેલીબેન! તમે કલ્પીયે ક્યાંથી શકો, કે તમારી બેનપણી હેમીબાઈ સાધવીનો ભાઈ ખુશાલ મુંબઈમાં એક ‘નાગો આદમી’ ગણાતો હશે? પણ વાત ખરી છે. કોઈ આબરૂદારના ઘરમાં મારો રાતવાસો ન જ હોય. એમાં કાંઈ નવાઈ પામવા જેવુંય નથી, ઘેલીબેન! સાપનો ગુણ જ એની કોથળીનું ઝેર છે, એનું દૈવત પણ એ ઝેર છે; તેમ અમુક માણસનું દૈવત પણ એની નાગાઈ જ છે. નીકર પોલીસ-અમલદાર ગામડિયા કાઠિયાવાડીથી થોડો બીવાનો હતો? આવજો, બેન! કાલે પાછો મારે આંટો રહ્યો. કાલે બધું પતવ્યે જ છૂટકો છે ને, બેન!”

ખુશાલને ભાભુ સાથે થયેલી એટલી રોકાણ દરમિયાન સુખલાલ બહાર સીડી સુધી પહોંચી ગયો હતો. ખુશાલ સીડી પાસે પહોંચ્યો ત્યારે સુખલાલને વળાવીને પાછી ફરતી સુશીલાના મોંમાં આ બોલ હતા: “કાગળો ફડાવજો—પણ કોક બીજીનું કાળજું ફાડશો મા!”

ખુશાલને જોતાં એ અદબ ધારણ કરે તે પૂર્વે તો એકાક્ષી ખુશાલની પાતાળ-વેધક આંખે સુશીલાના મોં પરનો ઉકળાટ વાંચી લીધો. ઘૂમટાનો પડદો સુશીલાના મોંની એક બાજુએ પડી ચૂક્યો ને એ બારણામાં પ્રવેશ કરી ચૂકી.

સર્પાકારે વહેતી સીડી બેઉને પૃથ્વી પર લઈ જતી હતી. બબે પગથિયાંની ઠેક દેતે દેતે ખુશાલ બોલતો ગયો:

“નથી છોડવી, હો સુખા! હું વરતી શકું છું: કન્યામાં કહેવાપણું નહીં રહે. મુંબઈની વીફરેલ હોય તો નોખી જ ભાત્ય પડે એના વરતાવની. જોયું નહી—મારી એણે અદબ કરી ઘૂમટો ખેંચ્યો. મારો ભિખારી-રામનો ઘૂમટો... મુંબઈગરી હોત તો ચીપી ચીપીને કંઈક ચિબાવલી પોપટબોલી કરત! આ તો બે કલાક ઘરમાં રીયા પણ ગળું કેવું છે તેનો જ પત્તો ન મળ્યો. તારા બરની લાગે છે. એનેય બાપડીને સૂડી વચ્ચે સોપારી જેવું થયું લાગે છે.”

પાવલીમાં હનુમાન ગલ્લી પહોંચાડવા જતી વિકટોરિયાનો ઘોડો મુંબઈના ડામરિયા ભીના માર્ગો પર ડાબલા પટકતો હતો. તેની સાથે જાણ્યે કે અજાણ્યે ખુશાલની વાતો તાલ મેળવી રહી હતી.

મૂંગાં મૂંગાં ભાભુ-ભત્રીજી પથારીમાં પડ્યાં ત્યારે છ મહિનાનો મંદવાડ ભોગવીને ઊઠ્યો હોય તેવો ચંપક શેઠનો દેહ તિજોરીની સામે ઊભો હતો. ચાવી ફેરવતાં રોજ કરતાં વધુ શ્રમ પામેલા એના હાથમાં તિજોરીની અંદરથી કાઢેલા એ બેઉ દસ્તાવેજો—એક સુખલાલના પિતાનું લખત ને બીજું ડોકટર પાસેથી મેળવેલું બનાવટી સર્ટિફિકેટ—બંને ખુલ્લાં ફરફરતાં હતાં. થોડીવાર આની સામે તો ઘડીક પેલાની સામે શેઠ તાકતા હતા, ફરી ફરીથી વાંચતા હતા.

કાગળોની ઊઘડતી ને પાછી સંકેલાતી ગડીઓનો જે ખરખરાટ થતો હતો, તેનો પણ સ્પર્શ લેતા સુશીલાના કાન

સુશીલાની આંખો સાથે સંગ્રામ મચાવી રહ્યા હતા. આ દસ્તાવેજો શાના છે, મોટા બાપુજી શાના એ કાગળો વારંવાર તેજુરીમાંથી કાઢમૂક કરતા હતા? તે દિવસ મારા સસરાના કંઠમાંથી દીવાનખાનામાં ઊઠેલા આક્રંદ-સ્વરો શાને કારણ હતા, અને મારી સગાઈની નવી તજવીજો કરવા પાછળ કયું એવું પ્રચંડ બળ મોટા બાપુજીની પાસે હતું—તે સુશીલાએ અત્યારે સુખલાલની આવેગભરી વેદના-વાણી પરથી પકડ્યું હતું. ને એને થયું કે હિરણ્યકશ્યપના પાપે લોઢાનો તપ્ત થંભ જો ફાટ્યો હોય, તો આટલું પાપ સંઘરતી પિતૃઘરની તેજુરી કેમ હજુ સલામત છે? કાલે રાતે એ આવશે ત્યારે શું થશે? મોટા બાપુજીને સ્પષ્ટ કહેતાં જીભ ઊપડતી જ નથી. તોફાન-કજિયો થશે તે હું કેમ કરીને રોકી શકીશ?

"ભાભુ," એણે અવાજ કર્યો. ભદ્રા પ્રકૃતિની એ સ્ત્રી ફક્ત પોતાના ધર્મનાં પાંચ સાદા નવકારના મંત્રો વડે જ આ સામટી ક્ષુબ્ધતાને ઓલવી નાખી શકી હતી, ઊંઘમાં પડી હતી. મનના ક્લેશના ગંજો ને ગંજો જરા જેટલા જળથી ધોઈ શકાય છે. ધર્મસ્ત્રોત્રનાં એ પાંચ વાક્યો, એકાદ રામધૂન, એકાદ માળા કે સૂવા ટાણાની એકાદ તસબી ડહોળાયેલા ચિત્તતંત્રને સ્વપ્નહીન નિદ્રાને શાંત ખોળે પોઢાડી દેવા જો સમર્થ હોય, તો એની એ પાર્થિવ ઉપયોગિતા જ શું પરમ ધાર્મિકતા નથી?

ઊંઘતાં ભાભુને ઉઠાડવા માટે ફક્ત શરીર પર હાથ અડાડવો જ બસ થયો. જાણે સૂતાં જ ન હોય તેવી સ્વસ્થતાથી એણે હોંકારો દીધો: "કેમ ગગી? મને બોલાવી તેં?"

"હા, થોડું કહેવું છે."

"કહે."

"મને વચન આપો, કે મારી મરજી વિરુદ્ધ તમારી પાસેથી મને કોઈ આંચકી નહીં જાય. સૌ છોડે તોય મને તમે નહીં છોડો."

"વચન આપવું બાકી છે, ગગી? સૌને છોડીને તને સાચવતી શું હું નથી બેઠી?"

"ને ભાભુ," સુશીલાને જૂની વાત યાદ આવી: "ઓલ્યાં હેમીબેનની જેમ તમે દીક્ષા લેશો ને, તો હુંયે તમારી સાથે દીક્ષા લઈશ. પછી છે કાંઈ?"

"ઘેલી થઈ? દીક્ષા! જ્યાં સંયમ ત્યાં દીક્ષા જ છે ને! ઘર જેવું કોઈ દેવસ્થાન છે, ગગી? બીક રાખ્યા વગર સૂઈ જા."

નવાઈ તો લાગે જ ને, કે બે જ પળમાં બેઉ શહેરી માનવીઓ તાજાં જન્મેલાં બાળકોના જેવી નીંદરમાં પડ્યાં.

જે નિદ્રા આ બે સરલહૃદયા સ્ત્રીઓને મળી હતી તેણે તદ્દન નજીકના શેઠના શયનાગારમાં એક મટકું પણ નહોતું મોકલ્યું. વિચારોનાં સરપગૂંચળાં ચંપક શેઠના મસ્તકમાં સળવળતાં જ રહ્યાં. આખરે એને મોટામાં મોટા એક ભયની છાયા પડી. ટેલિફોનની ઘંટડી વાગી: "હું વિજયચંદ્ર બોલું છું. આવું હોય કે શેઠ? ટેલિફોન કરી કરી થાકી ગયો, આખરે માંડ કોઈકને જામીન કરી છૂટ્યો છું. આપે મને મદદ કરવી જ જોશે; મેં આપની ખાતર ઘણા લાભો જતા કર્યા છે; કાલે સવારે દસ વાગ્યે મળવા આવું છું," વગેરે.

અવાજમાં આદેશના જ સ્વરો હતા.

શેઠને ભય પેસી ગયો. આ વિજયચંદ્ર પોતાના બચાવ માટે મને તેમ જ સુશીલાને પોતાના સાહેદરૂપે અદાલતમાં ખેંચાવશે તો? સુશીલા અદાલતમાં? મુંબઈની ફોજદારી કોર્ટમાં મારી સુશીલા? હજાર આંખોનાં ભોંકાતાં ભાલાં વચ્ચે મારી દીકરી? મારી લાડીલી સુશીલા?

એના દર્પનો તો ચૂરો થઈ ચૂક્યો હતો. આ ભગ્નગૌરવના ઉકરડા ઉપર બેઠેલું એનું હૃદય પોતાને ખાલી ખાલી અને સૂનું સૂનું ન લાગે તેટલા ખાતર, હજુ પોતાની પ્રત્યે થોડો દર્પ ધારણ કરી રાખવા મથતું હતું. પણ અદાલતમાં વિજયચંદ્રને હાથે સુશીલાના ઘસડાવાનો વિચાર, સંસારની આ એકની એક સ્ત્રી પરના તેના સ્વામિત્વના દર્પને દળી નાખી તેના મગજમાં એવી રીતે ઘૂમી રહ્યો, જે રીતે આપણે સૂતા હોઈએ ને ઘરના ખપેડામાં કાળો નાગ આંટા મારતો હોય.

રાત્રી ઝમ ઝમ ચાલી જતી હતી, શ્વાસોચ્છ્વાસના અવાજ પણ સિસકારા મારતા સરપો સમા થતા હતા. પોતે વાદળી ગ્લોબવાળી બત્તી પેટાવીને પત્નીના ઓરડા તરફ ગયો, હૈયા પર લળીને ધીમેથી પૂછ્યું: “જાગો છો?”

પત્નીએ આંખો ક્યારે ઉઘાડી એની તો ખબર પણ પડી નહીં. “આવી હો!” એટલા જ શબ્દો, જરાકે નીંદેભર્યા નહીં પણ રાતરાણીનાં ફૂલો જેવા સંભળાયા. સુશીલા ન જાગી જાય તેવી સલૂકાઈથી તે પતિના પલંગ પાસે જઈને ઊભી રહી.

પતિએ નજીક ખેંચી કે પોતે એના સ્પર્શમાત્રથી આપોઆપ

ખેંચાઈ ગઈ? એ તો વીજળીનો વાદળરંગી દીવો જાણે—આપણને શી ખબર!

"બચાડા જીવ!" ભાભુ-હૃદયનો એ શબ્દ જગતનાં સૌ કોઈને માટે નીકળતો હતો. એ ઉદ્ગાર અત્યારે નીકળ્યા વગર જ આત્માના ઘુમ્મટમાં ઘૂમરાટ કરતો રહ્યો, ને એણે પતિના શરીરે હાથ પસાર્યો.

... કેટલાં વર્ષ પછી?

પતિએ કહ્યું: "સવારની ગાડીમાં તમે ને સુશીલા દેશમાં જશો?"

એ જ વાક્ય રાતે કહ્યું હતું, ત્યારે તરત જ પગનો ચંપલ છૂટ્યો હતો! એ જ વાક્ય અત્યારે બોલાયું. પણ ત્યારે તો પત્નીના કંઠ ફરતી પતિના કરની માળા રચાઈ.

# ૨૩. પહેલી ચકાસણી

'બચાડા જીવ' એવો અંતરોદ્‌ગાર અનુભવતી પત્નીએ ભાંગતી રાત્રિના એ ત્રણેક વાગ્યે પતિના કંઈક વર્ષો પછીના ખેંચાણમાં પોતાનું માથું નમતું મૂક્યું. કપાળ કપાળને અડક્યું, ત્યાં તો પોતે દાઝી ઊઠી. સ્વામીનું લલાટ અનેક પ્રકારના ઉશ્કેરાટોના ચૂલા પર ખદખદતી તેલ-કડા સમું હતું. એ આલિંગનમાં સાત્ત્વિક શાંતિની શીતળતા ક્યાં હતી? પ્રસન્ન પ્રેમની મધુરી હૂંફ પણ નહોતી.

"સુશીલા ક્યાંક જાગશે…" એમ બોલી એણે માથું હળવેક રહીને સેરવી લીધું.

"ઊપડી શકશો સવારની ગાડીમાં?"

"શા સારુ નહીં? તમે કહેતા હો તો—"

"હું અત્યારે કહું છું તેનું કારણ બદલી ગયું છે. મને હવે આંહીં સુશીલાને રાખવામાં આપણી આબરૂની રક્ષા નથી લાગતી. તમે બેય જણાં થોડા દિવસ થોરવાડ જઈ આવો. હું તેજપુર આપણી

દુકાન પર તાર કરી દઉં છું. મહેતો આજ ને આજ થોરવાડનાં મકાન સાફસૂફ કરાવી આવશે."

"ભલે."

"તો અત્યારથી જ તૈયારી કરો."

"બધું જ તૈયાર છે. લૂગડાંલત્તાં સિવાય તો કાંઈ લઈ જવાનું નથી."

થોરવાડમાં ત્રણ જ વર્ષ પર ચણાવેલા નવા મકાનમાં તવેથાથી માંડી થરમોમિટર સુધીની તમામ ચીજો ચંપક શેઠે વસાવી મૂકી હતી, એટલે મુંબઈથી બીજું કશું લઈ જવાની ખરેખર જરૂર નહોતી.

"ભાઈને ને વહુને વાત કરી છે?"

"એ તો સવારે કહી દેશું. ભાઈ તો સમી સાંજનો ઘોંટી ગયો છે. એને બાપડાને ક્યાં ખબર છે કે આ દિવસ છે કે રાત?"

"તમારું શરીર સાચવશો ને?"

"એ તો સચવાશે."

"એક વાત કહેવા દ્યો તો કહું."

"ના, એ વાત તારે કહેવાની નથી ને મારે સાંભળવાની નથી. મારા મનમાં નીંગઠ ગાંઠ પડી ગઈ છે. એ રોંચાના ખંડેર જેવા ઘરમાં મારે દીકરી દેવી નથી એ તું વજ્રલેપ જાણજે. આજ રાતે એ છોકરો જે બોલી ગયો છે તે મારા કાનમાં કડકડતું તેલ થઈને રેડાણું છે. તને કહી રાખું છું કે દેશમાં રાજકોટ, જૂનાગઢ વગેરેમાં ઠેકાણાં ઘણાં છે, તપાસ રાખજે—હુંયે આંહી બેઠો બેઠો તજવીજ કરીશ."

પત્નીના હાથ તે વખતે પતિના પગનાં તળિયાં ઉપર ફરી રહ્યા હતા. એણે માથું નમાવીને ધીરે ધીરે એ પતિ-ચરણો પર અડકાડી દીધું. પણ જેનું કપાળ બેહદ સંતૃપ્ત હતું તેના પગનાં તળિયા શીતળ હોઈ ન શકે. એ પગની રજ લલાટે લીધી ન લીધી થઈ. પતિના હૃદયમાં એકેય કૂંપળ ફૂટી નહીં. ગર્વની ઘાયલ થયેલી ફણા ફરી પાછી ટટ્ટાર થઈ ગઈ હતી. વાદળિયા દીવાના સૌમ્ય શીતળ પ્રકાશને પણ ઉકાળી ખદખદાવી નાખે તેવી, પતિની અભિમાન-વેદનાને ઓલવવા માટે મનમાં ને મનમાં ધર્મનો શાંતિપાઠ રટતી પત્ની આખરે નિરાશા લઈને પોતાની પથારીએ ચાલી ગઈ, ત્યારે એનું મન કહેતું હતું કે ‘આ મેળાપ શું છેલ્લી વારનો છે? ફરી વાર શું આ ઘરમાં આવવાનું નથી?’

સવારે જાગેલી સુશીલાએ કાઠિયાવાડ જવાનું ભાભુ સાથેનું પરિયાણ સાંભળ્યું ત્યારે તેનું અંતર પોતાની સાતેક વર્ષની બાલ્યાવસ્થાના નદી-તીરે જાણે પાછું વળ્યું. પોતાનાં કપડાં એણે અરધા કલાકમાં ભરી લીધાં; પોતે જાણે કોઈ અજગર-મુખમાંથી બહાર નીકળવાની હતી. પોતે શા માટે જતી હતી, ક્યાં જતી હતી, કેટલા દિવસને માટે—એનું જ્ઞાન પામવાની જરૂર નહોતી. એક કેદખાનેથી બીજા કેદખાને જતો કેદી પણ જે મીઠી રાહત અનુભવે છે, તે શું ઓછી હોય છે?

સવારે સાડા સાત વાગ્યે મોટરે ઘર છોડ્યું. મોટા બાપુજી પણ સ્ટેશન સુધી વળાવવા સાથે ચાલ્યા. પુત્રીનો સગો પિતા મોટાભાઈની કરડી હાજરીમાં દીકરીને ‘આવજે બહેન, સાચવીને રે’જે,’ એટલું લાડ-વચન પણ ન કહી શક્યો. જતાં જતાં પુત્રીનાં

નયન પિતાની દશા દેખી સજળ બન્યાં. પિતાના જેવો કોઈ એકલવાયો દુખી આ ઘરમાં નથી, તેનું ભાન સુશીલાને પહેલી જ વાર થયું. બાપ-દીકરી એકેય દિવસ ભેળાં બેસીને વાતો નહોતાં કરી શક્યાં. ઝાડ ઉપરથી છાલ જુદી પડે છે ત્યારે છાલને ઉતરડાવું પડે છે. સુશીલા એ જ રીતે પિતાના જીવન પરથી ઉતરડાઈને ચાલી.

સ્ટેશન પર ગાડી ઊપડવાને ત્રણ જ મિનિટની વાર હતી ત્યારે સુશીલાએ સેકન્ડ કલાસમાં દરવાજામાં પ્લૅટફૉર્મ-પાસ દેખાડીને દાખલ થતો જુવાન દીઠો.

એ આવનાર વિજયચંદ્ર હોઈ શકે જ કેમ? એ મક્કમ ચાલ નહોતી. એ કોટ પર કરચલીઓ પડી હતી. એ ટોપીમાંથી વાળની લટો બહાર ડોકાઈને મસ્તકની અસ્થિરતાની ચાડી ખાતી હતી. મોં પરનો પસીનો ચૂસતો એ રેશમી રૂમાલ કોઈ કબાટની ધૂળ લૂછતા મસોતાનો કુટુંબી ભાસતો હતો.

છતાં એને સુશીલાની આંખોએ પારખ્યો. દેખતાં જ એણે હેબત ખાધી, મોં ફેરવી લીધું, માથે સાડી સરખી કરી.

આવનાર વિજયચંદ્ર હતો. દસ વાગ્યે આવવાનો હતો, પણ અધીરો બની સવારે જ શેઠને ઘેર પહોંચેલો. રાતમાં બનેલી બીનાથી અજાણ રહેલા સુશીલાના પિતાએ એને સમાચાર આપ્યા કે તરત એ ટૅક્સી દોડાવીને સ્ટેશને આવી પહોંચ્યો.

“વાહ રે વાહ!” એણે શ્વાસભેર કહ્યું, “મને ખબર પણ ન આપ્યા?”

“તમને કોણે કહ્યું?” ભોંઠા પડેલા ચંપક શેઠે પૂછી જોયું.

"નાના શેઠે."

પોતાના બેવકૂફ નાના ભાઈ પર ચંપક શેઠને તે વખતે એટલી ચાટી ગઈ કે ઘેર પહોંચી તમાચો ચોડવાનું મન થયું.

"કેમ એકાએક?" વિજયચંદ્રે પૂછ્યું.

"શરીરે ઠીક નથી રહેતું એટલે હવાફેર કરવા."

"પણ આંહીં ક્યાં ડોકટરોનો દુકાળ છે? નાહક દેશની પાંચ શેર ધૂળ ખાશે. મને પૂછવું તો હતું! આ તો ઠીક નથી થતું. હજુય કહું છું કે દાદર સ્ટેશને ઉતારી લઈએ."

એક શ્વાસે એણે ધોધમાર ઉદ્‌ગારો કાઢ્યાં. પ્રત્યેક ઉદ્‌ગાર સુશીલાને વીંછીના ડંખ સમ વાગ્યો. રાતે ટેલિફોન પર પાંચ વાર ઉચ્ચારેલા 'નફ્ફટ' શબ્દને છઠ્ઠી વાર ઊચરીને પરખાવવા મન થયું કે 'હજુય મારી માલિકી થઈ ચૂકી માને છે, નફ્ફટ!'

"અને અમારા દેવનાં દશેરાનાં નિવેદ પણ કરવાં છે." ચંપક શેઠે બચાવ વધાર્યો.

એ એક મિનિટમાં તો ડબાની બારી પાસે વિજયચંદ્ર બેત્રણ રીતે ડોકાયો, પણ સુશીલાના મુખની એક રેખા પણ જોયા વગર રહી ગયો.

પોતાને હિંમતવાન માનનાર ચંપક શેઠના મોંમાંથી આ જુવાનની ધૃષ્ટતાને ડારતો એક બોલ સરખોય બહાર ન નીકળી શક્યો.

ગાડીની સીટી વાગી અને એન્જિનનો આંચકો લાગ્યો કે તરત વિજયચંદ્રે "લ્યો ત્યારે, મારેય દાદર કામ છે તે..." એમ બોલી

ડબાનું બારણું ખોલી પ્રવેશ કર્યો. ચંપક શેઠ વીલે મોંએ થોડીવાર પ્લૅટફૉર્મ પર ઊભા રહી પાછા વળ્યા.

વિજયચંદ્રે પોતાની ગુમ થયેલી સ્વસ્થતાને પાછી ધારણ કરવા તાત્કાલિક પ્રયત્નો માંડી દીધા. એણે ભાભુ-સુશીલાવાળા ખાનામાં જ બેસવા બેઠક ગોતી. બંને સામસામી પાટલી પર બેઉ સ્ત્રીઓનાં બિછાનાં લાંબાં થયાં હતાં. ન સુશીલાએ એની સામે જોયું, ન ભાભુએ નજર કરી. છતાં જ્યારે એણે બિછાનાને એક છેડે બેઠક લેવા શરીર નમાવ્યું, ત્યારે ભાભુએ એને કહ્યું: “ભાઈ, તમે બાજુના ખાનામાં બેસો તો સારું.”

ભાભુએ ધારણ કરેલી આ કઠોરતામાં સુશીલાને જાણે કે સંગ્રામમાં ઊતરવાની પરવાનગી આપતો ને ચાનક ચડાવતો ભેરી નાદ હતો.

બાજુના ખાનામાં જઈને પણ વિજયચંદ્રે ભાભુની ને પોતાની વચ્ચે ફક્ત ઓઠિંગણનું પાટિયું જ રહેવા દીધું. ભાભુએ શરીર સંકોડીને અંતર વધાર્યું અને સમોવડ બેનપણીની માફક સુશીલાને વાતોએ ચડાવી. આડીઅવળી, નકામી-નમાલી, જે કાંઈ બાબત હાથ ચડી તેના ઉપર મોટે અવાજે અને મોકળા મને વાર્તાલાપ માંડનાર ભાભુનો દુત્તો ઈરાદો સુશીલા પણ વરતી ગઈ. વિજયચંદ્રને એ વાતોની સંજવારીમાં એક તણખલાની જેમ વાળીઝાડી નાખી દાદર સ્ટેશન સુધી અળગો ને અળગો રાખવાનો એ આશય હતો. ભાભુમાં આટલી કાબેલિયત ભરી છે એ જ્ઞાન સુશીલાને પણ પહેલવહેલું જ થયું, ને એ છોકરી ગજબ તાનમાં આવી ગઈ. ભોળાપણું, ભદ્રિકતા, ગાંભીર્ય, ગરવાઈ

વગેરે ભાભુના ગુણો નીરોગી તેમ જ સ્વયંસ્ફુરિત હતા એટલે જ એની પાંદડીઓના સંપુટમાં આ વિનોદનો પરિમલ સચવાયો હતો.

દાદર સ્ટેશને ભાભુ-સુશીલાવાળા ખાનાને દરવાજેથી ઉતરવાની હામ હારી બેઠેલો વિજયચંદ્ર બીજે બારણેથી ઊતરી ગયો, ત્યારે બંનેએ ફરી શાંતિ ધારણ કરી.

આખી મુસાફરીમાં સુશીલા એક કૌતુક અનુભવી રહી હતી. ભાભુની દૃષ્ટિ જાણે કે સુશીલાની એકેક ક્રિયાને, પ્રત્યેક ચેષ્ટાને બારીકીથી માપી રહી હતી. દિવસની ગાડી હોઈ સ્ટેશને સ્ટેશને ભાતભાતનાં ઉતારું ચડતાં-ઊતરતાં, બેસવા દરમિયાન સુખદુઃખની વાતો ચલાવતાં, ગંદકી કરતાં, બાળકોને રમાડતાં-રોવરાવતાં, ગાંઠિયા દેતાં ને ઢીંકો મારતાં. સુશીલા તેમનાથી બિસ્તર કે સાડી સંકોડતી નહોતી; તેમનાં છોકરાંની કોઈ રીતે સારવાર કરતી. કોઈને ઉપલા પાટિયા પર ઘોડિયાનું ખોયું બંધાવવા મદદ કરતીઃ ને પાસે બેઠેલી માતાઓના ખોળામાં બાળકો દેખી પૂછાપૂછ કર્યા કરતીઃ કેટલાં વર્ષનું થયું? શું ખવરાવો છો? એના બાપ ક્યાં છે? તમે કેમ એના બાપથી નોખાં રહો છો? ગામડે શાની મજૂરી કરો? દવાદારૂનું શું થાય? વગેરે.

મુંબઈની છોકરીઓ જે વાતોમાં દેશી લોકો જોડે કદી જ રસ ન લઈ શકે, તે વાતોમાં દિલને પરોવતી ભત્રીજી ભાભુને તદ્દન ‘દેશી’ લાગી. ઘેર માસ્તર રાખીને પાંચ ચોપડી અંગ્રેજી ભણી છે એવું કશુંય આત્મભાન આ છોકરીને નહોતું. રસ્તામાં વાંચવા

સુશીલા એકેય ચોપડી—વાર્તાની કે કવિતાની—નથી લાવી તે પણ ભાભુને મન એક મર્મભરી વાત હતી.

"ત્યારે રસ્તો કેમ કરીને ખુટાડીશ, બાઈ?" એ પ્રશ્નના જવાબમાં સુશીલા કહેતી હતી કે "આટલાં બધાં માણસો જગતમાં ભર્યાં છે એની જાણે કે મને ખબર જ કેમ નહોતી, એવું એવું થાય છે ભાભુ! એવું કેમ થતું હશે, હેં ભાભુ?"

"ડાહી બહુ! મુંબઈમાં તો માણસગંધીલી થઈને ઘરમાં ભરાઈ રહેતી!"

"કોણ જાણે કેમ, ભાભુ, પણ આંહીં ગાડીમાં મને માણસોની ગંધ ગમે છે. આ ધાવણભર્યાં મોંવાળાં છોકરાંની સોડમ મીઠી લાગે છે."

સ્ટેશને સ્ટેશને ઊતરતી સ્ત્રીઓને સુશીલા કહેતી હોય કે, "તમે પહેલાં ઊતરી જાવ, બેન! પછી હું તમારો છોકરો તમારા હાથમાં આપું. ઊતરો, ડોશીમા, પછી તમારું પોટકું હું તમને ઉતરાવવા લાગું."

આખે માર્ગે આ એનો શોખ હતો. એમાં દયા નહીં પણ પ્રસન્નતા હતી. કોઈ ઉતારુને વિશે 'અરેર બિચારાં' જેવો ઉદ્‌ગાર એણે કાઢયો નહીં. આટલાં બધાં લોકોને જોવોનો-મળવાનો કેમ જાણે એ રાંકધરવ ન કરી રહી હોય!

રાતના નવેક વાગ્યે ગાડી સાબરમતી પાર કરીને કાઠિયાવાડમાં પ્રવેશતી હતી, ત્યારે સૂતેલી સુશીલા એકાએક આંખ ઉઘાડી બેઠી થઈ ચારે બાજુ જોવા લાગી: "ભાભુ!" એટલું બોલ્યા પછી વધુ ઉચ્ચાર ન કાઢી શકી.

"શું કહેતી'તી, ગગી?"

"કાંઈ નહીં."

"પણ હજીયે તું મારાથી આટલી કાં ચોરી રાખ? કહી નાખ ને, બાઈ! પેટમાં સંઘરીને સૂતી રહીશ તો નીંદર ક્યાંથી આવશે? આટલા નાનપણમાં જ મનને લોચ લોચ કરતાં ન શીખવીએ, બે'ન!"

"ભાભુ, મને મારા મોટા બાપુજી યાદ આવ્યા. અત્યારે ઘેર શું થતું હશે?"

"કેમ શું થતું હશે?"

"ઓ બે જણા આવેલા હશે ખરા ને?" આ વાક્ય એણે એટલે ધીરેથી કહ્યું કે જાણે શબ્દો ઘૂંઘટમાંથી સર્યા.

ચમકવાનો કે ગભરાટ બતાવવાનો તો ભાભુનો સ્વભાવ નહોતો. પણ ઓચિંતી કોઈ ફાળ ઊઠતી ત્યારે એના ચહેરામાં સહેજ શ્યામરંગી એક તત્ત્વ જાણે કે ઘૂંટાઈ રહેતું.

બેઉ જણી સામસામી મીટ માંડી બેસી રહી, બેઉના મનોભાવ તદાકાર બન્યાઃ ટ્રેન પાછી વળે તો કેવું સારું!

ભાભુના મોં પર ઘૂંટાતું વાદળું તે પછી તરત પસાર થઈ ગયું. એના મુખ પર લાલ લાલ રુધિરાક્ષરે પ્રાણ જાણે કે અક્ષરો પાડતો હતોઃ તે દિન પરોઢના ત્રણ વાગ્યા ટાણાના અક્ષરોઃ સ્વામી-ચરણની ધૂળ લલાટે સ્પર્શી રહી હતી તે ઘડીએ અંતરે પુકારેલ અક્ષરોઃ 'આ ઘરમાં ફરી આવવાનું નથી! આ મેળાપ છેલ્લી વારનો છે!'

"સૂઈ જા તું તારે. બીવા જેવું શું છે?" એટલું કહ્યા પછી

મોંને જરાક હસતું કરીને ભાભુ બોલ્યાં: “ઓળખ છ તારા મોટા બાપુજીને? એ બેય જણા આવીને જો કાંઈ તીનપાંચ કરશે ને, તો એને રાંઢવે બાંધીને પકડી જનારા પોલીસ તારા બાપુજીએ ઘરમાં ગોઠવી જ રાખ્યા હશે—જાણ છ તું?”

સુશીલાએ થોડી વાર આંખો બીડી દીધી. ભાભુએ આપેલી કલ્પના એને ગૂંગળાવવા લાગી. એને ભાભુની આંખો જાણે પૂછતી હતી કે ‘છોકરી, તું ભારી પક્કી છે. તારે નામ લેવું છે બાપુજીની ચિંતાનું, ને તને અંદરથી દાઝે તો છે પેલા બે દુશ્મનોનું.’

ફરી એણે આંખો ખોલી ત્યારે ભાભુએ મક્કમ અવાજે કહ્યું: “ને તારી બા જોયાં છે! તારા મોટા બાપુજી ઉપર એ બે જણા જો હાથ ઉપાડે ને, તો તારી બા તેજાબનો સીસો લઈને જ દોડ્યાં આવે. તેજાબની છાલક છાંટે તો શું થાય ખબર છે? એ સુખલાલના મોં ઉપર તો કાયમનું ચિતરામણ જ કરી દ્યે. બળબળતા ફોલ્લા જ ઊપડી આવે. ને આંખમાં પડે તો તે…”

સુશીલાએ ઊઠીને ભાભુના મોં ઉપર હથેળી દાબી કહ્યું: “આમ શું બોલ્યે જાવ છો, ભાભુ?”

“કાં?”

“કેવું બીક લગાડે એવું બોલો છો!”

“બીક લગાડે તેવું કેમ? હું તો તારા મોટા બાપુજીનું ક્ષેમકલ્યાણ વાંછું છું. તારા મોટા બાપુજીનું એક રૂંવાડું તો હલાવી જુવે કોઈ, ખબર છે? આખો મહોલ્લો ગજાવી મૂકીને એ બેય જણાને માથે ખૂન કરવા આવ્યાનું જ આળ મૂકે. ભલેને પચાસ હજાર ખરચવા

પડે! એક વાર ઈ સુખલાલને તો બેચાર વરસની જેલ ટિપાવી દ્યે, ખબર છે? બીશ મા.”

મોંમાં સોપારીનો ઝીણો ચૂરો ચાવતાં ચાવતાં, એ ચાવણનો ટીપું ટીપું રસ ઉતરાતાં ઉતારતાં, ઘણાં વર્ષો પરના રંગાવેલા દાંતની રાતી ઝાંય દીવાને અજવાળે ઝલકાવતાં ઝલકાવતાં ભાભુ સુખલાલના શરીર પરનાં તેજાબ-છાંટણાંની ને સુખલાલના બેપાંચ વર્ષના કેદી-જીવનની કલ્પનામૂર્તિ એવી તો લિજ્જતથી દોરતાં હતાં કે સુશીલાને સદાય ગમતાં ભાભુ પર ઘડીક અણગમો આવ્યો. એને મોઢે લોહી ચડી આવ્યું. એ ભાભુની સામેની બાજુએ નજર ખેંચી લઈને ખિજાયેલ મોંએ બેઠી. ભાભુએ પૂછ્યું:

“હજીયે તારા મોટા બાપુજીની ફિકર કરી રહી છો ને?”

સુશીલાએ સામે ન જોયું એટલે ભાભુએ એને વધુ ચીડવનાર ચેષ્ટા ચાલુ રાખી કહ્યું: “મને તો લાગે છે કે તારા મોટા બાપુજી અગમચેતી રાખીને વેળાસર જ પોલીસખાતામાં જઈ કહી આવ્યા હશે કે, આજ રાતે અમુક ટાઈમે અમારે ઘેર બે ચોર મવાલી આવનાર છે, માટે છૂપી પોલીસ મારે ઘેર બેસાડો. અને અત્યારે તો એ રઢિયાળો સુખલો જેલના સળિયા ઝાલીને ‘માફ કરો, માફ કરો’ કહેતો ઊભો જ નહીં હોય?”

મોં ફેરવી ગયેલી સુશીલાના કાન ઊલટા ભાભુની નજીક થયા. ભાભુએ અવાજ પણ વધાર્યો. ભાભુ પોતાના ચિત્રમાં વધુ રંગો પૂરતાં ગયાં:

“ને તું જોજે ને, તારા મોટા બાપુજીના પગમાં માથું મૂકીને એ

આંસુડે પગ ધોતો ધોતો માફી માગશે. તારા મોટા બાપુજી જેવી ફારગતી લખાવશે એવી એ લખી દેશે. એમ તો તારા બાપુજીના હાથ લાંબા છે; એમ કાંઈ તારા મોટા બાપુજી કોઈથી ગાંજ્યા જાય તેવા નથી! એ સુખલાલની તો બધી ઉફાંદ બેસારી દઈને મુંબઈનો કેડો જ છોડાવી દેશે."

બોલતાં બોલતાં ભાભુના મોંમાંથી સોપારી ખૂટી ગઈ હતી. જામનગરી સૂડી લઈને ભાભુ નવો ચૂરો કરી મોંમાં ઓરતાં હતાં. પાસે બેઠેલ માણસના સોપારી ખાતી વેળાના બચકારા ઘણી વાર આપણને બરછી જેવા લાગે છે. સુશીલાના કાનમાં એ બચકારાની તેમ જ બોલાતા શબ્દોની બેવડી બરછી ચાલતી હતી. ભાભુ સામે કદી ન બોલાયેલું એવું કંઈક અત્યારે બોલાઈ જશે, એ બીકે સુશીલા બહાર ભાદરવા માસનો બફારો તેમ જ અંદર ખિજાયેલા હૃદયનો ઉકળાટ છતાં ઓઢીને સૂઈ ગઈ. ભાભુને તો આથી પોતાની વક્ર વાણીને વહેતી રાખવાની વધુ અનુકૂળતા મળી; વધુ પાનો પણ ચડ્યો. એણે પોતાનું મોં છેક સુશીલાના મોં સુધી નીચું લઈ જઈને ચાલુ કર્યું: "એ તો સારું થયું કે એ સુખલાલે બહાર લિફ્ટ આગળ તારી કાંઈ છેડતી ન કરી—એ આવેલ તો ઘણોય તને ભરમાવીને નીચે લઈ જવા. ને પછી ફોસલાવી-પટાવી મોટરમાં ઉપાડી જઈ લગન કરી લેવા, બાપુ! એ તો મુંબઈમાં જેવા મવાલી વિજયચંદ્ર તેવા જ રઢિયાળા સુખલાલ: બધા એક જ વિદ્યા ભણેલા! પારકી છોકરીને લાગ ગોતીને ફસાવી દેવી—પણ આ તો તારા મોટા બાપુજી રહ્યા પોં'ચતા માણસ, એટલે…"

ઓઢેલી ચાદર ફગાવી દઈને સુશીલા બેઠી થઈ ગઈ, એટલું જ બોલી: "મને સંતાપવાથી તમારા હાથમાં શું આવે છે?" ત્યાં તો એની ડોળા ઘુમાવતી આંખોમાંથી ડળક ડળક આંસુનાં જાણે દડબાં પડ્યાં.

"તને સંતાપું છું હું?" ભાભુએ અચંબાનો દેખાવ ચાલુ રાખ્યો: "અરે બેન, હું તો ઊલટાની તારી ચિંતાનું ટાળણ કરું છું, તને હિંમત આપું છું."

"આવ્યાં મોટાં…!" સુશીલા જળભરેલા ડોળા ઘુમાવતી એટલું જ બોલી શકી.

"પણ હું શું મોટી આવી? તારા મોટા બાપુજી …"

"મારે નથી સાંભળવી…"

"તો કાંઈ નહીં—ચિંતા તો તું જ કરતી'તી!"

"કરતી'તી! મોટાં! સમજે નહીં ને!…"

"તો હું તારા પેટની વાત શું સમજું, બાઈ, કે તું નામ લેતી હઈશ તારા મોટા બાપુજીની ચિંતાનું, ને ચિંતા કરતી હઈશ કોઈક બીજાની?"

હજુય બોલતાં ભાભુના મોંમાંથી સોપારીના ચૂરાના બચકારા નહોતા ખૂટતા. હજુય એમની આંખો ને એમના હોઠ ઉપર એક અર્ધસ્ફુટ, અગમ મલકાટ તોળાઈ રહ્યો હતો. એ બધુંય જોઈ-સાંભળી સુશીલા ગૂંચવાઈ ગઈ. એનો કંઠ પ્રથમ રૂંધાયો ને પછી ભેદાયો. એણે પોતાનો અવાજ દબાવી દેવા માટે ભાભુના ખોળામાં માથું દાટી દીધું. ભાભુએ એની પીઠ પંપાળતાં પંપાળતાં કહ્યું: "કાઠિયાવાડની હવા અડી ન અડી ત્યાં તો છોકરાંય કેવાં

દુત્તાં બની જાય છે? હેં, બોલ તો ખરી, તારા મોટા બાપુજીને હેમખેમ વાંછીશ કે બીજા કોઈને? હેં? સાચું કહી દે."

"તમે —તમે તો ભારી ધરમી છો! કોક બીજાને તેજાબ છાંટવાની ને પોલીસમાં સોંપવાની વાતો બહુ શોભે છે મોઢામાં!" એટલું કહીને સુશીલાએ ફરી મોં ભાભુના ખોળામાં દાટી દીધું.

"તો પછી તને સુખલાલની દયા આવી હતી એમ તારે ચોખ્ખું કહેવું'તું ને, બાઈ! મને તારા પેટની શી ગતાગમ પડે, બેન?"

"હવે મને ક્યાં સુધી બાળશો?"

"તું પેટછૂટી વાત નહીં કર ત્યાં સુધી."

થોડીવાર કશો જવાબ સુશીલાના મોંમાંથી નીકળ્યો નહીં. ભાભુએ પૂછ્યું:

"તને હું કેમ લઈ જાઉં છું કાઠિયાવાડમાં, જાણ છ!"

"કેમ?"

"તારા વેવિશાળનું કોઈ સારું ઠેકાણું નક્કી કરવા."

"કરો તો ખરાં—જોઈ લઈશ!"

"શું કરીશ?"

"તે વખતે જે સૂઝશે તે."

"તારા મોટા બાપુજી તને કોણ જાણે કેવાય સુખમાં પાડવા માગે છે!"

"માગે છે—પોતાની આબરૂને વધારવા."

"આબરૂદાર તો આબરૂદારને ગોતે જ ને?"

"ભાભુ, હું કહી રાખું છું: મારે માટે ક્યાંયે જોશો નહીં, કોઈને જોવા બોલાવશોયે નહીં."

"ને બોલાવશું તો?"

"તો હું બોબડી, બે'રી ને લૂલી હોવાનો ઢોંગ કરીશ; હું બૂમબરાડા પાડીશ—આવનારા ભાગી જ જવાના."

"તો પછી તેં શું ધાર્યું?"

"કેમ જાણે પોતાને ખબર ન હોય!"

"સુખલાલ—?"

સુશીલા બોલી નહીં. એ મૌનભર્યા કલેજાને સંઘરતો બરાબર છાતીનો જ દેહભાગ ભાભુના હાથ નીચે હતો. પોતાના શરીરને સ્પર્શમુક્ત રાખતાં આવેલાં ભાભુ સુશીલાનો કાળજ-થડકાર બરાબર પારખી શક્યાં. સુશીલા સાડીનો છેડો ચાવતી બોલી:

"બીજાંનાં પેટનું પાપ તાગો છો, પણ પોતાના પેટમાં શું પડ્યું છે તે કેમ કોઈ દિવસ કહેતાં નથી?"

"મારું કહ્યું શા કામનું? તેં નક્કી કર્યું હશે તેમાં મારે કહ્યે શું ફરવાનું?"

"એમ હોય તો હું આજ સુધી શા સારુ ખમતી હોત?"

"ત્યારે શું તું મારા બોલવાની વાટ જોવે છે?"

"મારે વાટ ક્યાં જોવાની જ છે? હું તો તમારી સાથે જ જડાયેલી છું."

"એટલે?"

"એટલે, તમે ના પાડશો તો કાયમને માટે તમારાં ચરણોમાં જ બેસી રહીશ."

"ઠીક ત્યારે, ચાર દિવસની વાટ જોજે. જેવું હશે તેવું તને આજથી બરોબર ચોથે દિવસે કહીશ."

“મને એક જ બીક છે.”

“હોય તે કહી દે.”

“તમે મારા મોટા બાપુજીની એટલી બધી ભક્તિ કરો છો ને, કે…”

“કે હું તને એના હાથમાં સોંપી દઈશ, એમ ને?”

જવાબમાં છોકરીનું આખું શરીર ભાભુની હથેળીને મૂંગી ધડક ધડક કંપારીનો સ્પર્શ કરાવી રહ્યું.

“તો તો આટલા દિવસ હું શા માટે જવા દેત? તો તો એમના પગનું…” ચંપલના મારની તાજી કથા હોઠે આવીને દોટાદોટ પાછી વળી હૈયામાં ઊતરી ગઈ.

“ને તું શાંતિથી સૂઈ જા. મુંબઈ આપણે ઘેર કાંઈ નહીં થયું હોય. તારા મોટા બાપુજી બપોરની ગાડીમાં જ નાસિક ચાલ્યા જવાના હતા. કોઈ વાણિયાનો દીકરો વઢવેડ કરવા બેસી ન રહે, બેન!”

# ૨૪. સસરાનું ઘર

વળતા દિવસના સવારે આઠેક વાગ્યે તેજપુર સ્ટેશન આવ્યું. પેઢીની શાખા પરનો ગુમાસ્તો સામે લેવા આવ્યો હતો, તેને ઘેર જઈને જમવાનું આટોપ્યા પછી થોરવાડ જવા માટે જલદી ગાડું જોડાવ્યું. “ટાઢો પહોર થયે નીકળજો, ઘેરે બધું તૈયાર ટપ્પે છે, નોકરચાકર પણ હાજર ઊભા હશે. રસોઈ માટે હું ગોરને પણ ગોઠવતો આવેલ છું.” આવું ઘણુંય મહેતાએ સમજાવ્યા છતાં ‘વેળાસર પોં’ચી જઈએ’ એમ કહી ભાભુએ વિદાય લીધી.

રસ્તામાં ભાભુએ સાથેના વોળાવિયાને પૂછપરછ કરવા માંડી: “રૂપાવટી ગામ આપણા રસ્તામાં આવે ને?”

રૂપાવટી શબ્દે સુશીલાને ચમકાવી.

“અરધોક ગાઉ ફેરમાં રહી જાય છે, બા.” વોળાવિયાએ કહ્યું.

“ત્યાં દીપચંદ શેઠને ઓળખો?”

“કેમ ન ઓળખીએ, બા? આજ ભલે ભાંગી ગયા, પણ ખોરડું તો અસલ ખોરડું ને!”

"એના ઘરમાં મંદવાડ હતો, તો તેનું કેમ છે?"

"હાલ્યા કરે છે. બે દી સાજાં તો બે દી માંદાં, એમ રહે છે. દીપચંદ શેઠની પંડ્યની ચાકરી જબરી ને, બેન! બાયડીની ચાકરી કરતલ તો દીપો શેઠ એક જ ભાળ્યા!"

"આપણે એ મારગે જ ગાડું લેવરાવજો, ભાઈ, દીપા શેઠને ઘેર થાતા જાવું છે."

"બહુ સારું, બા! એ... આ ઉગમણો કેડો રૂપાવટીનો."

ગાડું નવે માર્ગે ચડ્યું. ભાભુ સુશીલાની સામે જોતાં નહોતાં, છતાં આપોઆપ સુશીલાએ પોતાનાં કપડાં સંકોર્યાં. એ પોતાના સસરાને ઘેર જઈ રહી હતી, તેનું મૂંગું ભાન થયું. ભાભુએ આ ત્રાંસી નજરે નિહાળ્યું.

રૂપાવટી ગામને રસ્તે ગાડું ચડ્યું. ત્યાર પછી દેખીતા કશા જ કારણ વિના સુશીલા એ કેડાના બેઉ કાંઠાની સીમોને એકીટશે જોતી જતી હતી. એ શું જોતી હતી તેનું ભાભુની ત્રાંસી આંખો ધ્યાન રાખવા લાગી. કોઈક અદશ્ય નોંધપોથીમાં ભાભુ સુશીલાના મોંનો પ્રત્યેક ભાવ ટપકાવતાં ગયાં.

નજીક ચાલી આવતી દિવાળીના બાજરાને બપોરનો તાપ પકવતો હતો, તે સુશીલાને મન માંડ માંડ જોવા મળેલી વસ્તુ હતી. આટલા કુમળા છોડવા પર આવાં પ્રખર અગ્નિવર્ષણ!

"હેં ભાભુ," એણે પૂછ્યું: "છોડવા બળી નહીં જતા હોય?"

"ના બેન," ભાભુએ જવાબ દીધો: "આટલા આટલા તાપ વગર દાણો પાકો જ ન થાય."

પાંખાં પાંખાં ડૂંડાં; ધડા વગરની મોલાતનું વાવેતર; ક્યાંઈક

ભૂખડી બાજરો, તો ક્યાંઈક પ્રમાણ બહારનો કપાસ; તો ક્યાંક વળી કંગાલ ઉદ્યમવંતોની વસ્તી વચ્ચે આળસુ બાવાઓ જેવાં પડતર ખેતરો; એને સાચવનારાં માનવીનું ક્યાંઈક ક્યાંઈક જ વિરલ દર્શન.

સીમ જોતી સુશીલાએ જરૂર જોતા બેચાર પ્રશ્નો પૂછવા ઉપરાંત કશો જ કંટાળો, 'એ મા રે!' એવો કશો જ મુંબઈગરો ભયોચ્ચાર બહાર પાડ્યો નહીં. ભાભુની ગુપ્ત નોંધપોથીમાં પટ પટ આ અક્ષરો પડતા ગયા.

'દીપો શેઠ: જબ્બર ચાકરી કરનાર આદમી: ઈ જેવી ચાકરી કોઈથી ન થાય.' વોળાવિયાનાં આ વચનોને સુશીલા મનમાં ને મનમાં વાગોળતી હતી, ત્યાં ગાડું રૂપાવટી ગામના પાદરની નદી ઊતર્યું. વેકરો પૈડાંને ગળું ગળું કરતો હતો. "લ્યો બેન, પહોંચી ગયાં આપણે રૂપાવટીને પાદર," એવું વાક્ય વોળાવિયાના મુખમાંથી નીકળતાંની વારે જ સુશીલાએ બહાર જોવાનું પણ બંધ કરી સાડીને વધુ સંકોડી લઈ અંગો ઢાંક્યાં. લાજનો ઘૂમટો કાઢ્યો નહીં છતાં સાડીની મથરાવટીની કોર અરધા કપાળને મઢી રહી.

"તું આંહીં ગાડામાં રહીશ, બેન?" ભાભુએ પૂછ્યું: "તો હું એકલી ઊભે પગે જઈ આવું, તારાં સા..." એટલું કહ્યાં પછી પોતે સાવધાન બની એ વાક્ય અધૂરું મૂક્યું, ને સુધારેલું વાક્ય ઉચ્ચાર્યું: "સુખલાલનાં બાની તબિયત જોઈ આવું."

"હું આવું તો?" સુશીલા સહેજ ખચકાઈને બોલી.

"તને કેમ કરી લઈ જવી?"

"હું ત્યાં કાંઈ નહીં કરું."

'કાંઈ નહીં કરું,' એવા શબ્દોનો દેખીતો અર્થ કાંઈ જ નહોતો, છતાં એ વાક્ય એક એવો ભાવ પ્રકટ કરવાને વપરાયું હતું કે "હું ત્યાં આવીને બહુ જ વિનયપૂર્વક વર્તીશ."

"મંદવાડવાળા ઘરમાં તું ક્યાં આવીશ? અકળાઈ જઈશ."

આ ઉદ્‌ગારનો કે કટાક્ષનો જવાબ સુશીલાએ બહુ વિચિત્ર રીતનું હાસ્ય કરીને આટલો જ આપ્યો: "લે!"

એ 'લે!'ની અંદર ભત્રીજીએ ભાભુની પટકી પાડી નાખી અને એ 'લે!' કરતાં વિશેષ કશો જ ઠપકો સાંભળવાની રાહ જોયા વગર ભાભુએ ગાડું ગામમાં લેવરાવ્યું.

ગામના દરવાજામાં દાખલ થતાં જ એક ઝનૂની ખૂંટિયાએ ગાડાના ગુલામ બળદને પોતાની આઝાદીનો ચમત્કાર બતાવતું ગળું ઘુમરાવ્યું, ને ત્રાડ મારી માથું ઉછાળ્યું.

ગામની બજાર સૂનકાર હતી. ઠેકાણે ઠેકાણે થયેલાં કાદવનાં કચકાણને ચગદતું ગાડું ચોરો વટાવતું હતું ત્યારે ચોરા પરથી પણ સુશીલાએ નિરુદ્યમી બે પગી-પસાયતાઓના ને ગામના બેપાંચ જમીનદાર કાઠી જુવાનોના ઠઠ્ઠાશબ્દો સાંભળ્યા.

ભાભુએ જોયું કે સુશીલા નહોતી સુગાતી કે નહોતી ધડક ખાતી. મુંબઈના મકાન પાસેની સડક પર મોડી રાતે છાકટા બની નીકળતા દારૂડિયાઓનો કે અપશબ્દો કાઢતા ગુંડાઓનો વારંવાર જેને પરિચય હતો, તે સુશીલાને આ ગામડાના નવરા લોકોની વાણી સાંભળીને 'ઓ મા રે!' એવો કોઈ જ ઉદ્‌ગાર કાઢવાનું કારણ ન લાગ્યું.

વોળાવિયાએ આગળ પહોંચી જઈને વાકેફ કરેલા દીપચંદ

શેઠ—સુખલાલના બાપા—ગાડાની સામે ચાલ્યા આવતા હતા, તેનું એક ક્ષણ દર્શન કરીને સુશીલા વિનયભેર મોં ફેરવી ગઈ. ખુલ્લે શરીરે હતા, છતાં માથે પાઘડી મૂકી હતી. બેઉ હાથને ચોળતા ચોળતા ચાલ્યા આવતા હતા. ચોળી ચોળીને એ સફેદ સફેદ શું ખંખેરી નાખતા હતા? વોળાવિયાએ આગળ આવીને ભાભુ પાસે વધાઈ ખાધી: “બાપડા રાંધતા રાંધતા ઊઠ્યા છે.”

“અરે, બચાડા જીવ!” ભાભુએ હવે સમજ પડતાં ઉદ્‌ગાર કાઢ્યા: “આ તો લોટવાળા હાથે જ ઊઠ્યા લાગે છે. ઠેઠ અટાણે રાંધવાનું?”

“હા,” વોળાવિયાએ કહ્યું, “વહુ માંદાં છે, ને વધારામાં મોટી દીકરી સૂરજનેય તાવ આવે છે. એટલે દવાદારૂ લાવતાં કરતાં મોડું થયું લાગે છે.”

સૂરજ! એ નામ સુશીલાને કાને પડતાં જૂની સ્મૃતિ સળવળી: સૂરજ નામ તો પોતાને એક વાર કાગળ લખનાર નણંદનું જ હતું. એ સૂરજને પોતે જવાબ કે પહોંચ પણ લખેલ નહીં. એ સૂરજે થોડીક જૂની ફાટેલ ચોપડીઓ મગાવી હતી, તે પણ પોતે મોકલી નહોતી. એ સૂરજ…

આટલો વિચાર થયો ત્યાં તો દીપચંદ શેઠે ગાડાની નજીક આવીને ભાભુ સામે હાથ જોડ્યા: એના મોંની ત્રાંબાવરણી ચામડી સહેજ ઝાંખા પડેલા હાંડાનો રંગ ઝલકાવતી હતી.

“બેન! બાપા! તું ક્યાંથી?” એ શબ્દો વડે એણે ભાભુને આદર દીધો.

“જુઓ, આવી તો ખરી ને, કાકા?” ભાભુએ સામો ટૌકો કર્યો:

"ને પાછી એકલીયે નથી આવી. તમારી દીકરીને પણ લેતી આવી છું."

"આંખ્યું ઠરે છે મારી, બેટા! સો વરસનાં થાવ." સુશીલા પ્રત્યે આ કહેનાર પુરુષ સમજતો હતો કે વિજયચંદ્ર જેવા કોઈ બીજાને ક્યારનીયે વરી ચૂકેલી આ એક વખતની મારી પુત્રવધૂ ઉપર મારો કશોય અધિકાર નથી રહ્યો: એ અર્થમાં જ 'તમારી દીકરી' શબ્દો યોજાયા છે.

સુશીલાની મથરાવટીની કિનાર પાદરમાં હતી તે કરતાં હજુયે વિશેશ નીચે ઊતરી હતી ને એક બાજુએ નજર પરોવીને એ આ પુરુષના લોટવાળા હાથ જ જોઈ રહી હતી. મુંબઈમાં એણે કોઈ દિવસ કોઈ પુરુષને રાંધતો જોયો નહોતો. એણે જોયા હતા માંદી અથવા રજસ્વલા પત્નીઓને પાડોશીની દયા પર છોડીને રેસ્ટોરાંમાં જઈ પેટ ભરી લેનાર પુરુષો. અને પોતાના ઘરમાં તો કોઈ પ્રસંગે પુરુષે રાંધ્યું હોય તેવી સ્મૃતિ નહોતી. આંહીં તો પાછો આ પુરુષ લોટવાળા એઠા હાથે બહાર મહેમાનોનું સ્વાગત કરવા આવતાં પણ શરમાયો નહોતો.

ગાડાને ખડકી નજીક લઈ જઈ બળદનાં જોતર છોડાવ્યાં. તે પછી બંને સ્ત્રીઓ ઊતરીને અંદર ગઈ. દીપચંદ શેઠ ગાડાવાળાને "હાલો ભાઈ, નીરણની ગાંસડી લઈ જાવ," એમ કહી અંદર આવ્યા ને ઓશરીમાં ઝટઝટ ઢોલિયો ઢાળી, ઉપર ધડકી પાથરી મહેમાનોને કહ્યું: "બેસો, બાપા!"

"ક્યાં છે મારાં કાકી?" ભાભુએ પૂછ્યું.

"બેસો ને બેન, પછી એ છે ત્યાં લઈ જાઉં. ઉતાવળ શી છે?"

"ના, ના, કાકા; ત્યાં એમની પાસે જઈને બેસશું."

"ત્યાં બેસવા કરતાં, બેન, આંહીં ઠીક છે."

"પણ શું કારણ છે?"

"મંદવાડ વધ્યો છે ખરો ને, એટલે કાંઈક ગંદકી પણ વધે ને! ઓરડામાં હવા બગડેલી હોય..."

"લ્યો હવે રાખો રાખો, કાકા!"

એમ બોલતાં ભાભુ ઘરની અંદર ચાલ્યાં. તેની પછવાડે સુશીલા ચાલી.

"મારા સોગંદ, બેન," એમ બોલતા દીપચંદ શેઠે ભાભુને "એક ઘડીસાત ખમો, પછી હું તમને લઈ જાઉં—અબઘડી," એમ બોલી દૂરના એક ઓરડામાં દોડતા જઈ ઉતાવળે ઉતાવળે એક નળિયામાં ચૂલાનો દેવતા મૂકી તે પર લોબાન ભભરાવ્યો અને ત્યાં ખાટલે સૂતેલ પત્નીને ખબર આપ્યા: "ચંપક શેઠનાં વહુ આવેલ છે, ભેળાં સુશીલા છે. તને આજ સુધી કહ્યું નથી તે કહી દઉં છું: સુખલાલના સગપણની હું મુંબઈમાં ફારગતી આપીને જ આવેલ હતો. એ ધ્યાનમાં રાખીને જ વાતું કરજે."

એવી ભલામણ કરી, બહાર આવી, "ચાલો, બેન! હવે પધારો," એ શબ્દે એણે બેઉ મહેમાનોને પત્ની પાસે લીધાં, ધડકી પાથરી દીધી. ને પછી જલદી પોતે સામેની ઓસરીએ એક ઓરડા પર પહોંચ્યો. ત્યાં પથારીએ સૂતી સૂતી તાવમાં લોચતી પુત્રીને પણ એણે સૂચના દીધી: "સૂરજ! બેટા! મે'માન આવેલ છે. હમણાં તને આંહીં મળવા આવશે, પણ એને 'ભાભી ભાભી' કરીને બોલાવીશ મા, હો કે? એને એવાં વેણ સારાં ન લાગે."

"હો! કોણ? હેં બાપા, કોણ? ભાભી? સુશીલા ભાભી?" સૂરજ તાવભર્યાં સળગતાં લોચન જોરથી ખોલીને પૂછવા લાગી.

"એ હેય! છુછીલા ભાભી!" સૂરજની પથારી પાસે બેસીને એના કપાળે પોતાં મુકતો એક છ વરસનો છોકરો જોરથી બોલી ઊઠ્યો. એણે પોતાની પાસે બેઠેલી એક ચાર વર્ષની છોકરીને કહ્યું: "એ હેઈ... પોટી! છુછીલા..."

"અરે ભાઈ! સૌ એક સામટાં ગાંડિયાં કાં થયાં?" એમ કરીને બાપ ત્રણે બાળકોને સમજાવવા બેઠો: "કોઈને 'ભાભી ભાભી' નહીં કહો તો હું તમને રોટલી માથે ગોળ દઈશ."

છોકરાં બાપનો ઠપકો સમજ્યા વગર જ ચૂપ થઈ બેઠાં. ને પિતા પાછો સામી પરસાળે ચાલ્યો. એણે એકઢાળિયામાંથી ઘાસના પૂળા બહાર કાઢી જથ્થો ખડક્યો, ને પછી એ અંદર રસોડાને ઓરડે પ્રવેશ કરવા જાય છે ત્યાં તો એણે સળગતા ચૂલા પર તાવડી મૂકીને અધૂરા રહેલા લોટને પાણીમાં મસળતું કોઈક દીઠું.

"અરે બાપ! બાપ!"

એટલું બોલીને એ પાછા ફરી બહાર નીકળ્યાં. પત્નીની પથારીવાળા ઓરડામાં જઈ બેબાકળા પૂછ્યું: "ચૂલે કોને સુશીલાને બેસાડેલ છે?"

"ના...ના, બે...સા...રા...ય... કાં...ઈ?...હું... એ...વી... અ...ણ...સ...મ...જુ... છું...?"

"અરે, આ બેઠાં બેઠાં લોટ મસળે!"

એટલું જ બોલીને દીપા શેઠ ઘરની બહાર નીકળી ગયા.

એકઢાળિયામાં (કોઢમાં) એક વાછડી બાંધી હતી તેની પાસે જઈ એના ગળા પર હાથ ફેરવતા ઊભા રહ્યાં. મા વગરની એ મોટી કરેલી વાછડી દીપા શેઠના મોં સામે પોતાનું ખજવાળાતું માથું ઊંચું કરતી હતી ત્યારે એની પશુ-દૃષ્ટિ આ માનવીની આંખોનાં પાણી જોઈ શકતી હતી કે કેમ તે ચોક્કસ ન કહી શકાય એવી વાત છે, કેમ કે અમે પશુ-સંસારના પૂરા અનુભવી નથી.

છેલ્લા ઘણા મહિનાઓથી ચૂલે બેસવાના અનેક દિવસો દીપચંદ શેઠને ભાગે આવી રહ્યા હતા. મુંબઈ ગયા પૂર્વે, બેશક, ચૂલે બેઠાં બેઠાં એણે પોતાનો છુટકારો કરવા આવનારી પુત્રવધુની વારંવાર કલ્પનાઓ કરી હતી; માંદી પત્નીને પોતે રાંધતા રાંધતા કહેતા પણ ખરા કે, “આ ગામઠી છાણાંનો ધૂંધવાટ બાપડી વહુથી કેમ સહ્યો જાશે! આપણે તેજપુરથી એક ગૂણ કોલસાની ને એક સગડી મંગાવી રાખવી છે. આ વરસાદનો ભેજ લાગેલ છાણાને ફૂંકવાની માથાકૂટ સુશીલાથી થાય નહીં.”

પત્ની કહેતી: “સાંઠિયુંના ભારા મંગાવી રાખો, ને તલસરાં હશે એટલે દીવા જેવાં બળશે.”

“અરે મૂરખી!” ધણી જવાબ દેતો: “તલસરાંનો તાપ તો ઘડીક ઘડીક જ રહે. એ બાપડી શું આંહીં બેઠી બેઠી રસોઈ કરશે, કે તલસરાં જ ચૂલામાં ઓર્યા કરશે? ને જુઓ, આ રાંધણિયાને હવે તો એક બારી મુકાવી દઈએ. મુંબઈનાં છોરુને હવા જોવે, અંજવાળું જોવે. બારી વગર તો બફાઈ જ જાય ને બાપડાં ફૂલ જેવાં!”

“તમે શીદ ચિંતા કરો છો?” પત્ની કહેતી: “વહુ આવશે તયેં

તો ભગવાન મારી જ કાયામાં કાંટો નૈ મૂકે? હું ઊઠી શકીશ તો તો પછી શું આવ્યા ભેળી જ વહુને હું રાંધણિયામાં પગ મૂકવા આપીશ? રામરામ કરો! રાંધણું કરાવવાની એવી નવાબી મારે નથી માણવી. આપણાં સગાં રિયા જાડાં, ને આ રિયો ધોરી મારગ. હાલતાં ને ચાલતાં પાંચ મે'માન આપણે આંગણે ઘોડાં બાંધે—એ બધાના રોટલા ટિપાવીને મારે આવતલ વહુને નાનપણથી જ ભડકાવી નથી મારવી. ઈ મરને બેઠાં બેઠાં સીવે-ગૂંથે. આ તો હું સાવ અટકી પડી છું એટલે જ ઉચાટ થાય છે કે આવ્યા ભેળી જ એને નાની બાળને ચૂલો ભળાવવો પડશે."

"તું ઉચાટ કર તો તારા જેવી મૂરખી કોણ?" પતિને પોરસ ચડતો: "ખાટલે તો તું પડી છો, હું ક્યાં હરામનાં હાડકાં લઈને બેઠો છું! વહુને હું ચૂલે ઝાઝું બેસવા શેનો દઈશ? બેસે તો ધમકાવી જ કાઢું, ખબર છે? એ તો આપણી સૂરજ ટે'લ ટપોરો કર્યા કરશે ને હું તો 'વઉ રાંધે છે,' 'વઉ રાંધે છે,' એવો ડોળ રાખ્યે રાખ્યે તારું પાંચ, દસ કે પચીસનું રાંધણુંય પો'ર દી ચડ્યે ઉડાડી મૂકીશ. તું નાહકની વહુની ફિકર કરતી કરતી શરીરને વધુ વધુ સૂકવ મા. એમ કાંઈ હું પેપડીને ખાનારો નથી! વહુની કિંમત તારે છે—મારે શું નથી? આ વહુ વગરના તો ડુંગરશીના સાત-સાત દીકરા નિરવંશ ચાલ્યા ગયા! ને આપણી નજર સામે જ સાઠ ને પચાસ વરસના બે ઘેલાણી ભાઈઓ અટાણે પૂરું ભાળતા નથી તોય છાશ માગી આવે છે, ને એકાદ રોટો ટિપાવવા સારુ શુક્લને ઘરે રગરગે છે—એ શું મારા ધ્યાન બહાર છે?"

"ને રૂપિયાની કોથળિયું એમ ને એમ ઠઠી રહી," માંદી પત્ની ટાપશી પુરાવતી હતી: "હુંય ક્યાં નથી જાણતી?"

"રૂપિયાને આવેલી વહુ તો રૂપિયા જ લઈને જાય ને, ગાંડી! એટલા સારુ તો આ બે ભાઈયું બચાડા રૂપિયા દઈને પરણ્યા નો'તા."

"ને દુલો ભાભો, જુવો ને, રઘવાયો થઈને રૂપિયાની ફાંટ બાંધી બાંધી ફરતો'તો ને—કે ભાઈ, ગાંડી મળે તો ગાંડીનેય પરણું! લૂલી, લંગડી, બાડી, બોબડી, આઘેડ જે મળે તેને પરણું—આ એમ ને એમ સૌ એના બાપડાના રૂપિયા ચાવી ગ્યું ને એક ગાંડી આવી તેય ડાહી થઈને રૂપિયા લઈ રફુચક થઈ ગઈ."

"દીકરાની વહુ તો દુર્લભ છે: મારો દીકરો તો લીલા નાળિયેરે વર્યો છે. કાલ સવારે વહુ આવશે ત્યારે મારા ઘરમાં જાણે સામશે જ કેમ! એ જ મને તો અટાણથી વિમાસણ થાય છે."

રાંધણિયાની સામેના જ ઓરડામાં બિછાને પડેલી માંદી વહુ સાથે આવા તડાકા ચાલુ રહેતા, રોટલા ટિપાઈ જતા, કાચરીઓ શેકાઈ જતી, ને તે પછી છેક ત્રીજે પહોરે દીપા શેઠ દાતણનો ડોયો લઈ પત્નીના ઓરડામાં ઓશરીએ બેઠા બેઠા દાંતે બજર દેતા. વાછડીની મા ત્યારે જીવતી હતી. ચરવા ગયેલી ગાયને ખીલે ઠેકડા મારતી વાછરડીના બેંબેંકારા કાન ફોડી નાખતા, ત્યારે દાતણ કરતો ગૃહપતિ એને સંબોધીને કહેતો કે: "વહુને આવવા દે—પછી તારી વાત છે!"

એ બધાં તો અત્યારે ભૂતકાળનાં સ્મરણાં જ બની ગયાં હતાં. મુંબઈથી આવ્યા પછી રસોઈ કરતે કરતે એણે કદી જ પત્ની પાસે

પુત્રવધૂની વાતોના આવા તડાકા માર્યા નહોતા. કવચિત્ વાત નીકળતી ત્યારે ટૂંકામાં પતાવી દેતો કે "છોકરાનો રોટલો મુંબઈમાં ઠર્યો; વળી ખોટની દીકરીને આડા શીદ આવવું? આંહીં ઘરે તો આખરે આવવાનું જ છે ને! ભલે પાંચ વરસ મોડાં આવતાં. આપણી વઉવારુ, પણ કોઈકની તો દીકરી જ ને! જેવી આપણને સૂરજ તેવી જ એનાં માવતરને સુશીલા."

આથી વધુ પેટ એણે પત્નીને આપેલું નહીં. સૂરજને એણે કહેલું કે "બેન, તારાં ભાભીએ ચોપડીઓનું પોટકું બંધાવી દીધેલું, પણ હું જ ભુલકણો તે પડ્યું રહ્યું."

ને પોતાના પ્રાણને એણે પડકાર્યે રાખેલો કે "વાણિયા, જોજે હો, ઉતાવળો થઈને મરણકાંઠે બેઠેલ બાયડીનું કમોત કરાવનારી આ વાત કહેતો નહીં. હવે એ બાપડી થોડાક દીની મે'માન છે."

# ૨૫. મરતા મુખમાં પ્રતિજ્ઞાનું પાણી

હૈયાને હાકલી રાખીને બેઠેલા એ વણિકની આંખો તે દિવસે કોઈની નહીં ને વાછડીની પાસે ઊના પાણીના ખાળિયા વહાવી રહી. એને સૂઝ ન પડી, કે આ બધું શું થઈ રહ્યું છે! આ પારકી બનેલી દીકરા-વહુને લઈને કયું વેર વાળવા મુંબઈના ધનવાનની વહુ આવી છે! મારા ચકલ્યાંના પીંખાયેલા માળાનો લાજમલાજો આ કોના હાથે લૂંટાઈ રહેલ છે? એવો મારો કયો અપરાધ થયો છે, એવાં તે મેં કયા ગરીબની લાજનાં લૂગડાં ખેંચ્યાં હશે કે આજ મારી આ આંતરિક અવદશા પૈસાદારની વહુ ને દીકરી જોવા આવેલ છે! આજ તો ક્યારની આ મારી જ દીકરા-વહુ હોત. આજ એ આવી રીતે બેઠી બેઠી ચૂલો કરતી હોત, મને ઊનો રોટલો પીરસીને રાજી થતી હોત, એને બદલે આજ એ બેઠી છે ચૂલે બીજા જ કોઈ રંગઢંગમાં! આ ચૂલા પરનું દૃશ્ય સાચું છે, છતાંય કેવી ઈંદ્રજાળ છે! વાસ્તવિક છે, છતાંય કેવી વિકરાળ માયા છે! કેવું ભયંકર તરકટ છે! ગાલ પર વિધાતાનો કેવો આકરો તમાચો છે! આ દિવસ દેખાડવા જ શું મારી સ્ત્રીને

જીવતી રાખી ભગવાને? આવી ખબર હોત તો હું ઉતાવળ કરીને એનો ભરમ શીદ ભાંગી નાખત? ફારગતીની વાત ન ફૂંકી દીધી હોત તો અત્યારે આ સ્ત્રીના અંતકાળનો બેડો પાર થઈ જાત. પણ હવે તો એનું મોત બગડી ચૂક્યું."

વાછડી પોતાનું આંગળું માના આંચળના જેવું ગણી ચૂસી રહી છે તેની દીપચંદ શેઠને સરત જ પછી તો નહોતી રહી. પંથભૂલ્યા વટેમાર્ગુ જેવો એ વિચારોમાં અટવાયો હતો, ત્યાં તો ભાભુનો સાદ પડ્યો:

"કાં કાકા, ચાલો લ્યો, રોટલો ખાવા બેસો. થાળી કરી છે તમારી."

વણિક સામે જોઈ રહ્યો. હસતી ઘેલીબાઈનું હાસ્ય એને હૈયે ખૂંચ્યું, તો પણ વાણિયો ખંજર સંઘરીને સામે હસ્યો; જવાબ દીધો: "હાલો, બેન! આવીને ઊભાં રિયાં ત્યાં તમનેય ઠીક લાણ મળી!"

"તમારી દીકરીના કોડ પૂરા થયા ને, કાકા!"

"ધન્ય ઘડી, ધન્ય ભાગ્ય. એના હાથનો રોટલો પામું, એ કાંઈ નાની વાત છે?"

એવું બોલતા બોલતા દીપા શેઠ પગ નીચે ઢીંચણિયું દબાવીને ખુલ્લે શરીરે, લલાટે હાથ ફેરવતા, કરચલીઓના વિધિ-લેખ વાંચતા, અંદરના ખદખદાટને પીવા મથતા, રસોડાની બહારની પરસાળમાં બેઠા. એને કાંસાની થાળીમાં બાજરાના નાના નાના બે રોટલા પીરસાયા. ઘેલીબેને (ભાભુએ) કહ્યું: "જોયું ને, કાકા, આજકાલનાં છોકરાંએ હવે તો આમ પાટલા ઉપર થાબડી

થાબડીને બાજરાના રોટલાની શોભા જ મારી નાખી! બે હથેળિયું વચ્ચે લોટ ટિપાતો ટિપાતો કંઈક નકશીઓ કાઢતો, તે ટાણાં તો હવે ગયાં, હો કાકા!"

"બોલો મા, બાપા! આમાં શું વાંકઘોંક છે? આયે કોઈ ભાત્યનો રોટલો છે!"

"તમે તો વખાણ જ કરો ને? એમ કાંઈ તમારી દીકરી રોજ રોટલો ઘડી દેવા નહીં રોકાય!"

"એક વારનું રોટલાનું બટકું તો કૂતરુંય નથી ભૂલતું, બેન! તો હું જીવતો માનવી કેમ ભૂલું!"

પૂરું પીરસીને ભાભુ જરા છેટે બેઠાં બેઠાં દીપા શેઠનું ભાણું સાચવવા લાગ્યાં, અને સુશીલા બીજે બારણેથી ફરીને ફળીમાં નીકળી. એના હાથમાં એક થાળી ને તાંસળી હતાં. લાજ એણે નહોતી કાઢી, પણ સાડીની કિનારને ફક્ત વિનયસૂચક અંતરપટરૂપે ગાલ આડે ઝુલાવી હતી.

"જો બેન, સામેના ઓરડામાં." ભાભુએ બેઠાં બેઠાં એને ઓરડો ચીંધ્યો.

"કોને માટે?... શું?" દીપા શેઠે પૂછ્યું.

"એ તો લઈ જાય છે દીકરી માટે સાબુચોખાની કાંજી."

ડોસાને ફાળ પડી: અણસમજણાં છોકરાં ક્યાંઈક દાટ વાળશે!

ધાણીફૂટ તાવમાં ભૂંજાતી સૂરજ તો એના બાપા સમાચાર આપી ગયા ત્યારથી જ તાવના ઘેનમાં ઢળતાં પોપચાંને જોરાવરીથી ઉઘાડી જોવા મથતી હતી. મનમાં 'સુશીલા' 'ભાભી'

‘આવેલ છે’ના અસ્પષ્ટ ભણકારા ગાજતા હતા. એને કપાળે મીઠાનાં પાણીનાં પોતાં મૂકનાર છ વર્ષનો ગભરુ ભાઈ ‘છુછીલા ભાભી’ના નામથી પરિચિત હતો. તેની ધીરજ રહી ન શકવાથી એ બેનને પોતાં મૂકવાનું પાણી લાવવાને બહાને પણ સામે રસોડામાં જઈ આવ્યો હતો. ડોકિયું કરીને એ બાપની આજ્ઞાને આધીન રહેવા પાછો આવી ગયો હતો. પરંતુ તેની સાથે તેની નાની નાની બે આંખોમાં, તેના નાના હૃદયમાં, તેના શ્રીફળના ગોટા સરીખા માથામાં એક મધુરા મોંનું ચિત્ર પણ આવ્યું હતું. ‘છુછીલા ભાભી’ આજ સુધી શબ્દરૂપિણી હતાં, તે દેહધારિણી બની દેખાઈ ગયાં. છોકરાએ આવીને સૂરજને ઢંઢોળી: “બેન ઊઠ તો ઝટ! હમણાં આંહી છુછીલા ભાભી આવે છે. બેન, મને લછોલામાં છુગંધ આવી’તી. બેન, એણે માલી છામે જોયું! એણે દાંત કાઢ્યા! મને એકલાને...! પોટી, તુંને નૈ... તુંને નૈ બોલાવે...”

ભાઈના એ લહેકાદાર શબ્દો સાંભળતી ચાર વર્ષની બહેનનું મોઢું પહોળું થયું ને એણે ધીરે રુદનસ્વર કાઢ્યો, એટલે છોકરાએ કહ્યું:

“લે તને બોલાવછે, બોલાવછે હો! હું એને કૈછ, હો કે!”

પા કલાકમાં બેનના લલાટે ઝપાટાભેર મીઠાના પાણીનાં પોતાં મૂકીને એ નાનકડા છોકરાએ સૂરજનું તાવ-ઘેન ઉતાર્યું. પોપચાં ઊઘડતાંની વારે જ સૂરજે ચોપાસ જોયું. એણે ત્યાં બાજુમાં જ પડેલી પોતાની પેટી ઉપર પિતાના હાટમાં આવતા કાપડના તાકા પરથી ઉખેડીને પોતે ચોડેલી સુંદર સ્ત્રીઓની ને દેવીઓની તસવીરો નિહાળી. એણે મહેનત કરીને પોતાનું ઓઢણું ઓઢી

લીધું, ને એ પગ ઢાંકીને મહેમાનની રાહ જોતી બેઠી. એ તાવમાં ભૂંજાતી, છતાં મહેમાનની હાજરીમાં હસતાં જ રહેવાય તે માટે મોંને મલકાટભરી સ્થિતિમાં લાવવા મથતી હતી. એને કોયડો બન્યો હતો એક જ વાતનો: બાપા શા માટે ‘ભાભી’ કહીને ન બોલાવવાની શિખામણ આપી ગયા? શું મુંબઈનાં માણસોમાં ભાઈની વણપરણેલી વહુને ‘ભાભી’ કહેવી એ અવિવેક ગણાતો હશે? ને મેં તો આજ સુધી સુશીલાભાભી, સુશીલાભાભી જ ગોખ્યા કરેલ છે એટલે મારી જીભને ટેરવે એ જ બોલ ચડી જશે તો? ભાભી ઊઠીને ચાલ્યાં જશે તો? ભાભીને આંહીં મારા તાવનો પરસેવો ગંધાશે તો? ભાભીના શરીરને હું અડીશ કેમ કરીને? હું એને શું કહીને બોલાવીશ તો રાજી થશે?

આ વિચારો કરતી એ મહાકષ્ટે તૈયાર થઈ બેઠી હતી, ત્યાં તો કાંજી લઈને સુશીલા આવી. એને દેખતાં જ સૂરજ ભાન ગુમાવી બેઠી. પગે લાગવા માટે તૈયાર રાખેલા હાથ ઊપડ્યા નહીં. ‘આવો! ક્યાંથી આવ્યાં?’ એવો કશો જ હરફ મોંમાંથી ફાટ્યો નહીં, માત્ર જોઈ જ રહી. હસતી હસતી જોઈ રહી—ને પછી હસતી આંખે પાણી ઊભરાયાં.

“તમારો કાગળ મને મળ્યો હતો,” સુશીલાએ નીચે બેસીને કાંજી ઠારતાં ઠારતાં કહ્યું, “એવો સરસ કાગળ મને લખતાં ન આવડ્યો, એટલે હું શરમથી ન લખી શકી.”

સૂરજ સુશીલાને ઉત્કટતાથી જોતી હતી તે કરતાં તો કેટલીય વધુ ઉત્કટતા સૂરજના મોં પર ભમતાં સુશીલાનાં નેત્રોમાં ભરી હતી. બરાબર એ જ આંખો ને એ જ સબૂરીભર્યું મોં: એક જ

બીબામાં ઢાળેલા આ ઘાટ: એ ઘાટીલો આદમી અત્યારે મુંબઈના કયા ફૂટપાથ પર ભમતો હશે? મારા મોટા બાપુએ જેલમાં તો નહીં નંખાવ્યો હોય?

"તમે ચોપડીઓ મોકલેલી..." સૂરજ માંડ માંડ એક વાક્ય બોલી શકી. બોલતાં પહેલાં તો એણે કોણ જાણે કેટલીય ગળણીઓમાં એ વાક્યને ગાળ્યું હતું.

"હું મોકલવાનું ભૂલી ગયેલી." સુશીલાએ સૂરજના વાક્યમાં કટાક્ષ માન્યો.

"ના, બાપાએ કહ્યું કે એ તો એ જ તમારું બંધાવેલું પોટકું ભૂલી આવ્યા."

સુશીલાએ સસરાની ખાનદાનીનો નવો પ્રસંગ નિહાળ્યો. એણે કહ્યું:

"બીજી મંગાવી દઈશ. હું તો હજુ રોકાવાની છું."

"આંહીં?"

"આંહીંથી સાવ પાસે—થોરવાડમાં."

"મેં દીઠું છે."

"ક્યાંથી?"

જવાબ દેતાં સૂરજને ભારી શરમ સતાવી રહી. પણ આખરે એણે કહી દીધું: "છાણાં વીણવા એક વાર નીકળેલ તે ત્યાં પહોંચી ગયેલાં."

"ક્યારે?"

"બે'ક મહિના થયા હશે. પાછાં આવતાં રાત પડી ગયેલી."

"તમને મોકલે છે?"

આ પ્રશ્ન પૂછતી પૂછતી સુશીલા સૂરજની બારેક વર્ષની વયનો વિચાર કરતી હતી.

"શું કરે?" સૂરજે છાણાં વીણવાની આર્થિક ફરજ સૂચિત કરી.

"બીવો નહીં?"

"એકલા જરા બીયેં, પણ ભેગું નાનું છોકરું હોય તો પછી કોઈની બીક નહીં. કોઈ નામ ન લઈ શકે."

"આંહીં બેનપણીઓ મળે છે?"

"ના રે, ના."

"ભેગું કોણ આવે?"

"આ નાનો ભાઈ છે ને!"

સુશીલાએ એ છોકરાને નિહાળ્યો. નિહાળતાં નિહાળતાં એના પર સહાનુભૂતિ જન્મી. મનમાં મનમાં એ ગોખતો હતો: 'છુછીલા ભા—ભી—'. ગોખતો ગોખતો એ એકાએક શરમાઈ ગયો. સુશીલાએ પૂછ્યું: "તમે શું કરો છો, ભાઈ?"

"બેનને કપાલે પોતાં મૂકું થું."

સહાનુભૂતિનાં નીર, બળબળતા ચૈત્ર માસે પૃથ્વીમાંથી ફૂટતી નવી સરવાણીઓ પેઠે, સુશીલાના અંતરમાં ફૂટતાં ગયાં. આટલાં નાનાં છોકરાં શું શું વેઠી રહેલ છે, તેનો વિચાર મનને ભીંજવતો હતો.

સુશીલાનો હાથ આપોઆપ એ હેતભરપૂર, હસતાં, છતાં ઓશિયાળા મોં વાળા નાના બાળકના માથા પર ગયો.

પશુને જરા ખજવાળ કરીએ એટલે એ પોતાની મેળે જ પાસે

આવે છે. પશુની એ વિશ્વાસુ લાગણી બાળકોમાં પણ હોય છે. વિશ્વાસુ બાળક નાના વાછરુની જેમ સુશીલાની નજીક ખસ્યો, પણ સુશીલાના સ્વચ્છ સુગંધી શરીરને જોઈ વધુ નજીક જઈ ભરાવાની હિંમત ન કરી શક્યો. સુશીલાના પંજા નીચે પોતાનું માથું એણે નમેલું રાખ્યું.

"આ છાપોની વાત જ તમે કાગળમાં લખી'તી ને?" સુશીલાએ બાજુની પેટી પર ચોટાડેલી કોરા કાપડ પરથી ઉખાડેલી સુંદર છાપો જોતાં જોતાં સૂરજને પૂછ્યું.

સૂરજ શરમથી નીચું જોઈ ગઈ.

"હવે તમે નિરાશ થયાં ને?"

"કેમ?"

"હું ક્યાં આવડી બધી રૂપાળી છું!"

સૂરજે ફરી વાર નીચે જોઈને ફક્ત આટલું જ કહ્યું: "છો."

ઘૂંટણ પર માથું રાખ્યે રાખ્યે સૂરજે એ છાપો સામેથી સુશીલા સામે, ને સુશીલા સામેથી છાપો સામે આંખોને દોડાવ્યા કરી. એની પાંપણનો પ્રત્યેક પટપટાટ જો બોલી શકતો હોય તો ઉપરાછાપરી બોલત કે 'એવાં જ રૂપાળાં છો, છો, છો...'

સૂરજ બેસી બેસીને બહુ થાકી ગઈ. એનું મોં તાવ ચડવાથી વધુ ને વધુ રાતું બન્યું. એની આંખો ધુમાડા કાઢતી હતી. એણે સુશીલાને પૂછ્યું: "હું સૂઉં?"

"લ્યો તમને સુવાડું."

"તમારો હાથ બળશે."

"લો!" એટલું કહી સુશીલાએ સૂરજને પથારીએ પડવામાં

મદદ કરી. સૂરજે બની શક્યા તેટલા ઓછા સમયમાં સૂવાની ક્રિયા પતાવી, કેમ કે નાનેરા ભાઈની પેઠે એને પણ આ સ્વચ્છ સુગંધિત શરીરવાળી 'ભાભી'ને પોતાના તાવલા, પસીને ભીના, ગંધાતા શરીરની નજીક ન આવવું પડે એવી લાગણી હતી. આવી લાગણી સૂરજને માટે સ્વાભાવિક હતી, કેમ કે સાફ વસ્ત્રો પહેરતી વખતે પોતાને પણ એમ થતું હતું કે પોતે કશુંક બગાડી રહી છે.

પછી સુશીલાનું ધ્યાન બે વર્ષની નાની છોકરી, જેને છ વર્ષના નાના ભાઈએ 'પોટી' કહી બોલાવેલી, તેના તરફ ગયું. 'પોટી'ના નાકે શેડાની લીંટ આવી રહેલી હતી, 'પોટી'ના મોં પર માખીઓનો મધપૂડો રચાતો હતો; છતાં પોટી રડ્યા વગરની ચુપચાપ બેઠી બેઠી, પોતાના મોંને રૂંવે રૂંવે ઠોલતી એ માખીઓનો ખેલ જોઈ રહી હતી.

જોયા પછી એકાદ મિનિટ તો સુશીલાને ચીતરી ચડી. એણે નાના છોકરાને પૂછ્યું:

"બેનને કોઈ લૂછતું નથી?"

"બાપા લુએ થે!"

"કોઈ નવરાવે છે?"

"ઈ ટો લોજ નવલાવે થે. આજ નઠી નવલાવી. ઈ ટો બાને નવલાવટા'ટા બાપા."

એમ બોલતો છોકરો કપડાનો ટુકડો લાવ્યો, નાની બેનને લૂછવા ચાલ્યો; ત્યાર પછી સુશીલાને પોતાના માટે શરમ આવી. એને મુંબઈની ઈસ્પિતાલ યાદ આવી. સુખલાલના ગંદા શરીરનું

સ્પંજિંગ કરતી—અરે, પેલા પડોશી દરદી કચ્છી ડોસાનાં ક્મક્માં આવે તેવા અવયવો લૂછતી-નર્સ લીના યાદ આવી. નાટકના તખ્તા પર બીમાર-સેવાના પાઠ ભજવતી કોલેજની કન્યાઓ સાંભરી આવી.

એણે એકદમ ઊઠીને ‘પોટી’નું મોં લૂછ્યું. ‘પોટી’ પોતાને સારું થયું કે ખરાબ તેનો કશો ફેરફાર દેખાડ્યા વગરનું મોં લઈને એમની એમ બેસી રહી. કદાચ માખીઓના ખેલમાં ભંગ પડવાને કારણે જ એ હસતી બંધ પડી.

“બા પાસે નથી જતી, બેન?” સુશીલાએ પૂછ્યું.

“બાએ નાં પાલી થે,” નાના છોકરાએ કહ્યું.

સુશીલાએ સૂરજ સામે જોયું.

સૂરજે જોર કરીને અરધીપરધી આંખો ઉઘાડી; નાનેરા ભાઈના બોલ એણે તંદ્રાના તળિયામાંથી સાંભળ્યા હતા. પોતાની બા વિશે ભાભીના મન પર રખે કશું ઊંધુંચતું ભરાઈ જાય, એ બીકે એણે ખુલાસો કર્યો: “બે વર્ષથી બા માંદાં છે—પોટી છ મહિનાની હતી ત્યારથી બાએ ધાવણ છોડાવી દીધું છે. અમને કોઈને પાસે આવવા દેતાં નથી. કહે છે કે છોકરાને રોગની જીવાત લાગે.” એટલી વાત કરીને સૂરજ પોપચાં ઢાળી ગઈ.

એ વખતે જ સામા ઓરડામાંથી એક આર્તસ્વર સંભળાયો. ચમકેલી સુશીલા ઊઠીને જોવા જાય છે, ત્યાં ભાભુ એની પાસે આવી પહોંચ્યાં. એના મોં પર ઉત્પાત હતો.

“શું કર છ, બેન?”

“આ છોકરાંને રમાડતી’તી.”

સુશીલાના એ જવાબે ભાભુના કંઠમાં વધુ કહેવાની હિંમત મૂકી. એમણે ખબર દીધાઃ “તારી સાસુની સ્થિતિ સારી નથી.”

“શું થયું એકાએક?”

“વેવિશાળ તૂટ્યાની ખબર એને હજી અત્યારે પડી. આઘાત લાગ્યો. નહીં બચે. ઈશ્વર, ઈશ્વર!”

સુશીલાનું મોં લાલ થયું. એણે પૂછ્યું. “કોણે કહી દીધું?”

“તારા સસરાએ.”

“ખોટેખોટું! ચાલો હું આવું.”

“આવીશ, બાપુ?”

ભાભુની પાછળ એ ઊપડતે પગલે મરતી સાસુના ઓરડામાં પહોંચી.

ત્યાં એણે દીઠો એક અણકલ્પેલો ને અણસુણેલો દેખાવ. ગામડિયો પતિ પત્નીના ખાટલા પાસે ધરતી પર ઘૂંટણ ઢાળીને બેઠો છે. તેના હાથ જોડાયેલા છે.

એના શરીર પર ફક્ત ફાળિયું છે. એ સાધુ સમો લાગે છે. એના મોં પર મલકાટ છે. એના હોઠ પર ફોસલામણીના શબ્દો છેઃ “શાંતિથી છૂટી જાવ, શાંતિથી.”

સામે પડેલી પત્નીએ હાથ જોડ્યા છે, એના શ્વાસ પૂરપાટ જતા ઘોડાની પેઠ ઊપડ્યા છે. એના મોંમાં શબ્દો ફક્ત આટલા—ને તે પણ ભાંગ્યાત્રુટ્યા નીકળે છેઃ

“શાંતિ...થી... પ...ણ... એક...વાર... એક...જ...વાર... મ...મ...મ...ને... સુ... શી...શી...લાનાં... દ...ર...શ...ન... ક...રા...વો... એક...જ...વ...વા...ર...”

“પણ એટલીયે વળગણ શા માટે?” પતિ હસીને કહે છે: “હે આતમા! મુક્ત થા! મુક્ત થઈ જા! વળગીશ મા, ક્યાંયે ઊભો રહીશ મા, હે મુસાફર આતમા!”

“એક…વા…ર…એ…ક…જ…વ…વા…ર… પછી…ચા…લી…ની…ક…ળું…”

“આ લાવી તમારી સુશીલાને,” ભાભુએ ભત્રીજીને અંદર લીધી.

“અરે અરે! બેન!” વણિક બોલી ઊઠ્યો: “આંહીં, આ ટાણે ઈ ફૂલને ન લવાય!”

“ફિકર નહીં, કાકા!…સુશીલા, વંદના કર ને વિદાય દે. આ લે, આ પાણીનો ચમચો; મોંમાં દે, ને કહી દે તારે જે કહેવું હોય તે.”

સુશીલાએ પાણીનો ચમચો ભરીને મરતી સ્ત્રીના મોં તરફ લંબાવ્યો. મરનારે હાથ જોડ્યા, ટગર ટગર આંખોએ તાકીને જોયું: “મારી વહુ! મારી વહુ! મારાં છોકરાંની મા-મા-મા—”

“બોલાય નહીં,” સસરાએ પોતે બાળકને સમજાવતા હોય તેવા પ્રકારે સમજાવ્યું.

“બો…લા…ઈ… ગિ…યું… હ…વે… નૈ… બો…લું… રજા… દિયો.”

સુશીલાની ઊર્મિઓનાં ઊંડાણો ભેદીને એ મરતી સ્ત્રીનો સૂર અંદર ઊતરી ગયો. એ હમણાં જ ત્રણ માતૃહીન બાળકોને રમાડીને આવતી હતી. હમણાં જ એણે સસરાના લોટવાળા હાથ જોયા હતા, હમણાં જ એને કાને પડ્યો ‘મારી વહુ’નો પોકાર.

ઘરની ધરતી પોકારતી હતી, પૃથ્વી ગાય બની બની ભાંભરતી હતી. એણે હિંમત કરી ચમચો સાસુના હોઠ વચ્ચે પહોંચાડીને કહ્યું: "બધું ખોટું છે. કોઈની મગદૂર નથી. હું આ ઘરની જ છું." વધુ એનાથી બોલી શકાયું નહીં.

"શાબાશ, મારી દીકરી," ભાભુએ એટલું કહી મોં નીચે ઢાળી દીધું; એની આંખોમાં છલછલાટ થઈ રહ્યો.

સાસુ ને સસરો બંને સામસામાં આંખો મીચી ગયાં હતા. સસરાની આંખો ઊંડા ધ્યાનમાં વિલીન હતી. સાસુની આંખોની બહાર ખાડામાં અક્કેક અશ્રુકણ હતું.

સુશીલા પણ રડતી હતી.

સસરાના કંઠમાંથી ધીરે ધીરે ઘનગંભીર ઉચ્ચાર ઊઠ્યો: "નમો અરિહં...તાણં...નમો..."

હતો તો ગામડાનો વણિક, પણ કંઠમાં ગાંભીર્ય હતું. સાધુઓ, મુનિરાજો ગામડામાં ઝાઝું નહોતા આવતા, તેથી આ વણિકની ધર્મભાવના વધુ વિશુદ્ધ અને સ્વયંસ્ફુરિત રહી હતી.

મૃત્યુ સમયની પ્રત્યેક પળને ધર્મની અમૂલખ પળ માનનાર આ માનવી ધર્મસ્તોત્રને ગુંજવામાં પૃથ્વી પરનું સર્વસ્વ ભૂલી ગયો.

ફક્ત એક અવાજ એના આત્માના એકલ પરિભ્રમણમાં એની પાછળ પાછળ આવતો હતો: 'હું આ ઘરની છું.'

કાળ-સરિતાના સામા પારથી આવતો હતો શું એ અવાજ?

ધર્મસ્તોત્રોના જાપ પરથી એનો કંઠ પાછો પૃથ્વી પર ઊતર્યો. એણે થોડીક આંખો ઉઘાડીને પત્નીને દીઠી. ખોળિયું હજુય પ્રાણના ધબકારા મારતું હતું; આંખોના દેવતા હજુય

અણબુઝાયા હતા. એક બાજુ સુશીલા હાથ જોડીને ઊભી હતી; બીજી બાજુ, ભાભુ મોંએ હાથ માંડીને કંઈક મનમાં મનમાં ગુંજતાં હતાં. પતિએ પત્નીને સંબોધીને કહ્યું:

"આપણો પચીસ વર્ષનો સંસાર આજ પૂરો થાય છે. તમે મને કદી ઊંચે સાદે બોલ્યાં નથી. તમે મારી આબરૂ ઢાંકીને બેઠાં હતાં. હું માગું છું માત્ર એટલું જ, આવતે ભવ તમારે જ પેટ અવતાર મળજો..."

સુશીલા સાંભળતી હતી, સાંભળી સાંભળીને વિસ્મય પામતી હતી. આજનો ધણી જે પત્નીને ઉદરે આવતા જન્મનો બાળક બનવા પ્રાર્થે છે, તેનાં અંતરનાં કેવાં વહાલ હશે! બેઉ વચ્ચે કેટકેટલી લેણાદેણી હશે!

પતિએ તૂટેલો વાણી-તાર ફરી સાંધ્યો:

"છોકરાંની ફિકર કરશો મા. છોકરાં તો આંહીં તમારી થાપણ છે. જ્યાં જાવ ત્યાં બેઠાં બેઠાં મારી આટલી આંટ નભાવજો. છોકરાંને હું નહીં કોચવું.

"તમારી વાંસે ધરમાદો તો શું સંભળાવું? ત્રેવડ રહી નથી. આટલું જ ભાતું બાંધતાં જાવ: કે આપણા ગામમાં જેની ચાકરી કોઈ નહીં કરતું હોય તેવાં માંદાંની હું પથારી વેઠીશ, ને સંસારમાં એકલા થઈ પડેલા જેટલા જીવ આપણા ગામમાં છે તેની હું ચાકરી કરીશ. તમારા જીવને ગત કરો."

તે વખતે બીમારના દેહે છેલ્લાં ત્રણ ડચકાં ખાધાં. વૃધ્ધે કહ્યું: "સુશીલા, બેટા, હવે તમે જાવ."

ધ્રુસકાં ખાતી સુશીલાને ભાભુએ બહાર લઈ જઈ કહ્યું: "મોં

લૂછી નાખ, બેન; ને હિંમતથી સામે ઓરડે જઈ છોકરાંને સાચવ.”

# ૨૬. અનુકંપાની પહેલી સરવાણી

મુંબઈની એક નાની પોસ્ટ-ઓફિસમાં રજિસ્ટર લેવાતાં હતાં. તે બારીએ હાથમાં એક પરબીડિયું લઈને ઊભેલા સુખલાલની પીઠ જ ફક્ત અંદર જનારને દેખાતી હતી. એ પીઠ તો હવે જોવા જેવી પણ થઈ હતી ખરી ને! એ પીઠ ધીરે ધીરે બાજઠનો ઘાટ ધારણ કરતી હતી. પીઠ પરના ડગલામાંથી કરચલીઓ રોજેરોજ રજા લેતી હતી.

એ ઝાઝી વાર ઊભો રહ્યો. છતાં ટપાલનો કલાર્ક પોતાના ચોપડામાંથી માથું ઊંચું કરતો નહોતો.

બારીના લાકડા પર પરબીડિયાના ટપાકા કરીને સુખલાલને કલાર્કનું ધ્યાન ખેંચવા પ્રયત્ન કર્યો. જવાબમાં કલાર્કે માથું ઊંચકીને ભવાં ચડાવીને સુખલાલને પોતાની સભાનતાનો પરિચય આપ્યો: “ઉતાવળ હોય તો એક આંટો મારીને પછી આવોને, મિસ્તર!”

“આંટો મારવો પરવડે તેમ નથી માટે તો ઉતાવળ કરું છું,” સુખલાલે કહ્યું.

“તો કાલે આવજો.”

“કાંઈ કારણ પણ?”

“તમારા કામ સિવાય બીજાં પણ કામ હોય છે અમારે.”

દિવાળી ટાણાના વાસણ-વેચાણના તડામાર કામમાંથી મહામહેનતે સમય કાઢીને બાપ પર રૂ. ૫૦નું રજિસ્ટર કરવા આવેલો સુખલાલ આવા અનુભવથી ઝંખવાઈ પડ્યો. ઘર છોડીને છ મહિનાથી આવેલો છતાં એક રૂપિયો પણ ઘેર નહીં મોકલી શકેલો, તે લજ્જાનું સાટું વાળવાની તેના હૃદયની તાલાવેલીની ટપાલના કારકુનને ખબર નહોતી, ખબર પડવાની સંભાવના પણ ક્યાં હતી?

રૂપાવટીમાં ઘેર માંદી માને ખાટલે ઝટ રૂપિયા પચાસ પહોંચે તેટલી જ તેના મનની અબળખા હતી. માની આંખો મીંચાય તે પૂર્વે માને એટલી જ ખાતરી કરાવવી હતી કે, મા હું રળી શકું છું, રળતો થઈ ગયો છું, ને હવે હું બૂઢા બાપની ને નાનાં ભાંડુઓની રોટલી પૃથ્વીને પાટુ મારીને પણ પેદા કરી લઈશ. જીવનના બાવીસ વર્ષો સુધી બાપની જ કમાઈનાં અન્નવસ્ત્ર વાપરી વાપરીને યૌવનમાં પહોંચેલો પુત્ર કમાઈ ન કરી શકે ત્યાં સુધી તેનો જીવ થાળે પડતો નથી. પોતાની કમાઈનું એ સૌ પહેલી વારનું પરબીડિયું આજે જાણે એના જીવતા પુરુષાતનની ભુજા ઝાટકતું માંદી માના બિછાના પાસે પહોંચવા તલસતું હતું. ઊભો ઊભો સુખલાલ કલ્પના કરતો હતો કે ચાર જ દિવસ પછીના એક બપોરે રૂપાવટી ગામમાં તેજપુરનો પોસ્ટમૅન જબ્બર એક ચમત્કાર કરશે, ને ગામ વાહ વાહ બોલશે.

આવી તીવ્ર ઉત્કંઠાએ ઊંચા કરેલા એ યુવાનના મસ્તક પર પોતે કેવો લાફો લગાવી રહેલ છે, તેની ટપાલના કલાર્કને ખબર નહોતી. એનો પદાઘાત પામેલ સુખલાલ બોલ્યા વગર ન રહી શક્યો કે, “માસ્તરસાહેબ, જરાક માણસાઈ રાખતા જાઓ, માણસાઈ!”

“ચૂપ,” ક્લાર્કે ચોપડો બંધ કરીને ઊભા થઈ ડોળા કાઢ્યા. એટલે સુખલાલે ખુશાલભાઈ સમા પારસમણિને પ્રતાપે શીખેલો ઈલમ અજમાવ્યો: એણે મોટેથી બરાડા પાડવા માંડ્યા કે “આંહીં કોઈ મોટા માસ્તર સાહેબ છે કે નહીં? શા સબબસર મારું આ રજિસ્ટર નથી લેતા? માણસને કામધંધો હોય કે નહીં? મુંબઈમાં કાંઈ જખ મારવા કે મજા કરવા કોઈ થોડા જ આવે છે! ગામડાંના માણસ જાણીને, બસ, દબાવવા જ હાલી નીકળ્યા છો...”

એ બરાડાઓએ ટોળાને એકઠું કર્યું. મોટા માસ્તર આવી પહોંચ્યા. એણે સુખલાલને શાંત પાડીને કલાર્કને તાકીદ કરી. ક્લાર્ક બબડાટ કરતો કરતો જરૂરી વિધિ પતાવતો હતો, તે વખતે સુખલાલની પાછળ એક ગૃહસ્થ ચુપકીદી પકડીને ઊભા હતા. ઊભા ઊભા એ સુખલાલના હાથનું રજિસ્ટર પરબીડિયું જોતા હતા. એની આંખો ખાસ કરીને લાલ અંડર લાઈન કરેલા અક્ષરો પર ચોંટી હતી: ‘રૂ. ૫૦નો વીમો ઉતરાવેલ છે.’ એ શબ્દો રૂપાવટી ગામડાના એક પરિચિત વણિક-નામના સરનામા સાથે મુકાયા હોવાથી આ પાછળ ઊભેલા ગૃહસ્થના મન પર મીઠી અસર કરનારા નીવડ્યા. મોકલનાર ધણીનું નામ પણ સ્વચ્છ

અક્ષરે વંચાયું, એટલે એ ગૃહસ્થે ત્યાં ઊભવાની વધુ સબૂરી પકડી.

સ્ટવને બુઝાવી નાખ્યા પછી પણ થોડા વખત તપેલીનું પાણી ખદખદ બોલતું રહે છે, એ જ ન્યાય માણસના મગજને—ખાસ કરીને પોસ્ટ ઓફિસના કારકુનોના મગજને—અક્ષરશઃ લાગુ પડે છે. એટલે ક્લાર્ક ધૂંધવાતો ધૂંધવાતો “લાવો આઠ આના”... “લ્યો ભાઈ, આ સ્ટૅમ્પ”... “લગાવો કવર ઉપર” વગેરે બાફેલાં રીંગણાં જેવા બોલ કાઢતો હતો, ત્યારે એ પ્રત્યેકના જવાબમાં સુખલાલ દાઢી દાઢીને “હા જી”... “લ્યો આપું”... “ખુશીથી સાહેબ”... “હું ક્યાં ના કહું છું, બાપા?”... “જરા હોલ્ડરની મહેરબાની કરશો?” એવા ઉચ્ચાર કરતો હતો. સામાન્ય દરજ્જાના ક્લાર્કને આ માન મીઠું અમૃત જેવું લાગ્યું. તેની પણ વરાળ ધીમી પડી. તેણે એ કવરની વિધિ કરતે કરતે પોતાની કામગીરીનાં રોદણાં રડવા માંડ્યાં. તેના જવાબમાં સુખલાલ મૃદુ બોલ ગોઠવી ગોઠવીને બોલતો હતો:

“બીજું તો કાંઈ નહીં, મારી મા માંદી છે; બાપા પાસે ખરચી નથી. હું આંહીં છ મહિનાથી સડું છું, નાનાં ભાઈબેન છે, ખરચી ઝટ પહોંચે તો માંદી માતા સંતોષ પામીને, કોને ખબર છે, જીવીય જાય...”

એથી વધુ સુખલાલથી ન બોલી શકાયું. આ બધું સાંભળ્યા પછી કલાર્કને મનમાં બહુ ભોંઠામણ થયું. એણે વાતને જરા વિનોદમાં લઈ જવા ટકોર કરી: “ને પાછાં ‘મૅરેજ’ પણ થયાં હશે, છોકરાં પણ હશે—ખરું?”

"ના, ના, એ આફતમાંથી તો માંડ બચ્યો છું."

"શું કહો છો? હજુય માછલું જાળમાં નથી આવ્યું?"

"આવેલો, પણ છટકી શક્યો છું."

"વિશ યુ ગુડ લક! તમારું સુભાગ્ય ઈચ્છું છું," એમ કહીને કલાર્કે રસીદ એના હાથમાં મૂકી. એટલે એ લઈને સુખલાલે કહ્યું: "દુ:ખના માર્યા થોડી ઉતાવળ થઈ ગઈ તે બદલ માફ કરજો, હો ભાઈ!"

"ધેટ્સ ઓલ રાઈટ!" કલાર્કે હાથ ઊંચા કરીને જવાબ દીધો. અને પછી એણે કહ્યું: "મારેય દેશમાં વિધવા મા છે, મારી બેનનું ને મારું સામસામાં લગ્ન થયાં છે. બહેનના દુ:ખનો આજે કાગળ હતો, એની ધૂનમાં હું ગરમ થયો હતો."

એક સમદુ:ખી ઉપર વગર સમજ્યે માછલાં ધોયાં તેવું સમજીને ભોંઠા પડેલા સુખલાલે મૂંગા મૂંગા પીઠ ફેરવી, એટલે સામે જ ઊભેલા ગૃહસ્થે એને જરાક અચકાતે, થોથરાતે સ્વરે બોલાવ્યો: "કેમ છો, શરીર તો સારું છે ને?"

"ઠીક છે."

સુખલાલે એને ઓળખ્યા. એ હતા નાના શેઠ: સુશીલાના જન્મદાતા પિતા. એના ચહેરાની મુદ્રામાંથી હમણાં જ જાણે સુશીલા સળવળી ઊઠશે તેટલી બધી એ પિતાની મુખરેખાઓ પુત્રીની મુખરેખાઓને મળતી હતી.

એવું સામ્ય ધરતા ચહેરા પર ગુસ્સો કરવાનું, સુખલાલની ઈચ્છા છતાંય, મુશ્કેલ બની ગયું, ને એનાથી જવાબ અપાઈ ગયો: "ઠીક છે." છતાં એને ભોંઠપ તો આવી, કે આ ભાઈસા'બ

મારી પાછળ ક્યારના ઊભેલા હશે? હમણાં બનેલો તમાશો ને મેં ઉચ્ચારેલાં વાક્યો એમણે માણેલ તો નહીં હોય!

"તમને હરકત ન હોય તો ચાલો, જરા ચહા પીયેં," એમ કહેતે નાના શેઠે સુખલાલ સામે કુમાશભરી નજરે જોયું.

એ આંખો સુશીલાના જનકની હતી. અત્યાર સુધી ધારીને કદી ન જોયેલી એ આંખો પર તે ક્ષણે સુખલાલની નજર થંભી. થંભતાં જ એ આંખોમાંથી કાલાવાલાના હાથ લંબાતા દેખાયા.

"ચાલો," કહીને સુખલાલે સાથે કદમો માંડ્યા. રસ્તામાં નાના શેઠે પોતાની ભૂખ ઉપર પ્રવચન માંડ્યું: "હમણાં હમણાં સાલી ભૂખ બહુ કકડીને લાગે છે. હમણાં હું મોટરમાં નથી બેસતો—ચાલીને જ આવું છું ને જાઉં છું. ને સવારે બહુ વહેલો જમીને નીકળી પડું છું, એટલે અત્યાર થાય છે ત્યાં તો પેટમાં ગલૂડિયાં બોલતાં હોય છે. પેઢી પર નાસ્તો મગાવીને ઓરડામાં એકલા બેસી ખાવું મને ગમતું નથી. એટલે પછી છાનોમાનો બહાર જ નીકળી જાઉં છું. તમને કેવીક ભૂખ લાગે છે? આંહીં કરતાં દેશમાં વધુ લાગે, હો! દેશનું તો પાણી કાંઈ! ઓહો! વા! વા! શું વાત કરું! આંહીં તો મૂળ શિયાળો જ ન મળે ને! મોંમાંથી ધુમાડા કોઈ દી તમે નીકળતા જોયા છે! નહીં જુવો. મુંબઈ તો હાથિયુંનાંય હાડ બાફી નાખનારી ગરમાગરમ નગરી."

વગેરે વગેરે પ્રવચનમાં પોતાના બાળક સમા ભોળપણને વહેતું મૂકનારા નાના શેઠે એક ખાંચામાં આવેલી રેસ્ટોરાંનાં પગથિયાં ચડતે ચડતે કોણ જાણે શાથી પણ સુખલાલને ખંભે હાથ મૂકીને ટેકો લીધો. ટેકવાઈને એ પગથિયા પર બે ઘડી ઊભા

રહી ગયા. એની આંખો મીંચાઈ ગઈ હતી. થોડીક વારે આંખો ખોલીને એણે હસતે હસતે સુખલાલને કહ્યું: “ચાલો હવે, એ તો સહેજ હમણે હમણે એવું થઈ જાય છે.”

“શું થઈ જાય છે?” સુખલાલના હૃદયમાં પહેલીવહેલી અનુકંપાની સરવાણી ફૂટી.

“ના, ખાસ કાંઈ નથી; એ તો અમસ્તું કોઈ વાર અંધારાં આવી જાય છે. હમણાં બેત્રણ દિવસથી જ થઈ જાય છે, અગાઉ નહોતું થતું. હમણાં હમણાં ક્યાંય ગમતું નથી; હમણાં હમણાં જ કાંઈક એકલા એકલા જેવું લાગે છે.”

સુખલાલે એ ત્રણ દિવસની ગણતરી બાંધી: સુશીલાને ગયાં બેત્રણ દિવસ જ થયા હતા.

# ૨૭. બેવકૂફ કોણ?

"ઘરની રસોઈ ગમે તેવી મીઠી થાય, પણ ખરી ભૂખ તો રેસ્ટોરાંમાં જ છીપે છે, નહીં?" નાના શેઠ ખાતાં ખાતાં ભારી લિજ્જતથી પૂછવા લાગ્યા.

"મને બહુ અનુભવ નથી."

સુખલાલનો જવાબ ઠંડોગાર હતો. એને આ માણસ વધુ ને વધુ બેવકૂફ લાગતો ગયો; પણ કોણ જાણે કેમ, એ માણસનો ચહેરો એ માણસની બધી બેવકૂફીને માફ કરવા લાયક બનાવી દેતો હતો. નાસ્તો ખાતો ખાતો સુખલાલ એ ચહેરામાં જ મશગૂલ હતો. આ ચહેરાની સાથે સુશીલાના ચહેરાને સરખાવીને એ સુશીલાના મોંની એક સો ને એક ખાંપણો એકઠી કરતો હતો, ને મનમાં મનમાં દાઝે બળી દાંત ભીંસતો હતો કે, સુશીલાને કોણ રૂપાળી કહી શકે? મારી તો ભૂખરાતેય એને રૂપાળી કહેવા તૈયાર નથી.

"તમે ઈસ્પિતાલે પડ્યા હતા ત્યારે મારે તબિયત જોવા આવવું હતું હો—સોગંદપૂર્વક કહું છું," એમ કહેતા કહેતા નાના શેઠ જે

મુખભાવે જોઈ રહ્યા તેમાં લુચ્ચાઈ કરતા બેવકૂફી જ વિશેષ હતી એવું સુખલાલને લાગ્યું.

સુખલાલે કશું પૂછ્યું નહીં—પૂછવાનો વિચાર કરવા પણ એનું મન નવરું નહોતું, કેમ કે એ તો લાગી પડેલો આ માણસના મોંને ખોતરી ખોતરીને ત્યાં દટાયેલા સુશીલાના મોંને બહાર કાઢવા! એણે ન પૂછ્યું તોપણ નાના શેઠે મોંમાં પાંઉરોટીનો ટુકડો મૂકતે મૂકતે કહ્યું: “તમે પૂછશો કે તો પછી કેમ ન આવ્યા? પણ શું કરું, ભાઈ! મોટાભાઈને લપછપ ઝાઝી ગમે નહીં ને! અરે, મારે ક્યાંઈક નાટક-સિનેમામાં જવું હોય તોય મોટાભાઈ રોકે કે, નાનુ, તારી આંખો બગડે, તારું પેટ બગડે, આ બગડે ને તે બગડે.”

પોતાની માંદગી અને નાટક-સિનેમા, બેઉને એક જ કક્ષામાં ખપાવનારો આ ભૂતકાલીન સસરો ગજબ બેવકૂફ, ભાઈ! આની સાથે આજ ક્યાંથી પનારું પડ્યું! આ તે વીશ વર્ષની છોકરીનો આડત્રીશેક વર્ષનો બાપ છે કે મોટાભાઈની આંગળીએ વળગીને સંસારમાં પા પા પગલી માંડતો કોઈ બચુડો છે! સુખલાલ કંટાળતો હતો—પણ વળી બીજી જ ક્ષણે એને દયા ખાવાનું દિલ થઈ આવતું.

ચા-નાસ્તો પતાવી લીધા પછી નાના શેઠે મોં પર બે આંગળીઓ મૂકવાની ઈશારત કરીને સુખલાલને પૂછ્યું: “તમને કાંઈ આનો વાંધો નથી ને?”

“હું નથી પીતો.” સુખલાલ સિગારેટની વાત સમજી જઈને બોલ્યો.

“એમ તો હુંય નથી પીતો. પણ આ તો હમણાં હમણાં જરા

ચક્કર આવે છે ને એટલે આંહીં આવીને એકાદ પીઉં છું—એકાદ, વધુ કોઈ દા'ડો નહીં હો! મોટાભાઈને બહુ ચીડ છે. નાનપણમાં મને એક વાર મારેલો, હાડકાં ખોખરાં કરી નાખેલાં; એટલે એ તો આંહીં જરા દિલને ગોઠતું ન હોય તો વાત વિસારે પડે એટલા સારું—અને તમને પણ વાંધો ન હોય તો જ, હો!"

"મને કાંઈ વાંધો નથી."

"તો બસ—તો પછી બસ," એવું કહીને બેવકૂફ બાળકની અદાથી હસતે હસતે એણે વેઈટર પાસે એક સિગારેટ મંગાવી ને સળગાવી. દરમિયાન સુખલાલ "હું હાથ ધોઈને આવું છું," એમ કહીને કૅબિનની બહાર ગયો. થોડી વારે પાછો આવીને બેઠો. પછી બન્ને જણ ઊઠી બહાર નીકળ્યા. કાઉન્ટર (થડા) પાસે આવતાં નાના શેઠે પૈસા ચૂકવવા ગજવામાં હાથ નાખ્યો એટલે સુખલાલે કહ્યું: "ચાલો, હવે ચાલો."

"થોભો, હું બિલ ચૂકવી લઉં."

"એ તો થઈ ગયું!"

કાઉન્ટર પર બેઠેલો ઈરાની હસતો હતો.

નાના શેઠ થોડી વાર તો હાથમાં ઉઘાડેલું ખીસાપાકીટ અને તેમાંથી કાઢેલી રૂપિયા પાંચની નોટ ઝાલી થંભી જ ગયા, કાંઈ બોલી ન શક્યા. શરમિંદા બનીને ધીરે ધીરે નીચે ઊતર્યા ને એટલું જ બોલતા રહ્યા: "આ તો બહુ અઘટિત કર્યું, ભારી કર્યું, તમે મને છેતર્યો. મને સુશીલાએ કહેલું તે સાચું પડ્યું કે, બાપુ તમે તો બહુ ભોળા છો; કોઈક તમને છેતરી જશે."

આ શબ્દો બોલતાં તો બોલાઈ ગયા, પણ સુશીલાના નામનો

ઉચ્ચાર પોતે એવે સ્થાને કરી નાખેલ છે કે જો મોટાભાઈને ખબર પડે તો માથે માછલાં ધોવાય એવી એને દહેશત લાગી. એણે પોતાને જુદા પડવાનો ખાંચો આવ્યો ત્યારે ‘જે જે’ કર્યા, ક્યાં રહો છો, વગેરે પૂછી લીધું, ને એમ પણ કહી લીધું કે “હું આ સિવાય બીજી કોઈ રેસ્ટોરાંમાં જતો નથી. રોજ આ જ વખતે જાઉં છું. મને ફેરફાર કર્યા કરવાનું ગમતું જ નથી. કૅબિન પણ બનતા સુધી આજે આપણે બેઠા હતા તેની તે જ. છેવાડાની કૅબિન જ મને ફાવે છે.”

સુખલાલે જવાબ ન દીધો, તોપણ નાના શેઠે કહી લીધું: “જો વાંધો ન હોય તો કોઈ કોઈ વાર આંહીં આવો! મને બીજા કોઈની જોડે જવું ગમતું નથી. બીજા કોઈ જો બહુ બોલ બોલ કરે તો મારું માથું પાકી જાય છે. તમારા જેવા શાંત માણસ હોય તો આપણે બેઉ શાંત સ્વભાવના ભેગા થઈને કાંઈ પણ વસ્તુનો લોહીઉકાળો કર્યા વગર નિરાંતે બેસીએ બે ઘડી—બીજું શું? કોઈને કહેવાની કાંઈ જરૂર નથી. મોટાભાઈ જરા આકરા છે ખરા ને!”

પોતાને મળતા નિમંત્રણનું ખરું રહસ્ય સુખલાલ પારખી ગયો હતો, એટલે ‘આપણે બેઉ શાંત માણસો’ એવો ઉચ્ચાર સાંભળીને એણે માંડ માંડ હસવું ખાળી રાખ્યું; સાચું રહસ્ય તો એક જ હતું—કે આ બેવકૂફ માણસને પોતાની કશા જ શકરવાર વગરની વાતો સાંભવા કોઈક સાથી જોઈએ છે. બાકી તો આવા જડ પ્રકૃતિના માણસને કોઈ સૂક્ષ્મ પ્રકારની મનોવેદના હોવાનો સંભવ નથી. મને આંહીં નોતરવામાં એનો પ્રેમભાવ તે શો હોય?

છતાં એ સોબતનો સહેજ ભૂખ્યો છે. “જોઈશ” કહીને એ જુદો પડ્યો.

“વાત કહું,” એમ કહેતા નાના શેઠ ચારે બાજુ ચકળવકળ જોતા જોતા પાછા સુખલાલની નજીક ગયા; જઈને પૂછ્યું: “ધંધામાં કાંઈ સગવડની જરૂર છે? હોય તો કહેજો હો!”

“હો,” તિરસ્કારની એક લાગણી લઈને સુખલાલ ચાલી નીકળ્યો.

પણ એ તિરસ્કારની છાશ દયાના માખણની ચીકાશ વગરની નહોતી. સુખલાલને હૈયે આટલી જિંદગીમાં કોઈને માટે જે ‘બિચારો’ એવો ઉદ્‌ગાર નહોતો ઊઠ્યો (કારણ કે એની પોતાની જ જિંદગીમાં ભરપૂર બિચારાપણું પડેલું) તે ઉદ્‌ગાર પહેલવહેલો આ ભૂતકાળના ‘થયા હોત’ તે સસરાને માટે ઊઠ્યો. પછી બીજો વિચાર એને સારી પેઠે ચીડવનારો ખડો થયો: સુશીલાના બાપની બેવકૂફીની મેં અત્યારે જે બરદાસ કરી, તેની ખબર સુશીલાને ક્યાંથી પડવાની હતી? એણે મારા બાપા આંહીં આવ્યા ત્યારે તેમની પ્રત્યે કેવી વર્તણૂક બતાવી હશે! એના ઘરથી મારા બાપ તુચ્છકાર લઈને જ ભગ્નહૃદયે પાછા ગયા છે, એ વાત તો નક્કી ને? એ તુચ્છકારમાં સુશીલાએ કોણ જાણે કેવોય ભાગ ભજવ્યો હશે! ન ભજવ્યો હોય તો પણ મારા પિતાનું વેર આ આખા કુટુંબને માથે વાળવાની અત્યારે જ તક હતી. એ તક મેં નાહકની જતી કરી છે. મારે એની પટકી પાડવી જોઈતી હતી; એવું કંઈક કહેવું જોઈતું હતું, કે જેથી આ માણસ પેઢી પર જઈ પોતાના મોટાભાઈ પાસે રોયા વગર રહી ન શકે. એવી થોડીક

ગાળો વીણી વીણીને ચોપડાવવાની જરૂર હતી. તે દિવસ રાતે અમને વચન આપનાર કે ‘કાલ આવજો, હું કાગળિયાં આપી દઈશ’—તે માણસ વળતા દિવસે તો કુટુંબને પણ દેશમાં વળાવી નાખે છે, ને પોતેય પગ વચ્ચે પૂંછડી નાખીને બહારગામ ભાગી જાય છે, ત્યાંથી હજુ પાછો પણ આવેલ નથી. તે માણસ પર વેર વાળવાની ખરી તક ખોઈને મેં બેવકૂફે ઊલટાના રેસ્ટોરાંના પૈસા ચૂકવ્યા!

બેવકૂફ તે હું કે આ સુશીલાનો બાપ?

ઠીક છે. હવે કાલ વાત છે. બનશે તો કાલે ખુશાલભાઈને સાથે લઈને આવીશ. એ બાજુમાં હશે તો મને કાંઈ ચાનક ચડશે.

પણ નવાઈ તો મને આ થાય છે કે આવા નાદાન અને બીકણ માણસની દીકરી એટલી બધી નીડર ક્યાંથી નીવડી! ને એ તો આવી ભોટ પણ નથી લાગતી. એ પણ પક્કી તો ખરી જ ને! રાતે મને કહે છે કે, કાલે તમે આવશો ત્યારે વધુ વાતો કરશું. ને રાતની રાતમાં કોણ જાણે શો ગોટો વળી ગયો કે સવાર પડતાં જ ભાભુની સોડમાં ગરીને ભાગી નીકળી! પક્કી લાગે છે, પક્કી. મારા પર ફક્ત ભાવ દેખાડતી હશે કે ખરેખર દિલમાં ભરેલ હશે? ગમે તેમ હોય, પણ પેલો મોટો શેઠ જ્યાં એને પોતાની ઇસ્કામતના વારસાના ડુંગરા દેખાડતો હશે તે ઘડીએ જ એના અંતરના ભાવ સાવ થીજીને હિમ થઈ જતા હશે. એનેય એક વાર જો આ વિજયચંદ્ર જેવો તાલીમબાજ ભેટી જાય ને, તો મારા હૃદયની પૂરેપૂરી દાઝ સંતોષાય. ભલે પછી ઈસ્કામતના ઢગલા ઉપર બેસીને માણ્યા કરે.

આમ કલ્પનાના જગતમાં સુશીલાને બાપુકી ઈસ્કામતના ઢગલા પર બેસારીને પછી સુખલાલ એની બાજુમાં વિજયચંદ્રને બેસારે છે, પણ પછી શું? પછી એ બેઉ વચ્ચે શા શા સંસ્કારો ગુજરે તો સુશીલા પર દાઝ વળી રહે, એવું કલ્પતાં એના હાથમાં કશું આવતું નથી. એ નિરાશ થાય છે, કેમ કે સુશીલાના બાપ ભલે બેવકૂફ હોય, એનો મોટો બાપુજી એવો નાદાન ક્યાં છે કે વિજયચંદ્ર જેવાના હાથમાં વારસો સોંપી કરીને સૂઈ જાય! બહુ બહુ તો વિજયચંદ્ર સાથે મેળ ન મળે, તો સુશીલા પાછી પિયરમાં આવીને જિંદગીભર લહેર શું કામ ન કરી શકે? એમાં મારું મોઢું મીઠું કરવા કયો ગળ્યો કોળિયો મને મળી જાય છે?

માટે આ સુશીલા-ફુશીલા પર વેર વાળવાની વાતો છોડીને, હાલ જીવ, કાલથી પાછો વાસણ વેચવા મંડી જા. એક મહિના પછી હું રૂપિયા ૬૦નું બીજું રજિસ્ટર મોકલું તો જ ખરો મરદ. મા મારી હિંમતમાં આવીને ઊગરી જાય ને, તો હું આખી દુનિયાને પહોંચી વળીશ. ‘દીકરાની વહુ’-‘વહુ’ કરતી મા જો મરશે તો સુશીલા માથે દાઝ કાઢવી-ન-કાઢવી બધું સરખું જ થશે.

# ૨૮. દુઃખનું સમૂહભોજન

સુશીલા અને ભાભુ દેશ તરફ વિદાય થયાં તે જ દિવસે રફુચકર થઈ ગયેલ મોટા શેઠ હજુ પાછા આવ્યા નહોતા અને એમના પાછા આવવાના કોઈ ખરખબર પણ નહોતા. એટલે નાના શેઠ પેઢી પર જઈ ભાઈની ગેરહાજરીમાં ભય વગરના બની બેઠા. એક કલાક પહેલાં ખાલી ને સૂનકાર લાગતું અંતઃકરણ તે વખતે રેસ્ટોરાંમાં જઈ આવ્યા પછી ભર્યું ભર્યું હતું ને જાણે કે શરીરની ઉપલી ડાળે બેઠેલું એ હૃદય નીચે બેઠેલી હોજરીને કહેતું હતું કે 'જો, હોજરીબાઈ, તું મને રોજ ખીજવતી, કેમ કે તું ઢાંસોઢાસ બનીને બેસતી ત્યારે હું તો ભૂખ્યું અને તરસ્યું જ પાછું વળતું. તું મને મે'ણાં-ટોણાં દેતી. પણ જો! આજે તો હુંય તરબતર છું, છલોછલ છું—ને ખબર છે તને હોજરીબાઈ, હવે તો હું ઘણું કરીને હમેશાં છલોછલ રહીશ—જો આ સુખલાલ રોજ ત્યાં આવશે ને, તો આ શેઠને હું મારી શૂન્યતાના ભાર હેઠળ નહીં દબાવું. ખબર છે તને હોજરીબાઈ, આ મોટાભાઈની ધાક-બીક નીચે ઊછરેલા નાના શેઠ પોતાની સગી પુત્રી સાથે પણ કોઈ

દિન અંતર ઉઘાડીને બેસી નથી શક્યા, એટલે એને જીવનમાં પહેલી જ વાર વાતો કરવાનું મન થાય છે—ને પહેલી વાર વાતો કરનારા શિશુની વાણી કેટલી અર્થહીન ને ધડા વગરની હોય છે! આ પણ ચિરશૈશવમાં જ ખૂંચી રહેલો પુરુષ છે ને! એને શું એક પુત્ર ન જોઈએ? પુત્ર ન હોય તો શું ભર્યા જગતમાં એને એક જમાઈ પણ ન મળે કે? પુત્રી એના પોતાની, એ તો પોતાની રહી નથી—તો શું જમાઈ પણ એનો પોતાનો થાય તેવો નહીં મળે? જગત શું આટલું બધું સ્વાર્થી ને કૃપણ છે, હોજરીબાઈ? સૌ શું પારકાં સ્નેહ-પાત્રો પડાવી લઈને જ પોતાની જાતને સમૃદ્ધ બનાવતાં રહેશે?'

આવા બબડાટ કરતું નાના શેઠનું હૃદય આરામખુરશી પર પડ્યું હતું ત્યાં તો ટેલિફોન આવ્યો: "કોણ નાનુ શેઠ? એ તો હું ખુશાલચંદ. શોકના સમાચાર છે: સુખલાલની બા ગુજરી ગયાં. અમે એનું સનાન કાઢીએ છીએ."

"હું-હું-હુંય આવું?"

"તો પધારો."

ટેલિફોન ઉપર નાના શેઠની જીભ થોથરાઈ ગઈ ને એણે કોઈ ગંભીર કસૂર કરી નાખી હોય તેવી લાગણીથી રિસીવર નીચે મૂકી દીધું.

ત્યાં તો ફરી વાર ઘંટડી વાગી ને ખુશાલભાઈના શબ્દો સંભળાયા: "નાનુ શેઠ, અમે આંહીં સનાન કરવામાં તમારી વાટ જોઈએ છીએ. તમે આવ્યા પછી જ વાત માંડશું."

એટલું જ બોલી એણે ટેલિફોન છોડી દીધો. પછી તો ના

પાડવાની બારી ન રહી. પેઢી પર એણે પોતે જે કામે જતા હતા તે કોઈને બતાવ્યું નહીં, છતાં એક માણસને ખુશાલભાઈની ઓરડી બતાવવા સાથે લેવો પડ્યો. તેને પણ નાના શેઠે સૂચના આપી: “કોઈને કહેવાની જરૂર નથી.”

લગ્નમાં કે મિજબાની-ઉજાણીમાં નોતરાં વિનાના રહી જનાર જે સંબંધીઓ ને સ્નેહીઓ, તેઓ મૃત્યુના કે માંદગીના અવસરે તો હાજર થવાનું ચૂકે જ નહીં એવું મધ્યમવર્ગનું અણલખ્યું બંધારણ છે. ઓચિંતી ફૂટી પડેલી શ્રીમંતાઈના ઘન અંધકાર વચ્ચે ઝળહળી ઊઠેલા આ વીજળી જેવા પ્રસંગે સુશીલાના બાપને પોતાનાં છતાં પોતાથી અદૃશ્ય બનેલાં સગાંના સમૂહનું દર્શન કરાવ્યું. ધોળાં ફૂલ કપડાંવાળો પોતે આ સમૂહમાં જુદો તરી નીકળતો હતો, છતાં એ સમૂહે એના જુદાપણા પ્રત્યે આંગળી ન ચીંધી. ગળામાં સોનાનો છેડો ને કાંડે ઘડિયાળનો સુવર્ણપટો એને શરમાવવા લાગ્યાં, ને એને ભાન થયું કે પોતાને આવા શોકના પ્રસંગે બેસતાં, બોલતાં, મોં પર છાજતો ભાવ ધારણ કરતાં કે ખરખરો કરતાં આવડતું નથી. જ્યાં અફસોસ બતાવવો ઘટે ત્યાં એ હસતો હતો.

ખુશાલભાઈએ એને ધીરે ધીરે ફોડ પાડ્યો: “માંદગી તો લાંબા કાળની હતી. આવું ઓચિંતું થઈ ગયું. કાંઈ વધુ પડતા હરખની લાગણીનું છાતી માથે દબાણ આવ્યું.”

“હરખની લાગણી?” નાના શેઠે વિચિત્ર વાત સાંભળી.

“થાય જ ને! સુશીલાનું ત્યાં જવું સાવ અણધાર્યું થયું ખરું ને!”

નાના શેઠ તો આભા જ બન્યા. એને કાંઈ ખબર નહીં હોય,

એવા કશા જ ખ્યાલ વિના ખુશાલભાઈએ વિશેષ તારીફ આદરી:

"ઘણાં લાંબા કાળની ઝંખના: ક્યારે લગન થાય, ક્યારે વિવા થાય: એમાં ઓચિંતાનાં જ જઈને ઊભાં રહ્યાં, ને ગયાં તે ભેગાં જ ઘરમાં એની ડાહ્યપ ને એની માયા-મમતા પથરાઈ વળી. ઈ હરખના આવેશમાં મારાં ફૈબાનું કાંકણ જેવું હૈયું તૂટી ગયું."

ખુશાલને મૃત્યુના ખરા કારણની ખબર નહોતી. દીપા શેઠે એનો ઈશારો પણ લખ્યો નહોતો.

નાના શેઠની કલ્પનાશક્તિ ને અનુમાનશક્તિ ધીરે ધીરે પોતાના વતનની ભૂમિ તરફ વળ્યાં, ત્યારે એણે સુખલાલના પિતાના ગામને ને પોતાના ગામને નજીક નજીક નિહાળ્યાં. પણ સુશીલા ત્યાં કેવી રીતે પહોંચી હશે? એને તો એ ગામડિયું સાસરું ગમતું નથી એમ કહીને તો મોટાભાઈ બીજે તજવીજ કરી રહ્યા છે!

"આ જુઓ ને, મારા ફુઆના કાગળમાં ઘેલીબેનનાં કેટલાં વખાણ લખ્યાં છે!"

એમ કહેતે ખુશાલે સૌ સાંભળે તેમ આખો કાગળ વાંચવા માંડ્યો; વાંચતા વાંચતાં ઘેલીબેન (ભાભુ)ના વર્ણન પાસે એનું ગળું વારંવાર થંભતું હતું. ને આભડવા આવેલાઓનો આખો સમૂહ અંદર અંદર પૂછપરછ કરતો હતો: "ઈ ઘેલી કોણ?" "ચંપક શેઠનાં વહુ." "આપણી ઘેલી—ન ઓળખી? સુડાવડવાળી." "લાખેણું માણસ." "પૈસાનો મદ ન મળે."

"લ્યો, ઠેઠ આંહીંથી માંદી વેવાણની ચાકરી માટે દેશમાં પહોંચ્યાં!"

"વહુ પણ કેવી સુલક્ષણી!" "એને કેળવણી ઈ ઘેલીની, હો!" "મરનારનું તો મોત સુધરી ગયું ને, ભલા માણસ! નીકર આ કળકળતા કાળમાં કોણ કોનાં સગાં ને સાંઈ!" "દીકરાની કુંવારી વહુના હાથની ચાકરી લઈને ગયાં—ભવ જીતી ગયાં!"

"બસ બસ! મારી ફૈબાનું મોત સુધરી ગયું. ને સુખાના હાથપગ હવે જોરમાં આવ્યાં." ખુશાલના આ શબ્દોએ સૌની આંખોને એક બાજુ બેઠેલા સુખલાલ તરફ ફેરવી. પૌરુષની પૂર્ણ ગંભીરતાથી એ ચુપચાપ બેઠો હતો. વરસી ચૂકેલા મેઘ પછીનાં નેવાં સમી એની આંખો ધીરે ટીપે ટપકતી હતી. એ ધ્રુસકાં ને ડૂસકાં ભરતો નહોતો, એના કંઠમાંથી અવાજ નીકળતો નહોતો; વેદનાનું એ જાણે અમૃતપાન કરતો હતો.

"હજી એક કલાક પહેલાં તો ટપાલ-ઓફિસમાં રજિસ્ટર કરતા'તા." નાના શેઠ શોકભર્યું મોં ન રાખી શકવાથી સ્મિતભર્યા હોઠે બોલતા હતા: "માતાની જીવાદોરી ટકાવવાની કેટલી ઝંખના કરતા'તા! આ-હા-હા! સંસાર તો એવો છે…"

"ઊઠો હવે, સૌ નહાઈ લ્યો. કોઈએ સાદ કાઢવાનો નથી. બાયડિયુંએ પણ રોવાનું નામનુંય કરવાનું નથી, એમ મારા ફુઆએ લખાવેલ છે. માટે સૌ ભાઈઓ અને બાઈઓ ચાલીના નળે શાંતિથી સ્નાન કરી લ્યો."

ખુશાલભાઈની એ સૂચના મુજબ સૌ નાહવા લાગ્યાં, ને એક મૃત્યુની વાત આડે બીજી અનેક દિલસોજીભેરી વાતોના પડદા

પાડી પાડીને આ સમૂહે સુખલાલને આ પરિવર્તનને સામે પાર ઊંચકી લીધો. દુ:ખનો થાળ જાણે સગાંસ્નેહીઓનો આખો સમૂહ ભેળો બેસીને ભાગે પડતો જમી ગયો.

નાના શેઠ પણ ખુલ્લા નળ તરફ નાહવા જતા હતા, તેને ખુશાલે રોકીને કહ્યું: "તમે આંહીં ઓરડીમાં પધારો. બહાર ઉઘાડામાં નાવાની ટેવ ન હોય, એટલે મારી ઓરડીમાં ગરમ પાણી મુકાવેલ છે."

નાના શેઠે અંદર જઈને જોયું તો ગરમ પાણી મૂકેલ હતું. બીજા બેચાર વૃદ્ધો—અશક્તોને પણ ખુશાલભાઈએ એ જ સ્નાનની સગવડ આપી.

# ૨૯. પત્નીની જમાદારી

જેબીના અહીં બની ગઈ તેના વાયરા સૅન્ડહર્સ્ટ રોડ બાજુના સુખી લત્તામાં રહેનાર આ શેઠ ભાઈઓના ઘરની એકલી પડેલી સ્ત્રીને તત્કાલ તો પહોંચ્યા નહોતા, એટલે નાના શેઠની નીંદર કરતી છાતી પર પત્નીની કશી ધડાપીટ એ રાત્રીએ વરસી નહીં. છતાં ફડક ફડક થાતે હૈયે એણે રાત વીતાવી. બોણી વિનાના ધણીનો એકડો કાઢી નાખનાર એ પત્નીની નજર સીધી ને સટ, સુશીલાને વારસાના શિખર પર બેસાડનાર જવાંમર્દ જેઠજી તરફ જ હતી.

જેઠજી ગામતરે ગયા હતા ત્યારથી આ સ્ત્રીનો રસોઈ કરવામાંથી રસ ઊડી ગયો હતો. ‘આ રસોઈ કરું કે તે કરું?’ એવા બેચાર અટપટા પ્રશ્નો પૂછીને પછી પોતે જ ‘શાક ને રોટલી કરું છું’ અથવા ‘ખાટાં ઢોકળાં કરું છું’ એવો માર્ગ કાઢી લેતી. પતિને દસ વાગ્યામાં પતાવી લેતી, એટલે, ‘તમારી મરજી પડે તે કરો—હા, તે કરો—ના, તે ન કરવું હોય તો ન કરો’—એવા

જવાબ વાળીને ખાઈ લેનારા પતિને બપોરે રેસ્ટોરાંનું શરણ લેવું પડતું તેમાં નવાઈ નહોતી.

દસ વાગ્યે હજુ પોતે ઢોકળાં ને તેલ ખાઈને ઊઠ્યો છે, વરિયાળી ખાતો બેઠેલ છે, ત્યાં જ એણે મુસાફરીથી ઓચિંતા પાછા ફરેલ મોટાભાઈને પ્રવેશ કરતા જોયા. જોતાં જ એના પેટમાં પડેલાં થોડાંઘણાં ઢોકળાંનાં બટકાં કોણ જાણે ક્યાંયે ઓગળી ગયાં!

મોટાભાઈ પોતાના ખંડમાં ગયા કે તરત જ સુશીલાની બાએ એક સામટી ત્રણ સગડીઓ પેટાવવા ને દાળભાત ભીંજાવવા, તેમ જ બે શાક સમારવા માંડ્યાં.

“કેવી કરી, જોઈ ને!” એણે ઘાટીને કહેવા માંડ્યું: “તારા નાના શેઠને કાંઈ ખાવાબાવાની ભાનસાન નહીં! એટલે જ હું આજ ઓચિંતાની ફસાઈ પડી ને!”

થોડી વારે નાના શેઠને મોટાભાઈના ખંડમાં જવાનું તેડું આવ્યું.

“તું શું ઓલ્યા ભિખારીની માનું સનાન કરવા ગયો’તો?” ચંપક શેઠે પહેલો જ પ્રશ્ન એવો કર્યો કે એની બુદ્ધિશક્તિનો છાકો જ નાના ભાઈ પર બેસી જાય. સ્ટેશનેથી પોતે પરબારા પેઢી પર જઈ પ્રાણિયા પાસેથી બધી વાત જાણી લીધી હતી.

“હા, જઈ આવ્યો! શું પછે—” વાતને રોળીટોળી નાખતો ટૂંકો જવાબ દેતા નાના શેઠ વરિયાળી ચાવતા રહ્યા.

“તને કોણે ડા’પણ કરવા કહ્યું’તું?”

“કાંઈ નહીં—ચાલ્યા કરે ઈ તો.”

“ના, નહીં ચાલી શકે. બોલ, ઘરમાં રે’વું છે કે નથી રે’વું?”

"પણ એવડું બધું શું થઈ ગયું છે?" નાના ભાઈનું મોં ગરીબડું બન્યું; ઘરમાંથી દૂર થવાના ખ્યાલમાત્રે પણ એને ચોંકાવી મૂક્યો.

"મારું મોત કરાવવા કેમ ઊભો થયો છો? તું ભાઈ થઈને દુશ્મનનું કામ કાં કરી રહ્યો છો?" બોલતે બોલતે ચંપક શેઠના દેહનો ચરુ ઊકળતો ગયો.

"પણ મેં શું કર્યું છે?"

"તેં શું કર્યું છે તેની તને શી સાન હોય? એ છોકરાના આખા ઘરના નામ ઉપર, એની સાથેના આખા સંબંધના નામ ઉપર સ્નાન કરી નાખ્યા પછી તું હજીય એ સંબંધ કાયદાની કોરટમાં પુરવાર થાય એવું તો કરી રહ્યો છો."

"કાયદાની કોરટ શું? શું વાત કરો છો તમે, મોટાભાઈ?"

"તને તો ખાવાપીવા ને ઘોંટવા સિવાય બીજું ભાન શેનું છે? કાયદાની કોરટે ઓલ્યો સુખલાલ ચડવાનો છે!"

"ચડે નહીં; એવો નાલાયક એ છોકરો નો'ય."

"ને તને ખબર છે ને, કે આપણે સુશીલાને માટે બીજે તજવીજ કરીએ છીએ. ત્યાં શી અસર થાય?"

"કાંઈ યે ન થાય. પણ બીજે તજવીજ શીદ કરવી પડે છે? આમાં શું ખોટું છે? છોકરો કમાતો થયો છે."

"અરે, તારી જાતનો! ભાઈનેય ફસાવ્યો લાગે છે—" મોટા શેઠના દાંતમાં રેતીનો કચકચાટ થયો.

"ને મારાં ભાભી અને સુશીલા તો વેવાઈને ઘેર પણ જઈ આવ્યાં એવા ખબર છે. એમને ગમ્યું તો આપણને શું?"

"ઓહો! એટલી બધી વાત પણ થઈ ચૂકી!"

વધુ બોલ્યા વગર મોટા શેઠ નાહવા ગયા. ત્યાંથી પાછા આવીને કહ્યું: "આજની ગાડીમાં તું દેશમાં ઊપડ—તારી ભાભીને ને છોકરીને વળતા જ દીએ આંહીં તેડીને હાલ્યો આવ! આમાં જો કાંઈ ફેરફાર થયો છે ને, તો... બસ, વધુ કહેવાની જરૂર નથી."

મોટાભાઈની સાથે વાતચીતનો ઓછામાં ઓછો પ્રસંગ લઈને દૂર નાસનાર આ નાના ભાઈએ આજે પોતાનો નવા પ્રકારનો તેજોવધ અનુભવ્યો. 'જો નહીં લાવ ને... તો... જોઈ લઈશ...' 'ઘરમાં રે'વું છે કે નથી રે'વું, હેં!' વગેરે પહેલી જ વાર સંભળાયેલા શબ્દો એને ટાઢા થતા જખમની માફક વધુ ખટકતા હતા. એણે પોતાના ઓરડામાં જઈને કોટ બદલાવવા માંડ્યો.

ત્યાં તો દુકાનનો દાદો ગુમાસ્તો પ્રાણિયો ઉર્ફે પ્રાણજીવન, "લ્યો કાકી, આ ઘી," એમ કહેતો રસોડામાં આવ્યો. "ઠેઠ પારલા ગયો ત્યારે પત્તો લાગ્યો," એમ કહીને આવું સારું ઘી મેળવવાનાં કષ્ટોનું વર્ણન લહેકાદાર વાણીમાં કરીને પછી સુશીલાની બાને હળવેથી પૂછવા લાગ્યો: "કાં, કાકી, મોટાભાઈ આવ્યા પછી ઘરમાં કાંઈક ગાજવીજ કે કડાકા-ભડાકા નથી થયા ને?"

"શેના કડાકા-ભડાકા?"

"હવે અજાણ્યાં શીદ થાવ છો? તમે ચતુર થઈને મારું પારખું કાં કરો?"

"તારા સમ, મને ખબર નથી!"

"તમારાં વા'લાં સગાં ગુજરી ગયાં, ત્યાં નાના શેઠ સનાન કરી આવ્યા—ખબર નથી?"

"ના! કોણ સગાં?"

"તમને કહ્યું ય નથી?"

"ના, મને મારા જીવના સમ!"

"ખરા ત્યારે તો! ત્યારે તો હવે તમારા માથાના થઈ ગયા નાના શેઠ! હવે ફકર નહીં? તમે ઘણા દી એમને માથે જમાદારી કરી; હવે એમનો વારો."

"પણ પીટયા, સીધો ભસી મર ને—શું થયું? કોણ ગુજરી ગયું ને કોનું સનાન?"

"તમારાં વેવાણ રૂપાવટીવાળાં."

"વેવાણ જેની હોય એની—મારે તો સનાને નહીં ને સૂતકે નહીં."

"ત્યારે નાના શેઠ તો સનાનમાં ગયા'તા!"

"એમ! ઠીક, એનો તો હું બરાબર હિસાબ લઈશ."

"પણ તમારું બીજું કોઈ ઠેઠ રૂપાવટી જઈને અવસર ઉકેલી આવ્યું હોય તો તેનું કેમ?"

"બીજું કોણ વળી?"

"ભાભુ અને સુશીલાબેન."

"હવે ઉડાડ મા ને મને ઠાલો!"

"મારી આંખ્યુંના સમ."

"તારે ઘેર તાર આવ્યો હશે, કાં ને રોયા?"

"મારે એકલાને ઘેરે નહીં, ને ટૂંકો ટચ તારેય નહીં."

"ત્યારે?"

"વિગતવાર ચાર પાનાં ભરીને કાગળ. તમારી દીકરીએ

એની સાસુનું મોત સુધાર્યું ને જીવતર ઉજાળ્યું તેનાં મોંફાટ વખાણ સો સનાનિયાંની વચ્ચે વંચાણા; ને સુશીલાબેનની તો વાહ વાહ બોલી ગઈ. વળી એ બધા સુશીલપણાનો જશ કોને ચડ્યો ખબર છે? નવ મહિના જેણે પેટમાં વેઠીને આટલાં મોટાં કર્યાં તેને નહીં!"

"આ બધું તું શું બકબક કરી રીયો છો, મૂવા? મને ઠેકડીએ કાં ઉડાડ્ય?"

"ઠેકડીએ નથી ઉડાડતો. બન્યું ઈ તલેતલ કહું છું. આ જશ ચડ્યો તમારાં જેઠાણીને. જેઠાણીએ વેવાણની છેલ્લી ઘડીએ ધરમનાં વેણ સંભળાવ્યા, તે ઉપરાંત મા વગરનાં ત્રણ છોકરાંને લઈને જેઠાણી થોરવાડ ગ્યાં. લ્યો, આમાં એક પણ વિગત ખોટી હોય તો તમારું ખાસડું ને મારું મોઢું."

પ્રાણિયાની વાતે સુશીલાની બાને તો ચિત્રમાં આલેખ્યાં હોય તેવાં કરી મૂક્યાં. રોજ ઘરની જરૂરિયાતની વસ્તુઓ લાવી આપનાર અને વ્યવહારિક કાર્યોમાં દોડાદોડ-ટાંગાતોડ કરી પોતાનું એકલાનું જ વ્યક્તિત્વ સૌની આંખોમાં પાથરી દેનાર આ પ્રાણિયાનો પરિચય વાર્તાના પ્રારંભના ભાગમાં આપણને થઈ ચૂકેલ છે.

આવા પ્રાણિયાનો પગ પ્રત્યેક શેઠ-કુટુંબમાં જડબેસલાખ હોય છે, તે વિશે તમને કોઈને શંકા નહીં હોય. આવા પ્રાણજીવનોને શેઠિયાનાં ઘરોનાં બૈરાઓ સાથે ભારી મેળ હોય છે, કેમ કે શેઠાણીઓ સ્વામીઓ પાસે જે ચીજો નથી મગાવી શકતી તે પ્રાણિયાઓ દોડીને લાવી આપે છે. શેઠિયાઓ ઘરકામની જે ભલામણો પેઢી પર પહોંચતાં જ ભૂલી જાય છે, તે પ્રાણિયાઓ

જ યાદ કરી આપે છે. ઘેરથી પાંચ-દસ વાર આવતો જે ટેલિફોન લેવા શેઠિયાઓને ફુરસદ નથી હોતી, તેનો અમલ પ્રાણિયાઓ જ કરતા હોય છે. નાટકો અને સિનેમાની ટિકિટો પ્રાણિયાઓ જ લાગવગથી મેળવી આપે છે. ગામમાં સાડીની કે પોલકાની છેલ્લામાં છેલ્લી ડિઝાઈન કઈ આવી છે તેના ખબર પ્રાણિયાઓ જ પૂરા પાડે છે, ઘરમાં માંદગી વેળા પ્રાણિયાઓ જ ઉજાગરા કરતા હોય છે, અને શેઠિયાઓ ઘર છોડ્યા પછી શું શું વાતો કરે છે, ક્યાં ક્યાં આવે-જાય છે, અને કેટલું રળે છે—ગુમાવે છે તેની બાતમી પ્રાણિયાઓ પાસેથી જ મળે છે. ઉનાળાની કેરીથી લઈ શિયાળાની ગરમ બનાત કાશ્મીરીની પરખ પ્રાણિયાઓને જ હોય છે. આવા પ્રાણિયાઓમાં રસોડા સુધી જવાની, કડકમાં કડક શબ્દે બોલવાની, મશ્કરી કરવાની તેમ જ વિનયવંતા આજ્ઞાંકિત દેખાવાની ચાતુરી હોય છે. પ્રાણિયાઓ શેઠાણીઓ ઉપર રાજ કરી શકે છે, કેમ કે શેઠાણીઓનો ‘પીટ્યા’, ‘રોયા’, ‘મૂવા’ ઈત્યાદિ લાડશબ્દોનાં સંબોધનો કરવાનો શોખ આવા પ્રાણિયાઓ પર જ સંતોષાઈ શકે છે.

એટલી વાત કરીને પ્રાણિયો “લાવો, કઈ ચૂડીને ચીપ નાખવી છે? ને કઈ બંગડીઓ ભંગાવી નાખવી છે?” એ પૂછતો ઊભો રહ્યો.

“સાંજે આવજે,” કહીને સુશીલાની બાએ એને જલદી વિદાય દીધી, ને પોતે જેઠજી માળા ફેરવી લ્યે તેટલો સમય હોવાથી પોતાના ઓરડામાં ગઈ. પતિ હજુ કોટનાં બટન પૂરાં નાખી નહોતા રહ્યા. “લાવો, બટન નાખી દઉં!” એ કામને બહાને

પોતે ત્યાં ઊભી અને બટન નાખતી નાખતી ટાઢીબોળ સત્તાધીશીના સ્વરો કાઢી બોલવા લાગી:

"મારાથી ચોરી રાખી એટલે હું શું તમને ખાઈ જવાની હતી? ને ચોરી ભગવાનને ઘેર કેટલોક વખત છૂપી રહી શકે છે? મારું સનાન તો હજી બાકી છે, ત્યાં કોનું સનાન કરવા પધાર્યા'તા? ને મારી છોકરીનો ભવાડો કરવાનો ભાભીને શો હક્ક છે?"

"તું મને કહેવું હોય તે કહી લે, પણ ભલી થઈને ભાભીને માટે ગેરશબ્દ ન કહેતી હો!" આટલું બોલતાં બોલતાં પતિની આંખોમાં પાણી તબકી ઊઠ્યાં.

"ભાભીનું દાઝે છે—બાયડીનું દાઝતું નથી! આદમી છો? એક વાર મોટાભાઈનાં જૂતાં ઉપાડવા લાયક થાવ, પછી મારા ઉપર રુઆબ કરવા આવજો."

"પણ તું શા સારુ મારી પાસે મોટાભાઈનાં જૂતાં ઉપડાવ છ? ને ભાભીએ શું કરી નાખ્યું છે એવડું બધું?"

"છોકરીને ટાળી દીધી, બીજું તો શું?"

"છોકરીએ કાળુંધોળું કાંઈ કર્યુ છે?"

"મોટાભાઈએ જે સંબંધમાં લાલબાઈ મૂકી દીધી છે, તે સગપણ સાચવવા શીદ લઈ ગયાં મારી છોકરી ને?"

"ગામ રસ્તામાં હતું તે ગયાં હશે. છોકરી તારી જ છે, ને ભાભીની નહીં?"

"છોકરી તો મોટાભાઈની—બીજા કોઈની નહીં. બીજા કોઈને કશું કરવાનો અધિકાર નથી. મારી દીકરીના કાનમાં ઝેર ઝેર ને ઝેર રેડવા સિવાય, મારી સામે તો ઠીક પણ પોતાના સગા

ધણીની વિરુદ્ધ—દેવ સરખા ધણીની વિરુદ્ધ—છોકરીના કાનમાં સીસું ઉકાળી ઉકાળીને સીંચવા સિવાય, બીજું કામ શું કર્યું છે ભાભીએ? જેના પગ ધોઈને નત્ય પ્રભાતે પીવા લાયક, એવા મોટાભાઈથી છાનાં છાનાં પેંતરા ભરવા ને કાવતરાં કરવાં, એ કાંઈ ખાનદાનનું કામ નથી."

કોટ પતિના હાથમાં આપતી આપતી એ બોલ્યે જતી હતી. પતિની ટોપીને બ્રશ મારતી મારતી, પતિને નવો હાથરૂમાલ કાઢી દેતી, અને આ 'ચંપલ નૈં, ઓલ્યા બૂટ પે'રતા જાવ' એવું કહી, બૂટ કાઢી દઈ પહેરાવતી પહેરાવતી આ પત્ની પતિને જેટલી વધુ વાર રોકી શકાય તેટલું રોકીને પોતાની જેઠાણીની નિંદા ને જેઠની દેવગાથાઓ ગાતી ગઈ. જેઠને સંભળાવવાનો હેતુ સ્પષ્ટ હતો.

"ભગવાન! ભગવાન!" પતિને ધીરે પગલે ચાલ્યો જતો જોઈ એણે આસ્તેથી ઉદ્ગાર કાઢ્યો: "કોને ખબર—મને પરણ્યા છે...કે...એને!"

પોતાની પાછળ બોલાયેલા શબ્દો નાના શેઠે કાનોકાન સાંભળ્યા. એ થંભ્યો. ફરી વાર એની આંખે અંધારાં આવ્યાં, એણે બારણું ઝાલી લીધું. એ તમ્મર એકાદ મિનિટ ટક્યાં. પછી મનની કળ વળી. એ આપઘાત કરવા કૂવામાં પડતો હોય તેવી રીતે 'લિફ્ટ'માં પહોંચ્યો ને નીચે ઊતર્યો.

મોટરગાડી નીચે તૈયાર હતી. શોફરે નાના શેઠને લઈ જવા બારણું ઉઘાડ્યું.

"નહીં ભાઈ, પેદલ જાયગા." એટલું જ બોલીને નાના શેઠ જલદી પોતાના ઘરની ગલી વટાવી ગયા.

# ૩૦. 'સાહેબજી!'

તે પછી મોટા શેઠ, નાના ભાઈની વહુએ લાજ કાઢીને પીરસેલી ગરમાગરમ રોટલીઓ જમી કરીને દાંત ખોતરતા ખોતરતા અને ઓડકાર ખાતા ખાતા બોલતા હતા કે "તમારેય વઢવું પડ્યું ના એ બેવકૂફને! માળો પલીત છે, પલીત! પડખે એવડો ભાઈ ઊભો હોય તો કેવું જોર રહે કાંડામાં; પણ આ પલીતની અક્કલનો કાંઈ વિશ્વાસ રખાય છે?"

એવું બોલતા બોલતા જેઠજી દીવાનખાનામાં પગ મૂકે ત્યાં તો 'સાહેબજી!' એવું સંબોધન કાને પડતાં ચમકી ઊઠ્યા. બાજુએ જોયું તો વિજયચંદ્રનું નખશિખ ઠાવકું, ફૂટડું, સ્વચ્છ, સ્ફૂર્તિમય, એક લટ અસ્તવ્યસ્ત નહીં, એવું રૂપ નિહાળ્યું.

"સાહેબજી!" સામે કહેવું પડ્યું. "ક્યારુકના આવ્યા છો?"

"સારી એવી વાર થઈ. આપ આજ કાંઈક વિશેષ રુચિથી જમ્યા લાગો છો!"

"હા, આજે મને ઠીક વાર લાગી." પોતે જમતો જમતો ને જમી રહ્યો તે પછી નાના ભાઈની પત્નીને સંભળાવવા જે શબ્દો

બોલતો તેનો શ્રોતા કદાચ વિજયચંદ્ર બન્યો હશે, એવું કલ્પવું બેશક અનિવાર્ય હતું, ને અતિશય લજ્જાસ્પદ હતું.

"ઠીક થયું. આપ વખતસર આવી પહોંચ્યા."

"અરે, કાલે પહોંચવું'તું, પણ મોટરનો અકસ્માત થયો. લાચાર બની ગયો. તમારો કેસ ચાલી ગયો ને?"

"ના જી, આજની જ મુદત પડી છે. આપને તેડવા જ આવેલ છું."

"પણ આમાં હું શી રીતે તમને બચાવી શકીશ?" શેઠની આંખો ઊંચી ચડી ગઈ.

"હું કહું. મારે આપની પાસે એક શબ્દ ખોટો બોલાવવો નથી, તરકટ કરાવવું નથી. ફક્ત આપ બોલો એટલી જ વાર છે."

"શું બોલું?"

"કે સુશીલાબેન સાથે આપે મારું હિંદુ વિધિસર વેવિશાળ કરાવી આપેલ છે, ને આપની મદદથી તો મારે વિલાયત ભણવા જવાનું હતું."

ચંપક શેઠે વાતને ઉડાવવા ફાંફાં માર્યાં: "પણ મારા સાહેબ! તમે તે કાંઈ રાજા માણસ છો? કોર્ટને તે અક્કલ હોય કે નહીં? મને પૂછે કે તમે આબરૂદાર માણસે ઊઠીને આવું ઉતાવળિયું ને ખાનગી જેવું વેવિશાળ શા માટે કરી નાખ્યું!"

"તો આપણી પાસે જવાબ હાજર છે," વિજયચંદ્ર ઠંડીગાર વકીલની તટસ્થતા ધરીને બોલ્યો: "જૂનું વેવિશાળ અમુક કારણસર તોડવું પડેલું. એ કારણો ગુપ્ત હતાં, સામા પક્ષને નુકસાન પહોંચાડે તેવાં હતાં. એટલે એ સામા પક્ષની ફજેતી

ટાળવા માટે અમારે નવું સગપણ છૂપું છૂપું કરી લેવું પડ્યું, નહીંતર ન્યાતમાં પંચાતિયા નિરર્થક હોહો કરી ઊઠે. આ તો બધું જ હું વકીલને પૂછી કરીને આવેલ છું—આપ ન ગભરાવ!"

બળેલી દીવાસળી લઈને દાંત ખોતરતે ખોતરતે મોટા શેઠે ફરી પાછું મૌન પાળ્યું.

"હું આપની એકેએક મૂંઝવણનો માર્ગ વિચારીને આવેલ છું," એમ કહી વિજયચંદ્રે સામા માણસને ગાળી નાખે તેવા ગદ્ગદપણાની મીંડ પોતાના કંઠમાંથી ખેંચતે ખેંચતે કહ્યું: "આજે હું આપને છ મહિના પહેલાં મળ્યો તેવા ઉજ્જવળ મોંએ મળવા નથી આવ્યો. આજે હું વિજયનો નહીં, પૂર્ણિમાનો નહીં, પણ પરાજયનો—અમાસનો ચંદ્ર છું. મારા જીવનમાં મેં જબ્બર ઠોકર ખાધી છે. મારો પગ ભૂલમાં પડી ગયો છે. મારે આપની પુત્રીનું અકલ્યાણ કરવું નથી. એની વેરે લગ્ન કરવાનો અધિકાર લઈને તો હું થોડો જ આપની સમક્ષ આવેલો છું! હું એ નિર્દોષના જીવનમાં આંગળીચીંધણું રહે તેવું કરવા ઈચ્છું નહીં. આજે તો આપની મદદથી મારો ઉગાર જ શોધું છું. સામા પક્ષની મોટી આબરૂને કારણે આ મુકદ્દમાની તપાસ જજની ચેમ્બરના બંધ બારણે જ થવાની છે. આપની આબરૂ સલામત છે. કહો તો હું આપને લખી આપું કે મારે આપની કન્યા ન જોઈએ. આપ કહેતા હો તો જેવું સર્ટિફિકેટ સુખલાલને માટે દાકતરે લખી આપ્યું છે, તેવું હું આપને સ્વહસ્તાક્ષરે જ લખીને અત્યારથી આપી દઉં. ને કદાચ જાહેરની માન્યતા મારું સગપણ થયાની હોય તો હું આપણી ન્યાતની પાસે હાજર થઈને એકરાર કરવા તૈયાર રહીશ

કે મારું જીવન કોઈ પણ સ્ત્રી સાથે લગ્નને લાયક નથી, હું કોઈના જીવતર પર છીણી મારવા નથી ચાહતો…"

એટલું કહેતા કહેતાં વિજયચંદ્રે પોતાની આંખોમાંથી દડ દડ દડ પાણી વહાવ્યાં. એ પાણીની ધારા એનાં ચશ્માની આરપાર વધુ સુંદર લાગી. અમુક પ્રકારના સૌંદર્યનો આ નિયમ હોય છે: એની શોભા સીધા દર્શનમાં જેટલી પમાય છે, તે કરતાં કોઈક કાચ જેવા પદાર્થની મારફત વિશેષ પામી શકાય છે.

વિજયચંદ્રના ગોરા ગોરા ગાલ પરથી દડતાં આંસુ દેખી એનું પાપકૃત્ય નજરે જોનારો માણસ પણ પોતાને ભ્રમિત માનવા લલચાય; એ પાપાચારી આ નહીં હોય, આપણી જ નજરની ભ્રમણા હશે, એવું કંઈક આપણું દિલ બોલવા લાગે.

"હું આંહીં રહેવાનો પણ નથી. હું મારું કલંકિત મોં આપની પાસેથી છુપાવીને સિલોન, બ્રહ્મદેશ, સુદાન અથવા એડન જેટલે દૂર ચાલ્યો જઈશ. હું આ બધો જ એકરાર આપની પાસે લખીને લાવેલ છું. આ લ્યો, મારું માથું આપના હાથમાં મૂકું છું."

એમ કહેતે કહેતે એણે એક સીલબંધ લિફાફો મોટા શેઠની સન્મુખ ધરી દીધો. તેની ઉપર લખ્યું હતું: 'એક આત્માની કથા.'

ચંપક શેઠના મોં પર પોતાની વાણીની અસર થતી દેખીને એણે ચલાવ્યે રાખ્યું:

"મેં તો મારા બે પિછાનવાળા ભણેલા જુવાન જ્ઞાતિભાઈઓને પણ આપનાં પુત્રીને માટે નિરધારી રાખેલ છે. હું તે દિવસ એમની સાથે ટ્રેનમાં દાદર સુધી ગયેલો ત્યારે પણ એ જ મારો હેતુ હતો. મને આપની પુત્રીનો પણ ગેરલાભ લેવાનો ભયંકર વિચાર થઈ

આવેલો. હું ઈશ્વરસાક્ષીએ પાપછૂટી વાત કરું છું. એમણે મને જે લખેલું તે હું વટાવવા નીકળું તેટલી નીચતાની હદે ચાલ્યો જાત, પરંતુ પ્રભુએ મને વખતસર ઉગારી લીધો. આપની પુત્રીનું એ લખાણ પણ આ કવરમાં જ છે. સુખલાલ તરફ એમનું દિલ હતું તે પણ ખોટું અનુમાન છે. એમને સુખલાલ પાસે જવાનું કારણ જુદું જ હતું; અગાઉ જે પત્રવ્યવહાર થયો હશે, તેના કાગળો પાછા મેળવવાનું હતું. એ બધું એમના જ હસ્તાક્ષરોમાં આપ આ કવરની અંદર વાંચશો. જોકે હું તો હવે એ કન્યાની લાગણીનો કે આપના છ મહિના સુધીના સદ્ભાવનો લાભ લેવા માગતો જ નથી. હું નાલાયક છું. મેં ઈશ્વરને દૂભવેલ છે," એમ બોલતો બોલતો એ ફરી વાર રડ્યો. "એક વાતે તો આપ ચાલ્યા ગયા તે સારું જ કર્યું."

"કેમ?"

"આપનું ખૂન તો નહીં, પણ આપને માથે મરણતોલ માર પડવાની તૈયારી હતી."

"કોના તરફથી?"

"નામ લેવાની હવે જરૂર નથી."

"તમને કોણે કહેલું?"

"આપનાં પુત્રીએ."

"ક્યારે?"

"એમની જોડે હું દાદર સુધી ગયો ત્યારે."

"સુશીલાને ક્યાંથી ખબર?"

"આગલી રાતે ખુશાલભાઈ અને સુખલાલ આવેલા હશે.

તેમની કાંઈક બોલચાલ પરથી તેમણે અનુમાન બાંધેલું, ને મારી તે રાતની તપાસમાંથી મને પણ જાણવા મળેલું."

ચંપક શેઠને થરથરાટી વછૂટી ગઈ.

"હવે તો લીલાલે'ર કરો. હવે તો એમને જ પોલીસમાં તેડાવીને કહી દેવામાં આવેલ છે. એટલે હવે તો આપ પોલીસને જૂઠું જૂઠું કહોને તોય તેમના માથે પડે તેવું છે."

ચંપક શેઠને આ બંદોબસ્ત બહુ સરસ લાગ્યો. "કેસ ક્યારે ચાલશે?" એમણે પૂછ્યું.

"હમણાં બાર વાગ્યે; એક જ કલાકમાં..."

એ શબ્દો બોલતે બોલતે સામેના ઘડિયાળના કાંટાને એણે પોતાના સત્યાનાશના 'બારના ટકોરા' તરફ કદમો ભરતા દેખ્યા. એની આંખોની મૂંગી આરજૂએ ચંપક શેઠને કપડાં પહેરવા ઊભા કર્યા. શેઠ પણ વિચારતા જતા હતા: જોઉં તો ખરો ત્યાં જઈને—શી સ્થિતિ છે? કેવા પ્રકારની જુબાની આપવી એ તો મારે તે પછી નક્કી કરવાનું છે ને! તેલ જોઈને, તેલની ધાર જોઈને, પછી જ મોં ખોલવું છે ને!

"આ કવર," એમ કહી વિજયચંદ્રે ચંપક શેઠને પેલું બરબીડિયું લઈ જવા ને ઠેકાણે મૂકવા કહ્યું. એની અસર ચંપક શેઠના મન પર સચોટ થઈ પડી. એમણે સામે કહ્યું: "અત્યારે તો તમે એ લઈ જાવ—મારે શું કામ છે?"

"તો પછી આપવા શા માટે લાવત? લઈ જઈને ક્યાં મુકું? કોકને હાથ પડે તો મારું તો ઠીક પણ આપની દીકરીનું મોત ઊભું થાય ને! માટે લ્યો—ને હું ખરું કહું? થોડાક બીજા કાગળો પણ

એના સ્વહસ્તાક્ષરના મારી પાસે પડ્યા છે. પણ સ્વાર્થીબુદ્ધિએ મને હલકટ બનાવ્યો. આપ આટલા ઉદાર બનશો એની મને આશા નહોતી. એટલે આપને ધમકાવવા-દબાવવા એ મેં રાખી મૂક્યા. મારું દિલ ચોરાયું. કોર્ટમાંથી નીકળીને, ચાલો મારા મુકામ પર, હું આપને સુપરદ કરી આપીશ. માણસ સામા માણસની ખાનદાનીને ઓળખતો નથી એટલે જ આવો હલકટ, દિલચોર બને છે. મને આજે આપે માનવીની મહાનુભાવતાનાં દર્શન કરાવ્યાં છે. એ દેખીને મારી અધમતા મને વિશેષ ડંખ મારી રહેલ છે."

અહીં એણે ફરી રુદન કર્યું.

# ૩૧. દિયર અને ભોજાઈ

“હો હમાલ!” શોફરે તે રાત્રીએ સેન્ટ્રલ સ્ટેશને ગાડી ઊભી રાખી બૂમ મારી.

“હમાલની જરૂર નથી.” નાના શેઠે પોતાની બૅગ ખોલતાં ખોલતાં શોફરને અટકાવ્યો. શોફરને કશી સમજ પડી નહીં.

ત્યાં તો બૅગ પાછી બંધ કરીને નાના શેઠ મોટરમાંથી બહાર નીકળ્યા. શોફરે એમના હાથમાં ટુવાલમાં લપેટેલાં ફક્ત બે જ ફાલતુ કપડાં દીઠાં. એ કાંઈ પ્રશ્ન કરે તે પહેલાં જ નાના શેઠે સૂચના આપી: “આ મારી બૅગ ને બિસ્તર પાછાં લઈ જા. પૂછે તો કહેજે કે જલદી પાછા આવવાનું છે એટલે વધુ સામાનની જરૂર નહોતી; ધોતિયું-ટુવાલ બસ છે.”

“પણ રસ્તામાં બિછાનું…” શોફરને આ બાપડાની દયા આવી, કેમ કે નાના શેઠનું શરીર એક સ્ત્રીના જેવું ગૌર અને સુકુમાર

હતું. ગૌરતા ને સુકુમારતા એ બેઉ, દયા-અનુકમ્પાના વીજળી-દીવા પેટાવવાની ચાંપ તુલ્ય છે.

“અરે ગાંડા, કેટલાંય વરસ બિસ્તર વગર આ પાટિયાં ઉપર ગુલાબી નીંદર ખેંચેલ છે. જા, તું તારે લઈ જા!”

એવી થોડી વેવલાઈ દાખવીને નાના શેઠે મુસાફરી શરૂ કરી. ગરમીના દિવસો હતા, એટલે શીતળ રાત મીઠી લાગતી હતી. પણ પોતે સૂતો જ નહીં. વસઈ, પાલઘર, સુરત ને ભરૂચ સુધી એણે દરેક સ્ટેશને ઊતરી ઊતરીને ચા પીધા કરી. સેન્ટ્રલથી એની આંખોએ આખી લાઈન પર ચકળવકળ ચકળવકળ જોયા કર્યું. એકસામટી ભૂખ ભાંગી લેનાર અકરાંતિયા રાંકા જેવી એની વિહ્‌વળતા હતી. એકલા બેઠા બેઠા એક ખૂણેથી બેસૂર ને ઘોઘરા રાગે એ જે ગીત બોલતો હતો તે પ્રેમનું હતું, હાસ્યરસનું હતું, કે વીરરસનું હતું, એ નક્કી થઈ શકે તેમ નહોતું. એ ગીત તો ‘એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી’ એ કરુણરસનું ગીત હતું, એવી સાચી વાત જો એ ડબાના શ્રોતાઓને કોઈએ કહી હોત તો તેઓએ કદાપિ માની જ ન હોત. કરુણરસ એના કંઠમાં કદી પેસી જ ન શકે. ગાતાં ગાતાં ચાલી રહેલી એના હાથપગની ચેષ્ટામાં કોઈને વીરરસનો વહેમ જાય કદાચ, એના મોં પરના મરોડો બેશક હાસ્યરસની જ આશંકા જન્માવે, બાકી કરુણનો તો કદી પત્તો જ ન લાગે. છતાં એ હતું તો કરુણનું જ ગાન.

વળતી સવારે તેજપુર ઊતરીને એણે ગામમાં પોતાની પેઢી પર

ન જતાં બારોબાર થોરવાડનું વાહન શોધ્યું. આજ સુધીના આવા પ્રવાસોમાં પોતે મોટર-ટૅક્સી વગર ને ટેક્સી ન મળે ત્યારે ઘોડાગાડી વગર ઘા ન કરતો; પણ તે દિવસ એનો જીવ કોણ જાણે શાથી પણ ચોરાયો. એણે એક બળદવાળો એકો જ બાંધીને થોરવાડનો કેડો લીધો.

આવા એકામાં કરેલી અનેક ખેપો એને યાદ આવી. થોરવાડમાં ગામને એક છેડે બાપુકી વેળાનું એક હાટડું માંડીને બેઉ ભાઈ ખજૂરનું એક વાડિયું રાખતા, ગ્યાસલેટનો એક એક ડબો રાખીને તેમાંથી પાઈ-પૈસાનું પાવલું-પળી તેલ વેચતા, અસૂરી રાતે ગામ બહારથી આવતો ચોરાઉ કપાસ તોળી લેતા, ખેડુનાં છોકરાંને ખજૂર અને ખોખાંની લાલચમાં નાખી ઘરમાંથી કપાસ, દાણા વગેરે ચીજો ચોરી લાવતાં શીખવતા. એ દશેક વર્ષ પૂર્વેના દિવસો કેમ જાણે આખે રસ્તે એને સામા મળી મળીને 'ભાઈ, રામ-રામ' કરતા હોય એવી સ્મૃતિ જાગી ઊઠી. ખજૂરનું વાડિયું ને ગ્યાસલેટનો ડબો તેજપુરથી ઉધાર લાવતા, માલ પૂરતું જ એકાભાડું ઠરાવીને પોતે બાજુએ ચાલ્યો આવતો, વૈશાખનો ધોમ ધખતો હોય ત્યારે એકાની ને બળદની પડતી આવતી છાંયડીમાં પોતે ચાલતો, પણ એક-બે આના એકાભાડાના વધુ નહોતો ખરચતો, એ વેળા યાદ આવી.

ને એ એકાની ચલનશીલ છાંયડીમાં ફરી ચાલવાનું અત્યારે મન થતાં પોતે નીચે ઊતરી પડ્યો. એકાવાળા ઘાંચીની સાથે વાતો કરતાં કરતાં એણે સમાચાર મેળવ્યા કે પોતાના જૂના ઓળખીતા

એકાવાળા વલી ઘાંચી, કુરજી ઠક્કર લુવાણો, ગફૂર ઠક્કર ખોજો, મનકો કોળી વગેરે બધાય મરી ખૂટ્યા છે.

"બીજું તો ઠીક, પણ કુરજી ને ગફૂર માળા ડોળી તલાવડીએ રોટલા કાઢીને લીલી ડુંગળી કરડાવતા કરડાવતા ખાતા ને, તયેં મને મોંમાં શુંનું શું થઈ જાતું—પણ મારાં ભાભીની શરમ બહુ આવતી. ઘેર જાઉં ને ડુંગળી ગંધાય તો ભાભી બોલે નહીં, પણ માયલી કોરથી એનું કાળજું કપાય, હો! ભાઈના સોગંદ!"

એકાવાળો જુવાન હતો એટલે એને આ અસલી જમાનાની વાતોમાં કે ડુંગળી ખાતાં ભોજાઈની શરમ પાળનાર આ લડધા માણસમાં કશો રસ નહોતો.

"ઓત્તારીની! હીરાપાટ તો ભરી છે ને શું?" એમ કહેતે નાના શેઠે પોતાના ગામની સીમમાં વહેતી નદીનો તાજાં વર્ષાજળે છલકતો અને આછરી ચૂકેલો મોટો ધરો જોયો. જોતાં જ એને કોઈ વળગાડ થયો હોવાની શંકા આવે તેવી હર્ષઘેલછા એણે બતાવવા માંડી.

એકાવાળાને એણે ભાડું ચુકાવી ત્યાંથી જ પાછો રવાના કર્યો. પોતે પોતાની જૂની બહેનપણી હીરાપાટ પર નાહવા ઊતર્યો. નાનપણમાં અંદર પડીને નાહનાર એ બાપડાને વહેમ આવ્યો કે પોતે કદાચ તે દિવસની તરવાની કળા વીસરી ગયો હશે તો!

એટલે કાંઠે બેસીને નાહી એણે ધોતિયા, ટુવાલ ને કુડતા સાથે ગામ ભણી ચાલવા માંડ્યું.

મનમાં મનમાં બબડતો હતો કે “કોક દેખે તોય એમ સમજે કે ગામમાં તો કેદુનો આવ્યો હઈશ? ને ભાભી અને સુશીલાના મનમાં પણ હું અણધાર્યો આવી પડ્યો છું એવો ધ્રાસકો નહીં પડે—ખડકીમાં પેસીને દોરીએ ધોતિયું-ટુવાલ સૂકવતો સૂકવતો જ હું સાદ પાડીશ કે ‘કાં ભાભી, હવે રોટલાને કેટલી વાર છે?’ ને સુશીલાને તો જૂના વખતમાં ‘એલી! સંતોકડી, એય ઢેફલી!’ એમ કરીને બોલાવતો તે મુજબ જ આજે જઈને હાક મારીશ: ‘એલી સંતોકડી! એ રાં... ઢેફલી!”

ના, રાં... શબ્દને કાઢી નાખવો જોશે, એમ બબડતો પોતે ‘કાં સંતોકડી! એલી એય ઢેફલી!’વાળા ભૂતકાળના પ્રયોગને ગોખતો ગોખતો મહાવરો પાડતો ગયો. અને પોતાના હૈયાને હાકલી રાખતો ગયો કે “બસ, હસતું જ મોઢું રાખવાનું છે. બસ, પછી નિરાંતે જ વાત કરવી છે. બસ, ખબરદાર, હસતાં હસતાં જ બોલવાનું છે; પણ એક જ બાબત નડે છે. બીક જ એક છે, કે સુશીલા જો કદાચ જોતાંની વાર જ ‘મારી બાને કેમ છે?’ એમ પ્રશ્ન કરશે તો... તો” એટલું બબડતાં બબડતાં એના ચાલુ ચિંતનમાં મોટો ચીરો પડ્યો. જાણે કોઈ કબાટનો આખો અરીસો ચિરાયો.

ઘેર પહોંચીને એણે ઓચિંતાનું જ્યારે ભાન અનુભવ્યું, કે પોતે કલ્પેલા પોતાની ગરીબી-અવસ્થાવાળા માટીના ઘરને બદલે પાકું

ચૂનાબંધ મકાન ઊભું છે, ત્યારે જ એણે મનમાં કરેલી ગોઠવણ, વેકૂરીના માંડ વાળેલા લાડુની માફક, હાથમાં ને હાથમાં ભરભર ભૂકો થઈ ગઈ. જે મકાનમાં પોતાને શરણ મેળવવું હતું તે પણ મોટાભાઈની જ કમાણીનું ચણેલું નીકળી પડ્યું. 'તારા પુરુષાર્થનો અહીં એક પથ્થર પણ નથી મંડાયો,' એવી જાણે કે એ આખો ઈમલો ચીસ પાડતો હતો. જૂનું ધૂળિયું ઘર હોત તો તેનો અરધ ભાગ પોતાના હકનો કહેવાત. પૈસા પૈસાનું ગ્યાસલેટ અને ચોરેલા દાણાનાં ખજૂર-ખોખાં વેચવામાં વધુ પાવરધો નાનો ભાઈ જૂના ખોરડાનો વધુ હકદાર બની શક્યો હોત. પણ મુંબઈની નવી શ્રીમંતાઈમાં એના પુરુષાર્થનો હિસ્સો ઓછો હતો અને મોટાભાઈએ ગઈ કાલે કહી દીધું હતું કે '...ઊભો રહેવા નહીં દઉં.' પત્નીએ કહ્યું હતું કે 'મોટાભાઈનાં જૂતાં ઉપાડવા જેટલીય બોણી તો નથી!'

બાજુની એક કુટુંબી વિધવાના ખોરડાને દબાવીને ખડું થયેલું આ પાકું મકાન મોટાભાઈનું જ છે, ધક્કો મારીને એમાંથી મોટાભાઈ બહાર કાઢી મૂકી શકે તેમ છે, ધારે તો મોટાભાઈ ગૃહપ્રવેશનો આરોપ પણ મુકાવી શકે છે, વગેરે વિચારો સાથે પોતે અંદર પેઠો. ભાભીને જોયાં ને એનું ગોઠવી રાખેલું રહસ્ય ભડકો થઈ ગયું; સુશીલાને દીઠી અને 'સંતોકડી ઢેફલી' શબ્દોનો એના અંતરાકાશમાં ક્યાંય પત્તો ન મળ્યો. સુશીલા બે નાનાં બાળકોને નવરાવતી હતી. પિતાની સામે ફક્ત એક મીઠું કરુણાળુ સ્મિત કરી, કપડાં સંકોરીને બેઠી બેઠી એ તો 'પોટી'ને નવરાવવાની

ક્રિયા કરતી જ રહી. ભાભીએ કામવાળી બાઈને કહ્યું: “જાવ, બહારથી એમનો સામાન લઈ આવો.”

“આવે છે, સામાન હજુ પાછળ દૂર છે,” એટલું જ કહી એ અંદર ગયો. બેઠકના ઓરડામાં ભાભી પાણીનો લોટોપ્યાલો લઈને હાજર થયાં.

“કેમ ભાઈ, ઓચિંતાના? શા ખબર છે?”

પોતાને ભાઈ કહેનાર—માત્ર કહેનાર જ નહીં પણ ભાઈતુલ્ય જતન કરીને સદા પૂર્ણ શીલથી પાળનાર—આ ભાભીને ભાળવાની સાથે જ પત્ની સાંભરી. પત્નીના અપમાનકારક કુશબ્દો યાદ આવ્યા, ને પોતાને પોતાનું નમાલાપણું કદી નહોતું દેખાયું તેવું અત્યારે પૂર્ણ સ્વરૂપે પ્રત્યક્ષ થયું. આવી ભાભીને અપમાનિત કરનાર સ્ત્રીની જીભ મેં ત્યાં ને ત્યાં ખેંચી કેમ ન કાઢી!

પાણી પીને એણે જવાબ દીધો: “તમને તેડવા મોકલેલ છે.”

“કોણે?”

“મારા ભાઈએ.”

“કેમ એકાએક?”

“રૂપાવટી જઈ વેવાણનું મરણ સુધાર્યું તે માટે.”

ભાભી નિરુત્તર રહ્યાં.

"વળતી જ ટ્રેનમાં લઈને આવવા કહ્યું છે."

"હં-હં."

"નીકર કહ્યું છે કે, કોઈને ઘરમાં પગ મૂકવા નહીં દઉં."

"હં-હં. જોઈએ."

સાંજ પડી; ભાભીએ પૂછ્યું: "કહેતા'તાને કે સામાન પાછળ આવે છે?"

"સામાન તો પાછો મોકલી દીધેલો તે હું વીસરી ગયો હતો."

"પાછો ક્યાં?"

"સેન્ટ્રલ સ્ટેશનથી જ પાછો મોટરમાં ઘેર."

"કેમ?"

"મારો એના માથે હક નહોતો. મને બીક લાગી કે મારા ભાઈ કોક દી એ પણ આંચકી લેશે."

રાત પડી. નિરાંતે કેટલીક વાતો થઈ. દિયરે કહ્યું: "ભાભી, અંદરથી આતમો જ ના પાડે છે. જે ઘર મારું નથી, મુંબઈની

જે સાહેબીમાં મારો જરીકે લાગભાગ પહોંચતો નથી, તેમાં મોટાભાઈના આત્માને ઉદ્વેગ કરાવતા પડ્યા રહેવા અંદરથી મન ના પાડે છે."

"આપણે બધાં જ કેમ ગાંડાં બનવા લાગ્યાં છીએ!" ભાભીએ જરીક હસીને ઉદ્ગાર કાઢ્યો: "તમે આવા આળા મનના થઈ બેઠા, ત્યારે એ બચાડા જીવનું કોણ?..."

પોતાના જેવી પત્નીથી તજાયેલો ધણી નાનેરા ભાઈને પણ હારી બેઠો છે, એવી પ્રતીતિ થયા પછી પતિની નિરાધારીનું કલ્પનાચિત્ર એના અંતરમાં આલેખાયું ને 'બચાડા જીવ' જેવો જૂની આદતવાળો બોલ મોંમાંથી નીકળી ગયો.

દિયરે ભાભીને એકલાં બોલાવીને વાત કહી: "સુખલાલ મળ્યા હતા: મને તો પોતાપણું લાગ્યું હતું. હું અપુત્ર છું: પડખે એવો જમાઈ હોય તો મને સાચવે. મારા જેવા નપાવટને તો, ભાભી, સુધરેલો-ભણેલો બીજો કોઈ નહીં સાચવે."

"વાત તો મોટી કરો છો, પણ દીકરીનું કન્યાદાન દેતા હશો તે ઘડીએ તમારા ભાઈની ત્રાડ સાંભળશો તો ઊભા નહીં થઈ જાઓ કે?"

"તમે પડખે રહેશો ને, ભાભી, તો હું નહીં ઊઠું; ખીલાની જેમ ખૂતી જઈશ. હું શ્વાસ જ ચડાવી દઈને નિજીવ બની બેઠો

રહીશ. તમે મારી બાજુએ રહેશો ને, ભાભી, તો હું માણસ મટી ગયેલો પાછો માણસ બનીશ.”

“હું તો તમારી જ વાટ જોતી’તી, ભાઈ.”

# ૩૨. કજિયાનો કાયર!

માતાનું સ્નાન કરીને પછી સુખલાલ રડતી આંખો લૂછી નાખી તે જ રાત્રીથી દુકાન પર જતો હતો. ત્રીજા દિવસની રાત્રીએ ફેરીમાં લઈ જવાનાં વાસણો એ ગોઠવતો હતો. જુદી જુદી થપ્પીઓમાંથી ગોતી ગોતીને નંબરી માલ કાઢતો કાઢતો એ વચ્ચે વચ્ચે નિસરણી ઉપર ઊભો થઈ રહેતો હતો. વળતી જ પળે એ પોતાનો ચહેરો ચોળીને માતાનાં સ્મરણોને જાણે કે લીલાં ભીંગડાંની માફક ઉખેડી નાખતો હતો.

"કાં સુખા!" એકાએક ખુશાલભાઈએ આવીને અવાજ દીધો: "તું આંહીં ક્યારે આવતો રહ્યો, ભાઈ? હું તો તને ઘેર ગોતતો હતો; માણસો ખરખરો કરવા આવેલા."

"કાલે જરા આઘેનાં પરાંના ઓર્ડર છે એટલે અત્યારે જ તૈયારી કરી લેવી છે."

"કાલ સવારે તો તારે દેશમાં જવું જોશે ને?"

"હમણાં નથી જવું."

"કાં?"

"દિવાળીના ટાણામાં દેખીપેખીને વકરો નથી ખોવો." એનો સાદ ધ્રૂજતો ગયો.

"નીચે આવ, આપણે વાત કરીએ."

ખુશાલે સુખલાલને પોતાની બાજુમાં બેસારીને એની પીઠ પર હાથ ફેરવ્યો ને કહ્યું: "તારા ભાગના કામની હું પૂરેપૂરી ગણતરી રાખીશ. લાવ તારા ઓર્ડરની નોંધ—હું જાતે જઈને એકેએક ઠેકાણે પહોંચાડી આવીશ, પછી છે કાંઈ? તું સવારની ગાડીમાં જ ઊપડી જા દેશમાં."

"હવે શી ઉતાવળ છે?"

એ શબ્દોમાં 'હવે' ઉપર સુખલાલનો સ્વર ફાટફાટ થયો. એ 'હવે'માં વિધાતા ઉપર ભારી કટાક્ષ હતો. હવે પોતે પાંચ-પંદર દિન મોડો જાય તોપણ શો ફરક પડનાર છે? ગયેલી માનું મોં થોડું જોઈ શકાવાનું છે?

"ફેર પડે. તારી હાજરી હોય તો તારા બાપા હિંમતમાં રહે ને છોકરાંને વાત વિસારે પડે, ભાઈ મારા."

"છોકરાંને તો—"

બોલતાં બોલતાં એણે જીભ થંભાવી. ખુશાલભાઈને વધુ શબ્દોની જરૂર પણ ન રહી, એણે કહ્યું:

"મારે તને ધકેલવો પડે છે તે એ કારણસર જ. છોકરાંને જેઓ તેડી ગયાં તેમની પૂરી વાત હું તારા બાપાના કાગળમાંથી સમજી શક્યો નથી. એ ભાભુ-ભત્રીજી દેશમાં એકાએક કેમ ઊપડી ગયાં, તારે ઘેર શા સારુ ગયાં, બધી શી બાબત બની, તાગ તો મેળવવો જોશે ને! આંહીંથી ભાગેલ છે—જાણે કે ઓલા

સેતાન વિજયચંદ્રના પંજામાંથી છટકવા. પણ ચંપક શેઠના મનાઈ કરેલા માર્ગે કેમ ચડી શક્યાં? બચવા માટે થઈને એણે વિચાર બદલ્યા કે શું? તારો સસરો સ્નાન કરવા આવ્યો, એ પણ નવાઈની વાત થઈ કહેવાય. ને અત્યારે પાછી નવી વાત સાંભળી—તારો સસરો દેશમાં ઊપડી ગયો ને સામાન બધો પાછો મોકલતો ગયો. તું દેશમાં પહોંચ તો જ તાગ મળશે. આવ્યા લાગે છે દીકરા સાંડસામાં. માટે આપણેય મુરત છાંડવું નહીં. મારી નજર તો કન્યા માથે છે; છોડવા જેવી છોકરી નથી—બાકી એ લાડવાચોરોની લખમીનો આપણે ઓછાયોય લેવો નથી. તેજપુર ગામની નાતમાંથી બુંદીના લાડવા ચોરનારા એ બેય ભાઈ તો એના એ જ છે. ચંપક ચોરવે વિશેષ ચાલાક હતો. મુંબઈમાં આવીને આસામી બાંધી છે એય પણ ચોરીને. આપણે ચોરીના માલનો ઓછાયોય ન જોવે. પણ એ કન્યાને, એ રતનને, આ ચીંથરડાંમાંથી છોડી લીધે જ છૂટકો છે, તે વગર જંપ નથી. તે વગર ઊજળાં લૂગડાં પહેરીને મુંબઈમાં નીકળવું ઝેર જેવું લાગે છે. માટે કહું છું કે ઝટ દેશમાં પહોંચ."

સુખલાલ મનમાં મનમાં રમૂજ પામતો હતો. લાડવાચોરની લક્ષ્મીને અને કન્યાને કેમ જાણે ભલાઈથી ખુશાલભાઈ જતી કરતા હોય! પીરસેલી થાળીમાંથી કેમ જાણે શાકપાંદડાં છોડી દઈ ડબ દઈને મોંમાં મીઠાઈ મૂકી દેવાની જ વાર હોય!

ફરી પાછા ખુશાલભાઈ બબડ્યા: "ન્યાતના વંડે એ બેય ભાઈઓ લાડવા ચોરતા કેટલી વાર તો પકડાયેલા. મને યાદ

છે: એક વાર હું હતો પીરસવામાં; મને ફોસલાવીને લાડવા કઢાવતા'તા. પણ છોકરીમાં એ સંસ્કાર જ લાગતો નથી."

સુખલાલને મનમાં મનમાં રમૂજ તો થઈ, કે કોને ખબર છે કે છોકરી ફરી વાર મારા જેવા ગરીબના ઘરમાં આવ્યા પછી ન્યાતમાંથી લાડવા નહીં ચોરે, તેની શી ખાતરી? સુશીલા જો મળે તો પહેલી જ રાત્રીનો પહેલો જ સવાલ એ પૂછું: "તને લાડવા ચોરતાં આવડે છે કે નહીં?"

એ શો જવાબ દેશે? દેશે કે "ચોર પિતાની પુત્રી હતી તેથી તો મને તમારી ગેરહાજરીમાં તમારા ઘરમાં પેસી જવાની ચોરી આવડી ને!"

બેવકૂફી! મૂઈ માતાનાં આંસુ તો હજી સુકાયાં નથી, ત્યાં તો પરણ્યાની પહેલી રાતનાં ચિત્રો આંકવા બેઠો છું!

મા મૂઈ છે છતાં ઘેર જવાનું મન નથી થતું, કેમ કે ચંપક શેઠે પોતાના જીવનમાં પેસાડી દીધેલી પામરતાનું ટીપેટીપું નિચોવી નાખવાનો એણે નિશ્ચય કરેલ છે. તેડવા આવેલ બાપને કહેલું વેણ એને કંઠે છે કે, "મુબંઈમાં જ જીવીશ ને મુંબઈમાં જ મરીશ.' પુરુષાર્થની તેજભરી કારકિર્દી બતાવીને ચંપક શેઠને પડકારવો છે કે જો, મેં ચોરી નથી કરી; મેં તો મારા તાલકાની તપેલીને ભૂજબળે માંજીને ચળકાટ આણ્યો છે. એવી ખુમારીમાં તડપતા સુખલાલને ખુશાલભાઈએ પીઠ ઠબકારીને કહ્યું:

"હવે બીક રાખીશ મા. હવે તું પાંચ દિવસ દેશમાં જઈ આવીશ તેથી તારો પુરુષાર્થ કટાઈ નહીં જાય. ને તારા મનની જે

ઉમેદ છે—ચંપક શેઠનો મદ ઉતારવાની—તે ઉમેદને જ પાર ઉતારવાનો મોકો બતાવું છું તને, કે ઝટ દેશમાં જા.”

સુખલાલનું ઘડતર એ જ ભૂમિનું હતું કે જેને ખોળે ખુશાલભાઈ આળોટયો હતો. સ્વાભાવિક જ હતું કે ઉચ્ચ ભાવના જે અસર ન કરી શકી હોત, તે અસર સુખલાલના દિલ પર ખુશાલની નીચલા પ્રકારની દલીલથી પડી શકી: ચંપક શેઠનો મદ ભાંગવો છે; એ સાપની ફેણ માથેથી સુશીલા સમા મણિને પડાવી લેવો છે—ભલે પછી એની ફેણના ટુકડેટુકડા કરવા પડે.

“તો હું બધો માલ ગોઠવી કાઢું.”

“ઠીક, ગોઠવી લે. હું તેટલી વારમાં ત્યાં એક આંટો દઈ આવું—રંગ તો જોઈ આવું!”

*

ઘંટડીની ચાંપ દાબ્યા પછી બારણું ઊઘડતાં વાર જ ખુશાલ ચંપક શેઠના મકાનમાં પેસી ગયો. સામું ઉઘાડવા આવનાર માણસ હા-ના કરશે એવી બીકે ‘શેઠ ઘેર છે કે નહીં?’ એટલુંય ન પૂછવાની એણે પદ્ધતિ રાખી હતી. કેમ કે એ મુંબઈનાં એવાં કેટલાંય મકાનો પર જવાને ટેવાયેલા હતો, કે જ્યાં ‘શેઠ ઘરી નાય’ એ એક જ સરખો જવાબ મહિનાઓ સુધી તમને મળ્યા કરે.

આંહીં પણ અર્ધ ખુલ્લાં બારણાં ધકાવીને ખુશાલભાઈ અંદર દાખલ થયો, ને ‘શેઠ ઘેર નથી’ એવું કહેનાર ઘાટીને એણે એક

હળવા હેતભર્યા ધક્કાથી બાજુએ ખેસવીને કહ્યું: "ફિકર નહીં: આવશે ત્યાં સુધી હું રાહ જોઈશ."

પરબારો એ દીવાનખાનામાં જ પહોંચ્યો ને સોફા પર ટોપી ઉતારીને બેઠો. એના ખોંખારા, એની ખાંસી, ખાસ કરીને એની છીંક, એનાં બગાસાં, અને તે તમામ ચેષ્ટાઓની કલગીરૂપ એનું ગાન: જે જે ઘરોમાં 'શેઠ ઘેર નથી'ની કાયમી સ્થિતિ હતી ત્યાં ત્યાં ખુશાલ આ ઓજારો અજમાવતો, ને ઘરના માલિકને કોણ જાણે કેમ પણ ઘરમાંથી જ પ્રગટ થવાની ફરજ પડતી.

આંહીં ખુશાલને ફક્ત બે જોરદાર બગાસાં જ ખાવાની જરૂર પડી. અંદરના દીવાનખાનામાં બે જણા વચ્ચે ધીમો વાર્તાલાપ ચાલતો હતો. તે વાર્તાલાપને એકદમ થંભવું પડ્યું. ચંપક શેઠ બહારના દીવાનખાનામાં આવ્યા, ને એને પોતાના કાળ જેવો આ હનુમાન ગલીનો દાદો ખુશાલ દેખાયો.

"જે જે ચંપકભાઈ!"

"તમે અત્યારે કેમ આવ્યા? તમે પુછાવ્યા સિવાય કેમ ચાલ્યા આવો છો, ભૈ? એલા રામા, આવનારને બારણેથી જ કેમ કહી દેતો નથી, નાલાયક? —અત્યારે તો જાવ, ભઈ, હું કામમાં છું."

આ માણસમાં કશો જ પલટો થયો નથી એ ખુશાલને તરત સમજાયું.

"વળી પાછા તમે ઉતાવળા થયા કે ચંપક શેઠ?" ખુશાલે ઠાવકે મોંએ કહ્યું, "આપણી તે દીની કામગરી અધૂરી રહી છે તે તો યાદ કરો!"

"હું જાણું છું, તમે ઘરમાંથી એમ નહીં નીકળો," એ શબ્દો

સાથે ડોળા ફાડી ચંપક શેઠ ટેલિફોન પર જવા લાગ્યા, કે તરત જ ખુશાલે ઊઠીને એના હાથનું કાંડું પોતાના પંજામાં લીધું, ને હસતાં હસતાં તેણે કહ્યું: "બેસો, બેસો તો ખરા, ભલા માણસ!" એ કાંડા પર ખુશાલની એક આંગળી કોઈ એક એવે ચોક્કસ સ્થાને દબાણ દઈ રહી હતી કે કશી જ ધમાચક્કડ વગર આંખો ઊંચી ચડાવીને, મંત્રવશ બનેલા માણસ જેવા ચંપક શેઠ પોતાનો ખિજવાટ છોડીને ખુશાલની બાજુમાં બેસી ગયા.

કુદરતે માણસના શરીરમાં એક ગુપ્ત રચના કરી છે. કદાવર કાયાઓને પણ મલોખાં જેવી કરી નાખનાર કેટલીક ચાંપો અમુક અમુક માર્મિક જગ્યાઓએ જ કુદરતે છુપાવેલ છે. ખુશાલભાઈ એ મર્મસ્થાનોનો પૂરો જ્ઞાતા હતો. હાથી જેવા પુરુષોને મીણની પૂતળી જેવા બનાવી દેવા માટે સિંહ-થાપાની કશી જ જરૂર નથી હોતી—જરૂર છે ફક્ત ચાંપ દબાવવાની જગ્યા જાણી લેવાની.

ખુશાલ તો હસતો રહ્યો ને ચંપક શેઠના ડોળા ઊંચા ચડવા લાગ્યા.

"કાંઈ નહીં, કાંઈ નહીં, શાંતિથી બેસો," ખુશાલે ચંપક શેઠનું કાડું છોડી દઈને કહ્યું.

કાડું છૂટ્યા પછી શેઠનો અવાજ નીકળ્યો. અંદરના દીવાનખાનામાંથી એક જુવાન દોડી આવ્યો: એ હતો વિજયચંદ્ર. વિજયચંદ્ર આવી પહોંચ્યો તે પહેલાં તો ખુશાલે ફરી શેઠનું કાંડું જકડી લીધું હતું.

"કોણ છો તમે?" વિજયચંદ્રે હસતા ખુશાલને જુસ્સાથી પૂછ્યું.

“એમનો સ્નેહી છું, સગો છું. પૂછી જુઓ એમને—ચોરડાકુ હું થોડોક જ છું?”

“પોલીસને ટેલિફોન...” એટલો શબ્દોચ્ચાર ચંપક શેઠ માંડ કરી શક્યા, ને વિજયચંદ્રે ટેલિફોન તરફ બે કદમો ભર્યાં; ત્યાં તો ખુશાલે વિજયચંદ્રને વીનવ્યો: “ઊભા રો’, ભાઈ, ઉતાવળ કરો મા, નીકર નકામો મામલો બગડશે. મારા બોલ ઉપર વિશ્વાસ રાખો—મારે પાઈ પણ જોતી નથી.”

થોડી વાર થંભેલો વિજયચંદ્ર ફરીથી તિરસ્કાર બતાવતો ચાલ્યો ત્યારે ખુશાલે ચંપક શેઠના કાંડાના મર્મસ્થાન પર જોરદાર મચરક દીધી. ચંપક શેઠના ડોળા ફાટ્યા રહ્યા. ખુશાલ એક ક્ષણમાં તો વિજયચંદ્રને આંબી ગયો ને એના કાન પાછળ મર્મસ્થાન પર પંજો દબાવીને હસતો હસતો એને પાછો તેડી લાવ્યો.

વિજયચંદ્રની તમામ શક્તિઓ શરીરને અતિ આકર્ષક અને મનને મહાન ખેલાડી બનાવવામાં રોકાઈ ગયેલી, તેથી ખુશાલભાઈના જેવી તાલીમ એણે લીધેલી નહીં. અદાલતી મામલામાંથી એને ચંપક શેઠ છોડાવી લાવ્યા હતા. તે પછી એને વિજયચંદ્ર પર ફરી મોહ પ્રગટ થયો હતો. સુશીલાને પરણાવું તો તો આની જ સાથે—એવો દુરાગ્રહ એનામાં દૃઢ થઈ ગયો હતો. પોતાની પસંદગીમાં ભૂલ થઈ જ નહોતી, એવું એ સાબિત કરવા માગતા હતા. સુશીલાને માટે હિતનું હોય તે જ કરવું, તેને બદલે પોતે જે કરે છે તે જ સુશીલાના હિતનું છે, આવી એમની દૃષ્ટિ બની ગઈ. બેઉ વચ્ચે ચાલી રહેલા વાર્તાલાપમાં સુશીલા

સાથેનું ચોગઠું બેસારવાના જ તાર ફરી વાર સંધાતા હતા; તેમાં પડેલો આ ભંગ ઘણો કમનસીબ હતો. પણ ખુશાલે તો તેનેય એક ખુરસી પર બેસાર્યો. બેઉને ફક્ત આટલું જ કહ્યું:

"આ મોડી રાતે તમે કોઈ પણ બહારની મદદ મેળવી શકશો તે પહેલાં બેમાંથી એકને પોતાનું જીવતર અતિ સસ્તું કરી લેવું પડશે. મને તો કાંઈ કરતાં કાંઈ વાંધો નથી—તમારી સંતોક ઘણે રંગેચંગે આ ભાઈ વેરે પરણે. મારો એ કજિયો નથી, કહો તો હું અત્યારથી જ વધાવો દેતો જાઉં (એણે ખીસાનું પાકીટ ખખડાવ્યું). ત્યારે આ તમારા જમાઈ પૂછશે કે મારી શી માગણી છે? મારી માગણી સાવ નાની ને દુકાનીના પણ ખરચ વગરની છે. અમારા સુખલાલ બાબતમાં બે તરકટી દસ્તાવેજી લખાણો એણે દબાવ્યાં છે, એ મને આપી દે. મારે એ રાખવાં પણ નથી. હું અહીં તમારા દેખતાં જ ચિરાડિયાં કરું—પછી છે કાંઈ?"

"આપી દો ને! શું કરવાં છે?" વિજયચંદ્ર એ બેઉ લખાણો વિશે જાણતો હતો.

"હાં! ડાયું માણસ," એમ કહી ખુશાલે વ્યંગ કર્યો: "બીજું તો કાંઈ નહીં, પણ અમારા સુખલાલને વીસ હજાર ભરતાંય કોઈ કન્યા નહીં મળે. બાકી તો શેઠિયા! સુખલાલના અપુરુષાતણની કે આ ભાઈ વિજયચંદ્રના પુરુષાતણની ખાતરી કાંઈ દાકતર બાપડો થોડો આપી શકે? એ વિષય જ એવો હેં-હેં-હેં છે કે પારખાં લેવાય જ નહીં."

ચંપક શેઠ ઊઠ્યા. ખુશાલ પણ વિજયચંદ્રના કાન ઝાલીને એને ઊભો કરતો ઊઠ્યો ને બોલ્યો: "ચાલો, આપણે ત્રણે જણા

તિજોરી સુધી સાથે જ જઈએ. કોઈને એકલા મૂકવાની મારી હિંમત નથી. હે-હે-હે-હે. તિજોરીનું કામ રિયું હે-હે-હે-"

બે-પાંચ વાર તો તિજોરીની ચાવી યોગ્ય સ્થાને લાગુ જ ન થઈ. કારણ કે ચંપકશેઠના હાથ ધ્રૂજતા હતા. ને ખુશાલ કહ્યે જતો હતો: "ગભરાવ મા, મારા શેઠિયા; ઠાલા ગભરાઈ જાવ મા!"

દસ્તાવેજો બહાર નીકળ્યા ત્યારે ખુશાલે કહ્યું: "આપને જ હાથે ફાડી નાખો શેઠિયા, નીકર આ જમાઈરાજના હાથે ફડાવો."

બેઉ કાગળો રદ કરાવીને પછી એણે બેઉના સામે હાથ જોડ્યા: "માફ કરજો, શેઠિયા! હુંય માત્યમા ગાંધીના પંથમાં થોડો થોડો ભળ્યો છું, પણ મારા હાથના પંજા હજી બહાર ને બહાર જ રહ્યા છે—નીકર હું આટલીય હિંસા કરું કદી? કદાપિ ન કરું! મને તો એ મૂળ ગમતી જ નથી. ટંટાનો તો હુંયે કાયર છું—પૂછી જોજો આંહીંના પોલીસખાતાને. પણ આ તો શું કરું? તમે, શેઠિયા, બોલ્યું ફરી ગયા! તમે ઉદ્ધતાઈ કરી, તમે ટેલિફોન પકડવા દોડ્યા. ઘરની તકરારમાં પોલીસને બોલાવાય? કાંઈ ખૂન થોડું જ કરવું'તું! માફ કરજો, શેઠિયા. તમારા ઘરની ધૂળ પણ લઈ જવી મારે હરામ છે."

એમ કહીને એણે કપડાં ખંખેર્યાં.

જતાં જતાં એણે વિજયચંદ્ર તરફ ફરીને કહ્યું: "આપણી બેની આ મુલાકાત તો સાવ સપના જેવી કહેવાય. ફરી કોઈક વાર

નિરાંતે મેળાપ કરીને એકબીજાને વધુ ઓળખીએ એટલું દિલ રહે છે."

# ૩૩. વિજયચંદ્રનો વિજય

ખુશાલના ગયા પછી થોડી વાર સુધી આ બેઉની સમાધિ ચાલુ જ રહી. સમાધિ જ્યારે છૂટી શકી ત્યારે ચંપક શેઠે દુભાતે સ્વરે કહ્યું:

“ગઠિયા—કાઠિયાવાડમાંથી આવા બધા ગઠિયા જ આંહીં મુંબઈમાં ભરાણા છે. પોલીસને આ ગઠિયા જુગારમાંથી ઊભે ગળે ખવરાવે, ને આબરૂદારોની આબરૂ પાડતા ફાટ્યા ફરે.”

“આપણા કામને એની કશી અસર થતી નથી.”

“ના, મેં તો ઊલટાનું એને આવીને લઈ જવાનું કહેલું; પણ આ તો તેમની નાણાં કઢાવવાની રીત છે. મૂળ આ આવેલો લાંચ ખાવા.”

“ખેર.” વિજયચંદ્ર પોતાની અધીરાઈને છુપાવતો છુપાવતો પણ મૂળ વાતના તૂટેલા ત્રાગડા સાંધવા ઊતાવળો થયો. કેમ કે એના પરના મુકદ્દમાની તો ઘરમેળે માંડવાળ જ થઈ ગઈ હતી.

“તમે મારી સુશીલાને સુખી કરી શકશો? તમને ખાતરી છે?” ચંપક શેઠે વાર્તાલાપ આગળ ચલાવ્યો.

"હું પોતે જ શા માટે છતી આંખે મારું કે કોઈ બીજાનું જીવતર હોળીમાં હોમું? આ જુઓ."

એટલું કહેતે વિજયચંદ્રે ગજવામાંથી કાગળોની થોકડી કાઢીને ચંપક શેઠની સામે ધરી કહ્યું: "આટલાં કહેણ છે. મારા માથે તરપીટ પડે છે. પોલીસે કેસ ઊભો કર્યા પછી પણ આવેલા આ કાગળ જુઓ."

ચંપક શેઠે કદાચ જોવા યત્ન કર્યો હોત તોપણ એ કાગળોની બનાવટને ન પકડી શકત. જુદા જુદા હસ્તાક્ષરોમાં ને નોખનોખી શાહીઓ વડે લખેલા એ કાગળો હતા. પ્રત્યેક કાગળમાં એક એક કુંવારી કન્યાનો પિતા કાકલૂદી કરતો હતો: વિજયચંદ્ર જો પાણિગ્રહણ કરે તો તેમાંનો કોઈક પિતા પાંચ હજાર ગજવે ઘાલવા, તો કોઈક બીજો પિતા પોતાનો સમસ્ત વારસો એને ચરણે ધરવા તૈયાર હતો. એ બધા પિતાઓની હયાતી વિજયચંદ્રના ગજવા ઉપરાંત પૃથ્વી પર કોઈ ઠેકાણે હતી કે કેમ, એ પ્રશ્ન પૂછવો કોઈને ન સૂઝે. ઉંમરલાયક બનેલી પુત્રીના પિતાઓ આ જગતમાં વધુમાં વધુ લાચાર માનવીઓ હોય છે.

"મારી બડાઈ હાંકવા કે આપની આંખો આંજી દેવા માટે હું આ નથી બતાવતો. આજ સુધી નથી બતાવેલ તેનું એ જ કારણ હતું. હું આપની સંકડામણનો ગેરલાભ લઉં તો મારી કેળવણી ને મારું કુળ બેઉનો દ્રોહી બનું. આજે બતાવું છું તે તો આપને મારા હૃદયની ખાતરી કરાવવા. કેમ કે મારી મથરાવટી આજે મેલી થઈ છે. મારી જે રક્ષા આજે આપે કરી છે, તેનો બદલો હું એક જ રીતે વાળી શકું તેમ છું: આપને આપવા જેવું મારી પાસે મારું

સ્વતંત્ર જીવન છે, તે હું આપી દઈશ. આપના આખા કુટુંબની એકમાત્ર જે મૂંઝવણ, તેને હું મારા માથા પર ઉઠાવી લઈશ. થોડા દિવસ પર હું આપની પાસે મારી શરતો મૂકીને દબાવતો હતો, આજે હું પોતે જ જે કહો તે શરત નીચે દબાવા તૈયાર છું."

"તાત્કાલિક લગ્ન કરી શકશો?"

"પૂછો છો શા માટે? આજ્ઞા જ કરો."

"વિલાયત ક્યારે જવું છે?"

"આપ રજા આપો ત્યારે."

"એકલા જશો કે?"

"હવે એકલા વિલાયત જવાની મારી હિંમત જ નથી. આપ રજા દેશો તો જ અને સાથે મોકલશો તો જ મારે જવાનું છે, નહીં તો જવું નથી."

એક પ્રતિષ્ઠાવંત મિલમાલિકના પ્રતિનિધિ બનીને વિલાયત જનારા જમાઈની અને એ ફૂલહારે લચી પડતા જમાઈને પડખે ગળાબૂડ ગુલાબના હારોમાં શોભતી પોતાની પુત્રીની—બેલાર્ડ પિયર પરના એક 'પી. એન્ડ ઓ.' મેઈલ-જહાજ પર ચડતી – એવી બે પ્રતિમાઓ ચંપક શેઠની કલ્પનામાં રમી રહી. પોતે કલ્પના કરી, ને પોતાની કલ્પનામાં નિહાળી પોતે જ આભો બની રહ્યો. પોતાની એકોતેર પેઢીઓને પોતે એ કલ્પના વડે તારી રહ્યો હતો. એ કલ્પના સાચી પડશે ત્યારે અમારી કીર્તિનો રથ પૃથ્વીથી સવા વેંત ઊંચેરો ચાલશે. ગામડાંનાં સગાંવહાલાં અને જ્ઞાતિભાઈઓ 'ધન્ય છે! ધન્ય છે!' બોલશે. મિલોવાળા શેઠિયા અને દેશીપરદેશી સાહેબો તે દિવસ અભિનંદન આપવા આવશે

કે 'ચંપક શેઠ, તમારું કુટુંબ આટલું સંસ્કારી છે એની તો અમને ખબર જ નહીં.

આ તે શું ફક્ત સંતાનહીન પિતાના હૈયાના ગુપ્ત મનોરથો હતા? કે પોતાની અસલ જમીનમાંથી એકાએક ઊખડી પડીને શ્રીમંતાઈના ફૂલબાગમાં રોપાયેલાં સુવર્ણનાં ઝાડવાં સમાં માનવીનાં આ ઘેલાં હતાં? પોતાની ધરતી તો વછૂટી ગઈ, પરાઈ અને અજાણી ભોમમાં જરીક મૂળિયાં બાઝયાં—પછી શું માનવીના વલવલાટો આવા કોઈ સાફલ્યને શોધતા હશે? વારસહીનોના, પુત્રહીન વાંઝિયાઓના એ વલવલાટ! ઓચિંતી આવી પડેલી લક્ષ્મીની એ વ્યાકુળતા! એ પોતાની સાર્થકતા શોધે છે. એ જગતના કાન પર દાંડી પીટી પીટી ઘોષણા કરવા ચાહે છે કે, 'જુઓ, જુઓ, હું જે છું તે અસ્વાભાવિક નથી, ક્ષુદ્ર નથી, ઉપેક્ષા કરવા લાયક નથી. હું છું, હું કંઈક છું, હું ઘણું બધું છું.'

"એક વાતે તમને ચેતાવું," ચંપક શેઠે બેલાર્ડ પિયર પરથી કલ્પનાને પાછી વાળીને વિજયચંદ્રને યાદ આપ્યું: "સુશીલાના મગજ ઉપર કાંઈક માઠી અસર તમારાં ઓલ્યાં બેનના બોલવાથી થઈ છે એટલે..."

"એ બન્યું ત્યારે હું જરા મોડો પહોંચ્યો હતો. મને એ જાણ થઈ તે ઘડીથી જ મેં એ મિત્રની ને એમનાં પત્નીની—જેને હું ધર્મની બહેન માનતો તેની—સોબત છોડી છે, તેમના ઘરનો માર્ગ પણ છોડી દીધો છે. હું કબૂલ કરું છું કે ઘણાં વર્ષો સુધી હું છેતરાયો જ હતો. મારા ભોળપણ ઉપર કહો કે મારી મૂર્ખાઈ પર કહો—એ બેય જણાં આબાદ રમત રમી ગયાં છે. પણ એ તો

સારું થયું છે. મારો મદ ભાંગ્યો છે. હું મને પોતાને ઘણો હોશિયાર ને ચતુર માની બેઠેલો, પણ એમણે મને ફૂંકી ફૂંકી ફોલી ખાધો તે તો મેં બહુ મોડું જાણ્યું. ને મારી આંખો ઉઘડાવનાર પણ આપનાં પુત્રી જ બન્યાં—તે દિવસથી જ મને થયા કર્યું છે કે મારા જેવા બેવકૂફ ભોળા પુરુષને સદા સાવધાન રાખે એવી સ્ત્રીની જ જરૂર છે. મારે કાંઈ મૂંગી મૂંગી પૂજા કરનારી ને હામાં હા ભેળવનારી ગુલામડી નથી જોઈતી. એ જ્ઞાન થયું છે ત્યારથી તો મને પશ્ચાત્તાપ જ થયા કર્યો છે, કે એમને ભણાવવા-ગણાવવાની ને સંસ્કારો પાડી મારે લાયક બનાવવાની કેવી શેખી હું કરી બેઠો! ઊલટાનું હવે તો મને મારી પોતાની લાયકીનો વિચાર થાય છે."

છેલ્લા છ મહિનાના સમાગમમાં કોઈ અદ્ભુત ભાત પાડનારું આ જુવાનનું માનસિક પરિવર્તન ચંપક શેઠની આંખોમાં કામણ કરી રહ્યું. મનમાં થયું કે એ જૂના જમાનાની જડમૂર્તિ, જૂના વેવિશાળનો જિદ્દી પક્ષપાત કરતી એ મારી બોથડ ને મીંઢી બાયડી જો અત્યારે આંહીં આ સાંભળવા હાજર હોત તો એને ખાતરી થાત. મારી સુશીલા જો છૂપીને આ જુવાનના શબ્દો સાંભળી શકી હોત તો એના મનમાંથી એની જૂનવાણી ભાભુએ ભરાવેલ ડૂચા ક્યારના નીકળી જાત. એ બધાંને દીવા જેવું દેખાત કે મારી આંખોમાં ઠરેલો છોકરો નાલાયક નીવડે નહીં. છેલ્લા બેચાર દિવસોનો ખળભળાટ નાહક આડે આવ્યો, પણ ફિકર નહીં. રૂપાવટીવાળો એ હરામખોર વાણિયો નક્કી આ ભાભુ-ભત્રીજીને રસ્તામાંથી જ આડુંઅવળું સમજાવી ઘેરે લઈ ગયો હશે. હવે જ્યારે એણે એનું પોત પ્રકાશ્યું છે ત્યારે તો એની છાતી માથે

થઈને જ મારે લગન કરવાં છે. હવે ન્યાતની મંજૂરી લેવાની શી જરૂર છે? ન્યાત થોડો દંડ કરશે એટલું જ ને! ચૂકવી આપીશ.

વિજયચંદ્રને એણે પૂછ્યું:

“ઉતાવળે લગ્ન પતાવી નાખીએ તો ન્યાતનો તમને ડર છે ખરો કે?”

“મારે ક્યાં કોઈ ભાઈ કે બેનને પરણાવવા ન્યાતનું શરણ લેવાનું છે?”

“તો ચાલો. પરમ દી સવારે જ ઊપડવું છે.”

“એક વાત પૂછવાની રહે છે.”

“શી વાત?”

“દુ:ખ નહીં લગાડો ને?”

“ના.”

“આપનાં પત્નીને આ બધું ગમશે કે કેમ તે...”

“ન ગમે તો રસ્તા મોકળા છે. એક હાક માર્યા ભેગી તો આંખમાંથી દડ દડ ધાર નહીં છૂટી પડે? હું એવો બાયડીવશ ધણી નથી! પરમ દિવસ સવારની ગાડીમાં તમે બેસજો દાદરથી ને હું બેસીશ બોરીવલીથી. હવે પગથિયાં નથી મૂકવાં. સારા કામને સો વિઘન નડે. આ ખુશાલિયો પણ કાંઈક ખટપટ કરે એવો સંભવ છે.”

વિજયચંદ્ર સ્થિર નયને તાકી રહ્યો. એવી રીતે તાકવાથી એની આંખોમાં જળ ઝબૂક્યાં. રેશમી રૂમાલમાં એ જળનો છંટકાવ થયો. આભારમાં આકુલ બનતી બે મૂંગી આંખો બતાવીને એણે વિદાય લીધી.

# ૩૪. ‘ભલે આવતા!’

“ભાભી!” સુશીલાના પિતાનો સાદ સંધ્યાના અંધકારમાં ફાટી ગયો.

મોટાભાઈનો ‘રોકાઈ જાઓ’ એવો તાર મળ્યો એટલે એ તેજપુર ટપાલ વાંચવા ગયેલો. ત્યાંથી પાછા સાંજે થોરવાડ આવીને એણે ‘ભાભી ભાભી’ના પોકાર પાડતાં ઘર શોધ્યું. ભાભુ તે વખતે ઓરડાના અંધકારમાં એક નાનું આસનિયું પાથરીને બેઠાં હતાં. એમણે દિયરના બોલ સાંભળ્યા, પણ જવાબ દીધો નહીં.

“સુશીલા! સુશીલા!” પિતાએ બેબાકળી બૂમ પાડી: “ભાભુ ક્યાં છે?”

“સામાયક કરવા બેઠેલ છે.”

“કેટલીક વાર બાકી છે?”

સુશીલાએ ભાભુની સામે પડેલી કાચની ‘ઘડી’ અજવાળે લાવીને જોઈ અને પિતાને કહ્યું: “હમણાં જ બીજી ઘડીની બાંધી લાગે છે.”

એનો અર્થ એ હતો કે હજુ બીજો પોણો કલાક વીતશે.

એ પોણો કલાક વરસ જેવડો વીત્યો છતાંય ભાભી ન ઊઠ્યાં. એમણે ત્રીજી વાર એ ઘડી(કલાક-શીશી)ની રેતને ઊંધી વાળી. એમણે શાંતિથી સુશીલાને ફક્ત એક જ બોલ સંભળાવ્યો કે “મેં ત્રીજી ઘડી બાંધી છે.”

ત્રણ કલાકની ધર્મશાંતિ પૂરી કરીને સામાયિક છોડી, આસનિયું (કટાસણું) ઉપાડીને ઘડી કરી ઊંચે મૂક્યુ; માળા, મુહપત્તી અને કલાકશીશી ઠેકાણે મૂક્યાં. એ બધું નિહાળતો દિયેર, નાના બાળકની જેમ, ઉંબરમાં જ બેઠો હતો.

“કેમ ભાઈ?” એમણે દિયરને પૂછ્યું.

“આજે કેમ સામાયક ઉમેરતાં જ ગયાં, ભાભી?”

“તમે સાદ પાડ્યા ત્યારે મનની સબૂરી ચળી ગઈ’તી, ભાઈ! શું હશે ને શું નહીં હોય તેના વિચારે ચડી જવાણું’તું. એટલે પછી મનને સમતા શીખવવા બે સમાકું ઉમેરવી પડી.”

આ સાંભળીને દિયરને પોતાની અધીરાઈ ઉપર ભોંઠામણ થયું. ભાભીના ખુલાસામાં એક પણ સીધો શબ્દપ્રહાર નહીં હોવા છતાં દિયરે પોતાના અંતઃકરણને મૂંગો ઠપકો મળેલો અનુભવ્યો.

“તારનો ભરમ સમજાણો છે, ભાભી; મારા મોટાભાઈ પરમ દી આવે છે.”

“ભલે આવે.”

“ભેળા વિજયચંદ્રને લાવે છે.”

“લાવે ભાઈ, એમાં શું?”

"મારા ઉપર કાગળ છે કે સુશીલાનાં ઘડિયાં લગનની તૈયારી રાખવી."

"હં-હં-"

"સુખલાલ આજ મુંબઈથી આવી ગયા."

"ક્યાં ગયા? રૂપાવટી ને?" ભાભુના કંઠમાં આ સૂરોએ જૂદા જ ઝંકાર બોલાવ્યા.

"હા. મેં કહ્યું છે કે સવારે આંહીં સુધી આવી જાય."

"એ તો આવશે જ ને, માડી! એનાં ભાંડરડાં આંહીં છે."

દિયરના શબ્દો પોલા વાંસમાંથી પવન સૂસવે તેવી ધ્રુજારી સાથે નીકળતા હતા. ભોજાઈ એ ભલા દિયરના હૃદય-પોલાણમાં એક સરખા બંસીસ્વરો ઊઠે ને ધ્રુજારી શમે તેવા છેદ પાડવા માટે પોતાની શાંતિભરી ભાષાની છૂરી ફેરવતાં હતાં.

"આપણે શું કરશું, ભાભી?"

"આપણે એમાં ગભરાવાનું શું છે? તમારા મોટાભાઈએ, તમારે ને મારે, સૌએ કરવાનું છે તો જેમ સુશીલા કહે તેમ જ ને!"

"સુશીલાનું કહ્યું મારા ભાઈ શું કરવાના હતા?"

"દીકરી માથે હેત હશે તો કરશે."

"નહીં કરે તો?"

"તો પાછા જાશે ."

"આપણને ધમકાવશે તો?"

"તો ખમી લેશું."

"મુંબઈ ભેગાં લઈ જશે તો?"

"ઉપાડીને કોઈ થોડાં લઈ જવાનું હતું, ભાઈ!"

"ભાભી, મને બીક લાગે છે."

"હું એ જોઉં છું, ભાઈ! પણ બીવા જેવું શું છે?"

"મારા ભાઈ તોફાન મચાવશે, ક્યાંક રાજની મદદ લેશે, એવા મારા મનમાં ભણકારા બોલે છે."

"તોય આપણી કઈ જવાબદારી છે? રાજને જવાબ તો સુશીલાએ દેવાનો છે!"

"સુશીલા કોનાં બાવડાંના બળે જવાબ દેશે?"

"મારાં ને તમારાં તો નહીં જ."

"ત્યારે?"

"એનો જવાબ આપણને સવારે જડી રહેશે."

"કોની પાસેથી?"

"સુખલાલ પાસેથી. એ કદાચ અહીં આવે કે ન આવે, માટે એક માણસ મોકલી વેળાસર તેડાવી લ્યો."

"એ શું જવાબ દેશે?"

"એને આપણે એક જ વાત પૂછવી છે, કે ધણી તરીકે પ્રાણ દઈને પણ સુશીલાની રક્ષા કરવા તું તૈયાર છો, બાપા? તને દંડશે, પીટશે, લૂંટશે, દબાવશે, તારા બાપનું ધનોતપનોત કાઢી નાખશે; તે બધુંય ભોગવવાની તૈયારી હોય તો હા પાડજે, ને નીકર ના કહી દેજે. એટલે સુશીલાને કોની રક્ષા ગોતવી તેની સૂઝ પડે. પરણવાની તારી બીજી ત્રેવડ અમે જોઈ નથી, અમારે જોવીય નથી; જોવી તો રહે છે ફક્ત આ ત્રેવડ—સુશીલાનો હાથ ઝાલીને ખુવારીને છેલ્લે પાટલે બેસી જવાની ત્રેવડ. બસ, આનો

જે જવાબ સુશીલાને જડે, તે ઉપર સુશીલાએ કેડ બાંધવી કે ન બાંધવી.”

અંધારામાં એ ભાભી-દિયર ગુરુશિષ્ય સમાં લાગતાં હતાં, ને સાંભળતે સાંભળતે દિયરના મનમાં કલ્પનાભૂતો, ડર અને સંશયો ભેદાતાં હતાં.

“સુશીલાને કદાપિ તમે ને હું પરણાવી દઈએ, પણ એનો આખો સંસાર ચલાવી દેવા આપણાથી નહીં જવાય. સુશીલાનું હૈયું ભલે બીજી બધી વાતે રૂપાવટીવાળાને ઘેરે ઠર્યું, સુખલાલ ભલે બીજા કરતાં વધુ ગમ્યો, પણ સુખલાલના હૈયામાં કેટલું હીર છે તેની આપણને હજી પાકી ખબર ક્યાં છે? પૂછો સુશીલાને. પછી બોલાવો સુખલાલને. આપણું જોર તો એની પીઠ ઢાંકીને ઊભવા માટે છે—છાતી તો એની જ જોરદાર જોવે ને! આ કાંઈ જેવોતેવો મામલો નથી મચવાનો, વીરા મારા! હું સમજીને, કલ્પીને, છેલ્લી ગાંઠ વાળીને પછી જ મુંબઈથી નીકળી છું.”

સુશીલા-સુખલાલનાં લગ્ન આડે પડનારો પોતાનો પતિ કેટકેટલી સમશેરો વીંઝવાનો છે તેની એક દારુણ કલ્પના આ નારીનાં નેત્રો સામે ચકચકી રહી હતી. એની વિચારમાળાના મણકા ફરી ફરીને આજે છેલ્લા ‘મેર’ પર આવ્યા હતા. એની સાદી સાન સાબૂત હતી, સ્થિર હતી ને સીધીદોર હતી. લગ્ન-સંબંધની યોગ્યાયોગ્યતાની છેલ્લી ચકાસણીની આ નારીને ગતાગમ હતી. ચાસણીનો તાર ક્યારે આવ્યો કહેવાય તેની એ સ્ત્રી જાતમાહેતગાર હતી. એણે કટોકટ ત્રાજવે પ્રશ્ન મૂક્યો:

‘પરણવા માગનારની ખુવાર થઈ જવાની કેટલી તૈયારી છે?

લગ્નનો લાડવો માત્ર પ્રેમના પાણીથી નથી વળતો—જોઈએ છે ખપી જવાની શક્તિનું પાકી તાવણનું ઘી.'

વળતા દિવસે સવારે સુખલાલ ઘોડે ચડીને આવી પહોંચ્યો.

# ૩૫. ભાભુનું લગ્નશાસ્ત્ર

ઘોડી પરથી ફલાંગ મારીને ઊતરતા સુખલાલને સુશીલાએ પરસાળની કિનાર પરથી જોયો. કમ્મરે એણે દુપટ્ટો કસકસેલ હતો, ને ધૂળથી બચવા માટે મોં ફરતી બુકાની બાંધેલ હતી. એના માથા પર મુંબઈની ટોપીને બદલે આંટી પાડીને બાંધેલી સફેદ પાઘડી હતી.

ઘોડીની સરક પકડીને એ ડેલીમાં દાખલ થયો, ત્યારે મોં પરની બુકાની ઉતારી નાખી હતી. ભરેલું ગોળ મોઢું આંટિયાળી નાની પાઘડીએ વધુ શોભતું હતું.

એણે જોયાં—પોતાનાં ત્રણ નાનાં ભાંડરડાં: પરસાળની કિનાર પર બેસીને ત્રણે દાતણ કરે છે. સૌથી નાનેરી પોટીને દાંતે દાતણનો કૂચડો ઘસતા સુશીલાના હાથ દેખાયા, આંગળાં નજરે પડ્યાં, ને ખુશાલભાઈના શબ્દોનો પડઘો ગુંજયો: ‘હાડેતી છે, હો સુખલાલ! લાગે છે તો ટકાઉ રાચ.’

પણ એ રાચ કેવળ એકલું ટકાઉ હોત તો સુખલાલનાં નેત્રો આટલાં સજળ ન બન્યાં હોત. નાની છોકરી ‘પોટી’ એક અવાજ

સરખોય કાઢ્યા વગર મોં ફાડીને આ પારકી જણીની પાસે દાંત ઘસાવતી હતી. દાંત ઘસવાની કે ઘસાવવાની ક્રિયા કેટલી અળખામણી છે, તે સમજવા માટે સૌએ પોતાની બાલ્યાવસ્થા યાદ કરવાની રહે છે. પોટીના દાંત પર કૂચડો પોચે હાથે ફરતો હતો, ને પોટી સંચાની પૂતળી પેઠે, સુશીલા એને જેમ ફેરવે તેમ ફરતી હતી.

“એ હે…ઈ…મોતાભાઈ…ધુવો (જુઓ) છુછીલા ભાભી..” સાત વર્ષનો ભાઈ ઊભો થઈને પગ પછાડતો પછાડતો લલકારી ઊઠ્યો: “ધુવો ધુવો. આ છુછીલા ભાભી…આપલી બા વઈ ગઈ—ને આ છુછીલા ભાભી આવાં…ધુવો છુછી…”

કહેતે કહેતે એનો એક હાથ સુશીલા તરફ હતો, બીજા હાથમાં દાતણ હતું. એની ચડ્ડી ઢીલી થઈને નીચી ઊતરતી હતી. ને એની મોટી બહેન સૂરજ એને હાથ પકડીને હેઠો બેસારવા કોશિશ કરતી હતી, ત્યારે ફળિયામાં ઊભેલા સુખલાલના હાથમાંથી ઘોડી લઈને નાના શેઠ એકઢાળિયામાં બાંધતા બાંધતા હસતા હતા. સુશીલા તીરછી આંખે સુખલાલ તરફ મોં મલકાવતી હતી, ને સુખલાલ પોતાના બાળભાઈના એક બોલ પર હૈયું ટેકાવીને નીચું ન્યાળતો ઊભો હતો: ‘બા ગઈ—ને ભાભી આવ્યાં.’

ઘોડી બાંધીને ઊઠેલા નાના શેઠ કહેવા લાગ્યા: “છોકરાં પણ, ભાઈને કઉં કે, લીંબુના પાણીની જેમ આંહીં એકરસ થઈ ગયાં છે. લ્યો, ચાલો બેઠકમાં.”

“છોકરો બેક વિશેષ બોલકો છે,” સુખલાલ પોતાના નાનેરા

ભાઈ તરફ મીઠી નજરે જોતો જોતો બોલતો ગયો. નાનાભાઈએ પોતાની મેળે જ સુખલાલને સંભળાવ્યું:

"હમણાં આવું થું, હો! છુછીલા ભાભીને પૂથીને પથે આવું થું, હો મોટાભાઈ. પૂથ્યા વગલ નથી આવવાનો."

એના બોલ બોલ કરતા મોં પર હાથ મૂકવા મથતી બહેન સૂરજને સુશીલાએ હસી હસી હાથ ઝાલીને વારણ કર્યું, ને એણે બેઉ નાનેરાં બાળકોનાં નાક-મોં સાફ-સુંવાળાં કરી પછી સૂરજને કહ્યું: "જાવ, ત્રણે ભાંડરડાં તમારા ભાઈને મળીને પછી શિરાવવા આવો."

શા માટે સુશીલા આટલી ઉતાવળ કરતી હતી? ભાંડુઓનો ભાંડુ સાથે મેળાપ કરાવવાની એ પરોપકારવૃત્તિ હતી? એ પ્રશ્નના જવાબમાં પરોપકારવૃત્તિ અંદરથી બોલી ઊઠી: "દુત્તી! એ છોકરાંઓને મેળવવામાં ઊંડો ઊંડો મિલનસ્વાદ તો અગોચર ઊભીને તારી પોતાની જ સુંવાળી લાગણી લેવા માગે છે. અધીરાઈ તો આ એની છે, લુચ્ચી!"

એવા ટીખળખોર આંતર-સ્વરોને તાળી દઈને નાસતી સુશીલા રસોડામાં લપાઈ ગઈ. પણ કોકનાં ધબ! ધબ! કરતાં પગલાં એની પૂંઠે પડ્યાં હતાં. કોઈક ધસી આવતું હતું. દીવાલને ઓથ દઈને લપાઈને દીવાલમાંથી કોઈક જાણે અંદર પેસતું હતું.

એ ધબકારા આખરે તો એના અંતરમાંથી ધમધમ કરતા હતા. મનમાં જાણે કોઈક ઘોડેસવારે પોતાનો નવલોહિયો અશ્વ કૂંડાળે નાખ્યો છે.

"ગગી!" ભાભુએ ધર્મક્રિયા પૂરી કરીને પ્રશાંત પગલે આવી

કહ્યું: “રોટલાનો ભૂકો અને દહીંનો વાટકો એક થાળીમાં મૂકીને તૈયાર રાખજે. એને ચા પીવો હશે તો પછેં કરી દેજે. હું એને મોઢે ખરખરો કરીને આ આવી—હો કે! રોટલાનો ભૂકો ઝીણો કરજે, હો બાઈ!”

કહીને પોતે બેઠકમાં ગયાં. સુખલાલ ઊઠીને સામે આવ્યો. ભાભુને એ નીચે નમીને પગે લાગ્યો.

“બેસો, માડી!” એ પછી થોડી વારનો મૂંગો ગાળો જવા દઈ ભાભુએ કહ્યું: “તમારાં માનો આત્મા તો બહુ ભાગ્યશાળી: પૂરો પુન્યશાળી: પણ અમને લાખ રૂપીયાની ખોટ બેસી ગઈ. એની આવરદા ટૂંપાઈ જવાનું મેણું અમારે માથે આવ્યું. એને ધ્રાસકો ખાઈ ગયો, કે વહુ હારી બેઠાં.”

એ ધ્રાસકા (આઘાત)ની વાત સુખલાલે નવી સાંભળી. ભાભુએ આગળ ચલાવ્યું:

“એની જીવાદોરી અમારે નિમિત્તે કપાણી. જેવી એ તો લેણદેણ. પણ હું એના પ્રાછત સારુ થઈને જ છોકરાંને આંહીં લેતી આવી.”

સુખલાલને ફાળ પડી: એની આંખમાં હરણાં કૂદ્યાં: ઓ મારા બાપ! આ તો આશરાધર્મની લાગણીથી છોકરાંને લાવ્યાં લાગે છે!

ભાભુએ કહ્યું: “લેણદેણના સંબંધ લેણદેણ હોય ત્યાં લગી ચાલે છે; એકબીજા માટે થઈને કષ્ટો ઉઠાવીએ ત્યારે લેણદેણના ચોપડા આગળ લખાય છે. હિંમતની તો મોટી વાત છે, ભાઈ! કહે છે ને કે રણ તો શૂરાનું છે.”

સુખલાલને કાંઈ સમજ નહોતી પડતી કે પોતે આ સ્ત્રીની

નજરમાં કયા સ્થાને ઊભેલો છે. ને આ સ્ત્રી શું મને મારી માતૃહીન સ્થિતિ પૂરતો જ હિંમતવાન બનવા કહી રહી છે કે બીજુંય કંઈ સૂચવી રહી છે?

વાતો ચાલી રહી છે ત્યાં તો તેજપુરથી એક ગાડું આવીને ઊભું રહે છે. 'તેજપુરનું ગાડું' સાંભળી નાના શેઠ ચમકે છે. એના મોંમાંથી શબ્દો નીકળી જાય છે: "અત્યારમાં! હેં! અત્યારમાં ભાઈ ક્યાંથી?"

"સબૂરી રાખો, બાપુ! સબૂરી રાખો," એટલું જ ભાભુએ કહ્યું. ત્યાં તો ગાડા સાથેના દુકાનના માણસે આવીને ચિઠ્ઠી આપી. ચિઠ્ઠી વાંચતા વાંચતા નાના શેઠ પાછા આવ્યા ને ભાભુને કહેવા લાગ્યા: "કાપડ-બાપડ વગેરે બધો સામાન આવ્યો છે. ચોખા ને તૂરદાળ આવેલ છે. બીજી બધી પરચૂરણ ચીજો વરા માટે આવી છે. લખે છે કે મુંબઈનો કાગળ હતો તે મુજબ અવસરની બધી ચીજો મોકલી છે."

"ઠીક! ઠીક!" ભાભુ સહેજ હસ્યાં ને સુખલાલ શ્યામ બન્યો. કયા અવસર માટે? મારી સાથે? હોય નહીં—મા મૂએ પાંચ જ દિન થયા છે. ત્યારે કોની સાથેનો અવસર?

"મુંબઈથી આવીને બપોરે તો બેય જણ ત્યાં તેજપુર જ તડકો ગાળવાના છે, ને રાતે આવશે એમ લખે છે, મે'તાજી," નાના શેઠે ભાભીને ખિન્ન હૃદયે ખબર આપ્યા: "મુંબઈથી નીકળી ચૂક્યાનો તાર આવી ગયો છે તે પણ બીડ્યો છે. એટલે હવે તો ચોક્કસ જ સમજવું."

“અચોક્કસ આપણે ક્યાં સમજ્યાં’તાં, ભાઈ? ઉતરાવી લ્યો બધો માલ.”

“તિથિ પણ મે’તાએ જોવરાવી મોકલી છે. પરમ દીની જ તિથિ છે.”

કાગળ વાંચી વાંચીને ભાભીને સમાચાર સંભળાવતા નાના શેઠની સામે સુખલાલ શૂન્ય આંખે તાકી રહ્યો છે. એના મનમાં અનુમાન બંધાતું નથી. આવનાર એ બે જણામાં બીજો કોણ? ક્યો નવો મુરતિયો મળી ગયો? વિજયચંદ્રને તો હવે આ લોકો થોડા અડશે? કોણ હશે બીજો સુભાગી?

ત્યાં જ નાના ભાઈએ કાગળ વાંચીને વધુ ખબર દીધા:

“વિજયચંદ્રને ખાદીનો જ આગ્રહ હોવાથી બાકીનું બધું કાપડ મુંબઈથી લેતા આવે છે—બેનને માટે પણ તૈયાર... અં-અં-અં...”

“હં-હં.” ભાભુએ એ બધા સમાચારને પૂર્ણવિરામ મૂકીને પછી પાછું સુખલાલ તરફ ફરીને કહ્યું:

“જાણે જુઓ, માડી! વેશવાળ કહો કે વિવા કહો, એ કાંઈ એક પુરુષ ને એક કન્યા વચ્ચે તો થોડાં જ હોય? કન્યા વરે છે ને પરણે છે—સાસરિયાંના આખા ઘરને, કુળને, કુળદેવને; અરે માડી, ઘરે બાંધેલ ગાયના ખીલાનેય. તેમ પુરુષ પણ પરણે છે કન્યાને, કન્યાનાં માવતરને, કન્યાનાં ભાંડરડાંને, કન્યાનાં સગાંવહાલાંને ને કન્યાનાં માવતરના આંગણાની લીલી લીંબડી-પીપળીનેય.”

સુખલાલ કાંઈ જવાબ આપે તે પૂર્વે તો ભાભુએ ઉમેર્યું કે “પુરુષનો બાપ કાલોઘેલો હોય તોય કન્યા એની અદબ કરે

ને રોટલો ટીપી ખવરાવે. સ્ત્રીનો બાપ અણકમાઉ ને રખડી પડ્યો હોય તો જમાઈ એને ખંધોલે બેસારીને સંસારનાં વન પાર કરાવે—ખરું ને, ભાઈ? ન જાળવે તો ક્યાં મૂકી આવે? અનાથોના આશ્રમમાં?"

સુખલાલે વધુ ને વધુ મૂંઝવણ અનુભવી, ને નીચે જોયે રાખ્યું.

ભાભુએ કહ્યું: "સુખલાલ! બેટા, આમ જુઓ."

સુખલાલે ઊંચું જોયું.

"આ બેઠા મારા દીકરા જેવા દેર—ને તમારા તમે જે ગણો તે. કાલ સાંજરે એને આ ઘરના પથરા કહી દેશે કે: "નીકળી જા, ઓટીવાળ! ચાલ્યો જા, ગમે ત્યાં જા, ન જિવાય તો મરી જા!"

સુખલાલને કોઈ ભવિષ્યવાણી બોલતું લાગ્યું. ભાભુએ આગળ ચલાવ્યું:

"મૂંઝાશો મા, તમારે માથે કોઈ આફત ઓઢાડવી નથી. આ તો તમારા હૈયાને જે જે આંચકા આજ સુધી લાગ્યા હોય, જે જે અપમાનોના સૂયા ભોંકાણા હોય તે તે તપાસી જોવા કહું છું."

"ભાભુ!" સૂરજે આવીને કહ્યું, "દહીં ને રોટલાનો ભૂકો તૈયાર છે."

"હાલો, થોડું શિરાવી લ્યો," એમ કહીને ભાભુએ સુખલાલને બીજા ઓરડામાં લઈ જઈ બેસાડ્યો; પોતે બહાર નીકળી ગયાં. ને તે પછી સુશીલા હાથમાં થાળી લઈ દાખલ થઈ. સુખલાલને આ કન્યા પોતે જ જમાડવા આવશે એ સ્વપ્ને પણ નહોતું. એને સુગંધ આવી. એનું પૌરુષ ધમધમી ઊઠ્યું. એ સુશીલાને પોતાનો જ લાગ્યો. સાડીની મથરાવટી ને પાલવ સંકોડીને એણે થાળી

પાટલા પર મૂકી કહ્યું: “જમો.” ને એના મલકતા મોં પર ગલ પડ્યા.

સુખલાલ ખોટે ખોટું જમવા લાગ્યો. એના હાથ કોળિયો લેવાને બદલે આ પારકી છોકરીને ગાલે વગર વાંકે થોડા તમાચા લગાવવા તમતમી ઊઠ્યા.

સુશીલાએ કહ્યું: “મારે એક જ વાત પૂછવી છે.”

“પૂછો.” સુખલાલનાં રોમ સળવળ્યાં.

“તમે તૈયાર છો?”

“શાને માટે?”

“જે પડે તે ભોગવવાને માટે?”

“પણ કોને માટે?”

“મારા એકલીના માટે નહીં.”

“ત્યારે?”

“અમારા સૌના માટે.”

“તૈયારી ન હોત તો આટલો હઠીલો બનીને લાગ્યો શા માટે રહેત?”

“બાપા તૈયાર છે?”

“પૂછ્યું નથી.”

“પાછા જશો? બાપાને તેડી આવશો? કાલ સવાર પહેલાં આવી શકશો?”

“સવારે શું છે?”

“મારા મોટા બાપુ વિજયચંદ્રને લઈને આવે છે—પરણાવી દેવા આવે છે. મારા બાપુએ ને ભાભુએ આપણા વેવિશાળની

ગાંઠ વાળી છે. બેઉ જણાં ઘર ત્યાગીને આંહીં આવ્યાં છે—આપણા માટે. તમે ઝટ બાપુને તેડી લાવો."

સુશીલાના કંઠમાં ધ્રુજારી ઊઠી.

"મારા બાપુને?"

"હા, હા, બાપુને!" સુશીલા ભાર દઈને બોલી.

"શા માટે? હું પોતે જ જવાબદારી લઉં છું—પછી શું છે?"

"ના, ના, હું તમારી એકલાની થઈને આવું નહીં. મને આવવાનું મન થાય છે, કેમ કે બાપુ છે, ભાંડુઓ છે, ઘર છે ને ઘરમાં વાછડી છે."

"બાપુ ન હોત તો?"

"તો મારું મન કદાચ પાછું પડી જાત."

"બાપુ થોડા ના પાડવાના છે?"

"અમને રક્ષણ દેવાની ના તો નહીં પાડે, પણ અમને ઘરમાં લેશે કે તરત મારા મોટા બાપુજી આપણા સૌ ઉપર તૂટી પડવાના. એની મતિ... હે ભગવાન!" સુશીલાએ નિસાસો મૂક્યો.

"હું ભાભુને મળું, પછી નક્કી કરું."

"જે કરવું હોય તે કાલ સાંજ સુધીમાં કરી લેજો."

સુખલાલ ખાઈને સસરા ને ભાભુ બેઠાં હતાં ત્યાં ગયો. એણે વાત મૂકી:

"લગ્ન આજે, અત્યારે, બે કલાકમાં ન કરી લેવાય?"

"હા હા, ભાભી," સુશીલાના પિતા હર્ષાવેશમાં આવી ગયા: "આ તો મને સૂઝેલું જ નહીં."

"પણ મને સૂઝેલું હતું, ભાઈ!"

"તો પછી, ભાભી! કરી લઈએ. પછી મારા ભાઈ પણ ટાઢા પડશે, હો ભાભી! ગોરને ગામમાંથી જ બોલાવી લઈએ, હેં ભાભી! ફક્ત ચોઘડિયું સારું જોઈ લઈએ, હેં ભાભી!"

"ના, ભાઈ! ના." ભાભી આવા મક્કમ અવાજે અગાઉ કદી બોલ્યાં હોય તેવું યાદ ન આવ્યું.

"કાં ભાભી? સુખલાલ પોતે કબૂલ થાય છે."

"એમના બાપા કબૂલ થાય તો પણ નહીં."

"કાં ભાભી?"

"એના ઘરમાંથી મા મૂઈ છે, ભાઈ મારા—ઢોર નથી મૂવું! ને બીજું, મારે મારી છોકરીને ચોરીછૂપીથી નથી પરણાવવી. મારી સુશીલાએ કોઈ કલંકનું કામ કર્યું નથી. મારે તો સાખિયા જોઈએ છે ન્યાતના સમસ્ત ન્યાતીલા. મારે મારી લાડકીના આ શ્રેષ્ઠ અવસરમાં સૌની આશિષ લેવી છે, સૌનાં મોં મીઠાં કરવાનાં છે. મારે એને રાત લેવરાવવી નથી, ભગાડવી નથી."

"પણ ભાભી, સારા કામમાં સો વિઘન."

"વિઘન તો આવે. વિઘનને વળોટીએ તો જ સારાં કામ મીઠાં લાગે."

"બહુ મોટો ખોપ—"

"કાંઈ નહીં થાય, ભાઈ! હિંમત રાખો. આપણે ચોર નથી, લૂંટારા નથી, અનીતિના કરનારા નથી. બીક કોની છે?"

"રાજની ખટપટો ઊભી થાશે તો?"

"ના રે ના. રાજવાળા તે બચાડા જીવ શી ખટપટ કરવાના હતા? દીકરી પુખ્ત ઉંમરની છે, એને પોતાનાં વરઘર પસંદ

કરવાનો હક છે, ને તમે દીકરીના બાપ છો. તેમ સુખલાલને થોડા કોઈ પચાસ વરસના ઠેરવવાના છે?"

"બીજું કોઈ તૂત ઊભું કરે ને, ભાભી!" નાના શેઠના કહેવા પાછળ ઊંડો ઊંડો ગર્ભિતાર્થ હતો. સુખલાલ એ પારખી ગયો: એના પૌરુષહીનત્વની બનાવટી કથા.

"ગમે તે તૂત કરે, કરે કે ન કરે, તમે દીકરીના બાપ છો, ને દીકરી લાયક ઉંમરની છે," એટલું કહેનારાં ભાભુ પણ આ મર્મ સમજતાં હતાં.

થોડી વાર સુધી કોઈ બોલ્યું નહીં. સુશીલાના પિતાને ચટપટી ચાલી હતી. એના અંતરમાં ધાસ્તીના ફફડાટ હતા. એને તો ભાઈના આવ્યા પહેલાં પતાવી લેવું હતું. આ ભાભી ક્યાં લઈ જાય છે? કયા ભયાનક પ્રદેશમાં? કઈ વિકટ વાટે? કેમ ટક્કર ઝિલાશે? પણ ભાભી પોતેય ભેગી છે. ભાભીની તૈયારી કારમી છે. ભાભી મારે એક પડખે, ને સુશીલા મારે બીજે પડખે: મારી મોખરે સુખલાલ: મને કોની બીક છે? મનની ઝાડીમાં ઘુરકાટ કરતાં ભયનાં તત્ત્વોને ભાભીની ઓથે રહીને વટાવતો આ ગભરુ પિતા જાણે એક અગ્નિ-ખાઈ ઓળંગી ગયો.

"માટે જાવ, ભાઈ સુખલાલ, દીપચંદ મામાને મળો, એનો મત મેળવો, મનની નીગઠ ગાંઠ વાળીને નિર્ણય જણાવો. ને પાછા આવવાનો મત બંધાય તો કાલ સવારે પહોંચી જજો. બની શકે તો એક ગાડું લેતા આવજો. પાછા ન આવવું હોય તોય તમે મોકળા છો, હો ભાઈ!"

પછી ફરી વાર જ્યારે સુખલાલ ઘોડી પર ચડ્યો ત્યારે એના

કપાળમાં ભાભુના હાથનો ચોડેલો અક્ષતકંકુનો ચાંદલો હતો, ને મોંમાં ગોળની એક કાંકરી આસ્તે આસ્તે ઓગળી રહી હતી.

# ૩૬. 'આજની ઘડી રળિયામણી'

તે જ દિવસે રાત્રીએ થોરવાડ ગામની સાંકડી બજારમાં કોઈ મણિધર નાગ ચારો કરવા નીકળ્યો હોય એવો ઝળઝળાટ થયો. તેજપુર દરબારની મોટર ચંપક શેઠને અને વિજયચંદ્રને લઈને સામા મળતા બળદોને ભડકાવતી અને ગામપાદરના મોરલા ગહેકાવતી આવી પહોંચી. ટેવાઈ ગયેલા ગામલોકોએ હાટડેથી, ઓટલેથી ને ચોરા ઉપરથી સબ દેતાકને ઊભા થઈ સલામો કરી. ચંપક શેઠે માન્યું કે આ માન પોતાને મળ્યું.

ઘરનાં તમામ માણસો ઉપર છાકો બેસારી દેવાનો જ નિશ્ચય કરીને આવેલા ચંપક શેઠ કોઈની સાથે વાતચીતનો શબ્દ પણ બોલ્યા વિના મહેમાનને લઈ મેડી ઉપર ચડી ગયા. તેમણે નીચેના ઓરડામાંથી ઉપર આવતો ઠંડા પહોરનો કાંઈક કિચૂડાટ સાંભળ્યો; એ કિચૂડાટ ઘોડિયાનો હતો. જગતના કરોડો કાનોને મધુર લાગતા આ કિચૂડાટે ચંપક શેઠના કાનમાં કાંટા ભોંક્યા. એણે તપ્ત અવાજે પોતાની સામે એક બાજુ ગરીબડા બની ઊભેલા નાના ભાઈને પૂછ્યું: "ઘરમાં ઘોડિયું કોનું ચાલે છે?"

ક્ષણ એક તો જવાબ દેવાની ઝાડી ફાટી નહીં, ખોંખારો ખાવો પડ્યો. ત્યાં તો મેડીના બાજુના ઓરડામાંથી ભાભુ બોલ્યાં: “એ તો નાની દીકરી છે મારા દીપચંદ મામાની—રૂપાવટીવાળાની.”

“એનાં વહુ ગુજરી ગયાં ને, તે છોકરાંને આંહીં લાવેલ છે,” ઘડીભર થોથરાયેલો દિયર હવે તાબડતોબ બોલી ઊઠ્યો. ભાભી ભેરે જ હતાં, પાસે જ હતાં, તેની એને ખબર નહોતી. કેમ કે એ તો અંદરના દાદરમાં થઈને ઉપર આવેલાં.

“સવારે પાછાં મોકલી દેજે,” ચંપક શેઠે સીધી નાના ભાઈને જ આજ્ઞા આપી. ઓરડાના દ્વારમાં ગોરા બેવડિયા દેહનું તેજસરોવર લહેરાવતી ઊભેલી પત્નીની સામે પણ એણે ન જોયું.

“સવારે વહેલો ઊઠજે ને બેઠક સાફ કરાવી નાખજે. પંદર જણ જમનાર છે. કહી દેજે જે રાંધનારાં હોય તેને, મીઠાઈ નથી કરવાની; મીઠાઈ સવારે આવી પહોંચશે. ફક્ત દાળ, ભાત શાક ને ફરસાણ કરવાનું છે.”

નાનાભાઈને એટલી વરધી દઈને ચંપક શેઠે સોડ તાણી લીધી. તે પછી વિજયચંદ્રે પોતાનાં કોટ અને ટોપી ઘડી પાડી સંકેલીને પોતાના ઓશીકા નીચે દબાવ્યાં, અને નાના શેઠને નરમાશથી પૂછ્યું: “અહીં સંડાસ, પાણિયારું વગેરે ક્યાં છે? ચાલો, જરા જોઈ લઉં?”

નાના શેઠ નારાજ દિલે જ્યારે વિજયચંદ્રને લઈ નીચે ઊતર્યા ત્યારે, ત્યાં ઊભેલાં ભાભુએ તરત જ નોકરને કહ્યું: “જાવ, મહેમાનને સંડાસ બતાવી આવો. અને પાણી તો ઉપર જ મૂકેલ છે.”

થનાર સસરા સાથે થોડો વાર્તાલાપ કરવાની વિજયચંદ્રની ઇચ્છા ભાભુએ આ રીતે ફળવા ન દીધી, છતાં અથાક પ્રયત્નોમાં અચલ આસ્થા ધરાવનાર વિજયચંદ્રે નીચેની પરસાળમાં ઊભા રહીને ભાભુને સંભળાવવા કહ્યું: “મકાન તો સરસ છે. કેટલી બધી સુંદર સોઈ છે! જરા મીઠું મળશે? કોગળા કરી લઉં.”

ભાભુએ જ રસોડામાંથી લાવી મૂંગે મોંએ મીઠું આપ્યું. વિજયચંદ્રે તે રાતે કોગળા કરવામાં મોંની વિશેષ ચોકસીપૂર્વક ને લંબાણથી સંભાળ લીધી.

તોયે ક્યાંય સુશીલાનો પડછાયો ન દીઠો. ફક્ત કિચૂડાટ જ સંભળાતા હતા. ઘોડિયું કે ઘોડિયાને ખેંચનાર હાથ ન જ દેખાયાં.

‘ભાવિમાં એક દિવસ આવા જ કિચૂડાટ…’ વિજયચંદ્રની કલ્પના ત્યાં જ વિરમી ગઈ. ઉપર જઈને એ નીંદરમાં પડ્યો. એ નીંદરને સવાર સુધી સ્વપ્નાં ચૂંથતાં રહ્યાં.

વહેલી પરોઢે ભાભુએ સુશીલાને જગાડી અને રસોડાનો આદર કરી દીધો. મેડી ઉપર શી વાત થઈ છે તે ભાભુએ સુશીલાને કહી નહોતી: ચુપચાપ અને ચીવટથી ભાભુ રસોઈની સજાવટ કરતાં હતાં: ‘મીઠાઈ તો ગગી, તેજપરથી આવવાની છે,’ ‘તું જો તો ખરી, ગગી, હું ભજિયાં ને ઢોકળાં કેવાં બનાવું છું!’ વગેરે ઉદ્‌ગારો કાઢતાં કાઢતાં ભાભુ રસોઈના સમારંભમાં જે રસ બતાવતાં હતાં, તે પરથી સુશીલા ઊંડે ઊંડે મૂંઝાવા લાગી. ‘જોઈ લેજે, વિજયચંદ્રને તારાં કરેલાં ભજિયાં વધુ ભાવતાં કે મારાં કરેલાં આજ વધુ ભાવે છે?’ એવો પણ વિનોદ ભાભુ છાંટતાં ગયાં. ભાભુએ ભત્રીજીની જે દશા રેલવેમાં કરેલી તે આ

પરોઢિયે ફરી વાર કરી. ઓછામાં પૂરું, આડે દિવસે કદાપિ ન ગાનાર ભાભુ અત્યારે તો ઊઠતાં ને બેસતાં, લેતાં ને મેલતાં, 'મારો વા'લો આવ્યાની વધામણી રે, આજની ઘડી રળિયામણી' જેવાં ગીતોની પંક્તિઓ ગુંજતાં હતાં. સુશીલાની શંકા આ બધું સાંભળી સાંભળી એટલી તો દુષ્ટ બની કે તેણે રાતમાં ભાભુ મેડી ઉપર બાપુજી પાસે ગયાં હશે કે નહીં તેની ચોકસી માટે ભાભુને સીધા—આડકતરા કેટલાક પ્રશ્ન પૂછી જોયા, પણ ભાભુ પકડાયાં નહીં.

નવા પાટલા, નવાં ઢીંચણિયાં, કોકરનાં થાળીવાટકા વગેરે સામગ્રી પેટીપટારામાંથી બહાર નીકળતી ગઈ તેમ તેમ સુશીલા વધુ ગૂંગળાતી ગઈ.

મૂંઝાયેલી સુશીલા વચ્ચે વચ્ચે બાળકો પાસે જઈ આવતી હતી. ભાઈ-બહેનને સાચવતી બેઠેલી સૂરજે એક વાર એમ પણ પૂછ્યું: "કેમ મોં પડી ગયું છે, ભાભી?"

નાનો દિયર છાનોમાનો પૂછી જતો: "ભાભી, આજ બોલટાં કેમ નઠી?"

"બોલું છું ને, ભાઈ!" સુશીલા જવાબ દઈને હસવા મથતી.

"હે-હેઈ! ભાભી! ટમાલી આંઠમાં પાની-પાની-પાની ડેઠાય!" (તમારી આંખમાં પાણી દેખાય.) જો પોટી!"

પોતાનાથી રોઈ પડાશે એ બીકે સુશીલા ત્યાંથી નાઠી.

ચંપક શેઠનું એ જ વખતે નીચું ઊતરવું થયું. એ સૂરજ સામે ભ્રૂકુટિ ચડાવીને બોલ્યા: "પછવાડે જઈને બેસો."

પોતાનાં બેઉ ભાંડરડાંને પાછલી પરસાળમાં લઈ જઈને સૂરજ

લપાઈ ગઈ ને સુશીલાની રાહ જોતી રહી. સુશીલા એ બાજુ આવી એટલે સૂરજે ધીમેથી પૂછ્યું: “અમે પાડોશીને ઘેર જઈને બેસીએ, ભાભી?”

“ના, શા માટે?”

“આંહીં કોઈને કાંઈ હરકત તો નહીં ને?”

“ના રે. કેમ, કોઈએ કાંઈ કહ્યું?”

“ના, એ તો અમસ્તું.”

“નથી ગમતું?”

“ગમે કેમ નહીં? તમારી આગળ નહીં ગમે તો…”

“તો બીજું શું? તમારા ભાઈ પાસે ગમશે.”

“ભાઈ તો પછી—પે’લાં તમે.”

“એમ? તો તો જોજો હો—કોઈ વઢે કરે ને, કાંઈ થાય ને, તો પણ ગભરાશો નહીં ને? ન ગભરાવ તો તમને સાચાં માનું.”

“અમને વઢે તો તો નહીં ગભરાઈએ, પણ તમને વઢે તો ગભરાઈ જવાય.”

“મને વઢે તો પણ આજે તો મન કઠણ જ કરજો. કાલે આપણે ઘેર જશું.”

“મારા ભાઈ આવશે?”

“આવવાના તો હતા, નહીં આવે તોય આપણે જશું.”

એ બોલમાં થોડો રોષ ને થોડો વહેમ અવાજ કરતાં હતાં. કાલે બપોરે ગયેલો સુખલાલ હજુ કેમ રોકાઈ ગયો? બીને ત્યાંથી ફારગતી તો નહીં મોકલાવી દીધી હોય? આવ્યા’તા મોટે ઘોડે ચડીને ને બુકાની બાંધીને! પણ મારા સસરાજીએ એને મોળા પાડી

દીધા હશે તો? તો એનો શો વાંક? વાંક—સો વાર એનો જ વાંક! ભાભુની કસોટીથી ડરી ગયા હશે?

એણે સૂરજને પૂછ્યું: "તમારા ભાઈ કોઈથી બીવે કે નહીં?"

"ઢેઢગરોળીથી બહુ બીવે—બીજા કોઈથી નહીં."

સુશીલાનો શોકરસ હાસ્યરસમાં ફેરવાઈ ગયો. કોઈક દિવસ ખીજવવા હશે તો ઢેઢગરોળી મદદગાર થઈ પડશે, એવા ટીખળી વિચારે એ અંદર ચાલી ગઈ.

તે વખતે મોટરગાડીએ ફરી પાછા ગામપાદરના મોરલા ચમકાવ્યા, ભેંસો ભડકાવી, લોકોને સડપ દેતા ઊભા કરી સલામો ભરાવી ને ફકફકતા પેટ્રોલને ધુમાડે નાનકડું ગામ ગંધવી નાખ્યું.

સાતેક શેઠિયા મહેમાનો ખડકીમાં આવ્યાં. એમાંના એકનો સાદ સારી પેઠે નરવો હતો. એણે ચંપક શેઠનું મકાન ગજવી મૂક્યું.

તેજપુર શાખાના મહેતાજી મીઠાઈના કરંડિયા ઉતરાવી અંદર આવ્યા. રસોડે પહોંચીને ભાભુની પાસે વધામણી ખાધી: "ખરું ડા'પણનું કામ કર્યું છે, હો ઘેલીબેન! બદલ્યા વગર છૂટકો જ નો'તો. રસ્તે દીપાશેઠનેય શેઠિયા મળતા આવ્યા. એણેય, બસ, એ જ કહ્યું કે, દીકરીનું મન હોય તેમ જ કરી આપે નાત; મારે કન્યાની મરજી વિરુદ્ધ કશોય દાવો કરવો નથી. સારું! સારું! ઘા ભેળો ઘસરકો ને વેશવાળ ભેળા વિવા: પતાવી જ નાખો, બેનને કહું કે."

"ભેળાભેળું જ ઉકેલી દેવું છે ને, ભાઈ! આજ જ પતાવી લેવું છે. બધી જ સરખાઈ થઈ ગઈ છે આજ તો!"

એમ બોલતે બોલતે ભાભુ સુશીલાને વધુ ને વધુ ફફડાવતાં ગયાં. મીઠાઈના કરંડિયા ખોલીને એણે અક્કેક બટકું ચાખવા માંડ્યું. એના બચકારા સુશીલાને બરછીના ઘા સમા લાગ્યા. એ રસોઈની ધમાલ કરતી કરતી છણકાતી હોવાનો ભાભુને ભાસ આવ્યો. દાળમાં કડછી હલાવતી હલાવતી સુશીલા ખીજે બળતી કડછી પછાડતી હતી. ભજિયાંના લોટનો ડબો લેતાં એણે લોટ ઢોળ્યો પણ ખરો.

“આ લે તો, ગગી! આંહીં આવ તો!” ભાભુએ મીઠાઈ ખાતાં ખાતાં સુશીલાને બોલાવી.

“આંહીં ચૂલો બળે છે. શું કામ છે?”

“આ ચાખ તો ખરી! આનો સ્વાદ તો જો, ગગી!” ભાભુના એ શબ્દો ભરપૂર ગલોફામાંથી માંડ માંડ નીકળીને સુશીલાના કાને કાનખજૂરા જેવા અફળાતા હતા.

“પછી વાત.”

એવું કહેતી સુશીલાનું ધ્યાન ચૂલા બાજુ હતું. તે વખતે પાછળથી જઈને એના મોંમાં એક મોટું બટકું હડસેલી દીધું ને ‘નહીં—પણ નહીં’ એવું કહેતી સુશીલાને કહ્યું: “ન ખાઈ જા તો તને વિજયચંદ્રના સોગંદ!”

“આ લ્યો ત્યારે,” એમ કહેતાંની સાથે જ સુશીલાએ બટકું મોંમાંથી ચૂલાની આગોણની રાખમાં થૂંકી નાખ્યું, ને એણે ભાભુની સામે તે વખતે જે ડોળા તાણ્યા તેથી તો ‘માડી રે…મારી નાખ્યા રે… ભવાની મા, કાળકા રે લોલ!’ એવું ગાતાં ગાતાં ભાભુ તાળોટા પાડીને ગીત સાથે તાલ દેતાં રસોડા બહાર ચાલ્યાં

આવ્યાં, ને ફરી વાર મીઠાઈ બટકાવતાં બરાબર સુશીલાની સામે બેઠાં. જાણીબૂજીને ઠાંસોઠાંસ ભરેલાં એનાં ગલોફામાં એક ગામઠી ગીતના બોલ ગૂંગળાતા હતા કે—

ઓલ્યા પાંદડાને ઉડાડી મેલો,
  કે પાંદડું પરદેશી.
એનો પરણ્યો આણે આવ્યો,
  કે પાંદડું પરદેશી.
એણે સોટા સાત સબોડ્યા,
  કે પાંદડું પરદેશી.
ઈ તો ઝટપટ ગાડે બેઠી,
  કે પાંદડુ પરદેશી.

"જુવાન માણસના પેટની ખબર પણ શી પડે!" ભાભુએ સુશીલાની પ્રકોપપૂર્ણ ચુપકીદીને ભેદવા માટે બોલવા માંડ્યું: "રાતની રાતમાં તો વિચાર ફરીયે ગયા!"

"કોના ફરી ગયા?" કરતી સુશીલા ઊઠીને ઓરડામાં આવી: "તમારા કે મારા? મને એક ઔંસ આયોડિન લાવી દ્યો ને, એટલે પીને સૂઈ જાઉં!"

"આંહીં કાંઈ આયોડિન ન મળે, બાઈ મોટી!" ભાભુએ ટાઢે કોઠે કહ્યે રાખ્યું: "આંહીં ગામડામાં તો અરધો તોલો કે પાવલીભાર અફીણથી જ રસ્તો નીકળે."

"તો એ લાવી દ્યો."

"મંગાવ્યું છે," જરાક થંભીને ધીમે

સ્વરે—"રૂપાવટીથી"—પાછું થોડી વારે—"નાલાયક! આવે જ શેનો? રફુચક જ થઈ ગિયો! છાતી કોની લાવે—મારા બાપની?"

"કાં ભાભી, કેટલી વાર છે જમવાને?" એમ પૂછતા નાના શેઠ અંદર પ્રવેશ્યા.

"બસ, ભાઈ, ભજિયાં તળવા બેસું એટલી જ વાર. લ્યો લ્યો, મીઠાઈ તો ચાખો!"

"મીઠાઈ! —ભાભી, ક્યા સ્વાદે? અત્યારે મીઠાઈ ઝેર જેવી લાગે છે. મેડી ઉપર મારા મોટા ભાઈએ તો મહાજનના શેઠિયાઓ પાસે અણછાજતી પારાયણ માંડી છે. મને તો ભાભી, ગાજરમૂળા જેવો કરી આખી વાતમાંથી કાઢી નાખ્યો છે. હું તો હવે સહી શકીશ નહીં, ભાભી! હું પાદર આંટો દઈ આવ્યો. બેય જણા આવી ગયા છે ગાડું લઈને."

"અરેરે, બચાડા જીવ!" ભાભુના મોંમાં મીઠાઈનું બીજું બટકું ઓરાયું, "અબઘડી જ હું તો એને ફિટકાર દેતી'તી. એ તો આવી ગયા, પણ આ તમારી લાડકી તો જુઓ!"

"કાં?"

"રાતોરાત કોણ જાણે કેમ મત ફેરવી બેઠી છે!"

"મેં ક્યારે કહ્યું? મને શા સારુ સંતાપો છો? મારા ટુકડા કરી નાખશો તોયે હું મત બદલવાની નથી. કહો તો હું ચાલી નીકળું." સુશીલા બોલી.

"મત ન બદલ્યો હોય તો લે, આ બટકું ખાઈ જા."

"ચૂલામાં જાય બટકું! ભાભુ, ચક્રમ કેમ બન્યાં છો?"

"ચક્રમ કે ફક્રમ. મત ન બદલ્યો હોય તો ખાવું જ પડશે આ. ને જો મોંમાંથી કાઢ્યું છે ને તો જાણીશ કે મત કાચો છે."

એમ બોલીને ઊભાં થઈ ભાભુએ સુશીલાના મોંમાં બટકું હડસેલી ફૂલેલ ગલોફા પર એક ચૂમી લીધી; માથે હાથ ફેરવીને કહ્યું:

"મારી લાડકી! ભાભુને હજુય ન ઓળખ્યાં? હા-હા-હા-હા સાચું છે, આજ હું ચક્રમ બની છું."

આજની ઘડી રળિયામણી,
 મારો વા'લો આવ્યાની વધામણી રે
  આજની ઘડી.

# ૩૭. 'મારી લાડકી'

તે પછી શાક-કઢીના સબડકા ભરતે ભરતે આઠ-દસ મહેમાનોની પંગતે પંદર મિનિટ દીકરીઓની કેળવણી અને કેળવાયેલા મુરતિયાની અછત ઉપર વિવેચન ચલાવ્યું, ને બાકીની દસેક મિનિટમાં કઢી-ભાતના સબડકાનાં અલ્પવિરામો મૂકતે મૂકતે, તેજપુર ગામની પાંજરાપોળમાં ચંપક શેઠ પાસેથી કેટલુંક નાણું કઢાવી શકાશે એની ચકાસણી ચાલુ રાખી.

"તમે કહેશો તેમ! બે હજારના કાકા."

ચંપક શેઠના એ શબ્દોને 'હે...ઈ ખ...રાં' કહીને સૌએ ઓડકાર ખાતે ખાતે વધાવી લીધા.

"હવે ખાઈને તું વહેલો ઉપર આવજે," પીરસવા-કરવામાં રોકાયેલા નાનાભાઈને એટલું કહીને ચંપક શેઠ ઉપર ગયા. થોડી વારે બ્રાહ્મણ આવી પહોંચ્યો, ને ચોખા, કંકુ, નાડાછડી ઈત્યાદિ માગી ગયો. ગોળધાણાની થાળી પણ ઉપર ગઈ.

એ વખતે ખડકીમાં જૂનાં ખાસડાંનો ખખડાટ થયો. સુશીલાએ રસોડાની બારીમાંથી ધ્યાન કર્યું. ત્યાં તો પરસાળમાં ઊભેલો પેલો

બાળક બોલી ઊઠ્યો: “હેઈ, બા…પ્પા! માલા બાપ્પા! છુછીલા ભાભી! બાપ્પા આવા! આપલને તેલવા આવા! હાલો, છુછીલા ભાભી!”

એમ કહેતો સુખલાલનો ભાઈ સુશીલાને કંઠે આવી બાઝી પડી બોલવા લાગ્યો: “હાલો ભાભી! હાલો-હાલો—”

“હાલો, ભાઈ, હમણાં જ જશું, હો ભાઈ!” સુશીલાએ દિયરને હૈયે ચાંપી લીધો.

દીપો શેઠ પરસાળ પર આવ્યા ત્યારે ત્યાં ઊભેલા સુશીલાના પિતાએ એને પિછાન્યા. મુંબઈમાં તો નહીં જેવો જ મેળાપ થયો હતો. આંહીં પણ છૂપો જ મેળાપ કરી લીધો. દીપા શેઠે તો ગામડાની રીતે—તે કરતાંય સુશીલાના પિતા પ્રત્યે સહજ ઊભરાતી પ્રીતે—નાના શેઠને બથમાં ઘાલ્યા ને ઉદ્‌ગારો કાઢ્યા: “મારા બાપ! ખુશીમાં? દીકરી સુશીલા આનંદમાં? મારી તો સાત પેઢી ઉજાળી છે, બાપા! ક્યાં બધા મેડી માથે છે ના?”

“મામા!” ભાભુ બહાર નીકળીને બોલ્યાં: “જમવા બેસો.” ઊઠેલી પંગતનો એઠવાડ પરસાળમાં હજુ પડ્યો હતો તે દેખીને દીપા શેઠે બે હાથ જોડ્યા: “ખાઈ કરીને નીકળ્યો છું, ઘેલીબેન!”

સુશીલાએ આ શબ્દો સાંભળ્યા ને કલ્પ્યું કે વહેલે પરોઢિયે ઊઠીને આ વૃદ્ધ માણસે ચૂલો ફૂંક્યો હશે!

“અંદર આવો,” એમ બોલીને નાના શેઠે દીપા શેઠને ઓરડામાં લઈ જઈ, મેસુબનું બટકું હાથમાં લઈ, વેવાઈના મોં સામે ધરીને કહ્યું: “મોં ઉઘાડો.”

“ન હોય, મારા બાપ, હજી આજ ન હોય.”

"આજ જ હોય. કાંઈ હરકત નહીં. સુશીલાનાં સાસુ સ્વરગમાં ધોખો કરશે તો હું એ પાપ મારા માથે લઈ લઈશ—પણ મોં ખોલો, શેઠ... મારી સુશીલા, મારી દીકરી, મારી એકની એક લાડકી, મારું રાંકનું રતન—" કહેતે કહેતે એનો સ્વર ચિરાવા લાગ્યો—"એને સંભાળજો, શેઠ મોં ફાડો—ખાતરી આપો!"

"સુશીલા તો મારી દીકરી જ રે'શે, ને તમે મારા માના જણ્યા રે'શો," એમ કહીને દીપા શેઠે બટકું ખાધું.

કોણ જાણે કયા જુગાન્તરોથી ભૂતલનાં પડોમાં અટવાતો અટવાતો, બહાર નીકળવાનો માર્ગ શોધતો જળપ્રવાહ નાના શેઠની જડ બુદ્ધિનાં ને બેઅક્કલનાં પડો ભેદી મથાળે આવ્યો. એણે દીપા શેઠને ચરણે બે હાથ જોડીને નમન કર્યું:

"જે માનો તે આ છે. આ વાગ્દાન નથી, આ તો કન્યાદાન છે, શેઠ! મારું હૈયું હવે હિંમત નહીં હારે. મારાં ભાભી મારી ભેરે છે!"

"હું ભેરે છું, ને દીપા મામા ભેરે છે, ભાઈ, આટલા બધા ફફડો છો શીદને?"

"ઘેલીબેન! સુશીલાને એક વાર મારી નજરે કરશો?"

"બહાર આવ, ગગી!"

સુશીલા બહાર આવીને પીઠ ફેરવી ઊભી રહી.

"એમ નહીં, મારી સામે જો દીકરી!"

સુશીલા ખચકાઈ: ગ્રામ્ય સસરો આ શું માગી રહ્યો છે!

"કહું છું કે મારી સામે જો બેટા! ભલે હું ગામડિયો રહ્યો. પણ

તું હજી તો કન્યા છો. મોં જોવાજોગ છો. મારે તારાં દર્શન કરવાં છે, જોગમાયા! આમ જો!"

સુશીલા સન્મુખ ઊભી રહી. દીપા શેઠે બે હાથ લાંબા કરીને આશિષ દેતે કહ્યું: "મને આશિષ આપ, બેટા, કે હું અસલ જાત જ રહું. હું તેલની ઊકળતી કડા સામેય કદી કજાત ન બની જાઉં: મનથી એટલી દુવા દે મને, દીકરી. ને મારો વશવાસ રાખજે."

એમ કહીને એણે ધબ-ધબ-ધબ પોતાની છાતી પર પંજો પછાડ્યો. એની છાતી પહોળાતી દેખાઈ. એનો પંજો યુદ્ધના નગારા પર દાંડી પડે તેમ પડ્યો. જાણે છાતી પર રણજોદ્ધાના બખ્તરની સાંકળી ઝણઝણી. પછી એણે મોં પર રમૂજ આણીને કહ્યું: "હવે હું જોઈ લઈશ તેજપરના મહાજનનેય. જઈને માપી જોઉં છું એ ધરમાદાના ચોરોને!"

બહાર નીકળીને એ ઉપર ગયો. નાના શેઠ પણ સંગ્રામના સાથી બનવા પાછળ ચડ્યા. હિંમતમાં રહેવા માટે એણે દીપા શેઠનો હાથ પકડી રાખ્યો.

દીપા શેઠને દેખતાંવેંત આ દસ-પંદર પુરુષોનું મંડળ ન્યાયમંદિરનું ગંભીર રૂપ ધારણ કરી બેઠું.

"આવો, બેસો," સૌ ગાદી ઉપર બેઠેલાઓએ દીપા શેઠને આંગળી ચીંધી ફક્ત જાજમ પર બેસવા કહ્યું; પણ એ તો ચીંધેલી જગ્યા કરતાંયે દૂર, છેક જાજમની કિનાર પર જઈને બેઠા.

નાના શેઠે એની નજીક આસન લીધું. એને ત્યાંથી ખેસવવા માટે ચંપક શેઠ મૂંગા ડોળા ફાડતા રહ્યા, પણ મોટાભાઈની સામે એ જોતો જ નહોતો. અંદરના ઓરડામાં દાદર ઉપર ઊભેલાં

ભાભીનું મોં માત્ર દેખાતું હતું, તેના ઉપર જ દિયરની મીટ હતી. ભાભીનો દેહ તો હજુ નીચે જ હતો.

બ્રાહ્મણ સૌને કપાળે તેલના રેગાડા ચાલે તેવા ચાંદલા કરવા લાગ્યો. વિજયચંદ્રે પોતાનો વારો આવતાં આસ્તેથી બ્રાહ્મણને કહ્યું: "તેલ છાંટકોરી નાખો; ફક્ત કંકુ જ ચોડો."

"બહુ આનંદની વાત છે," મહાજનના અગ્રેસરે વિષય ઉપાડ્યો: "આ તો મહાન સુધારો છે. દીપા શેઠે ફારગતી આપીને બે માણસના ભવ બગડતા બચાવ્યા છે."

"ભવ બગડવાવાળી વાત શીદ કરવી પડે છે?" દીપા શેઠે દાંત કાઢીને કહ્યું.

"ત્યારે શું ભવ સુધરવાનો હતો?" ચંપક શેઠ ઊકળી ગયા.

"પણ-પણ-પણ ફારગતી કોણે-કોણે—મેં ક્યાં—મને તો કાંઈક બોલવા દીયો—" નાના શેઠે શૂરાતન બતાવ્યું.

"તું હવે મૂંગો મરી રે'ને? હું બેઠો છું બધા જવાબ દેનારો," ચંપક શેઠે વગર સમજ્યે કહ્યું.

"ના. એમ નહીં—ચોખવટ—"

"અડબોત ખાવી છે?" ચંપક શેઠ આગળ વધી ગયા.

"પણ એને બાપડાને શા માટે અડબોત મારવી જોવે?" દીપા શેઠે વચ્ચે વાક્ય જોડ્યું.

"તમારી અડબોત તો, મોટાભાઈ, નાનપણમાં ઘણી ખાધી છે; આજ પણ ખાઈ લઈશ. પણ સુશીલાનો જીવ મને વહાલો છે, બહુ વહાલો છે. મારી એકની એક લાડકી—" નાના શેઠનું હૈયું ભરાઈ આવ્યું.

"તે શું છે?" ચંપક શેઠ ઊભા થઈ ગયા, નાનાભાઈ તરફ આગળ વધ્યા, અને 'હાં-હાં-હાં' એમ સૌ કરતા રહ્યા, ત્યાં તો એણે નાનાભાઈના ગાલ ઉપર એક લપાટ ખેંચી. એ લપાટ, બીજ જ ક્ષણે ખબર પડી કે, વચ્ચે પડેલા દીપા શેઠના મોં પર વાગી. દીપા શેઠના મોંમાંથી શબ્દ નીકળ્યો: "રામ!"

ચંપક શેઠને સૌ હાથ પકડીને વારી રહ્યા છે તે ક્ષણે, આ હોહાની વચ્ચે, શબ્દો સંભળાણા:

"જે જે, સોમચંદકાકા! પીતાંબર ફુઆ, જે જે! મોટાભાઈ અનુપચંદભાઈ, જે જે!"

ઓરડાના બારણામાં આવીને ઊભેલાં ભાભુ તેજપુરના મહાજનના પ્રત્યેક પુરુષને સંબંધ અનુસાર સંબોધતાં હતાં. જેઓ પોતાના શ્વસુર પક્ષના હતા તેમના પ્રત્યે પોતે લાજનો અરધોપરધો ઘૂમટો ખેંચ્યો હતો.

વહુવારુ માણસ મહાજનના સભાસ્થાનમાં પ્રવેશ કરી ચૂક્યું: અજબ વાત બની; આ પ્રદેશનાં ગામડાંની વૈશ્ય જ્ઞાતિમાં તો શું, હજુ મુંબઈમાંય નથી બની શક્તો એવો અપૂર્વ બનાવ બને છે. ને ભાભુ—જેમણે આવાં પુરુષ-મંડળોમાં અવતાર ધરીને કદી પગ નથી મૂક્યો તે પાંત્રીશ વર્ષની કુળવહુવારુ, જાહેરમાં જેણે પોતાના પગની આંગળીઓ પણ ન દેખાડવાનો મલાજો પાળ્યો છે તે લજ્જાવંત 'ઘેલી'—તેના દીદાર દેખી સૌ ક્ષોભ પામ્યા.

ભાભુએ હાથ જોડી રાખી કહ્યું: "મારી વાત સાંભળશો?—"

"નીચે જાઇ કે નહીં?" ચંપક શેઠે ત્રાડ મારી.

"આજ પહેલી જ વાર એમની આજ્ઞા ઉથાપવા આવી છું

હોં—પહેલી જ વાર.” ભાભુએ મહાજનના આગેવાનોને જ સંબોધે રાખ્યું. “પહેલી અને છેલ્લી વાર હું કહેવા આવી છું એટલું જ કે, ફારગતી મારા દીપા મામાએ આપી હશે, સુશીલાએ કે એના બાપે નથી આપી. સુખલાલમાં એકેય એબ છે જ નહીં. સુશીલા મુંબઈની સુધરેલી નથી, રૂપાવટીના ઘર કરતાં કે વર કરતાં કોઈ વધુ ઊંચ વર-ઘરને લાયક અમારી સુશીલા નથી. વધુ લાયકને દેશો તો જ બે જણના ભવ બગડશે. ને સુશીલાએ તો મરતી સાસુને મોંએ પાણી મૂક્યું છે, છોકરાંને પોતાની પાંખમાં લીધાં છે, મારા દીપા મામાની છાયા સ્વીકારી છે. આ લગ્ન તો ક્યારનાં થઈ ગયાં હોત—પણ અમારે ચોરીનું કામ નહોતું કરવું. અને અમારે મૂવેલ સ્ત્રીની અદબ પાળવાની છે. માટે સૌ આવ્યા છો તો ગળ્યાં મોઢાં કરીને સુશીલા-સુખલાલને આશીર્વાદ આપો, શેઠિયાઓ! બ્રહ્માંડ ફરશે ને, તોય આમાં મીનમેખ નહીં થાય. ધોડનારા ભલે ધોડી લ્યે.” એટલું કહીને એ ઓરડામાં લપાઈ ગયાં.

“સુશીલાને બોલાવો,” ચંપક શેઠે આજ્ઞા કરી.

સુશીલા ઉપર આવીને પોતાના સસરાનો મલાજો રહે તેવી રીતે એક બાજુએ ઊભી રહી.

“આ બધી કોની શીખવણી છે?” ચંપક શેઠે ત્રાડ દીધી. સુશીલાએ જવાબ ન વાળ્યો.

“શો વિચાર છે, બોલ, નીકર એક ઘડીકમાં સૌના હાથમાં રામપાતર પકડાવી દઉં છું!”

“હેં-હેં-” દીપા શેઠના એ બે જ હેંહેંકારામાં ગજબ કટાક્ષનો

વજ્રપાત હતો. એ હાસ્યમાં સુશીલાએ સસરાના નિશ્ચયની બખ્તર-સાંકળીનો ફરી ઝણઝણાટ સુણ્યો; ને એણે મોટા બાપુજી સામે જોયા વગર જ મહાજનને કહ્યું:

"મારા સસરા ના પાડશે તોયે હું તો ત્યાં જ જવાની છું; એ કાઢી મૂકશે તોયે ત્યાં જ જવાની છું!"

"ઠીક શેઠીયાઓ! આપને સૌને રજા છે—પધારો," એમ કહીને ચંપક શેઠે નાનાભાઈ પ્રત્યે ફરીને કહ્યું, "તું, તારી દીકરી, ને ત્રીજી આ તારી જે થાતી હોય તે કજાત, ત્રણેયને રુખસદ છે. પાણી પીવાય રોકાશો મા, નીકર ભૂંડાં લગાડીશ."

"સાથે સાથે મને એક વિશેષ રજા આપો."

"કૂવામાં ડૂબી મરવા સુધીની રજા છે."

"તોયે સ્વામી છો તે નહીં મટો; મને દીક્ષાની રજા..."

"વેશ્યા થવાનીય રજા છે—બસ?"

બેઠેલા સર્વનાં મોંમાંથી અરેરાટી નીકળી.

ભાભુએ કહ્યું: "બસ! ચાલો, ભાઈ; ચાલો, સુશીલા; ચાલો, મામા."

સૌ ઊઠ્યા. નાનાભાઈએ ઊઠીને મોટાભાઈ સામે હાથ જોડ્યા, ને કહ્યું: "બધું જ તમારું છે, મોટાભાઈ; હું તો તમારો આશ્રિત હતો. મને તમે મોટો કર્યો. તમારા ગુણ નહીં ભૂલું, મોટાભાઈ."

એમ કરીને પગે લાગવા નીચે નમતા નાનાભાઈને ચંપક શેઠે તરછોડી કહ્યું: "જા, હવે જા, નાટકિયા!"

"એમ તે કાંઈ ચાલશે." સ્તબ્ધ બનેલા વિજયચંદ્રે આખરે પોતાનો વારો આવેલો જોયો: "એમ તે હું કેમ છોડીશ. હું મારી

આખી કારકિર્દીને જતી કરી ચૂક્યો છું—જાણો છો? હું અદાલતે જઈશ.”

“જાજો, ભાઈ! બેલાશક જાજો,” એવો જવાબ આપીને ભાભુએ તુચ્છકારભર્યું હાસ્ય કર્યું: “અદાલત અમે જોઈ નથી એ જોવાશે!”

મહાજનના અગ્રેસરો તો થીજી જ ગયા. એમણે એકબીજાની સામે જોયું; એમાંથી એકે કહ્યું: “આ બધું જાણ્યું હોત તો અમે આમાં હાથ જ ન નાખત.”

*

થોડા જ સમય પછી એક ગાડું રૂપાવટીને માર્ગે ચાલ્યું જતું હતું. દીપા શેઠ પોતે ગાડું હાંકતા હતા. અંદર સુશીલા ત્રણ ભાંડુંને લઈ બેઠી હતી. પાછળ સુખલાલ, ભાભુ ને નાના શેઠ ચાલતાં હતાં. સુખલાલ એના સસરાને પોતાના ખભાનું ટેકણ આપતો, એક વખતના એ ‘નાદાન’ની આજની વીરતા સામે લળતા હૃદયે ગંભીર જવાબદારીનાં પગલાં ભરતો હતો. ગાડામાં ફાલતુ એક કપડાનો ટુકડો પણ સાથે નહોતો.

*

ત્રીજા દિવસની સવારે ટપાલી, સુખલાલ પરનો એક કાગળનો બીડો આપી ગયો. કાગળ મુંબઈથી ખુશાલભાઈનો હતો. સાથે એક તસવીર હતી. તસવીરમાં બોખી, બુઢ્ઢા જેવી દેખાતી સ્ત્રીએ

અંગ્રેજીમાં લખ્યું હતું કે 'ટુ માય ડાર્લિંગ સન સ્માર્ટીઃ ફ્રોમ લીનાઃ મારા પ્યારા બેટા સ્માર્ટીને—લીના તરફથી.'

કાગળમાં ખુશાલભાઈએ ફોડ પાડયો હતોઃ

"હું તારા ખબર દેવા એને ઘેર ગયો'તો. હું તો એનું બોખું રૂપ જોઈને આભો જ બની ગયો. એણે કહ્યું કે રત્નાગિરી જિલ્લામાં મરકી ફાટી નીકળી છે, ત્યાં નર્સ બનીને જાઉં છું, પાછી કદાચ નહીં જ આવું. આ છબી તારે માટે દીધી છે, ને તારી વહુ માટે હીરાની વીંટી દીધી છે, જે હું લગ્ન માથે લઈને આવીશ."